કુમાર

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક


વર્ષ : ૭૭મું , સળંગ અંક : ૯૧૪
ફેબ્રુઆરી ૨૦૦૪, અંક ક્રમાંક : ૨

સંસ્થાપક : ર.મ.રા.

તંત્રી
ધીરુ પરીખ



તસવીર] પ્રતીક્ષા [હેમેન્દ્ર એ. શાહ



ચિત્રકાર] પિતાપુત્ર [શાન્તિ પંચાલ

કાગળ પર ૧૯૯૩માં કરેલા ૯૨ X ૭૨ સે.મી.ના આ ચિત્રમાં પિતાપુત્રના મળતા ચહેરા, શાંત રંગો અને મુખભાવ ખાસ ધ્યાન ખેંચે છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૭મું   અંક ૨

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ટ્રસ્ટીઓ
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ
ધીરુ પરીખ

સૂચના

★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.

★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.

★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.

★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.

★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

ફેબ્રુઆરી ૨૦૦૪ ○ ૭૭મું વર્ષ ○ અંક ૨

સાદ્યંત

'કુમાર' સળંગ અંક ૯૧૪

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૧૦ - ૦૦

'કુમાર'માં પ્રકટ થતાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કૉપિરાઈટથી સુરક્ષિત છે.

ન્યૂ થીએટર્સનું બોલપટ 'દુઃશ્મન', હેતુપૂર્ણ હોવા છતાં કથાતંત્ર તથા વિષયની દૃષ્ટિએ ન્યૂ થીએટર્સની ખાસ પરંપરા જેવું હતું. લગભગ સાઠ વર્ષ પૂર્વે એક મહિલા બોર્ડ ઑવ્ ડિરેક્ટર્સની ચૅરમેન હોય અને મિલમજૂર નાયક હોય, એવી અગમ દૃષ્ટિ 'પ્રેસિડન્ટ'ની કથામાં હતી અને 'મુક્તિ' જેવું બોલપટ ચાકોરી બહારના વિષય ઉપર હતું. 'દુઃશ્મન'માં મારા ખયાલ પ્રમાણે સૌ પ્રથમ રેડિયો (ત્યારે નવું હતું) માધ્યમનો કથામાં હેતુપૂર્ણ અને સુંદર ઉપયોગ કરવામાં આવ્યો હતો. નાયક મોહન રેડિયો ઉપર કાર્યક્રમની શરૂઆત 'આવાઝ કી દુનિયાકે દોસ્તો....' એવા સંબોધનથી કરે છે એ ત્યારે નાવીન્યપૂર્ણ અને લોકોની લાગણીને અસર કરનારું હતું, એની 'દુઃશ્મન' બોલપટનું મૂલ્યાંકન કરવામાં નોંધ લેવી ઘટે. સાયગલના સંગીતનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં રેડિયોગાયકનું પાત્ર આબાદ રીતે કથાની વસ્તુ સાથે બંધબેસતું હતું.

- નવનીત શાહ, (માનોર રોડ, પાલઘર, થાને - ૪૦૧ ૪૦૪)

*

'કુમાર'નાં લેખો કે કાવ્યોની ઉત્તમતા માટે કાંઈ કહી શકાય તેમ નથી! પણ જો હું મારી કે મારા જેવી સમજણવાળાઓની વાત કહું તો કહેવાનું મન થાય છે કે કાવ્ય સમજવાં બહુ અઘરાં પડે છે. પરિણામે મારા જેવાને તેનો આસ્વાદ પામી શકાતો નથી અથવા ઓછો પામી શકાય છે.

તો એમ ન થઈ શકે કે એકાદ-બે કાવ્ય ઓછાં લઈ, આપેલાં કાવ્યોનો આછો-પાતળો ભાવ ન આપી શકાય?

- દિનુભાઈ શુક્લ (કાલીકુંડ, ધોળકા)

*

'કુમાર' જાન્યુઆરી ૨૦૦૪માં શ્રી અશોક હર્ષ માટે તમે ફાળવેલ દોઢ પાનાની સ્મરણાંજલિ અભિનંદનને પાત્ર છે. સાડાસાત દાયકા સુધી સાહિત્યની ખેપ ખેડનારા માટે વર્તમાન અખબારો અને સામયિકો જાહેર ખબરનાં ધુમ્મસમાં ખોવાઈ જઈને સાહિત્ય-સર્જક માટે યાદગાર લેખો, જીવનપ્રદાનની માહિતી આપતાં નથી. આજકાલના પીઢ લેખકોના મંચ સમાન 'ચાંદની' અને 'આરામ' માસિકો હતાં. જેમાંય 'ચાંદની'માં જ્યારે વાર્તા છપાતી ત્યારે નોબેલ ઇનામ જેવી લાગણી અનુભવાતી.

'કુમાર'ની પરંપરાને સલામ. એક સમર્થ સાહિત્યસર્જક શ્રી અશોક હર્ષને સલામ. *- રસીલા દિલીપ શાહ, (શાસ્ત્રીનગર, અમદાવાદ)*

*

'કુમાર'ના જુલાઈ ૨૦૦૩ના અંકમાં શ્રી દિનુભાઈ દવેએ નૃત્યકાર શ્રી ઉદયશંકરના 'રામલીલા' છાયાનૃત્ય અંગેની માહિતીની ઝલક રજૂ કરી હતી. પરંતુ આ પ્રસંગે જે એક ગંભીર સમસ્યા ઊભી થવા પામી હતી, કે જેનો હું પ્રત્યક્ષ સાક્ષી હતો, તેનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું.

શ્રી ઉદયશંકર અને તેમની મંડળી તેમના અદ્ભુત છાયાનૃત્ય 'રામલીલા'નો એક પ્રયોગ શેઠશ્રી ચિનુભાઈ બૅરોનેટના શાહીબાગના બંગલાના વિશાળ કૉમ્પાઉન્ડમાં અને બીજો પ્રીતમનગર અખાડાના મેદાનમાં રજૂ કરનાર હતા. આગલા દિવસનો શેઠશ્રી ચિનુભાઈના બંગલાનો પ્રયોગ તો સફળતાપૂર્વક રજૂ થવા પામ્યો હતો, પરંતુ બીજા દિવસે જ્યારે પ્રીતમનગરના મેદાનમાં પ્રયોગ રજૂ થવાનો હતો તેના ચારેક કલાક અગાઉ શ્રી ઉદયશંકર અને તેમની નૃત્યમંડળીનાં કેટલાંક સભ્યો વચ્ચે કોઈ કારણસર મતભેદ સર્જાવા પામતા તેઓએ નૃત્યમાં ભાગ નહિ લેવાનો નિર્ણય જાહેર કર્યો હતો. આમ થતાં છેલ્લી ઘડીએ શ્રી ઉદયશંકર અને પ્રયોગના સંયોજકો ભારે મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા હતા. મેદાનમાં સમાવિષ્ટ થઈ શકે તે બધી જ ટિકિટો વેચાઈ જવા પામી હતી. હવે જો 'રામલીલા'નું છાયાનૃત્ય રજૂ કરવામાં ન આવે તો ભારે ધાંધલધમાલ મચી જવાની પણ પૂરી દહેશત હતી. રૂઠેલાં નૃત્યકારો પણ પોતાના નિર્ણયમાં મક્કમ હતાં. હવે શું કરવું? અંતે રસ્તો કાઢવા શ્રી ઉદયશંકરે જાહેર કર્યું કે, 'પોતે અને પોતાના થોડા વફાદાર સાથીઓ અવનવા સ્ટેજનૃત્યો રજૂ કરશે. જેઓને તે જોવા હોય તે રોકાય. બાકીનાંને તેમની ટિકિટના પૈસા બીજા દિવસે પરત કરવામાં આવશે.'

આનંદ અને આશ્ચર્યની બીના એ બની કે કોઈ પણ પ્રેક્ષક પાછો ના ગયો, અને સૌએ સ્ટેજનૃત્યો જોવાનો નિર્ણય જાહેર કર્યો.

પછી તો બેઠકોની જે ફેરબદલી કરવી જરૂરી હતી તે સ્વયંસેવકોએ તાબડતોબ કરી નાખતા સ્ટેજનૃત્યોની રજૂઆત નિયત સમય કરતાં કલાકેક મોડી કરવામાં આવી હતી અને મોડી રાત સુધી પ્રેક્ષકોએ તેનો અનેરો રસ લૂંટ્યો હતો. શ્રી ઉદયશંકરે પણ પ્રેક્ષકોના વલણથી ખુશ થઈ પૂરા ઉત્સાહ સાથે ઉત્તમ નૃત્યો રજૂ કર્યાં હતાં.

અત્રે ઉલ્લેખ કરું કે, આ બન્યું ત્યારે મારી ઉંમર ૧૯ની હતી, અને અખાડાનો સભ્ય હોવાથી સ્વયંસેવકની કામગીરી બજાવી હતી. હજી આજેય આ પ્રસંગ મારી નજર સમક્ષ તાદૃશ્ય થાય છે. શ્રી ઉદયશંકર પણ જીવનપર્યંત આ બનાવ ભૂલ્યા નહીં હોય. *- સંજય ભટ્ટ (અમેરિકા)*

૭૭મું વર્ષ
આવતી કાલનાં નાગરિકોનું માસિક કુમાર ફેબ્રુઆરી ૨૦૦૪, અંક ૨ * સળંગ અંક ૯૧૪

એ સાન્ધ્ય-વેળા/*રાજેન્દ્ર શાહ*

(વૈતાલીય•સૉનેટયુગ્મ)

૧

ઢળતે દિન આપણે મળ્યાં
 સરિતાને પુલિને વિ-લોલમાં;
કંઈ તો તપ આપણાં ફળ્યાં,
 સ્મિત છે નેત્ર મહીં, કપોલમાં.

ક્ષિતિજે સુષમા વિલાસતી
 રવિનાં દંગ-રશ્મિની મૃદુ;
જલની લહરો સુહાવતીઃ
 ઉરને સપ્તમ સૌમ્ય શી ઋતુ.

ક્ષણ કૈંક અને તિરોહિત
 રવિ જ્યાં વાદળના પટાંતરે,
ટહુકો પવને તરઙ્ગિત
 રમતો તે શમતો દિગન્તરે.

કરમાં કર, બેની એકતા
 જીવનાનંદની વેલ ઉદ્યતા.

૨

લહી શુક્રની શુભ્રતા નભે
દ્યુતિ ને કાન્તિથી જ અચઞ્ચલ.
કર આપણ બે ખભે ખભે,
ક્ષણ તે, સદ્ય મુહૂર્ત-મઙ્ગલ.

ટહુકન્ત કદમ્બ કુઞ્જમાં
ખગ કોઈ નિજ નીડ-મન્દિરે.
રાહુ ઔર દિશા ઉમઙ્ગમાં
પ્રતિ-વાણી વહતી સમાન્તરે.

શત તારકના નિચોલના.
રજની-ઓઢણ સઙ્ગ ઊતરી.
ઘટ પૂર્ણ, ઉછાળ બોલ નાઃ
દ્વિજ-ભાવે ભવિતવ્યની ભણી.

હદ-ઝઙ્ગ પરા પદાર્થની,
શુચિ યાત્રા શરુ ભૌમ-તીર્થની.

જલસ્પર્શ/*રામચન્દ્ર પટેલ*

(વસંત-મૃદંગ•સૉનેટ)

ચાલ્યો નદી તરફ... જોયું અમસ્તું આઘે,
કેવું હતું જળ... ? વહેતું વહેતું ખેંચે...
નો'તી તૃષા, પણ નજીક જવા અધીરો;
આડો પડી પકડી કોતર વાડ ઊતર્યો.

આવી ચઢી કઠણ ભેખડ આંખ સામે.
એના શરીર પર ઘાટિલું કેરજાળું.
- ત્યાં વાયરાનું અણછાજતું જાગ્યું મોજું
ને ઠેસમાં સહજ કેશરફૂલ ઊડ્યાં...

પાણી નદીનું ઝબકી બન્યું દીપકન્યા.
સીમાન્તરા સ્મિત અદૃશ્ય થતાં પતંગિયું
આવ્યું ચડી તરત એ ગયું કેરડામાં -
 - કાચંડ*નું મુખ થયું ઘડી ઊંચુંનીચું.

ઊભો રહ્યો હજી હું ભેખડ વેશ જોતો,
વ્હેતું વહેણ નદીનું... જલસ્પર્શ ખોતો.

ભીતર જલતી જ્યોત /*લાલજી કાનપરિયા*

(ગાન)

ભીતર જલતી જ્યોત મનવા ! ભીતર જલતી જ્યોત
બહાર રઝળી ભટકી શાને વેળ અમૂલખ ખોત ?

તિલક કરતાં ત્રિભુવન મળશે, કીધી કોણે વાત ?
પરથમ ઊતરીને તું અંદર ઓળખ તારી જાત.
આડંબરને આઘા મેલી ચીજ અસલ તું ગોત
ભીતર જલતી જ્યોત મનવા ! ભીતર જલતી જ્યોત.

અડસઠ તીરથ કરીને આવ્યો પાછો નિજને ઘેર
નકલી વાઘાં ગયાં ઊતરી, રહ્યો ઠેરનો ઠેર !
મેલ બધાં જુઠ્ઠાણાં હવે આ ખેલ થયો બહોત
ભીતર જલતી જ્યોત મનવા ! ભીતર જલતી જ્યોત.

પ્રેમરસનું પાન કરીને અલખ લિયે તું જાણી
જળકમળવત્ રહીને જગમાં મનખો લે તું માણી.
અમથી અમથી મૃગજળ પાછળ શાને મૂકે દોટ ?
ભીતર જલતી જ્યોત મનવા ! ભીતર જલતી જ્યોત.

હરિહાથમાં તાલી/*ધીરુ પરીખ*

 હવે આપવી હરિહાથમાં તાલી.
કાલ સુધી તો સંધેડાઉતાર કવિતા કરી.
હવે શું રચવી એની એ જ ફરી ને ફરી ?
હરિનામને માટે કવિજી જગા કરોને ખાલી.
 હવે આપવી હરિહાથમાં તાલી.

તાલીના તાલે કવિતામાં કવિરાજ તો ડોલે,
શબ્દોની કૈં કદંબછાંયમાં કશી બંસરી બોલે,
મીરાંની જેમ ગટગટાવવી જનમઝેરની પ્યાલી.
 હવે આપવી હરિહાથમાં તાલી.

મહિયારણનો શબ્દવેશ ધરી કવિ મટુકી લઈ ચાલે,
ગોરસ બદલે 'માધવકાવ્યો લો' બોલીને મ્હાલે,
કલમ વસૂકી ગઈ તેહને દોહવી ઠાલી ઠાલી.
 હવે આપવી હરિહાથમાં તાલી.

વેદાન્તોના પડદા/*વિનોદ ગાંધી*

(ગીત)

એક પછી એક કેમ ખોલવા વેદાન્તોના પડદા ?
એક ઊઘડે માંડ અને ત્યાં પૂરી થતી આવરદા !

 એક શબ્દની બે પાંખો પર
 બ્રહ્માંડોનો ભાર,
 પુષ્પ મળે પણ સુગંધનો હું
 ક્યાં શોધું આધાર ?
જૂનાં પાનાં ઝાંખાં તેમ જ કોરાં પાનાં અડધાં ?
એક ઊઘડે માંડ અને ત્યાં પૂરી થતી આવરદા !

 અનન્તના અક્ષરની ઉપર
 સાન્ત જગતની છાયા,
 ઉકેલવામાં સફળ થાઉં તો
 રચાય એની માયા,
નિર્મૂળ વૃક્ષો હોય કદી ના એકે ડાળી ફળદા !
એક પછી એક કેમ ખોલવા વેદાન્તોના પડદા ?

* કાચંડ = કાચિંડો

સ્ફુર-સાર

મૃત્યુ પર વિજય મેળવવાનું તાત્પર્ય

રાધેશ્યામ શર્મા

> રઘવાટથી અમીજળ પી જનાર કાગડાનો પસ્તાવો !

સિકન્દરની રાજ્યવિજયની ઘણી બધી મહત્ત્વાકાંક્ષાઓ પૂરી થઈ, પણ એક ઇચ્છા અધૂરી છૂટી ગઈ.

કો'કના કહેવાથી કે પોતાની મરજીથી સમ્રાટને એક ઘેલું લાગ્યું કે આટલી સુખસાહ્યબી, સત્તા, સંપત્તિ, સૌંદર્ય-સુલભતા છતાં મૃત્યુને જીતી લેવું જોઈએ. એ વગર જિન્દગીનો શો મતલબ ? ક્યાંક અમૃતજળનો ઝરો છે. નજૂમીઓ અને સંશોધકોની ધારણાઓની કલ્પના પરથી સિકંદરે ભૂગોળ-નકશા તૈયાર કરાવ્યા અને અમૃતજળની ખોજમાં નીકળી ગયો.

લાવલશ્કર અને તંબુ સાથે ભટકતાં ભટકતાં દોરેલા નકશા અનુસાર તે એક અંધારી ગુફા પાસે આવી પહોંચ્યો.

હરખનો માર્યો સેનાનાયકો - સેના, સૌને ગુફાની બહાર રહેવાનું ફરમાન કરી તે ઉતાવળે ઉતાવળે મશાલ ને તલવાર સાથે અંદર પ્રવેશ્યો. નીરખે છે તો -

સ્વપ્નવત્ પ્રકાશમાં રૂપેરી વર્ણનું શુભ્ર અમીજળ તરુણીનો ઝાંઝર ઝણકાવતું વહી રહ્યું હતું... સમ્રાટની આંખો વિસ્મયથી વિસ્ફારિત થઈ ચૂકી. એક જ ઘડીની વાર અને તે અમૃતપાન કરી અમર બની જવાનો... સમ્રાટ નીચે ઝૂકી અંજલિમાં અમીજળ ઝીલવા જતો હતો ત્યાં તો -

'થોભી જા સિકન્દર ! રઘવાયો ના થતો. જે ભૂલથાપ મેં ખાધી તેવું તું ના કરતો, નહીંતર મારી જેમ અમર જીવન નહિ, અજર પસ્તાવો જ પામીશ.'

'મને રોકનારું કોણ છે ?' કહી તેણે ઊંચે જોયું તો એક કાગડો તરુવરની ટોચે બેસી મનુષ્ય ભાષામાં બોલતો હતો !

'મને સાધારણ કાગડો ના સમજતો; નહીંતર જગતના સમ્રાટ એવા સિકન્દર કરતાં પહેલો આવી આ અમીજળ પીવા ક્યાંથી પહોંચી જાત !'

સિકન્દરઃ 'તું જલ્દી કહે. અમીજળ પીવાની એક એક ગુજરતી ક્ષણ મને અમરતાથી દૂર રાખે એ મને પસંદ નથી...'

કાગડોઃ 'બસ, તમે સાચું બોલ્યા. મારી પણ આવી જ દશા હતી. તમારા કરતાં દસ ગણા રઘવાટથી મેં અમીજળ પી લીધું અને હવે હું પારાવાર પસ્તાઈ રહ્યો છું. ખુલ્લા કાને ધ્યાન દઈ મને સાંભળી લો. સુખની અંતિમ શોધ જેવા અમૃતજળપાન પછી ખાવાનું બધું ખાઈ લીધું, પીવાનું પી લીધું, કાગડીઓના સમૂહને ભોગવી ભોગવી થાકી ગયો. જીવન એક હિમાલયનો બોજ બની ગયું. પાણીમાં ડૂબવાના, પહાડ પરથી ભૂસકો મારવાના, ઝેર પીવાના અને આગમાં ઝંપલાવવાના મારા સર્વ અખતરા નાકામયાબ બની ગયા. હારીને બેઠો છું. માગ્યું મોત નથી મળતું. અમરત્વના દુર્ભાગ્યથી તમે બચો તો સારું...

'અને સમ્રાટ કૂચ કરી પાછો ગયો !'

પ્રસંગકથા

સોનાનો તોડો

કરસનદાસ લુહાર

૧૯૨૧ના જૂન માસની નવમી તારીખ. તે દિવસે વઢવાણમાં મહાત્મા ગાંધીજીની સભા હતી. ગાંધીજીને જોવા અને સાંભળવા હકડેઠઠ મેદની ઊમટી હતી. ગાંધીજીનું પ્રવચન સાવ સરળ અને સાદી ભાષામાં થયું. લોકોએ બહુ શાંતિ અને રસથી સાંભળ્યું. પ્રવચન પૂરું થયા પછી 'તિલક સ્વરાજ ફંડ' માટે સભામાં ઝોળી ફેરવવામાં આવી. લોકોએ સિક્કા, નોટો અને ઘરેણાંથી ઝોળી છલકાવી દીધી. પછી ઝોળી બાપુ પાસે આવી. બાપુએ ઝોળીમાં જોયું તો એમાં મૂલ્યવાન રત્નોથી મઢેલો સોનાનો તોડો પણ કોઈકે નાખ્યો હતો ! બાપુની સૂચના મુજબ જાહેરાત થઈ કે, 'ઝોળીમાં સોનાનો તોડો નાખનાર દાતા મંચ પર આવે.' અને સાદાં કપડાંમાં શોભતા, સુદૃઢ શરીરવાળા એક તાલુકદાર રાજવી મંચ પર આવ્યા. ગાંધીજીએ એમની પીઠ થાબડીને ધન્યવાદ આપ્યા. સભામાં તાળીઓની ગડગડાટી થઈ. એ હતા દરબાર ગોપાળદાસ દેસાઈ. અમરેલી જિલ્લાના ઢસા, ઝાલાવાડના સાંકળી અને ખેડા જિલ્લાના વસોના તાલુકદાર રાજવી. અંગ્રેજોએ બહાર પાડેલા ફતવા પ્રમાણે કોઈ રાજવીને ગાંધીજીની સભામાં જવાની મનાઈ હતી. છતાં દરબાર ગોપાળદાસ ગાંધીજીની સભાઓમાં અચૂક જતા. ગાંધીજીના સિદ્ધાંતોનો અમલ એમણે પોતાના રાજ્યમાં કરેલો. અસ્પૃશ્યતા-નિવારણ, કોમી એકતા, ખાદી-ગ્રામોદ્યોગ, વેઠનાબૂદી, મફત કેળવણી, સ્ત્રીશિક્ષણ અને પ્રૌઢશિક્ષણ ઉપરાંત કિસાન, મજૂર સહકારી મંડળીઓ પણ શરૂ કરેલી.

અસ્પૃશ્યતાના એ પૂરા વિરોધી હતા. એ કહેતાઃ 'હરિજનને અડવામાં પાપ છે એમ માનવું એ જ સૌથી મોટું પાપ છે.'

અંગ્રેજોને એ આંખના કણાની જેમ ખટકતા હતા. અંગ્રેજ શાસને તેમની જાગીર જપ્ત કરી. ગાંધીજીએ તેમના આ ત્યાગની પ્રશંસા કરતા કહેલુંઃ 'સ્વરાજ્યની લડતમાં ભાગ લઈ, જાગીર છોડનારા તેઓ દેશના એકમાત્ર રાજવી છે. આ ગાંધીવાદી રાજવીને વલ્લભભાઈ પટેલે પણ બિરદાવ્યા હતા.

યૌવનપ્રવેશકાળે જ ચક્ષુ ગુમાવ્યાં છતાં ખંત અને મહેનતથી જીવનને સફળતાની સીડીએ મૂકનાર



સોનલ મહેતા


ડૉ. કેશુભાઈ દેસાઈ

દીકરીને સાપનો ભારો ગણનારા આપણા સમાજે એને વહાલનો દરિયો પણ ગણી છે. કનૈયાલાલ મહેતા અને સરલાબહેનને તો કુદરતે સામટા પાંચ પાંચ દરિયા પધરાવી દીધા હતા. સૌથી વધુ તેજસ્વી અને તોફાની સોનલ માતાપિતાનું સૌથી લાડકું ફરજંદ છે. પાલિતાણામાં નોકરી કરતા સિવિલ ઇજનેર પિતાના દાંપત્યની ડાળીએ છેલ્લું ફળ બેઠું. વહાલપના માંડવા જેવી માતાની કૂખે પાંગરેલું એ આખરી પુષ્પ. ૪ એપ્રિલ, ૧૯૬૯ના દિવસે જન્મેલી આ જૂઈના ફૂલ જેવી નમણી બાળકીની આંખોના દીવા અધવચાળે ઓલવાઈ જશે એવી તો સ્વપ્નેય કલ્પના ન હોય ને ! નાની હતી ત્યારથી એ માતાની હેવાઈ હતી. સરલાબહેન અત્યારે ત્રેસઠ વરસનાં છે. સોનલ એમના કાળજાનો કટકો છે. એની બધી હઠો એમણે પૂરી કરી છે. એનો રોષ અને આક્રોશ સહી લીધો છે. વત્સલ માતાએ ધરતી જેવું ઔદાર્ય દાખવી એના ધમપછાડા જીરવ્યા છે. નાની હતી ત્યારે એ બહુ તોફાની હતી. ગુરુકુળના ગણિત શિક્ષક ઝાલા એની અવળચંડાઈ વિરુદ્ધ ફરિયાદ પણ કરતા. મોટી રૂપલ પણ ક્યાં ઓછી અવળચંડી હતી ? ઝાલાસાહેબ સોનલ વિશે મમ્મી-પપ્પાને પહોંચાડવા ફરિયાદનું સોંપેતરું બઝાડતા રહ્યા અને રૂપલ એમને બનાવતી રહી. સોનલને રમત-ગમતમાં પણ રસ હતો. સોનલને પિતૃભૂમિ ભાવનગરનો એ ચિત્તરંજન ચૉક પણ એવો ને એવો સાંભરે છે. ભાવનગરના વિદ્યાનગરના વિસ્તારના પૈતૃક મકાનનાય હવે તો ત્રણ ભાગ પડી ગયા છે.

સોનલ આજે પુરુષાર્થનું પ્રતીક બની ગઈ છે. એને 'મર્દ' બનાવનાર હોય તો એનું આ 'દર્દ' છે. દર્દ સાથે દોસ્તી બાંધ્યા પછી એણે એની ક્યારેય તમા કરી નથી. મહિને વીસ હજાર રૂપિયા કમાય છે. એટલે એને કોઈના આશરે જીવવું પડે એવી સ્થિતિ પણ નથી. છતાં એને ક્યારેક ચા બનાવવાનું મન થઈ આવે છે. મેં કહ્યું: 'નાહક એવું જોખમ ન ખેડીશ. આગ સાથે ખેલવાનું સાહસ ક્યારેક મોંઘું પડી જાય !' એ હસી પડી. કહેવા લાગી: 'મારી મમ્મી પણ તમારા જેવી જ સલાહ આપતી રહે છે. પણ મને થાય છે કે થોડુંક કામ તો મારે શીખી લેવું જોઈએ. અલબત્ત, મને કામવાળી પોસાય એમ છે. છતાં ક્યારેક એ આઘીપાછી હોય ને તમારા જેવા કોઈ મહેમાન આવી ચડે તો મોં વકાસી બેસી રહેવા કરતાં ચા-કૉફી પિવડાવી શકું ને !'

યોગાનુયોગ પંડિત સુખલાલજીની જેમ જ સોનલ મહેતાએ પણ પંદરમા વર્ષે દૃષ્ટિ ગુમાવી હતી. અત્યારે એમને પાંત્રીસમું જાય છે. વીસ વરસ અગાઉ જોયેલા સ્વજનોના ચહેરા, બે દાયકા પહેલાંનું ગાંધીનગર, પોતે જે શાળામાં ભણેલાં એ શાળા અને બીજું ઘણુંબધું એમની સ્મૃતિમાં અકબંધ સચવાઈ રહ્યું છે. એ પ્રારંભિક તબક્કાની જિંદગી એમને ખૂબ યાદ આવે છે. અત્યારની સંઘર્ષમય જીવનશૈલી અનુકૂળ જરૂર આવી ગઈ છે, છતાં ઓચિંતો સપનામાં પ્રકટ થઈને વિધાતા પૂછે કે, 'બોલ સોનલ, તારે આંખો જોઈએ કે અસબાબ ?' તો પળનોય વિલંબ કર્યા વગર એ તડ ને ફડ જવાબ દઈ દે: 'બાકીનું બધ્ધું એકી કલમે જતું કરવા તૈયાર છું, મને મારી ઓલવાઈ ગયેલી આંખો પાછી મળતી હોય તો !'

સોનલનો અસબાબ ભલભલા આંખોવાળાને આંજી નાખે એ બરનો છો. પાંત્રીસ વર્ષે એ માંડ પચ્ચીસનાં લાગે. ઊજળો વાન; સૌમ્ય, જાજરમાન, પ્રભાવક પ્રતિભા. આંખો ગઈ છે એનો અંદાજ પણ અજાણ્યા માણસને તો ઝીણી નજરે જુએ ત્યારે જ આવે. આંખમાં આંખ પરોવીને વાત કરવાની પણ કોશિશ તો ચાલુ જ હોય પણ એમાં ગફલત થઈ જાય. આંખને બદલે અવાજ સાથે તારામૈત્રક સધાઈ જાય. સોનલ મહેતાને ધાર્યાં નિશાન પાડવાની ટેવ પડી ગઈ છે એથી કદાચ આજે નહીં તો કાલેય એ પેલા પૃથ્વીરાજ ચૌહાણની જેમ આંખોમાં ધગધગતું સીસું રેડાઈ ગયા પછી પણ શબ્દવેધી બાણ છોડવાનું કૌવત કેળવી લેશે એવો સધિયારો જરૂર બેસે છે. એમને દૃષ્ટિવંચિત કરી



ડૉ. સોનલના માર્ગદર્શક
અધ્યાપક શ્રી સૂડીવાલા



ડૉ. સોનલ મહેતાનાં માતાપિતા

મૂકનાર 'રૅટિના પિગ્મેન્ટોઝા' નામે ઓળખાતા રોગનો ઈલાજ પણ ક્યારેક તો કાળા માથાનો માનવી શોધી કાઢશે એવી શ્રદ્ધા સાથે એ જીવે છે. મને ખાતરી છે કે સોનલ મહેતા એમની જિંદગી દરમિયાન જ ફરી દેખતાં થઈ શકશે. રૅટિના ટ્રાન્સપ્લાન્ટેશનના પ્રયોગો ચાલી રહ્યા છે. વિજ્ઞાન જે ગતિએ હરણફાળ ભરી રહ્યું છે એ જોતાં આગામી એકાદ-બે દાયકામાં આ સિદ્ધિ સાકાર બને એવી પૂરી સંભાવના છે. સોનલ પોતે પણ ઓછાં આશાવાદી નથી. આવાં સંશોધનો ચલાવી રહેલી સંસ્થાઓને એમણે નામ-સરનામું આપી રાખ્યાં છે. (તમને પણ એવા કોઈ શુભ સમાચાર મળે તો તત્કાળ એમને જણાવજો. આપણે ચર્મચક્ષુવાળાઓએ કમ સે કમ આવું આંગળી ચીંધ્યાનું પુણ્ય કમાવાની તક તો જતી ન જ કરવી દોઈએ.)

નવમા ધોરણમાં ભણતી એ મેધાવિની છાત્રાને શરૂ શરૂમાં રાત્રે અને પાછળથી દિવસે પણ ઓછું દેખાવા લાગ્યું. એકાદ વરસના ગાળામાં આંખોના દીવા સમૂળગા રામ થઈ ગયા ! પરિવાર માટે એ કોઈ નાનીસૂની આફત નહોતી. કારણ કે છ-છ ભઈલાં-ભાંડુડાંમાં સૌથી નાની સોનલ કુટુંબ માટે યશકલગી સમી હતી. ભણવામાં એટલી તેજસ્વી હતી કે ક્યારેય બીજો નંબર તો એણે જોયો જ નહોતો. 'એવર ગ્રીન, એવર ફર્સ્ટ' બ્રાહ્મણકન્યાના કોડ તો ભણીગણીને ડૉક્ટર બનવાના હતા. પરિવાર પણ એને એવા જ અરમાન સાથે લાડેકોડે ઉછેરી રહ્યો હતો. ગુરુકુળ વિદ્યાલય જેવી નામાંકિત શાળાની એ સ્ટાર સ્ટુડન્ટ હતી. નિયતિએ ઓચિંતી લપડાક મારી દીધી અને સોનલની નાવડી મધદરિયે ડૂબું ડૂબું થઈ રહી.

રૅટિના પિગ્મેન્ટોઝા સામાન્ય રીતે વારસાઈમાં મળતો અભિશાપ લેખાય છે. સોનલ મહેતા એ અભિશાપમાંય અપવાદરૂપ બની રહ્યાં. સાત પેઢીમાં કોઈનેય આવું દરદ નહોતું. સોનલ માટે થઈ શકે તે બધું જ કરી છૂટવાની કુટુંબીજનોની તૈયારી હતી. કમનસીબે એની દૃષ્ટિથી બચવાના તમામ પ્રયાસો નિષ્ફળ નીવડ્યા. ડૉ. નાગપાલથી માંડી મદ્રાસ, મુંબઈ અને હવાનો (ક્યુબા) સુધીના તજજ્ઞોનાં ક્લિનિકોનાં પગથિયાં ઘસી નાખ્યાં. પથ્થર એટલા દેવ કર્યા. દીકરીને દેખતી કરવા એનાં વત્સલ માબાપે શું ન કર્યું હોય ! આખરે બધેથી નિષ્ફળતા સાંપડી ત્યારે આવી પડેલી કઠોર વાસ્તવિક્તાને સ્વીકારી લઈ એની શૈક્ષણિક કૂચ આગળ ધપાવવામાં સહાયરૂપ થઈ મન મનાવી લીધું.

સોનલ મહેતાને ચિત્રો દોરવાનો શૉખ હતો. એમની આંગળીઓનાં ટેરવામાં આજે પણ એ કળાકાર અકબંધ છે. પણ હવે રંગો એમનાથી રિસાઈ ગયા છે. સામે કાળા ડિંબાગ અંધકાર સિવાય બીજું કંઈ જ દૃષ્ટિગોચર નથી થતું. એ જોઈ શકે છે ફક્ત અંધકારને. અંધકાર પણ ક્યારેક ખુશબોભર્યો લાગે - એને સૂંઘવાની શક્તિ જોઈએ. એ કૌવત સોનલ મહેતાએ વીસ વરસના લાંબા અનુભવને અંતે કેળવી લીધું છે ખરું, પણ પેલી બે ખોટનો ખટકો એ ક્યારેય ભૂલી શકશે નહીં. એક તો એમને સ્ટેથોસ્કોપવાળાં ડૉક્ટર થવાની તમન્ના હતી. અંધાપો આવતાં એ શક્ય ન રહ્યું. ને બીજું પેલું ડ્રૉઈંગ છૂટી ગયું. 'તમને આબેહૂબ કાગળ પર કંડારી દઉં' - એ કહે છે : 'એવો અદ્ભુત કસબ હતો આ આંગળામાં.' એક છાનો નિસાસો છોડીને એ ગઈ ગુજરી ભૂલી જવા મથે છે. ભીતરની વ્યથા પર સ્મિતનું આવરણ ઢાંકી દે છે. પરંતુ મારી પારદર્શક નજર એમની પીડાનું પગેરું લેવાનું છોડતી નથી.

સોનલ મહેતાને ભગવાનમાં અપાર શ્રદ્ધા છે. એમની જગ્યાએ હું હોઉં તો સંપૂર્ણ નાસ્તિક બની ગયો હોત. એ કહે છેઃ 'લઈ લઈને મારી દૃષ્ટિ જ લઈ લીધી ને ? વળતર સ્વરૂપે કેટલું બધું આપી દીધું છે એણે ! જ્યારે જ્યારે મારે મદદની જરૂર ઊભી થઈ છે ત્યારે મને એ સામે પગલે આવી મળી છે. આ તે કંઈ ઓછી કૃપા ગણાય ? મારા લગભગ બધા સંકલ્પ પાર પડ્યા છે. એટલે દૃષ્ટિ ગુમાવ્યા પછી તો ઊલટાની હું ઈશ્વરની વિશેષ કૃપાપાત્ર બની રહી છું. મને એણે અન્યાય કર્યો છે એવું ક્યારેય લાગ્યું જ નથી. એમ.બી.બી.એસ. ન થઈ તો પીએચ.ડી. થઈ ! ગમે તેમ પણ નામ આગળ 'ડૉક્ટર'નું લટકણિયું તો લાગ્યું જ.'

'મને લાગે છે તેમણે અભિશાપને અક્ષરશઃ વરદાનમાં પલટી નાખ્યો છે. આગને બાગમાં ફેરવી દીધી છે. દૃષ્ટિહીનતા



ડૉ. સોનલ મહેતાને સન્માનપત્ર અર્પણ કરતા રાજ્યપાલશ્રી કૈલાસપતિ મિશ્રા

તેમને માટે જાણે મોટી અસ્કામત બની ગઈ છે. બનવાજોગ છે કે ચર્મચક્ષુ બિડાયાં એના વળતર સ્વરૂપે અંતશ્ચક્ષુ ઊઘડી જાય. સાક્ષાત્કાર સુધીની ઊંચાઈ આંબવાની શક્યતા રહે !' મેં હેલન કેલર અને સૂરદાસ તથા સુખલાલજીનાં દૃષ્ટાંત આપ્યાં. એ પાંત્રીસ વરસની યુવતીને કોણ જાણે કેમ - કૉલેજ કન્યા સમી ગણી હું તું-કારે સંબોધવા લાગું છું. અલબત્ત, એને એમાં કશું અજુગતું નથી લાગતું. પણ પછી હું એક અઘરો સવાલ પૂછી બેસું છું ત્યારે એ થોડી મૂંઝાઈ જાય છે. 'સોનલ, તને ક્યારેય કોઈ સાથે પ્રેમ થયેલો ખરો કે ?' એના ચહેરા પર ગુલાબ ખીલી ઊઠે છે. બહુ સંયમપૂર્વક સ્વસ્થતા ધારણ કરી લઈ એ મલકાતા ચહેરે જવાબ વાળે છે: 'ખાસ નહીં. ક્યારેક એવી લાગણીની ઝણઝણાટી અનુભવી હશે, કબૂલ. પણ એને સમજપૂર્વક પાંગરતી જ દાબી દીધી હશે. મારી મર્યાદા હું બરાબર જાણું છું. સામી વ્યક્તિને પણ એવી જ મર્યાદાઓ હોય ને ! મારે લીધે કોઈ મુશ્કેલીમાં મુકાય એવું હું ક્યારેય ન ઇચ્છું....'

એની પરિપક્વ સમજણને સલામ થઈ ગઈ, અજાણતાં જ. પછી આવો અણચિંતવ્યો 'હુમલો' કર્યા બદલ થોડો પસ્તાવો પણ થયો. પરંતુ હું ખરા અંતઃકરણથી ઇચ્છું છું કે આર.કે.નારાયણની કથાકૃતિઓનાં નારીપાત્રો પર ઊંડું સંશોધન કરી ડૉક્ટરેટની ઉપાધિ મેળવનારી સોનલને ક્યારેક એનો પોતાનો નાયક પણ સાંપડે.

સોનલ એની અંધારી જિંદગી વચ્ચે ઝળાંહળાં જ્યોત બનીને જીવી રહી છે. એણે પરિસ્થિતિ સાથે પૂરેપૂરું અનુકૂલન સાધી દીધું છે. એ ભારે કલ્પનાશીલ યુવતી છે. એટલી જ સંવેદનશીલ પણ છે. પણ નિયતિએ એને યોદ્ધાનું બખ્તર પહેરાવી દીધું છે. એટલે એ વાતવાતમાં ગદ્‌ગદ નથી થઈ જતી. એની કશું નહીં જોઈ શકતી આંખોમાય આંસુનાં તો પૂર ઊમટતાં હશે, પણ છાતી પર પથ્થર મૂકીને એ પોતાનાં આંસુ ખાળતી રહી છે. ગાંધીનગર જેવા ગુજરાતના પાટનગરને આંગણે રાજ્યપાલની હાજરીમાં એનું નાગરિક સન્માન યોજાયું ત્યારે ખુદ રાજ્યપાલ ગળગળા થઈ ગયા હતા. પણ સોનલ લાગણીના ઊભરાને કાબૂમાં રાખી શકી હતી.

'હું કોઈની હાજરીમાં નથી રડતી.' એ ચોખવટ કરતાં ઉમેરે છે : 'બહુ લાગી એવે તો છાના ખૂણે, કોઈ જુએ કે સાંભળે નહીં એમ રડી લઉં ખરી.' મને આ કઠોર અભિગમ થોડો ખટક્યો. પણ સોનલે એ સમજી-વિચારીને કેળવ્યો હશે. કુદરત પ્રાણીમાત્રમાં પરિસ્થિતિને અનુકૂળ થવાની આવડત મૂકી દે છે. સોનલ એના પ્રવર્તમાન પરિવેશમાં એકદમ 'પરફેક્ટ' રીતે સુરક્ષિત છે.

એક રીતે આ અંધાપો એને માટે આશીર્વાદરૂપ નીવડ્યો છે : મન કશે ભટકતું નથી. જે કામ હાથ ધર્યું એમાં જીવ રેડીને એ પૂરું કરે છે. ગુરુકુળનાં કર્ણધારોએ એને દસમા ધોરણમાં પ્રવેશ નહીં આપી જે આઘાત પહોંચાડ્યો હતો તે આજ પર્યંત લીલો છે. પણ એ લોકો તરફ એને કશી ફરિયાદ નથી. દુઃખ જરૂર થયું હતું. જે શાળામાં શરૂથી જ પહેલા નંબરે આવેલી એ શાળા ખરા ટાકડે પોતાને સંઘરવા તૈયાર નહોતી. વાંક હોય તો એટલો જ કે એ ભાળતી બંધ થઈ ગઈ હતી ! એ લોકોએ એને અંધશાળામાં ભણવાની સુફિયાણી સલાહ આપી હતી. સોનલને એ સલાહ મંજૂર નહોતી. એ સરકારી શાળામાં દાખલ થઈ. હાયર સેકંડરીમાં સમસ્ત બૉર્ડમાં એ નવમા નંબરે આવી. નિયતિને આ એનો પહેલો તમાચો હતો. એણે અંગ્રેજી સાથે બી.એ. અને એમ.એ.ની પરીક્ષાઓ પ્રથમ વર્ગમાં પસાર કરી. નિયતિને એનો આ બીજો તમાચો હતો. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષામાં તેમ જ એમ.ફિલ.માં ડિસ્ટિંક્શન સાથે યુનિવર્સિટીમાં પ્રથમ આવીને એણે નિયતિને ત્રીજો તમાચો મારી દીધો. પછી તો નિયતિ જાણે શરણે આવી ગઈ. પીએચ.ડી. કરતાંની સાથે એણે એકસાથે અનેક વિક્રમો તોડી નાખ્યા અને એની જાણ બહાર જ એ એક 'સેલિબ્રિટી' બની ગઈ. સોનલ મહેતાની જગ્યાએ બીજી કોઈ વ્યક્તિ હોત તો હવામાં ઊડતી હોત. સોનલ માટે આ શૈક્ષણિક સિદ્ધિઓ અત્યંત સ્વાભાવિક ક્રમમાં આવેલ પરીક્ષાઓનાં પરિણામોથી વિશેષ નહોતી. એટલે ગાંધીનગર ખાતે નાગરિક સન્માન સ્વીકારતાં એણે ખૂબ સ્વસ્થતા જાળવી હતી અને સૂચક વિધાન કર્યું હતુંઃ 'પીએચ.ડી. થઈને મેં કોઈ ધાડ નથી મારી દીધી. ઘણાં લોકો પીએચ.ડી. થતાં હોય છે અને એમનું આવું જાહેર બહુમાન નથી યોજાતું. હું બરાબર સમજું છું કે હું હૅન્ડિકૅપ્ડ છું એટલે જ મને આ

બહુમાન મળી રહ્યું છે.' એ વિશિષ્ટ સમારોહમાં હું હાજર હતો. આવા સ્વસ્થ પ્રતિભાવની ભાગ્યે જ કોઈએ અપેક્ષા સેવી હશે.

સોનલ કલ્પનાશીલ છે એટલી જ રિઆલિસ્ટિક - વાસ્તવવાદી છે. એના પગ ધરતી પર છે. હજી તક મળે તો એ સ્ટેથોસ્કોપવાળાં ડૉક્ટર બનવા પ્રયત્ને કરે. મેડિકલ વ્યવસાય પ્રત્યે એનું આકર્ષણ અદ્યપિપર્યંત અકબંધ રહ્યું છે. 'એ બહુ નોબલ વ્યવસાય છે. તમે કેમ છોડી દીધો ?' મારી પાસે એના મુગ્ધ સવાલનો જવાબ નથી. નિયતિને વચ્ચે લાવીને હું છૂટી જવા નથી માગતો.

ડૉ. સોનલ મહેતા અત્યારે અમદાવાદની મહિલા પોલિટેકનિકમાં અંગ્રેજી ભણાવે છે. વચ્ચે એકાદ વરસ ગાંધીનગરની બ્લાઈન્ડ સ્કૂલનાં બાળકોને અંગ્રેજી શીખવવા જતી. એનામાં એક અદમ્ય વિજેતા વસે છે - જે ક્યારેય હાર કબૂલવા તૈયાર નથી. 'અત્યાર સુધી જે કંઈ કર્યું તે મેં પોતાને માટે કર્યું.' એની ભીતર બેઠેલી વિજિગીષાનો ઊભરો આવી જાય છેઃ 'મારે કંઈક બીજાને માટે - સમાજ માટે પણ કરી છૂટવું છે. એને હું સમાજસેવા નહીં કહું : માણસ તરીકે માણસ પ્રત્યેની ફરજ તરીકે ઓળખાવવાનું પસંદ કરીશ.'

એકાએક મારો નવલકથાકાર મારા પર હાવી થઈ જાય છે અને હું એને અધવચ્ચે ટોકું છું: 'તમે શું કર્યું છે તમારા માટે ? હજી ખરાખરીનો ખેલ તો બાકી છે !' સ્પષ્ટતા કરતાં હું ઉમેરું છું : 'હજી કશું મોડું નથી થઈ ગયું. કોઈ સાથી શોધીને જિંદગી ભરપૂર જીવી લો.' વર્ષો પૂર્વે વાંચેલી પરભાષી વાર્તા 'આંખો'નું સ્મરણ થઈ આવે છે મને. અંધ મહિલાને પણ માતૃત્વનાં તેજ કેવી મહિમાવંતી કરી શકે, એની ચર્ચા મને સમયોચિત ન લાગી. છતાં મેં આગ્રહ તો સેવ્યો જઃ 'નિરાશ નહીં થવાનું. કોઈ ને કોઈ મનનો માણીગર મળી રહેશે.' એના ગાલ પર ગુલાબ ખીલી ઊઠ્યાં: 'તમે શોધવા પ્રયત્ન કરજો ને ! અનુકૂળ હશે તો આપણે બારણાં બંધ ક્યાં કરી દીધાં છે ?' સહાયક ઉષાના સહારે 'ઐશ્વર્ય' ઍપાર્ટમેન્ટના ચોથા માળે આવેલી મારી કુટીરમાંથી વિદાય લઈ રહેલ પ્રજ્ઞાપારમિતાને છેક ઝાંપા સુધી વળાવવા ગયો ત્યારે એના અસ્તિત્વનો એક જુદો અર્થ એના પગરવમાં ઓગળી રહ્યો હતો...

મારું ચાલે તો એને મારી એક આંખ આપીને નૉર્મલ જિંદગીના મધુવનમાં રમતી મૂકી દઉં. કદાચ એ વ્યવહારમાં શક્ય નથી. સૂડીવાલાસાહેબે છેક નેવુંથી આજ લગી એના વાંચકનો પાઠ અદા કર્યો છે. સોનલ મહેતાને ફક્ત પુસ્તક વાંચી આપે એવો જ નહીં, જિંદગી વાંચી આપે એવો વાચક પણ ખપે છે. ☐

સોનલ મહેતાને થવું હતું સ્ટેથોસ્કોપવાળી ડૉક્ટર, પણ નિયતિએ એને સાહિત્યક્ષેત્રની ડૉક્ટરેટથી નવાજી. આ એક ક્રૂર મજાક હતી, પણ સોનલે એને હસતે મોઢે જીરવી લીધી. એણે નિયતિને એવી લપડાક મારી દીધી કે એને આખા ગામ વચ્ચોવચ શરમિંદગી અનુભવવી પડી.

કાળા માથાના માણસમાં પડેલી અપરિમેય ક્ષમતા અને શક્યતાઓનું પ્રતીક એવી આ માસૂમ તરુણીને જોઈ ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી ગદ્‌ગદ થઈ જતા હોય તો આપણું તો શું ગજું કે એ ઉમળકાને અવરોધી શકીએ ? રાજ્યપાલશ્રી એના જાહેર નાગરિક સન્માનમાં ફક્ત ઔપચારિકતા પૂરતા નહીં, ખરા હૃદયથી હાજર રહ્યા – પૂરા બે કલાક બેઠા. બોલ્યા એ પણ જાણે નાભિકમળમાંથી. એમણે છેલ્લા અઠવાડિયામાં ત્રણ ત્રણ શક્તિ–સમારોહના સાક્ષી બન્યા હોવાનો એકરાર કર્યો. સાપુતારામાં ગાંધીરંગે રંગાયેલા પૂર્ણિમાબહેન પકવાસાની ઋતંભરા વિદ્યાપીઠ કે ચિત્તોડના મીરાં મહોત્સવમાં હાજર રહ્યા જેટલો જ, બલકે એથી સવાયો હરખ એમને પાટનગરના પ્રબુદ્ધજનોએ નગરકન્યાના પુરુષાર્થનો મહિમા કરવા યોજેલા સાવ સાદા, નાનકડા સમારંભમાં હાજરી આપ્યાથી થયો. એ હરખ એમણે લગરીકે દિલચોરી વગર યથાતથ નાનકડા શ્રોતાસમુદાય સાથે વહેંચ્યો. એ સોનલને આશીર્વાદ આપવા આવ્યા હતા; પણ વંદન કરીને ગયા.

સોનલ હાજરાહજૂર શક્તિનું સ્વરૂપ છે. પડકાર આવી પડે ત્યારે જ માણસમાં પડેલો 'જાયંટ' જાગી ઊઠે છે. એક વાર છંછેડાયો એટલે એ બેફામ બની ઈશ્વર જેવા ઈશ્વર સામે ભિડાઈ જતાં ય વાર નહીં કરે. એ જીતીને જંપશે, કારણ કે વિજિગીષા એને ગળથૂથીમાં મળી છે. સોનલ આવી જ એક વિજિગીષાનું મૂર્તરૂપ છે. છે તો છોકરી જેવી છોકરી, પણ એનામાં કશુંક અસાધારણ છે. આ અસાધારણ તત્ત્વ અમસ્તું એમ ને એમ કરમાઈ ગયું હોત પણ 'રૅટિના પિગ્મેન્ટોઝા' જેવા અસાધ્ય દર્દને લીધે એને ખીલવાનો અવકાશ સાંપડ્યો. સોનલને સોનલ બનાવનાર આ દર્દ છે. રેટિના એ આંખનો પડદો છે. એ સાજોનરવો હોય તો જ બાકીનો ડોળો કામનો, નહીંતર પ્રતિબિંબ ઝિલાય જ નહીં. સોનલનું ભીતર સમુંનમું હતું એટલે અંધાપાને પણ એ આશીર્વાદમાં ફેરવી શકી. એણે આંખ વગર આંખોવાળી દુનિયાને મહાત કરી બતાવી. હેલન કેલરની જેમ એ દંતકથા બની ગઈ. આવી જીવતી દંતકથાનાં દર્શન કરવાં એ ય લહાવો જ ગણાય.

ગાંઠ

કંદર્પ ર. દેસાઈ

સુમતિબહેને વળી પેટ ઉપર હાથ દાબ્યો. ન જવું પડે તો સારું, એવો વિચાર સ્થિર થાય તે પહેલાં જ પગ ઊપડવા માંડ્યા. હજી તો માંડ દસ થવા આવ્યા છે ને આ ચોથી વાર. આખો દિવસ અને પછી રાત - કેમે નીકળશે ? રાત તો ઠીક છે, ઊંઘ આવી જાય. ન આવે તો - એક વળી, બીજી ઉપાધિ. પાછાં આવ્યાં તો થાકીને ઢગલો થઈ પડ્યાં, જાણે એક-સામટા માઇલોના માઇલ ન ચાલી નાખ્યા હોય ! પ્રમોદભાઈએ માથે હાથ ફેરવ્યો અને પૂછ્યું, 'કંઈ થયું ?'

'ના, કાયમ જેવું.'

હવે તો એ કહેતાં, યાદ કરતાં પણ ઊબકા આવે છે. ચાર મહિના થયા એ વાતને. શરૂમાં તો એકદમ ઝાડા છૂટી ગયા. ત્રણેક દિવસ હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું. કંઈ કેટલા બાટલા ચઢ્યા ! દવા-ઇન્જેક્શનોનો તો હિસાબ નહીં. તે જેમતેમ ઝાડા કંટ્રોલમાં આવ્યા. પણ પછી તો - મરડાની જેમ, એકદમ ચીકણો મળ, પેટમાં દુઃખાવા સાથે ગમે ત્યારે બહાર આવી જાય. કોઈ વાર ઓછું તો કોઈ વાર વધારે, એ હજીએ કાબૂમાં નથી આવ્યું. બધી જાતની તપાસ - લોહીની, ઝાડા-પેશાબની કરાવી. એક્સ-રે અને સોનોગ્રાફી ય. પરંતુ કોઈ ચોક્કસ નિદાન નહીં. પેટ ચૂંથાયા કરે અને ચાર મહિના થયા. આખી દુનિયા બદલાઈ ગઈ. આથી વધુ શું થઈ શકે ? એનો કોઈ જવાબ નથી મળતો, રોજ રોજ જોવાનું કે આથી વધુ શું થાય, શું થઈ શકે ? સગો ભાઈ ઊઠીને -

મારી જ ભૂલ કે મેં વિશ્વાસ રાખ્યો, બાકી એ તો પહેલેથી જ એવો. એને ખબર કે સુમતિને ચૉકલેટનાં રંગબેરંગી રૅપર એકઠાં કરવાં ગમે એટલે એ રૅપર્સ મને આપતો, બદલામાં મારી ચૉકલેટ લઈ ખાઈ જતો. હું અબૂધની જેમ રૅપર્સ સામે તાકી રહેતી. પણ શુભાફોઈ એક વાર જોઈ ગયાં, કહે, 'ખરો છે આ છોકરો ! કોઈ કંઈ કહેતું નથી આને ? સુમતિની ચૉકલેટો ખાઈને જાડોપાડો થયો છે ને સુમતિ પાસે શું છે ? કાગળિયાંનો ઢગલો !' આજે તો હું પોતે જ ઢગલો વળી ગઈ છું. ઘરની એકેએક વસ્તુ પોતાની છતાં પારકી હોય તેવું - વાત કેવી રીતે કરવી - એ જ સમજાતું નથીને ! આ શો-કેસમાં મૂકેલ ક્રિસ્ટલનો ક્રૉકરીનો સેટ. ભાઈએ બે વરસ થયા દિવાળી નિમિત્તે આપેલો. એવો આનંદ થયો કે હજી એકે વાર વપરાશમાં નથી કાઢ્યો. સારા પ્રસંગની રાહ જોઉં કે અતુલની સગાઈ થાય ત્યારે વાત. પણ હવે એને જોતાં જ હૈયામાં ચિરાડા પડે છે. થોડા દિવસ પહેલાં જ અતુલ સાથે વાતો કરવા બેઠી ને જૂનાં પ્રકરણો ઉખેડ્યાં ત્યારે અતુલ કહે, 'મમ્મી, આ ક્રિસ્ટલનો સેટ મામાએ કંઈ તને એમનેમ નથી આપ્યો ! ફૅક્ટરીમાં બધાંને ત્યાં છે.'

'એટલે ?'

એવી તો સ્તબ્ધ થઈ ગઈ - દીકરાની મહેનત, હક્કની વસ્તુને ભાઈએ પોતાની ભાઈબીજની ભેટમાં ખપાવી ! આને શું કહેવું - ? પણ આ તો રોજનું થયું. રોજ કોઈ ને કોઈ વાતે ખબર પડે, ચોખવટ થાય ત્યારે એમ જ વિચાર આવે કે, 'હાય, હાય, હું તે સાવ કેવી ભોળી ને મૂરખ ! એ તો ઠીક, પણ મારો ભાઈ, સગો ભાઈ આમ સાવ ઊઘાડે છોગ મને છેતરે ?!' એનો જવાબ ના મળે. કોઈ કહેતાં કોઈ રીતે મનમાં સમાધાન ના સાંપડે. સાઠમા વરસે આ બધું વેઠવું એવું તો આકરું લાગે છે કે - પણ પ્રમોદ મને જે રીતે જાળવે છે... થાય છે, આખી જિંદગી મેં એમની કદર જ નહોતી કરી તે મારી કેવી મોટી ભૂલ હતી ! કાયમ પિયરનાં ચશ્માં પહેરી રાખ્યાં અને એમને જ નહીં, આખા કુટુંબને ઓછું, ઊતરતું ગણેલું. નોકરી તો હતી નહીં કે કામધંધો ય એવો. ખાધેપીધે કદી દુઃખ નથી વેઠ્યું એમ જ ઘર-વપરાશની કે સરસામાનની નાનીમોટી કોઈ ચીજવસ્તુની ક્વૉલિટી સાથે બાંધછોડ કરવી પડી હોય એવું ય નથી બન્યું ! હા, સામી બાજુ કોઈ વાતે અભિમાન લઈ શકાય એવું ય ક્યાં કશું હતું ? જે કંઈ હતું તે બધું વારસામાં મળેલું. એક અભાવ મનમાં ઘર કરી ગયેલો કે શોધીશોધીને ભાઈએ મારા માટે કેમ છેક આવાં વર-ઘર શોધ્યાં ?

પણ છેક જતી જિંદગીએ ભૂલ સમજાઈ. વારાફેરા તો કોના નથી આવતા ? પણ આપણે તો એ બધું મૂગા મોંએ વેઠી-સ્વીકારી લીધું. એક હરફ સુધ્ધાં કહ્યો નથી. કાયમ પડખે ને પડખે. એમને ખબર છે કે મને શું વીતતી હશે ! એટલે નાની નાની વાતે ય મને ઓછું ન આવી જાય એનું કેવું ધ્યાન રાખે છે ! આ ઉંમરે મને આ સાથી જોવા મળ્યું તે ઓછું છે ! નહીંતર હું તો એમ જ એમને અને મારા હીરા જેવા દીકરાઓને દરરોજ વાળીઝૂડીને ઊકરડે જ નાખ્યા કરતી રહેત ! એકદમ જ સુમતિબહેનના પેટમાં દુઃખાવો ઊપડ્યો.

'પણ આનો તો કંઈ ઉપાય હશે કે નહિ ?' સુમતિબહેને લગભગ રડવા જેવું કર્યું.

'શું થયું વળી પાછું ?'

'આ પેટ ને આ દુઃખાવો.....' સુમતિબહેન એકદમ જ ઊભાં થઈ ગયાં. નીચલા હોઠને દાંત વચ્ચે દબાવ્યો અને.... આજે આ પ્રોગ્રામ વધારે ચાલશે.

*

'પ્રસન્ન રહો. તમારા રોગ અને દુઃખનું મૂળ કારણ ભય અને ચિંતા છે. ગાંઠ છોડી નાખો, નિશ્ચિંત બનો, અભય બનો એટલે પ્રસન્નતા આપોઆપ આવશે. ઔષધ તો માત્ર સહાય કરશે.'

વૈદ્યરાજ નાડી જોઈ સલાહ આપતા હતા ત્યારે સુમતિબહેન એમની સામે જ જોઈ રહ્યા. સ્હેજ ફિક્કું સ્મિત મોં પર આવ્યું ન આવ્યું ને જતું રહ્યું. પ્રમોદ આમને પહેલાં આવીને કહી ગયા હશે ? એવું તો એ ન કરે. પણ વૈદ્યરાજની વાત તો સાચી છે, જ્યારે જ્યારે ભાઈની વાતો યાદ આવે છે, હંમેશાં એક ધક્કો વાગે છે. બાકી તો મારે હવે આ ઉંમરે શાની ચિંતા, શાનો ભય ? કશું નથી. બસ, મનમાં આ સંબંધ ગંઠાઈ ગયો છે, કોકડું વળી ગયું છે. સ્નેહના કેટલા બધા તાર ! - પણ કશું રણઝણતું નથી.

વૈદ્યરાજને ત્યાંથી ઘરે આવ્યાં ત્યારે મોટો સંજીવ પણ આવી ગયો હતો. કહે, 'મમ્મી, મારી સાથે ચાલો. અહીં બધું એનું એ વાતાવરણ, એ જ સગાંવ્હાલાંમાં ઊઠબેસ તમને નડ્યાં કરશે. મારે ત્યાં નવા વાતાવરણમાં તમારું મન પણ બદલાશે, ગમશે....'

અતુલ કહે, 'મમ્મી, ભૂલી જા એ બધું ! નવેસરથી, એકડે એકથી શરૂ કરીશું. મારા આ હાથ ને મારી આ આવડત તો મારાં છે ને એ ક્યાં કોઈ ઝૂંટવી લેવાનું છે ?'

સુમતિબહેન દીકરાઓ સામે સ્નેહથી જોઈ રહ્યા. હેતથી ગળે વળગાડવાની ઇચ્છા થઈ આવી. પણ જગ્યા બદલવાની કે નવેથી શરૂ કરવાની વાત ગળે નથી ઊતરતી.

'અમે તો પાકા પાન દીકરા, તમારી ઉંમરે બધું સહેલું લાગતું હોય તો હવે આ ઉંમરે વડલા જેવી આ જિંદગીને અહીંથી ઉખેડી તારે ત્યાં ક્યાં કેમ....' સુમતિબહેનના અવાજમાં પીડા અને દૃઢતાનો સ્પર્શ હતો તેથી કે કેમ પણ કોઈ કશું બોલ્યું નહીં. બધાં એમ જ પોતપોતાનાં કામે વળગ્યાં. ઝૂલતાં હીંચકાના નકશીદાર સળિયા પર તેમની નજર ગઈ. ભાઈને ત્યાં સ્ટીલના છે, અહીં પિત્તળના. આ પિત્તળના સળિયા જોઈ ભાઈને આનંદ થયો હતો કે ઈર્ષ્યા તે તો ક્યારેય નથી સમજાયું પણ 'અમારે સુમતિને તો ભારે શૉખ !' જેવા શબ્દો કાનમાં ઘણી વાર પડઘાયા કરે. આ હીંચકા પર બેસી, આ સળિયા પકડીને ભાઈએ અતુલને કહ્યું હતુંઃ 'કાલથી ફૅક્ટરીએ આવી જા.'

અતુલે તાજો જ ડિપ્લોમા મિકેનિકલ લીધો હતો. મામાએ વધામણાં આપ્યાં. અતુલને ખચકાટ થતો હતો. સગામાં ને સગામાં નોકરી ? એમાંય પાછા આ તો મામા - જ્યાં હક્ક કરીને માગવાનું હોય ત્યાં ચાકરી ? એમણે પણ ના પાડી હતી, 'સુમતિ, આપણી સ્થિતિ શું એટલી ખરાબ છે કે ભાણિયો મામાને ત્યાં ?' એ વખતે એમના મનમાં 'ભાણિયો' શબ્દનો એક બીજો જ અર્થ સળવળતો હતો. પણ ભાઈનો આગ્રહ બહુ હતો. 'એનું ભવિષ્ય સુધરી જશે'થી લઈ ભગવાન જાણે શું શું ગાજર લટકાવ્યાં હતાં ! ભલે, પણ શું કરવાનું ? મશીનરિ ડિઝાઈન કરવાની. અતુલને છેકથી આવામાં રસ પડતો. કંઈનું કંઈ ગોઠવી કંઈ બનાવી કાઢે ! 'સ્કોપ'ના પહેલેથી છેલ્લા બધાય અંકો એની પાસે હજીયે સચવાયેલા હશે ! જાણીતાઓમાં સૌ પહેલો હેમ રેડિયો એની પાસે હતો. મને તો એમાં કંઈ ઝાઝી ખબર ન પડે, પણ એટલી તો ખબર હતી કે દીકરાને, બધાંને ન હોય એવા, શૉખ છે. એ વાતનું મનમાં માત્ર ગૌરવ જ નહિ, થોડું અભિમાન પણ રહેતું ! એટલે ચાલો સારું થયું, એને એનું મનગમતું કામ તો મળ્યું ને પાછું મામાને ત્યાં એટલે ઘર જેવું ઠેકાણું !

પણ અચાનક એકદમ જ એક દિવસે અતુલે નોકરીએ જવાનું બંધ કર્યું. 'મળેલા સ્પેસિફિકેશન મુજબ મશીન ડિઝાઈન કરવાનું મુખ્ય કામ મારું. પાર્ટી સાથે ચર્ચા કરી તેમની જરૂરિયાત સમજી તેમાં ફેરફારો પણ હું જ બતાવું. તો મારો પગાર આટલો ઓછો કેમ ?'

અને વાત માત્ર રૂપિયા, પૈસાની નથી. મોભો પણ હોવો જોઈએ. કાલે ઊઠીને ક્યાંક બીજે જવાનું થાય તો ત્યાં ય પગાર તો આ ધોરણે જ મળેને ! એમણે દીકરાને સાથ આપતા મને ચૂપ રહેવાની સલાહ આપી.

'જો જે તું વચ્ચે કશું બોલતી. અતુલની આવડતથી મામા લાખ્ખો કમાયા. હવે સવાલ પૂરતાં વળતરનો છે.'

કદાચ પહેલી વાર ભાઈનો હાથ ફસાયો હતો. કાયમ ઓશીંગણ રહ્યાના ભાવથી દબાતા રહેવાનું બન્યું હતું. પણ આ પહેલી વાર - પણ એમાંય ભાઈ રમત-ચાલાકી કરી ગયા.

'અતુલને ભાગીદાર બનાવવો છે.' ધંધાની નવી સોગઠી, નવી ચાલ. સુમતિબહેન ખુશ !

મારો દીકરો, બાપીકો ધંધો સંભાળશે. બધાં સાથે બેઠાં. વેઢમીનું પૂરણ તૈયાર છે, જો વાત સફળ થાય તો -

પણ પ્રમોદ મક્કમ રહ્યા.

'ભાગીદારી માત્ર બે આનાની ? એવું કેમ બને ? ઓછામાં ઓછું ચાર આની તો હોય જ.'

'તો તમે મૂડીરોકાણ કેટલું કરશો ?' ભાઈએ પૂછ્યું.

'મૂડીમાં મારો દીકરો જ ને ?'

'રૂપિયા, રૂપિયાની વાત કરો બનેવીલાલ.'

'બધી વાતે રૂપિયા ન જોવાના હોય.'

'અમે પણ એ જ કહીએ છીએ.'

'પણ ફેર છે. તમારી વાત અને નજર જુદી છે. હું ધંધામાં મૂડી અને આવડતની વાત કરું છું, જ્યારે તમે ધંધામાં સંબંધ

અને મૂડીને જોડો છો. હવે તમે કહો, આપણા બેની વાત સરખી છે ?'

ભાઈએ પાસો પલટ્યો.

'હવે સુમતિ તું જ તારા દીકરાને સમજાવ.'

મારા આગ્રહને કારણે દીકરો નમ્યો. બે આની ભાગીદારી સ્વીકારી, પણ તે માત્ર નફામાં. સાથે ડિઝાઈનરની પોસ્ટ અને વધારાના લાભો મળે તેવો આગ્રહ રાખ્યો; જે ભાઈએ કબૂલ કર્યું.

આ સારું થયું કે ખોટું ? લાભ થયો કે નુકસાન ? ઘણી વાર પૂછું છું એમ વળી પાછું એમને પૂછ્યું.

'એમાં તારો શું દોષ ? તારા ભાઈના સ્વભાવ માટે તું થોડી જવાબદાર ગણાય ? અને પેલા વૈદ્યરાજના શબ્દો યાદ કર જોઉં ? ખુશ રહેવાનું !'

'હવે ખુશ કે નાખુશ. એક વાર આ વાતનો પાર લાવો. તમે જેટલું જાણતા હો, જે કંઈ મારાથી છુપાવ્યું હોય તે બધું મને કહો, ભાઈબહેન વચ્ચે જે ગાંઠ પડી એ પડી, એ હવે કોઈ વાતે ઊકલવાની નથી.'

'તુંય શું નવરી બેઠી બેઠી વિચાર્યા કરે છે ?'

'કશું ખોટું નથી વિચારતી. મને થોડા દિવસે કોઈ નવી વાત જાણવા મળે ને હું નવેસરથી દુઃખી થાઉં, માંડ થાળે પડે ને ત્યાં પાછી કોઈ નવી વાત મારે આ બધું કટકે કટકે.... નથી વેઠવું. એને બદલે એક ઝાટકે ફેંસલો સહન કરવાનું હશે તે કરીશ, હરફ સરખો નહીં કાઢું. પણ મને એક વાર બધું કહી દો કે મેં દાખલો ક્યાં કેમ ખોટો ગણ્યો !'

પ્રમોદભાઈએ કશું બોલ્યા વિના સુમતિબહેનના વ્યાકુળ ચહેરા ભણી જોયું. સંજીવે તો પોતાની પસંદગીથી લગ્ન કર્યાં એટલે સુમતિ પોતાના ઓરતા પૂરા નહોતી કરી શકી, પણ અતુલનાં લગ્ન માટે તો કંઈ કેટલાય મનોરથ ઘડી રાખ્યા છે પણ એના ભાઈએ જે રીતે વાત કપાવી એ સુમતિથી છાની જ છે...

ગૌરીશંકરનું કુટુંબ નાતમાં આગળ પડતું. સુમતિના ભાઈની બરોબરિયું. તેમણે પોતાની દીકરી માટે અતુલનું માગું નાખ્યું. બંનેએ એકબીજાંને જોયાં. ગમ્યાં. ફરી મળવાની વાત થઈ. ને એકદમ જ વાત બંધ; જાણે રણની રેતમાં સોય ખોવાઈ ગઈ. ઠીકઠીક સમયે જાણ્યું: છોકરીનાં લગ્ન બીજે લેવાઈ ગયાં. ખબર પડી ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. એ ગૌરીશંકર વચ્ચે એક વાર મળવા આવ્યા હતા. વસવસો કરતા કહે, 'પ્રમોદભાઈ, થતા થઈ ગયું છે.... તમારા દીકરા વેરે...'

'એ તો જૂની વાત થઈ. હવે એનું શું છે ?'

'પણ મને ખબર ન હતી કે ફૅક્ટરીમાં અતુલ ભાગીદાર છે. મને તો એવું કહ્યું હતું કે કારખાનાનો માલિક તો તમારો સાળો, પોતે એકલો જ છે. એમ કહી મને દસ્તાવેજ પણ દેખાડ્યા હતા.'

'તે તમે પૂછવા ગયા હતા કે એ....'

'ના પ્રમોદભાઈ, હું પૂછવા શા માટે જાઉં ? એ સામે ચાલીને ઘરે આવ્યા હતા. મારે તમારી માફી એ વાતે જ માગવાની કે હું બીજાની વાતોમાં આવી ગયો... એ વખતે તમને લગીર પૂછ્યું હોત તો .... અને...'

'અને... શું ?'

'પણ તમે સાચવજો, દીકરાને ચેતવજો. મારી દીકરી તો એના ઘરે સુખી છે. પણ અતુલમાં મને ભલેને બે-પાંચ દા'ડા મારો જમાઈ દેખાયો હતો એની થોડી ફિકર થાય છે એટલે આટલું કહેવા આવ્યો.'

એક આ ગૌરીશંકર, જેમણે આટલી ચિંતા કરી, કારણ શું, તો કહે, સગા થવામાં હતા. એ સિવાય કશું નહીં. ને બીજી બાજુ આ સગો-

અતુલને પૂરી વાત વિગતે કહી ને કોઈ પણ કોરા કાગળ ઉપર સહી ન કરવા સૂચના આપી. પરંતુ સુમતિને હજી વાત કરી નથી. નથી ને ક્યાંક, માંડ માંડ થાળે પડેલી તબિયત ફરી પાછી...

ક્યારેક એ પૂછે, 'કહું છું, કોઈ વાતે હવે સમાધાન ન થાય ?'

'પહેલાં જેવું તો હવે ક્યાંથી રહે ? આ કંઈ આપણી વાત થોડી છે ? હવે તો દીકરાઓની વાત છે, જરા એમનો વિચાર કર. એ લોકોને જે ધક્કો પહોંચ્યો છે ! એ પછી...'

'સાચી વાત છે. ભાઈએ કર્યું છે જ એવું કે...'

પણ ભાઈએ એવું શું કામ કર્યું ? એ સવાલ વારંવાર થાય અને એનો જે જવાબ મળે તેનાથી ચકિત થઈ જવાય અને મનમાં પીડા પણ થાય... છેક આવું ? ભાઈને મોટો લાડવો એકલા જમવો હતો, મોઢું ભરાઈ ગયું ને શ્વાસ રૂંધાવા માંડ્યો. બહુ તરફડિયાં માર્યાં ને બહાર નીકળવા જે લાકડું હાથ આવ્યું તે બીજું કોઈ નહીં ને અતુલ ! એમ જ બહાર નીકળી ગયા હોત તો ભલે પણ આ તો ઊધઈની જેમ મહીંથી કોતરી ખાવાનું.

પહેલી વાર વિદેશથી ઑર્ડર આવ્યો. ડૉલરમાં કિંમત અને એનો રૂપિયામાં ગુણાકાર ! મામાનું મોઢું પહોળું થઈ ગયું. પણ ચૂક એ થઈ કે ખૂલી ને વાત ન કરી. મૂળ અંગ્રેજીમાં આવેલા સ્પેસિફીકેશનના બદલે ગુજરાતી તરજુમો અતુલને આપ્યો.

અતુલે તો વાંચતા જ કહેલું, 'આ ન ચાલે. સ્પેસિફિકેશન આવું ન હોય, આમાં કશુંક ખૂટે છે. એમ કરો, પાર્ટીને બોલાવો.'

મામા ગૂંચવાયા, પણ પેટમાં પાપ એટલે પાર્ટીને બોલાવવાની વાત ટળી : 'કશું ખૂટતું નથી. બધું દીવા જેવું ચોકખું તો છે.'

'ના મામા, ક્યાંક કશીક ભૂલ તો છે જ. તે હેં મામા, આવાં મશીનો આપણા દેશમાં કોણ વાપરે છે ?'

'હશે કોઈ. આ નવા જમાનામાં હવે દેશ કે વિદેશ ક્યાં રહ્યું છે ? તું તારે લખ્યું છે એમ બનાવી કાઢને !'

બનાવી કાઢ્યું. એમાં શી મોટી વાત ? પણ અતુલે એ કાગળો સાચવી રાખ્યા. એના મનમાં હતું : કશોક લોચો છે, ને બન્યું પણ એમ જ. આખું કન્સાઈન્મેન્ટ આવ્યું લીલા તોરણે પાછું ! લખ્યા મુજબ માલ નથી બન્યો. લાખ્ખોનું નુકસાન. ધીરજ ખોઈ બેઠેલા ભાઈએ નુકસાનીમાં ભાગ આપવા કહ્યું.

'એ કેવી રીતે બને ?'

'તમે જે લખાણ આપ્યું તે મુજબ કર્યું. મને તો પહેલેથી શંકા હતી.'

મૂળ મુસદ્દો હવે બતાવ્યો. એ વાંચતા જ ભૂલ પકડાઈ, ને મામાની દાનત પણ. તે છતાં અતુલે નમ્રતા દાખવી હતીઃ 'મામા, તમારી સમજફેર થઈને એમાં ખોટો અનુવાદ કર્યો. એનાં કરતાં આ મૂળ લખાણ જ મને બતાવ્યું હોત તો -'

દીકરાએ તો 'તમે આવું શું કામ કર્યું ?' એવો સવાલે ય નહોતો પૂછ્યો. ને તોય મામા નજર મેળવી વાત કરી શક્યા નહોતા.

પણ બીજા દિવસથી નુકસાની ભરવાની વાત ફરી શરૂ થઈ. એટલે અતુલે કડક વલણ લીધું. મૂળ મુસદ્દામાં મારી સહી નથી. એ નથી મારી નજર તળેથી પસાર થયો. તેથી જવાબદારી મારી રહેતી નથી.'

વાત પૂરી થઈ. નોકરી છોડી, એ સાથે ભાગીદારી પણ પૂરી. નુકસાની વસૂલવાની વાતે આપવા જોગ રકમ પણ દાબી દીધી. સુમતિએ થાપણ તરીકે મૂકેલી રકમ પણ ઓહિયાં કરી ગયો...

પહેલી વાર જ્યારે જાણ થઈ, ત્યારે સુમતિબહેન માની જ ના શક્યાં. ટેવ મુજબ દીકરાનો જ દોષ દેખાયો. પણ પોતાની થાપણેય પાછી આપવા ભાઈએ નન્નો ભણ્યો કે... પેટમાં ઉઠેલો ચૂંથારો હજી શમતો નથી. એવો જ ચૂંથારો મનમાં પણ છે. આટઆટલું થયું, ખબર પૂછવાની વાત તો દૂર રહી, દિવાળી-ભાઈબીજના દિવસે ફોનની ઘંટડી સુધ્ધાં ન રણકી. રૂપિયા-પૈસા તો કોને વહાલા નથી લાગતા ? પણ એનો અર્થ એ નહીં કે આમ જેનું તેનું ગળું કાપી નાખવાનું ? આ તો મામા કે કંસ ?

*

સમય વીતે છે. વૈદ્યની દવાની અસર કે કેમ, પણ તબિયત સુધરી. પહેલાંની જેમ રોજેરોજ વારંવાર પેટ છૂટી જવાના બદલે આઠદસ દિવસ નીકળી જાય. ક્યારેક શરીરમાં બળતરા થાય પણ હવે દોઢ-બે રોટલી ખવાય. મોં પર તેજ પાછું આવ્યું. વજનેય એક કિલો વધ્યું. અતુલને બીજી નોકરી મળી. સારો પગાર, કંપની ક્વાર્ટ્સ અને બીજું ય ઘણું.... પણ અહીંથી ખાસ્સું દૂર, ગુજરાત બહાર. પણ એમ સાહસ ન કરે તો લક્ષ્મી થોડી વરે ? ઘર ગોઠવવા આવવા કહ્યું.

'પણ ફોન પર જ ના પાડી દીધી.'

'ભાઈ, હવે બધું કંઈ મારાથી નથી થતું. તું છોકરી શોધી લે.'

'મમ્મી, એક ભાઈ તો પરણ્યો છે, ને એને ત્યાં ય છોકરાંઓ છે. હવે....'

'તારું કોણ ? દીકરા, આ દુનિયામાં સગો ભાઈ પણ પોતાનો નથી થતો.' કહેતાં સુમતિબહેનથી ડૂસકું મુકાઈ ગયું.; એ સાથે ફોન પણ.

'ઓત્તારી' પ્રમોદભાઈ બોલ્યા, 'પાછું શું થયું ? આમ દૂર રહ્યે રહ્યે છોકરાને દુઃખી કરે છે ?'

'કંઈ નહીં, એ તો એમ જ' કહેતાં સાડલાના છેડાથી નાક-આંખો લૂછી પણ આંસુ અટકે તો ને ? તે જોઈ પ્રમોદભાઈ કહે, 'તેં તો સિંહની છાતી કરી'તી ને પાછી બીકણ સસલી બની ગઈ ? હજુ બે દિવસ પહેલાં તો ભાઈને ત્યાં રાખડી બાંધવા જવાની વાત કરતી હતી ?'

'હા, એ તો છે જ ને ! ભાઈ થઈને એ એનો ધરમ ચૂક્યો. પણ મારાથી... મારે ક્યાં કશું એની પાસે જોઈએ છે ? હવે ભજવાને પાછો સારો દિવસ દેખાડ્યો છે ત્યારે - ' થોડી વાર અટકીને કહે, 'હવે પહેલાં જેવું તો ક્યાંથી થશે ?' એવો ઉમળકોય ક્યાંથી લાવવો ? પણ આખી જિંદગી જેની ચિંતા કરી, ભલું ઇચ્છ્યું એના માટે...' સુમતિબહેનના અવાજમાં પાછો આવેલો રણકો સાંભળી પ્રમોદભાઈએ પાછું છાપામાં માથું ઘાલ્યું.

બળેવના દિવસે નવી સાડી પહેરી એક હાથમાં કંકુ-ચોખા ને રાખડીથી સજાવેલી થાળી ને બીજા હાથમાં પેંડાનું બૉક્સ લઈ સુમતિબહેન ભાઈને ત્યાં જવા તૈયાર થતાં હતાં ને આંગડિયો આવી કવર પકડાવી ગયો. પ્રમોદભાઈએ કવર ફોડ્યું. વાંચતી વખતે ચહેરાના બદલાતા રંગ જોઈ ચિંતાતુર અવાજે સુમતિબહેને પૂછ્યુંઃ 'હવે આ પાછું શું આયું ?'

'ભાગીદારી આપણા તરફથી બંધ હતી. એમના તરફથી નહીં. આ વકીલની નોટિસ છે. જવાબ ન આપીએ અથવા આપીએ તોય એ કોર્ટમાં કેસ દાખલ કરશે.'

'પછી ?'

'જો કેસ દાખલ થશે તો લાંબો ચાલશે. થશે તો કશું નહીં કેમ કે આપણાં કાગળિયાં ચોકખાં છે. પણ અતુલના ધક્કા ચાલુ થઈ જશે. સુખેથી નોકરી ય નહીં કરવા દે.'

સુમતિબહેને થાળી તો માંડમાંડ બાજુએ મૂકી પણ બૉક્સ જમીન પર પડી ગયું. એકદમ જ બેઉ હાથે પેટ પકડી લીધું ને સોફામાં ઢગલો થઈ પડ્યાં. □

હ્યુમન જીનોમ પ્રોજેક્ટ (Human Genome Project)
માનવ સંજનીન પરિયોજના

ડૉ. જે.પી.ત્રિવેદી

એક રમત શરૂ થઈ ચૂકી છે. આ રમતમાં અગત્યના ખેલાડીઓ એક લાખ વર્ષોથી વધુ સમયથી રહેલા છે; પરંતુ રમતમાંનો કોઈ પણ એક ખેલાડી તમારાં યા મારાં માતપિતાથી વધુ મોટો નથી અને આમ છતાં અનેકાનેક પેઢીઓનો વારસો (વંશાનુગતિ) આ રમતનું કેન્દ્રબિંદુ છે. ૧૯૯૦માં શરૂ થયેલી આ રમતનું નામ છે 'માનવ સંજનીન પરિયોજના' (HGP) અને તેમાં તમારું સ્થાન આગલી હરોળમાં છે. આ રમતની તમને આજન્મ સીઝન ટિકિટ આપવામાં આવી છે.

જીવવિજ્ઞાનનો અભ્યાસ ખૂબ જ ઉત્તેજનામય બની રહ્યો છે. આવતા દસકામાં તથા ત્યાર પછી તમે આપણા ઈતિહાસના ખૂબ જ મહત્ત્વના જૈવિક સંશોધનોનાં સાક્ષી બની રહેવાનાં છો, માનવ સંજનીન પરિયોજના દ્વારા મળનારા જ્ઞાનનો ખજાનો મૂળભૂત વિજ્ઞાન તથા મેડિસીનમાં નજીકના ભવિષ્ય ઉપર પ્રચંડ પ્રભાવ દર્શાવશે. અનેક પ્રકારે માનવ સંજનીન એ જીવવિજ્ઞાનનું મહદ્અંશે વણઉકેલ્યું રહસ્ય - માનવજાતનું બ્લૅક બૉક્સ છે અને આ કોયડો છે માનવીય કોષોમાં રહેલાં બધાંજ જનીનો (genes)ને એકઠાં કરી તેમને ઓળખી કાઢવાંનો.

માનવશરીરમાં ૧૦૦ ટ્રિલ્યન (૧ટ્રિલ્યન = $૧૦^{૧૨}$) વધુ કોષો હોય છે. પ્રત્યેક કોષના નાભિકેન્દ્રમાં ૨૩ રંગસૂત્રોના બે સંપૂર્ણ સેટ (અપવાદઃ શુક્રાણુ તથા અંડકોષ)માં ડી.એન.એ. દ્વિસર્પિલ હૅલિક્સ સ્વરૂપે રહેલો છે, જેમાં ન્યૂક્લિયોટાઇડ (ન્યૂક્લીઈક ઍસિડ) નામનું રસાયણ હોય છે. પ્રત્યેક ન્યૂક્લિયોટાઇડ એકબીજા સાથે રાસાયણિક રીતે જોડાયેલા ફોસ્ફેટ સમૂહ, શર્કરા અણુ (ડિઑક્સિરાઇબોઝ) તથા બેઝનો બનેલો હોય છે. ડી.એન.એ. અણુમાં ચાર બેઝ ઍડેનીન (A) ગ્વાનીન(G), સાઇટોસીન (C) તથા થાઇમીન (J) રહેલા હોય છે. બે વિરુદ્ધ દિશામાં વીંટળાયેલા ડી.એન.એ.ના બંને તંતુઓમાં આ બેઝ હાઇડ્રોજન બંધ દ્વારા જોડાઈને બેઝ-યુગ્મ (b.p=basic pair) બનાવે છે, જે દ્વિસર્પિલ હૅલિક્સના બંને તંતુઓનો જોડે છે. હંમેશાં A.T સાથે તથા G, C સાથે જ બેઝ યુગ્મ બનાવી શકે. પ્રત્યેક માનવકોષમાં આશરે ૩ બિલ્યન ($૩x૧૦^{૯}$) બેઝ યુગ્મો હોય છે. જનીનો ઉપર દર્શાવેલા ચાર પ્રકારના ન્યૂક્લિયોટાઇડ દ્વારા બને છે, જે ત્રણના જૂથમાં (ત્રિક) ગોઠવાયેલા હોય છે. આ ત્રિક રચનાને કોડોન (codon) કહે છે. ચાર ન્યૂક્લિયોટાઇડને ત્રણના સમૂહમાં ૬૪ રીતે (૪x૪x૪x૪) ગોઠવી શકાય. એમિનો ઍસિડનો કોડ દર્શાવતા પ્રત્યેક ૬૪ કોડોનનો સંપૂર્ણ જનીનીય કોડ હરગોવિંદ ખુરાના તથા માર્શલ નીરેનબર્ગ દ્વારા ૧૯૬૭માં ઉકેલાયો. કોડોન તથા એમિનો ઍસિડના સંબંધ દર્શાવતો કોડ બધા જ જીવોને સમાન રીતે લાગુ પડે છે. જનીન એ આનુવંશિકતા નક્કી કરતું એકમ છે, જે રંગસૂત્રમાં ચોક્કસ સ્થાનબિંદુએ હોય છે. જનીનોમાં કોડોનની ખોટી કે ખામીભરી ગોઠવણીને ઉત્પરિવર્તન (mutation) કહે છે. કોઈ પણ જીવમાંના ડી.એન.એ.માં સંપૂર્ણ જનીનીય માહિતી ધરાવતા પૂરા સેટને સંજનીન (genome) કહે છે. માનવ સંજનીન લગભગ ૩૫,૦૦૦ જનીનોનો બનેલો છે. ડી.એન.એ.માં બધાં જ A.C.T.G પ્રકારના ૩.૨ બિલ્યન અક્ષરોનો કોડ હવે ઉકેલી શકાયો છે.

સંજનીન પરિયોજના (HGP) માટે શું કાર્યવાહી થઈ છે ?

આનુવંશિકતા તેમજ રોગોની ઉત્પત્તિનાં કારણો તથા તેના ઉપચાર માટે HGP ઉકેલવો અતિ મહત્ત્વનો માનવામાં આવે છે. માટે ૧૯૯૦માં અમેરિકાની ડિપાર્ટમેન્ટ ઑફ એનર્જી (DOE)ની હેલ્થ ઍન્ડ એન્વીરોનમેન્ટલ રિસર્ચ વિભાગે સૌ-પ્રથમ આ માટે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ (NIH) તથા DOEને સહભાગી તરીકે આ યોજના પૂરી કરવા ૧૫ વર્ષની સમયાવધિ આપી તથા લગભગ ૩ બિલ્યન (૩ અબજ) ડૉલર ખર્ચ અંદાજવામાં આવ્યો. જેમ્સ વૉટસન (ડી.એન.એ. બંધારણ શોધનારા નોબેલ ઇનામ વિજેતા)ની રાહબરી નીચે આ પ્રોજેક્ટ જનીન ક્રમાંકો શોધવા માટે કુલ ૧૨ દેશોમાં ફેલાયેલા એવા સાત મુખ્ય કેન્દ્રો સ્થાપ્યાં. આ યોજનાની ખૂબ આક્રમક હરીફ સેલેરા જિનોમિક્સ કંપનીએ ૧૯૯૮માં જાહેર કર્યું કે તેઓ નવી ટેક્નોલૉજી દ્વારા આ પ્રોજેક્ટ માત્ર ૩ વર્ષમાં જ પૂરો કરી નાખશે તથા ખર્ચ માત્ર બે લાખ ડૉલર જ થશે. આ વિધાનની પૂર્તિ માટે તેમણે ફળમાખીનો સંપૂર્ણ સંજનીન ૧૯૯૯માં પૂરો કરી બતાવ્યો. સરકારી પરિયોજનાના નવા ડિરેક્ટર ફ્રાન્સિસ કૉલિન્સ તેમજ સેલેરા જિનોમિક્સના ક્રેગ વેન્ટરે જૂન ૨૬,૨૦૦૦ના રોજ વ્હાઇટ હાઉસમાં પ્રેસ કૉન્ફરન્સ બોલાવી સંયુક્ત રીતે જાહેર કર્યું કે સંજનીનનો કાચો મુસદ્દો તૈયાર થઈ ગયો છે, જેમાં આશરે ૯૫% માનવીય સંજનીન અંગે માહિતી મેળવાઈ છે. આ પ્રેસ કૉન્ફરન્સમાં ત્યારના પ્રેસિડન્ટ ક્લિન્ટને તથા તે સમયે જ બ્રિટનના વડાપ્રધાન

જીવ	સંજનીનની આશરે સાઇઝ (પૂરો થયાની સાલ સાથે)	જનીનોની સંખ્યા	માનવ સાથે મળતા જનીનોની આશરે ટકાવારી
E.Coli જીવાણુ	૪.૬ મિલ્યન b.p. (૧૯૯૭)	૪,૪૦૩	નક્કી થયું નથી.
ફળમાખી (Drosophila)	૧૬૫ મિલ્યન b.p. (૨૦૦૦)	આશરે ૧૩,૬૦૦	૫૦%
માનવ (Homo-sapiens)	૩ બિલ્યન b.p. (ફેબ્રુઆરી ૨૦૦૧)	૩૦,૦૦૦ - ૩૫,૦૦૦	૧૦૦%
ઉંદર (mus musculus)	~૩ બિલ્યન b.p (૨૦૦૧)	૩૫,૦૦૦	~૯૦%
મસ્ટાર્ડ છોડ (Arabidopsis)	૧૨૫ મિલ્યન b.p (૨૦૦૦)	~૨૫,૦૦૦	નક્કી થયું નથી.
રાઉન્ડવર્મ (Caenorhabditis elegans)	૯૭ મિલ્યન b.p (૧૯૯૮)	૧૯,૦૯૯	૪૦%
યીસ્ટ (Saccharomyces cerevisiae)	૧૨ મિલ્યન b.p (૧૯૯૬)	~૬,૦૦૦	૩૧%

b.p. બેઝ-યુગ્મો; હાવર્ડ હ્યુજીસ મેડિકલ ઇન્સ્ટિટ્યૂટ (૨૦૦૧)ના રિપોર્ટ મુજબ.

ટોની ગ્રેગ સાથે સેટેલાઇટ દ્વારા અંકોડા મેળવીને કરીને જાહેર કર્યું કે 'જીવના નિર્માણ માટે ઈશ્વર-નિર્મિત ભાષા હવે આપણે ઉકેલી છે : 'Today we are learing the language in which GOD created life. We are gaining ever more awe for the complexicity, the beauty, the wonder of GOD's most divine and sacred gift.'

ફેબ્રુઆરી ૧૨, ૨૦૦૧માં ઇન્ટરનૅશનલ હ્યુમનજિનોમ સિક્વન્સિંગ કોન્સાર્ટિયમે (IHGSC) જાહેર કર્યું કે જનીનોનાં પ્રાથમિક વિશ્લેષણો બંને જૂથો દ્વારા તૈયાર થઈ અનુક્રમે નેચર તથા સાયન્સ જર્નલમાં પ્રસિદ્ધ કરાયાં છે.

HGPના ઉદ્દેશે તથા લક્ષ્યાંકો શાં છે ?

- ૨૩ માનવ રંગસૂત્રોનો જનીનો પારખવા તથા તેમના જનીનીય અને ભૌતિક નકશા તૈયાર કરવા.
- માનવકોષમાંના DNAમાં રહેલા બધાં જ જનીનોના સેટને પારખી પ્રત્યેક જનીનનું તેના રંગસૂત્રમાં ચિત્રણ (mapping) કરવું, પ્રત્યેક જનીનનો ક્રમાંક નક્કી કરવો.
- જીનોમમાંના DNAમાંના ૩ બિલ્યન બેઝ-યુગ્મો ધરાવતા ન્યૂક્લિયોટાઇડના ક્રમાંક નક્કી કરવા.
- માનવમાં જનીનીય ફેરફાર (variation)નું વિશ્લેષણ કરવું.
- કેટલાંક પ્રતિરૂપ (મૉડેલ) જીવો - જીવાણુ, યીસ્ટ, રાઉન્ડ વર્મ, ફળમાખી તથા ઉંદર - ના સંજનીનોના ક્રમાંક તથા નકશા (ચિત્રણ) તૈયાર કરવા.
- નવી પ્રાયોગિક તથા કમ્પ્યૂટર ટેક્નોલૉજી વિકસાવવી જેથી જનીનોનાં બંધારણ તથા કાર્ય અંગે વિશેષ માહિતી ખૂબ જ ઝડપથી આપી શકે.
- વિજ્ઞાનીઓ તથા સામાન્ય જનતાને આ માહિતી ઉપલબ્ધ કરવી.
- HGP તેમજ જનીનીય સંશોધનો અંગેની નૈતિક, કાયદાકીય તથા સામાજિક અસરો અંગે વિચારણા કરવી.

HGPમાં થતી ઝડપી પ્રગતિને કારણે ૧૯૯૮માં આ પ્રોજેક્ટ પૂરો કરવા ૨૦૦૩ની સાલ અંદાજવામાં આવી. આ કાર્ય એપ્રિલ ૨૦૦૩માં પૂર્ણ થયેલું જાહેર કરાયું છે. આ સાલમાં જ ડી.એન.એ.ના બંધારણની શોધને ૫૦ વર્ષ પૂરાં થયાં.

આ પ્રોજેક્ટ દ્વારા નવી માહિતી મળી ? તેના શા ફાયદા છે ?

સરકારી તથા સેલેરા જીનોમિક્સ દ્વારા તૈયાર કરાયેલા બંને મસદ્દામાં નાના ફરકો હોવા છતાં જનીનસંખ્યા, તેમના ક્રમાંકો તથા રંગસૂત્રોમાં તેમની ગોઠવણી અંગેની માહિતી એક-સરખી જ હતી. બંને જૂથે ૩૦,૦૦૦થી ૩૫,૦૦૦ જનીનો પારખીને નક્કી કર્યાં.

સંજનીન અંગેનો એટલો બધો કમ્પ્યૂટર ડેટા તૈયાર થયો કે કમ્પ્યૂટરની નવી હાર્ડવેર પ્રણાલિ વિકસાવવામાં આવી, જેમાં

સ્ટોરેજ સ્પેસ ટેટ્રાબાઈટ્સ ($૧૦^{૧૫}$) છે જે એક ગીગાબાઈટ ($૧૦^{૧૨}$) કરતાં હજારગણું મોટું છે.

આ પ્રોજેક્ટને કારણે બે નવી પોસ્ટજીનોમિક શાખાઓ - પ્રોટિયોમિક્સ (Proteomics) તથા ટ્રાન્સ્ક્રિપ્ટોમિક્સ (Transcriptomics) અસ્તિત્વમાં આવી. સંશોધન દ્વારા મળેલું મોટું આશ્ચર્ય એ છે કે માનવસંજનીનમાંના ૨.૮ બિલ્યન ન્યૂક્લિયોટાઇડ બેઝ-યુગ્મોમાંથી કોઈ પણ બે વ્યક્તિમાં ૨,૭૮૬,૦૦૦,૦૦૦ જેટલાં બેઝ-યુગ્મોનો ક્રમાંક એકસરખો જ છે. માત્ર ૧૪ મિલ્યન ન્યૂક્લિયોટાઇડ બેઝ-યુગ્મો (૦.૫%) એકને અન્યથી જુદો પાડે છે. એ સાબિત કર્યું છે કે ઘણા માનવ જનીનો અન્ય જાતિ(species)માંથી ઉદ્‌ભવ્યા છે.

નવી ટેક્નોલૉજીના ક્ષેત્રે શોટગન ટેક્નિક, SNP (સ્નીપ્સ) શોધાયાં તથા જીનેટિક અથવા ડી.એન.એ. માઈક્રોએરે જે જીનચિપ્સ તરીકે ઓળખાય છે તે વિકસી. Single nucleo Polymorphism - એકલ ન્યૂક્લિયોટાઇડ બહુરૂપતા (SNP)- ની શોધ ફાર્મેકોજિનોમિક્સ નામના નવા ક્ષેત્ર માટે આંશિક રીતે કારણભૂત છે. જીનથેરપિમાં આ નવી ટેક્નિકોનો ઉપયોગ થઈ રહ્યો છે. અનેક રોગોનાં ઈલાજ માટે પ્રતિરૂપ મોડેલ જીવોના સંજનીનોની માહિતી ખૂબ અગત્યની પુરવાર થઈ છે તથા anti-sense ટેક્નોલૉજી વિકસી છે.

આ ઝડપી ટેક્નિકોના ઉપયોગ દ્વારા E.coli જીવાણુ, ફળમાખી, મસ્ટાર્ડ, કૃમિ, યીસ્ટ તેમજ ચોખાના સંજનીનો પણ ઉકેલાયા છે, જે ખૂબ ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડશે. અનેક વંશાનુગત રોગોનાં કારણો જાણી શકાયાં છે તથા કેટલાક રોગો જીનથેરપિ દ્વારા મટાડી શકાયા છે. કૅન્સર સંશોધનમાં (ખાસ કરીને સ્તન-કૅન્સર) ખૂબ પ્રગતિ થઈ રહી છે. કેટલાક સંજનીનોની સરખામણી આગળ ટેબલમાં દર્શાવી છે.

આ ઉપરાંત ૨૦૦૦માં ચોખાના સંજનીન, મલેરિયાના મચ્છરોનાં સંજનીન પણ પૂર્ણ શોધાયાં છે.

HGP દ્વારા મળતી જનીનીય માહિતી વ્યક્તિગત તથા ખાનગી કંપનીઓ કેવી રીતે વાપરશે તે અંગેના મુદ્દાઓ વિચારવા જોઈએ :

- HGPના ફળસ્વરૂપે રોગ માટેની સ્થિતિ જાણવા સ્ક્રીનિંગ કરવા, નિદાન માટે, પ્રતિકાર માટે તેમજ ઉપચાર માટે વધુ સક્ષમતા પ્રાપ્ત થશે. હાલમાં જે રોગો માટે કોઈ ઉપચાર જાણીતા નથી તેનું સ્ક્રીનિંગ કરવું જોઈએ ? દા.ત. ચેતાપ્રણાલિનો એક રોગ Huntington disease જે ૩૦ વર્ષની વય બાદ દેખા દે છે તથા તેનો કોઈ ઉપચાર નથી તેને માટે ટેસ્ટ કરાવવા આપ તૈયાર થશો ?
- જે રોગ માટે ઔષધીય ઉપચાર નથી તેના કારણભૂત ક્ષતિયુક્ત જનીનીની તપાસ ગર્ભસ્થ ભ્રૂણ ઉપર કરાવવી યોગ્ય છે ?
- ગર્ભસ્થ ભ્રૂણમાં ક્ષતિયુક્ત જનીન જાણનાર દંપતીનો સ્વીકાર્ય પ્રતિભાવ શો હશે ? બાળક જન્મવા દેવું કે ગર્ભપાત કરાવવો ?
- જનીનીય માહિતી ખાનગી રાખવાની જવાબદારી કોની ? તમારી ક્ષતિયુક્ત જનીન-માહિતી કોને પ્રાપ્ય કરાવી શકાય ? તમારો નિયોક્તા કે વીમાકંપની આનો ગેરલાભ લઈ શકે.
- આપણી ખાનગી જનીનીય માહિતી અંગે અન્ય તરફ (થનારી પત્ની, વીમા કંપની કે નિયોક્તા) પ્રત્યે આપણું કોઈ દાયિત્વ રહે ખરું ?
- બિનઈચ્છવાયોગ્ય માનવીય વર્તન માટે કેટલાક જનીનો કારણભૂત હોય એવું કાયદાની કોર્ટમાં વકીલો ગુનેગારને નિર્દોષ ઠરાવવા પ્રયત્ન કરશે.
- ઘણી જનીનીય ક્ષતિ છતાં કોઈ વ્યક્તિ લાંબું સ્વસ્થ જીવન જીવી શકે છે. જો જનીનીય કસોટી ભૂલ ભરેલી કરાય અથવા તેનું ખોટું અર્થઘટન કરવામાં આવે તો વ્યક્તિ ઉપરનો તેનો તણાવ તથા માનસિક સ્થિતિનું શું ?
- જનીનીય ક્ષતિ ધરાવતી વ્યક્તિઓને બાળક થતાં અટકાવવા માટે સમાજ રોક લગાવશે ?

HGP અંગેનો એક અન્ય ઉગ્ર વિવાદ પેટન્ટ અંગે ચાલે છે. જે સંશોધકે જનીનક્રમાંક શોધ્યો હોય તેની પેટન્ટ કરાવી શકાય ? માનવીય DNAના એક ટુકડાની પેટન્ટ લઈ શકાય ? જનીનીય ઈજનેરી દ્વારા કોઈ નવો જીવ બનાવે તે પેટન્ટ કરાવી શકાય ? જૈવ ઈજનેરી દ્વારા બનાવાયેલા જીવાણુઓ તથા જનીનીય રીતે સુધારેલા પ્રતિરૂપ જીવોના પેટન્ટ તો અપાઈ ચૂક્યા છે. સામાન્ય માન્યતા છે કે કોઈ નવી ટેક્નોલૉજી પેટન્ટ કરાવવી વધુ યોગ્ય છે. આપનું આ અંગે શું મંતવ્ય છે ? HGP સાથે સંકળાયેલા આવા અનેક પ્રશ્નો લાંબા ગાળે ઊભા થશે જે અંગે કોઈ ભવિષ્યવાણી શક્ય નથી.

હવે આગળ ઉપર શું ?

આપ કોણ છો ? આપની ઉંમર, જાતિ, શારીરિક ક્ષમતા, વ્યક્તિત્વ આપ વિષે પૂરી વાત કહેતું નથી. HGP દ્વારા રંગ-સૂત્રોના માહિતીયુક્ત નકશા તૈયાર થતાં પ્રત્યેક જનીનનું સ્થાન તથા વિગતવાર જાણકારી મળશે. આ અંગેની ડી.એન.એ. લાઈબ્રેરી તૈયાર થઈ રહી છે, જેને જીનબૅન્ક કહે છે. આ માટે Roboticsનો ઉપયોગ થઈ રહ્યો છે. અન્ય પ્રાણીઓના

(અનુસંધાન પૃ. ૯૯ પર)

આપણી જીવનસંગિણી

રિદ્ધિ દેસાઈ

એક વાર મારા એક પરિચિત દંપતી સમક્ષ મેં એક મજાનો પ્રશ્ન છેડ્યો હતો, જે એમને 'સજા'નો પ્રશ્ન લાગેલો.

મનુષ્યનો સહુથી વફાદાર સાથી કોણ ?

આવા અઘરા પ્રશ્નો તો આઈ.એ.એસ.ની પરીક્ષામાં પણ પૂછવામાં આવતા નથી એટલે એમના ઘરમાં સોપો પડી જાય એ સ્વભાવિક છે. લગભગ અડધા કલાકની વિશદ વિચારણા બાદ એ બંનેના ચહેરા પર ચમક દેખાઈ. તેઓ તેમના પાલતુ શ્વાનને બોલાવવા સર્વત્ર તુતુ-કાર કરવા માંડ્યા. પરંતુ પાડોશમાં ખીરનો વાડકો ચાટવામાં વ્યસ્ત અને મસ્ત એવા એ શ્વાને જસ્ટ જીવદયા ખાતરેય એમને એક 'લુક' સુધ્ધા આપી નહીં. પોતાના જાનવરની આ માનુષ હરકતથી દુભાયેલા એ ભાઈ એકાએક એમની બારી પર જોશભેર મુક્કા મારવા માંડ્યા ને મારા મોંમાંથી એક હળવી ચીસ નીકળી ગઈ. મને હેબતાયેલી જોઈને એમનાં ધર્મપત્નીએ એકદમ શાંતિથી કહ્યું : 'એ એમની પુરાણી આદત છે. વિષાદાવસ્થામાં એ આવું જ કરે છે !'

'હેં ! આવું જ કરે છે ? હાથનાં હાડકાં...'

'હાડકાંનું તો હમજ્યા હવે ! બારીના કાચ સુધ્ધાં ભાંગે છે ! રોકડા રૂપિયા પંચ્યાશીનું નુકસાન !'

બહેનને દરેક વાતમાં 'અર્થશાસ્ત્ર'ને વચ્ચે લાવવાની આદત હતી. એક વાર એક જ્યોતિષીએ એની આદતવશ આગાહી કરી હતી કે ફલાણા દિવસે પૃથ્વી પર સર્વત્ર પ્રલયનાં પાણી ફરી વળશે. ત્યારે બહેને સત્વરે એક બૅન્કમાં ધસી જતાં મૅનેજરશ્રીને ચિંતિત સ્વરે પૂછ્યું હતું કે પાણીમાં પલળેલી નોટો ત્યાં બદલી આપવામાં આવશે કે કેમ.... ?

લોકોના જીવનની આવી ભવ્ય ઘટનાઓનો અભ્યાસ કરતા અમને એક અદ્‌ભુત સત્યની પ્રતીતિ થઈ - મનુષ્યની આદત જ એનો સહુથી વફાદાર સાથી છે !

સપ્તપદીના સાત ફેરા ફરતી વખતે પ્રતિફેરે પત્ની 'હું મારા પતિનો પડછાયો બનીને રહીશ... સુખદુઃખમાં એમનો સાથ નિભાવીશ...' જેવાં કૈંક વચનો વદે છે. પરંતુ લગ્ન બાદ પતિદેવ જ્યારે એને સ્નાનાગૃહમાં પોતાનો સાથ નિભાવવા કહે છે ત્યારે એ જ પત્ની એમને ભરબાથરૂમે સાવ એકાકી અને નિઃસહાય છોડી દે છે. આવી વિકટ પળે એમનાં સંબંધીઓ, મિત્રો, પરિચિતો કે પાડોશીઓ કોઈ અમને સ્નાન-સહયોગ આપતું નથી. એ વખતે એમનો સાથ નિભાવે છે એમની આદત ! બાથરૂમમાં તારસ્વરે ગાવાની આદત ! કવચિત્ અર્ધસાબુમલિત બદને વિચારસૃષ્ટિમાં મહાલવાની આદત, તો કવચિત્ આ જાલીમ દુનિયાના ઘોર અત્યાચારો પર છાનું રડી નાખવાની આદત ! ઉફ્ફ ! આજે ઑફિસમાં બૉસે મને બધાની સામે 'ગધેડો' કહ્યો ! છેલ્લા એક એક વરસથી જેની પર પર્સનાલિટી પાડવા મથું છું એ લીલીની સામે પણ... ? હાય રે ! ધરતી ફાટી ગઈ હોત તો સારું થાત... હું ને લીલી બંને એમાં સમાઈ જાત !!

આદત એ આપણી જીવનસંગિણી છે. સુખ-દુઃખ, રાગ-વિરાગ, પ્રમાદ-પ્રવાસ, ટોળું-તનહાઈ હર હાલમાં એ આપણી સાથે રહે છે. પોતાનાં જીવનસાથીની પેઠે આદતોનું દાસત્વ પણ મનુષ્યએ સાવ સહજભાવે સ્વીકારી લીધું હોય છે. પરંતુ જાહેરમાં એ બંનેનો એકરાર કરતા તે ખચકાવાનો જ.

એક વાર પ્રસંગોપાત્ત મારા એક સંબંધીને મેં પૂછ્યું હતું કે ભાઈ, આપને કોઈ ખાસ આદતો ખરી ? મારો પ્રશ્ન સાંભળતા જ ધનુષ્યની જેમ બેઠેલા એ ભાઈએ તીરની પેઠે એકદમ ટટ્ટાર થઈ જતા કહ્યું : 'આદતો અને મને ? ઈમ્પૉસિબલ ! સંયમી મનુષ્યને વળી આદતો કેવી ને વાત કેવી ? આદતની શી મજાલ છે કે એ મને વળગે... આદતના ગુલામ બને એ બીજા, આપણે નહીં !'

એમની શેખી સુણીને મેં મંદમંદ મુસ્કુરાતા કહ્યું: 'બંધુ, આપને એક આદત ખરી, હોં !.... આત્મ-પ્રશંસા કરવાની ! જે હમણાં જ આપે મારી સમક્ષ કરી.'

'હેં ? હું અને આત્મ-પ્રસંશા કરું ? અસંભવ ! સૂરજ પશ્ચિમમાં ઊગી શકે, ચંદ્ર અગનજ્વાળા વરસાવી શકે, મીન આકાશમાં ઊડી શકે, તારલા ધરતી પર ટમકી શકે, વિહંગો સમુદ્રમાં માળા બાંધી શકે, ખાબોચિયામાં ઈન્દ્રધનુષ્યો રચાઈ શકે પણ હું સ્વ-પ્રસંશા કરું એ ન બને, હોં !'

'ઓહોહો... આપને તો અદ્‌ભુતરસની વાતો કરવાનીય આદત છે ને.... !' મારી આ વાત સાંભળતાવેંત ભાઈએ નાગની પેઠે એક ભીષણ ફૂફાડો માર્યો - 'અદ્‌ભુતરસ ? છટ્ ! આઈ જસ્ટ હેટ ફૅન્ટસિ !' અદ્‌ભુતરસ પ્રત્યેના અણગમાને કારણે તો મેં 'રામાયણ' નથી વાંચ્યું, 'મહાભારત' નથી વાંચ્યું, 'બાઈબલ' નથી વાંચ્યું, 'મર્ચન્ટ ઑવ્ વેનિસ' નથી વાંચ્યું. 'લ્યો ભાઈ ! આ તો આપની એક નવી આદત ઉજાગર થઈ... ગપ્પાં મારવાની !' 'મર્ચન્ટ ઑવ્ વેનિસ'માં વળી ફૅન્ટસિ ક્યાં છે ?'

'હેં ! એક મિનિટ... હમણાં તમે શું બોલ્યાં ? મને ગપ્પાં મારવાની આદત છે એમ ? ના ના, હું ગપ્પાં મારું છું એમ જ તમે કહેવા માગો છો ખરું ને ? અરે... તમે લેખકો જેટલાં ગપ્પાં મારતાં હો છો ને એટલાં ગપ્પાં તો આ દુનિયામાં કોઈ નહીં મારતું હોય !'

'અહં ! એને ગપ્પાં ન કહેવાય ! કલ્પના કહેવાય, બંધુ ! તેજસ્વિણી....મનઃસ્ફુરિણી.. બ્રહ્માંડવિહારિણી... કલ્પના !'

'કલ્પનાની તો.... !' ભાઈશ્રી તાડૂક્યા ને પછી ધમધમ કરતા પગ પછાડતા ત્યાંથી ચાલવા માંડ્યા.

'સાંભળો... બિરાદર ! કુપિતાવસ્થામાં આપશ્રીને ભૂમિ પર પગ પછાડવાની આદત છે !' મેં ટહુકો કર્યો. જો કે મારા એ સ્નેહી એમની આ અંતિમ ખૂબી સાંભળ્યા વિના જ પ્રસ્થાન કરી ગયેલા.

એમના આવા અણધાર્યા ગમન બાદ ચંદ્રને જેમ વાદળાં ઘેરી વળે ને યગ્નાગ્નિને જેમ ધૂમ્ર તેમ મનને વિચારો ઘેરી વળ્યા. આપણને સારી-નરસી વિશિષ્ટ કે વિલક્ષણ આદતો હોય તો એમાં ખોટું શું છે ? સારી-નરસી આદતો કેવળ મનુષ્યને જ નહીં, પ્રકૃતિના દરેક અંશને હોવાની. સહસ્રરશ્મિ સૂર્ય પ્રકાશ આપે છે તો સાથે દઝાડે છેય ખરો. સુધાકર ચંદ્ર શીતલ-ધવલ ચાંદરણું પાથરે છે તો સાથે અમુક ખાસ વર્ગનાં લોકો, જેમને મનોવિજ્ઞાનીઓએ 'લ્યુનેટિક' કહીને નવાજ્યાં છે તેમને ઉન્માદ પણ આપે છે. ક્યારેક કમોસમી માવઠાં વરસે છે ને વર્ષાઋતુમાં સાવ વરસાદ વરસતો જ નથી. શાંત દીસતો સમુદ્ર એકાએક તોફાને ચઢીને કૈંક કાસમોની 'વીજળી'ઓને વેરણ નથી કરી નાખતો ?

અરે, શિષ્ટાશિષ્ટ આદતો તો સ્વયં પરમેશ્વરનેય ક્યાં નહોતી ? શિવજીને, મફલરને સ્થાને ગળામાં નાગ વીંટાળવાની આદત હતી. વિષ્ણુજીને ઊછળતા સમુદ્રની વચ્ચોવચ (ને એય નાગના ખોળામાં !) પોઢવાની આદત હતી. નટવરનાગર પ્રભુ શ્રીકૃષ્ણને બાળપણમાં માખણ અને યુવાવસ્થામાં માખણ સમાં કૂણાં ચિત્તડાં ચોરવાની આદત હતી. મુનિવર્ય શ્રીનારદમુનિને 'નારાયણ'ના પાવન મંત્રોચ્ચાર સાથે અહીંની તહીં કરીને દેવો, માનવો તેમજ દાનવોને અંદરોઅંદર લડાવી મારવાની આદત હતી. દેખીતી રીતે આ કોઈ સજ્જન વ્યક્તિને છાજે એવી આદત તો ન જ કહેવાય. છતાંય એક વાત અહીં કહેવી પડશે. વીણાપાણિજીને યદિ એ આદત ન હોત તો આપણી પુરાણકથાઓમાંથી અડધોઅડધ ભાગનો ભાગાકાર થઈ ગયો હોત. દાનવો તેમજ માનવોને એમનું પરાક્રમ અને ઈશ્વરને એમની લીલા બતાવવાના નહીંવત્ મોકા મળત...... ને એવું જ થાત તો ચમત્કારને નમસ્કાર કરવા ટેવાયેલી માનવજાત ઈશ્વરનો મહિમા ગાત ખરી ??

અહીં આટઆટલી શાબ્દિક માથાઝીંક કરવાનું તાત્પર્ય કેવળ એટલું જ કે આપણે આપણી આદત પર ટેરિકોટનના પડદા પાડવાને બદલે એને મુક્ત મને વધાવવી જોઈએ. નરસિંહ ભગતે એક ગાળે ગાયેલું ને.... 'એવા રે અમે એવા...' બિલકુલ એમ !

અમને રોજ સવારે અમારા પતિના પ્રેમાળ હસ્તે બનાવેલી રોટલીઓ આરોગવાની આદત છે. સાત-આઠ રોટલીઓ નૉન-સ્ટોપ આરોગતી વખતે અમે સદૈવ મીઠી મૂંઝવણ અનુભવીએ છીએ કે આ મીઠાશ રોટલીઓની જ છે કે પછી અમારા આર્યપુત્રના પ્રેમની ? અમારા પ્રાણનાથ દ્વારા રોટલીઓ વણાય છે, શેકાય છે ને અમારી ભૂખ ઑર ઊઘડે છે ! વૈદોનાં ચરણ કે દાક્તરોની ટીકડીઓથીય આપણી જે બહેનોની ભૂખ ન ઊઘડતી હોય એમણે મારા જેવી આદત કેળવવી ઘટે. -

પ્રતિદિન મંગલ પ્રભાતે પતિદેવ પાસે મા અન્નપૂર્ણાનું અનુષ્ઠાન કરાવવું. ગાંધીચીંધી સરળ ભાષામાં કહીએ તો સવાર સવારમાં રાજ્જાને રોટલીઓ બનાવવા પ્રેરિત કરવા. ત્યાર બાદ તમે જો જો.... તમે અગર, બે જ રોટલીઓ ખાતાં હશો તો હોંશ હોંશે 'એ જી, સાંભળો છો કે ? હજી બે રોટલીઓ વણો જોઈએ... ભૂખ લાગી છે !' કહીને કુલ ચાર રોટલીઓ દાબી શકશો. એટલું જ નહીં એ રોટલીઓના આકાર-ઘનતા-નરમાશ-શેકાઈ ઇત્યાદિ પરિમાણો અંગે એક પ્રતિભાવંત વિવેચકને છાજે એવી મજેદાર ટિપ્પણો પણ કરી શકશો. આ રીતે રોજ પેટ ભરીને જમવાથી તમારો દૈહિક અને રોટલીઓની મીમાંસાથી તમારો બૌદ્ધિક વિકાસ થશે.

મૉરલ ઑવ્ એક્ઝામ્પલ એ જ કે આપણે આપણી જીવનસંગિણી એવી આદતોનું અવમૂલ્યન કરવું જોઈએ નહીં. જેને આપણે સાવ આદતો ગણીને અવગણીએ છીએ એ કેવળ આદતો નથી, બલકે આપણા વ્યક્તિત્વનો એક આગવો અંશ છે. આદતને પ્રતાપે તો મનુષ્યમાં વૈશિષ્ટ્ય જેવું લાગે છે. બાકી જેમને ખાસ કોઈ જ આદતો નથી એ સાવ સામાન્ય મગતરાં બની રહે છે. પ્રસંગોપાત્ત કોઈ આપણને કહે કે કાનજીભાઈની વહુને મૂછવાળું બાળક જન્મ્યું છે ને જન્મતાવેંત એ મૂછો પર તાવ દે છે તો દેખીતી રીતે આપણે આશ્ચર્ય વ્યક્ત કરવાના - હેં ! શું વાત કરો છો ? મૂછોવાળું બાળક ? ને એય મૂછો પર તાવ દે છે ? આ તો માળું ગજબ કહેવાય, હોં ! .... પણ આ કાનજીભાઈ કોણ ?

હવે તમારો દોરે ઇમ્તહાન શરૂ થવાનો કેમ કે કાનજીભાઈની કોઈ લાક્ષણિકતા કહેતાં આદતો જ નથી તો પછી તમે એમને વર્ણવશો શી રીતે ? છતાંય તમે આ રીતે મથામણ અવશ્ય કરશો - કાનજીભાઈ ! કરસનભાઈના ભાઈ ! એમનાં વાસદમાં બે ઉજ્જડ ખેતરો છે,.... પાળ વગરના બે કૂવાઓ છે.... દર વર્ષે એમાં એકાદ ભેંસ પડે છે... ગયા વર્ષે એમાં એક બહેન પડી ગયેલાં ત્યારે લોકોએ કહેલું કે આ વરહે ધોળી ભેંહ પડી !

'હેં ? એ વળી કોણ ?'

'અલ્યા પેલા... ! માથે કાળી ટોપી, નીચે ઝભ્ભો, એની નીચે ધોતિયું ને એની નીચે બૂટમોજાં....'

મારા ભાઈ, કાળી ટોપી, ઝભ્ભો, ધોતિયું ને બૂટમોજાં એ તો ભારતીય વૃદ્ધોનો યુનિફૉર્મ છે. એવા તો હું દોઢસો નંગ વૃદ્ધોને ઓળખું છું પણ એમાં કાનજીભાઈ ક્યા? એમને સાયગલનાં ગીતો ગમે છે.... ઘરમાં પત્નીની એકલતાનો લાભ લઈને તુરત જ સાયગલનાં ગીતો ગણગણવા માંડે છે....

'લો કર લો બાત !' સાયગલનાં ગીતો તો દરેક ઘરડાને ગમવાનાં બલકે એમ પણ કહી શકાય કે સાયગલનાં ગીતો ગમવાં એ ઘડપણની નિશાની છે.... આગળ બોલ ! આગળ તો હવે શું બોલું ? અરે હા, એમના પગે સંધિવા છે ! હે ભગવાન ! પાછી એ જ વાત ? અલ્યા પગ વગરનો પાકટ મળે પણ પગે સંધિવા વગરનો એકાદ નંગેય તું શોધી આપે તો તમને ઇનામ આપું !

ગયા વૈશાખમાં એમની દીકરીનાં લગ્ન લેવાયેલાં ને એમણે ગજા ઉપરાંતનું દહેજ આપ્યું હતું.... કંઈક યાદ આવ્યું ? ઓફ્ફો ! દીકરીને ગજા ઉપરાંતનું દહેજ આપીને તૂટી જવું એ તો પ્રત્યેક ભારતીય પિતાનું લક્ષણ છે. પણ ખેર, એ જે હશે તે ! પણ યાર, એમનો મૂછવાળો પૌત્ર મારો બેટો નાનપણથી જ મૂછો પર તાવ દે એ તો જબરું કહેવાય, હોં !

જોયું ને ? ખાસ કોઈ જ આદત ન ધરાવતો મનુષ્ય આ રીતે સાવ ટોળાનો માણસ બનીને રહી જાય છે. આદત કોઈ પણ પ્રકારની હોય, ચહેરાઓના વનમાં અલગ તરી આવવા એનું હોવું આવશ્યક છે. એક ઝાડની ડાળી પર બધા કાગડા કા... કા... કરતા હોય પણ વચ્ચે એકાદ કાગડો જો 'પીઉં' બોલે તો ? આપણે એને વિશિષ્ટ અથવા નિરાળો ગણીશું. કાક-સમૂહમાં એની તરફ જ આપણું લક્ષ જશે. એ જ આપણા ધ્યાનનું કેન્દ્ર બનશે. બિલકુલ એ જ રીતે દુનિયામાં ખાસ કોઈ જ આદત ન ધરાવતા સેંકડો સામાન્ય મનુષ્યોની વચ્ચે આપણા આદતવીરો પેલા 'પીઉંકાક' સમા શોભી ઊઠે છે.

મારા એક મુરબ્બી શ્રીમાન રમણલાલભાઈને અકાસુર-બકાસુર-મહિષાસુર આદિ અસુરો જેવો શૉખ. ના ના, તેઓ મનુષ્યની ભુજાઓનાં ભજિયાં, નાકનાં સમોસાં, કેડનું કચુંબર કે પાંસળીઓનો પુલાવ નહોતા આરોગતા બલકે એ રાક્ષસોની પેઠે એમને એકદમ લાંબા નખ રાખવાનો શૉખ. શૉખ એટલે મૂળ તો નખ કાપવાની આળસ જ, પણ પોતાની એ આળસને એમણે 'શૉખ'નું ગરિમાપૂર્ણ નામ આપ્યું હતું. હવે એમના કિસ્સામાં ટ્રૅજડિ એ હતી કે નખ સાફ કરવાના સમય કહેતાં વૃત્તિને અભાવે એમના નખ સદાકાળ મૅલના ગોડાઉન સમા બની જતા. મારા આ પૂજ્ય વડીલને કોઈની પણ સાથે વાતચીત કરતી વખતે એક નખ વડે બીજા નખમાંથી ઊંડે એ ઢબે મૅલ કાઢવાની આદત. એ વખતે 'ટચ્'ના તીણા ધ્વનિ સાથે રૉકેટની પેઠે એમના નખમાંથી મૅલ વછૂટતો. વિજ્ઞાનની રૉકેટ-કથાઓ વાંચનારા અથવા તો છેવટે દીવાળીમાં 'રૉકેટ' ફોડનારા જાણતા જ હશે કે કેટલીક વાર રૉકેટો મનસ્વીપણે વર્તતાં હોય છે. એમને જવાનું હોય છે ક્યાંક ને એ પહોંચી જતાં હોય છે ક્યાંક. બિલકુલ એ જ ધોરણે એમના નખનો મૅલ પણ ગમ્મે ત્યાં જઈ પહોંચતો. એક વાર એમના આ સોકૉલ્ડ 'રૉકેટે' મારા દેહ પર લૅન્ડિંગ કરી નાખેલું. મારી સાથે વાતચીત દરમ્યાન એમણે જેવું એમના બે નખોનું સાયુજ્ય સાધ્યું કે મૅલ 'ટપ્' દઈને મારી આંખોમાં !

'ઓ માઇ ગૉડ ! આ શું પડ્યું.... બહુ લાહ્ય બળ છે કાકા.. !' હું ચિત્કારી ઊઠી એટલે મારા એ વડીલે નવોઢા જેવું શરમાળ સ્મિત કરતા ધીમા સાદે કહ્યું: 'હા, આજે લસણની ચટણી ખાધેલી !'

એ ઘટના બાદ આજે પરિસ્થિતિ એવી છે કે કોઈ ઊંઘમાંથી ઉઠાડીનેય 'રમણભાઈ' નામ પોકારે છે તો દુનિયાના તમામ રમણભાઈઓ ભંડકિયે જતા રહે છે - આઈ મીન વિસ્મૃત થઈ જાય છે. હાસ્યલેખ લખતી હોવા છતાં એ વખતે મને 'ભદ્રંભદ્ર'વાળા રમણભાઈ યાદ આવતા નથી બલકે પેલા અભદ્રંઅભદ્ર રમણભાઈ જ સાંભરે છે. એમના લાંબા નખ સાંભરે છે. પેલી રૉકેટગતિ સાંભરે છે, એમનું નવોઢા સમું શરમાળ હાસ્ય સાંભરે છે, એમની લસણની ચટણી સાંભરે છે ને મારાથી અનાયાસે ખડખડ હસી પડાય છે.

આમ, ઘણી વાર સાવ વિલક્ષણ જણાતી આદતોય આપણને યાદગાર બનાવે છે, નોંધપાત્ર બનાવે છે. બાકી આ વ્યસ્ત અને પોતાનામાં જ મસ્ત સંસાર પાસે આપણને યાદ કરવાની ફૂરસદ ક્યાં છે ? આજે બે મનુષ્યો વાતચીત કરતા હોય છે એના કરતાં તો ખાંડના દાણા લાવતી-લઈ જતી બે કીડીઓની વાતચીતમાં વધુ તન્મયતા જોવા મળે છે. અહીં એક સીધી વાત છે. તમારામાં નજરે ચઢે-આંખે ઊડીને વળગે એવી કોઈ વિશિષ્ટતા હશે તો જ લોકો તમને યાદ કરશે. બાકી તમારા માંહ્યલા ગુણોમાં તે વળી કોને રસ હોય ? કવિ રઈશ મણિયારે યથાર્થ જ કહ્યું છે. :

'તું જળ છે તો તારી સપાટી જુએ છે
અહીં તળ સુધી કોણ તાગી જુએ છે ?'

મારા એક જ્ઞાતિજન ભાઈશ્રી ચંદુભાઈ જીવનની લગભગ દરેક બાબતમાં મોટું નહીં તો નાનું મીંડું તો કહી જ શકાય એવા છે. તેમ છતાં અમારી જ્ઞાતિમાં એમની કીર્તિની સુવાસ દિગ્દિગંત સુધી પ્રસરેલી છે. નાકમાં ડિસમિસની પેઠે આંગળી ફેરવવાની આદતને પ્રતાપે એમણે 'ચંદુ ડિસમિસ'

તરીકે લોક-હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એક વાર મારા આ જ્ઞાતિબંધુ મને મારગડે મળી ગયા. તેઓ ચોરબજારમાં શૉપિંગ કરવા સારું મુંબઈ ગયા છે એવું મેં સાંભળ્યું હતું. એટલે મને વડોદરે જોતા મને સ્હેજ આશ્ચર્ય થયું.

'ઓહોહો... ચંદુકાકા તમે અહીં ? તમે તો મુંબઈ જવાના હતાને !' (નાકમાં આંગળી નાખતા) 'બસ અહીં જ છું !'

'પીનલ કેમ છે ?'

(નાકમાં આંગળી ચલાવતા) 'એની પરીક્ષા ચાલે છે.'

'ઓહોહો..... તો તો બિચારી એકદમ ટેન્શનમાં હશે નહીં ?' (નાકમાં જોરથી આંગળી ચલાવતા) 'બહુ જ !'

'કાકીજી શું કરે છે ?'

(નાકમાં આંગળી થોભાવતા) 'આરામ !'

'બોલો કાકા.... બીજી કંઈ નવાજૂની ?'

(નાકમાંથી આંગળી કાઢીને એને જોતા) 'બસે આ.. જ ! નવાજૂની તો કંઈ નથી બે'ન.'

'તો કાંઈ નથી બે'ન.'

નટુકાકાના કોઈ સમાચાર.... ?

(નાકની ઠેઠ અંદર આંગળી ખૂંપાવતા) 'એ તો જાત્રાએ ગયા છે !' 'એમ ?'

(નાકમાંથી કંઈક કાઢીને આપણી તરફ છંટકારતા) 'નટિયો આવશે એટલે પ્રસાદ મોકલી આપીશ, હોં !'

'રામ રામ રામ રામ !' પ્રસાદને આવી અપ્રાસાદિક રીત રજૂ કરવામાં આવે તો પ્રભુનો પ્રસાદ લેતાય મન ખચકાય ! પણ છતાંય એક વાત તો ખરી, એમની આ વરવી આદતને પ્રતાપે જ તેઓ લોકજીભે સદૈવ હાસ્ય બનીને રમતા રહ્યા છે, ચાર રસિકજનોમાં ચર્ચાતા રહ્યા છે, પ્રસંગ - હર - પ્રસંગે આગ્રહ-પૂર્વક આવકારાતા રહ્યા છે..... ને અમારા જેવા માટે મજેદાર લેખન સામગ્રી બનતા રહ્યા છે !

ખેર, અન્યને જ આદતો હશે તે હશે પણ અમને તો ભાઈ, આ રીતે વિચારોની કુંજગલીઓમાં દૂર... દૂર... સુદૂર સુધી વિહરવાની-અમારાં પરિવારજનોના શબ્દોમાં કહીએ તો વિચારોના ઘોડે ચઢી જવાની આદત છે. ને અમારા ભેગી અમારી સહયાત્રિણી કલમ પણ વિહરે છે. દૂર... દૂર... સુદૂર સુધી !

જો કે હવે થોભવું પડશે. વિચારો અને કલમ ઉભયે ! અન્યથા અમારો આ લેખ નીલાકાશની પેઠે, ક્ષિતિજની પેઠે, હઠયોગીના સમાધિકાળની પેઠે, ઈશ્વરની માયાની પેઠે, મનુષ્યની તૃષ્ણાની પેઠે કે પછી અશ્વત્થામાના આયુની પેઠે વિસ્તરતો જશે.... વિસ્તરતો જશે.... વિસ્તરતો જશે.... એટલે, બસ ઇતિ અલમ્ । ❐

અનુસંધાન] હ્યુમન જીનોમ પ્રોજેક્ટ [પૃ. ૯૫થી

સંજનીનો શોધવાથી માનવ સંજનીનમાં થતી ક્ષતિઓથી ઉપજતા રોગોનાં કારણ તથા ઉપચાર શોધાઈ રહ્યાં છે. ઉંદરના સંજનીનના ૯૦% માનવ સંજનીન સાથે એકસમાન હોય છે આથી ઉંદરના જીનોમની તાતી જરૂરિયાત સાબિત થાય છે.

હવે Human Proteome પ્રોજેક્ટ અંગે ચર્ચાઓ શરૂ થઈ છે, જે માનવીમાં રહેલાં બધાં જ પ્રોટીન્સનાં બંધારણ તથા કાર્ય શોધવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રત્યેક દિવસે જનીનીય રોગો સીકલ-સેલ ઍનીમિયા, ટે-સાક્સ રોગ, સીસ્ટિક, ફાઈબ્રોસીસ, કૅન્સરના કેટલાક પ્રકારો તથા વંધ્યત્વના કેટલાક પ્રકારો અંગે નવી માહિતી મળતી જાય છે. અવયવોના વિકાસ તથા વૃદ્ધિમાં જનીનો કેવો ભાગ ભજવે છે તેના ઉપર ઉતક-પ્રતિરોપણ (tissue transplantation) તેમજ tissue-regeneration ઉતક-પુનર્જનનના વ્યૂહ તૈયાર થતા જાય છે. જીન ચીપ્સ દર્દીમાં રહેલા રોગનું જોખમ દર્શાવી શકે છે. ફાર્મેકોજીનોમિક્સ, સ્ટેમ સેલ (સ્રોતકોષ) ટેક્નોલૉજી તથા જીનથેરપિમાં ખૂબ ઝડપી સંશોધનો થઈ રહ્યાં છે.

માનવ સંજનીન પરિયોજના (HGP) આપણી જનીનીય ગાથાનો અંત નથી પણ માત્ર શરૂઆત જ છે. દરમ્યાન, આ રમત ચાલી રહી છે અને આપ આગળની હરોળમાં આપનું સ્થાન જાળવીને આ રમતને માણતા રહો. કદાચ આપનામાંનો કોઈ ભાવી જીવવિજ્ઞાની આપણાં સંજનીનોનાં રહસ્યો સમજવામાં ફાળો આપી શકે.

જિજ્ઞાસુ વાચકોને વધુ માહિતીદર્શક વેબસાઇટ્સ પૂરી પાડવા આ લખનાર તત્પર રહેશે. *(ડૉ. જે.પી.ત્રિવેદી, ૬૦, સોમનાથ નગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩)* ❐


તાત્કાલિક જોઈએ છે....

સહસંપાદક

'કુમાર' માટે 'કુમાર'ની પરંપરાથી જ્ઞાત એવાં ભાઈ-બહેન જેઓ અંગ્રેજી-હિંદી-સંસ્કૃતમાંથી અનુવાદ કરી શકે, જોડણીશુદ્ધ અને વ્યાકરણશુદ્ધ પ્રૂફરીડિંગ કરી શકે તેવાં અને ઉંમર પાંત્રીસથી વધુ નહીં તેવાંએ મળવું :

સવારના ૧૦થી ૧૧-૩૦
કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા,
અમદાવાદ - ૩૮૦૦૦૧

શામળાજીનો લોકમેળો: ૫



સંકલન : ગિરીશભાઈ પંડ્યા

ગુજરાત રાજ્યના ઈશાનભાગમાં આવેલું ગુજરાત-રાજસ્થાનને જોડતું શામળાજીનું પવિત્ર સ્થાનક ત્યાંનાં આદિવાસીઓ માટે 'કાળિયાદેવ'ના યાત્રાધામ તરીકે જાણીતું બનેલું છે. ભગવાન શામળાજી અહીંની આદિવાસી જાતિઓના આરાધ્ય દેવ ગણાય છે.

કરામ્બુજ (કરમાબાઈ)નું તળાવ જળવિહીન થઈ ગયા બાદ આદિવાસીઓ તળાવની ભૂમિને ખેડતાં થયાં છે. તળાવની ભૂમિને ખેડવાની શરૂઆત કરતી વખતે આદિવાસીને ભગવાન શામળિયાની મૂર્તિ દટાયેલી સ્થિતિમાં મળી આવેલી, ત્યારથી એમની પૂજા શરૂ થયેલી છે. આ મૂર્તિ કાળા પાષાણમાંથી બનાવેલી હોવાથી તેઓ તેને કાળિયાદેવ કહે છે, તથા તેમના બધાના તે કૌટુમ્બિક દેવ અથવા આરાધ્ય દેવ બની રહેલા છે.

દર વર્ષે કાર્તિકી પૂર્ણિમાએ અહીં અનેક દીવાઓ પ્રકટાવી ઉત્સવ મનાવવામાં આવે છે. કારતક સુદ અગિયારસથી કારતકની અમાસ સુધીના વીસ દિવસ માટે મોટો મેળો ભરાય છે. મેળામાં ગુજરાત-રાજસ્થાન સરહદના આદિવાસીઓ-આબાલવૃદ્ધ બધાં જ તથા બીજાં ઘણાં લોકોનાં ટોળાં મેળો માણવા-જોવા ઊમટી પડે છે. આદિવાસીઓ માટે, વિશેષ કરીને જુવાનિયાઓ માટે આ મેળો માણવો એ જાણે કે તેમની જિંદગીનો અનેરો લ્હાવો બની રહે છે.

વીસ દિવસ ચાલતા આ મેળામાં અનાજ, કાપડ-કપડાં, વાસણો, આભૂષણો તેમજ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની દુકાનો જામે છે. આદિવાસીઓ તેમની વર્ષભરની જરૂરિયાતો મેળામાંથી ખરીદે છે. અહીં એટલી બધી હકડેઠઠ ભીડ થાય છે કે તેમાં હાલવા-ચાલવાની મુશ્કેલી અનુભવાય છે. અહીં ગુજરાત, મારવાડ, મેવાડની ભાષાની, રીતરિવાજોની, રહેણીકરણીની, સંસ્કૃતિની જાણે કે આપલે થાય છે. બધું જ ધાર્મિક તાંતણે બંધાઈને એકાકાર બની રહે છે.

મેળા દરમિયાન રોજે રોજ દીવા તો પ્રકટાવાય છે, પરંતુ પૂર્ણિમાએ ભવ્ય દીપાવલી, વીજદીપકોની ઝાકઝમાળ રોશની ઝળહળી ઊઠે છે. સંગીત-ભજનની મંડળીઓ આખે રસ્તે ધોળી ધજાઓ સહિત ગાતી-બજાવતી શામળાજીમાં આવે છે. બહારથી આવતાં લોકો નદીકાંઠે, રસ્તાની બાજુઓ પર, ખેતરોમાં જ્યાં અનુકૂળ જગા મળી જાય ત્યાં પોતપોતાના અડ્ડા જમાવે છે. રાત્રિ દરમિયાન તેઓ તાપણાં કરે છે અને ભજનોની, રાસગરબાની રમઝટ જામે છે. ઢોલક, પખવાજ, કાંસાજોડલીઓ, શંખ, વાંસળીના સૂર આકાશને ભરી દે છે. બધાં જ ભક્તિમાં તરબોળ બની જાય છે. શામળાજીના મંદિરે દર્શનાર્થે જતાં રોજ 'શામળિયાલાલ કી જય'નો જયઘોષ વાતાવરણમાં ગૂંજી રહે છે. અહીં આવતા જુવાન-જુવતીઓનાં હૈયે-હૈયાં હિલોળા લે છે અને એકબીજામાં રસતરબોળ બની રહે છે.

મેળામાં ગવાતું રહેતું પ્રચલિત ગીત (લોકગીત) કંઈક આ પ્રમાણે છે :

'આવ રે ઓ જુવાનડી, શામળાજીના મેળે, કે
રમઝણિયું વાગે સે, કે પેંઝણિયું વાગે સે.....
શામળાજીના મેળે, ઘલઢેરાં દોડે સે,
જુવાનડા મૂછે તાવ દે સે,
આવ રે, ઓ જુવાનડી, શામળાજીને મેળે, કે
રમઝણિયું વાગે સે, કે પેંઝણિયું વાગે સે.... આવ રે.

આદિવાસી જુવાન-છોકરા-છોકરીઓ પોતાની મસ્તીમાં મોજ માણે છે, મનગમતાને પસંદ કરે છે, તેમના રીતરિવાજ મુજબ જીવનસાથી બને છે અને સ્વેચ્છાથી નાસી જાય છે. તે પછી વર-કન્યાનાં માબાપ તેમનાં લગ્નને મંજૂરી આપે છે, સામસામે રીતરિવાજ મુજબ ભેટસોગાદો આપે છે. આ આખી વિધિને આદિવાસીઓ 'લફરું ભાગ્યું' કહે છે.

કેટલાંક સ્ત્રીપુરુષો ભગવાન શામળિયાનાં ચરણોમાં જઈ પોતાની કુટેવો તેમજ સામાજિક અનર્થો છોડી દેવા પ્રતિજ્ઞા પણ લે છે.

આઝાદી પૂર્વે આ મેળાની ભવ્યતા અને રૂપરંગ કંઈક જુદાં જ રહેતાં. રાજસ્થાનનાં લોકો પોતાના બળદો વેચવા માટે આ મેળામાં લઈ આવતા. ખાસ કરીને સૌરાષ્ટ્રના ખેડૂતો બળદો ખરીદવા આવતા. અહીં જાણે અરસપરસ નાણાંની કોથળીઓ છૂટતી. આ મેળો વેપાર-વાણિજ્યનો મેળો બની રહેતો. હવે એ રંગતનું પ્રમાણ ઘટ્યું છે. કાર્તિકી-સુદ ચૌદશ-પૂનમે તથા વદ આઠમથી અગિયારશના દિવસોમાં પૂરા ઉત્સાહ સાથે મેળો ભરાય છે. આશરે ત્રણથી ચાર લાખ લોકો તેમાં ભાગ લે છે. એસ.ટી. બસોની સગવડ મળતી હોવાથી રાત્રિરોકાણો પણ હવે ઓછાં થઈ ગયાં છે. (ક્રમશઃ)

વાત વેલિયો ગુલાબની...

કલ્પના જિતેન્દ્ર

મિસ નેહાએ કપ મોઢે માંડ્યો, આજુબાજુ નજર ફેરવી, ઘૂંટડે ઘૂંટડે ચાનો સ્વાદ માણ્યો ને સાથે ફૂલ-છોડનું સૌંદર્ય પણ !... પૂર્ણ સંતોષ સાથે કપ ખાલી કર્યો, નીચે મૂક્યો ને આરામખુરશીને અઢેલી ફરીથી વાંચવા માંડ્યાં.

પાંચ ફૂટને ત્રણ ઈંચની ઊંચાઈ, કસરત તથા ડાયેટ-કંટ્રોલથી જાળવેલ સપ્રમાણ દેહપષ્ટિ, બહુ રૂપાળો તો નહિ પણ કુરૂપ પણ નહિ એવો સપ્રમાણ ચહેરો. ભાગ્યે જ ચાલીસની ઉંમર વરતાય, કોઈ માને નહિ કે હમણાં જ કૉલેજના અધ્યાપન-કાર્યમાંથી નિવૃત્તિ લીધી હશે ! કડક શિસ્ત ને નિયમિતતાનાં આગ્રહી. અપરિણીત. લગ્ન ગોઠવાયાં નહિ એવું નહિ, પણ જરૂરત જ લાગી નહિ !

મિસ નેહાએ મૅગેઝીન નીચે મૂક્યું. ઊભા થઈને લટાર મારી. છેક બાલ્કની સુધી ચડી ગયેલી ને ફૂલોથી ઉભરાતી મોગરાની વેલને મનભરીને જોઈ. નિવૃત્તિ પછીના પોતાના સર્જનનો આસ્વાદ માણ્યો.

આમ તો નિવૃત્તિ અગાઉ જ નિવૃત્તિ પછીનું આયોજન કરી રાખેલું. અધ્યાપિકા ખરાંને ? વાંચન અને લેખન મુખ્યતઃ.... પણ છતાંય કાંઈક ખૂટતું ! ને મઘમઘતાં ફૂલો જોઈ બગીચો બનાવવાનો શૉખ જાગ્રત થયો.... ને જે કાંઈક ખૂટતું હતું.... કાંઈક અધૂરપ, કોઈક ઓછપ અનુભવાતી હતી તેને પૂર્ણ કરવાનો ઢાળ મળી ગયો અચાનક જ !

આમ તો ફ્લૅટ સિસ્ટમ, પણ ગ્રાઉન્ડ ફ્લૉરના કારણે થોડી જમીન મળી હતી. શરૂઆતમાં માળીની મદદ લીધી ને પછી પોતે સંભાળી લીધું. સરસ મજાનો લીલોછમ બગીચો તૈયાર થઈ ગયો !

એક વાર નર્સરીમાં જઈ ચડ્યાં, માળી કહે, 'તમારી જ રાહ જોતો હતો, વેલિયો ગુલાબ ને મોગરાના રોપ તૈયાર કર્યા છે.'

'ગુલાબ ને મોગરો ! એની વેલ ચડે ?... અચ્છા.... જમીનમાં થવાને બદલે જૂઈ-ચમેલીની જેમ ઉપર ચડે એમજ ને ?'

'નહિ મૅડમ ! તમે ધારો છો એવું નથી આ ! મોગરા-ગુલાબની વેલ ભાગ્યે જ જોવા મળે, હા, એને ઉપર ચડાવી શકાય. પણ એમાં માત્ર પાંદડાં જ હોય, ફૂલ ન આવે. ફૂલ લાવવા માટે તો તેમાં કલમ કરવી પડે. વેલિયા ગુલાબ પર સાદા ગુલાબની કલમ કરવી પડે અને જે ડાળીમાં કલમ ચડાવી હોય તે જ ડાળીમાં ફૂલ આવે. મોગરાનું પણ એવું જ.'

મિસ નેહા તો ખુશખુશાલ ! ગુલાબ-મોગરો તો અતિપ્રિય ! તેની વેલ ચડાવવાની, તેમાં ઓળ ચડાવવાની ! વાહ ! મજા આવશે.

નર્સરીમાંથી રોપ લાવી વાવી દીધો. જોતજોતામાં કૂંપળ ફૂટી ને સરસ વેલ ચડવા માંડી. વેલની ડાળી થોડી જાડી થઈ કે ગુલાબી-દેશી ગુલાબની ઓળ ચડાવી. અરે ! મહિનામાં તો ફૂલ પણ ખીલ્યાં ! ઊંચે ચડેલી વેલ પર ગુલાબનાં ફૂલ ! અદ્‌ભુત !.... બીજાને ત્યાં છોડ પર સુગંધિત ગુલાબ જોયાં છે. અહીં તો વેલ પર લટકતાં ગુલાબ ! .... વેલ તો ગુલાબથી લચી પડી !

મોગરાની વેલ પણ ચડાવી દીધી. ઝૂલતી ડાળીએ મોગરો મહેકવા લાગ્યો તે આખો બગીચો સુગંધથી તરબતર ! શયનકક્ષની બારી ખોલે કે મોગરા-ગુલાબની સુગંધ અંદર પ્રવેશી જાય !

વેલનો પ્રયોગ સફળ થયો કે એમને અવનવું કરવાની ઈચ્છા થઈ. જુદી જુદી ડાળીએ જુદા જુદા રંગની કલમ કરી.... ને આશ્ચર્ય ! એક જ વેલ પર ગુલાબી, લાલ, પીળા ને સફેદ પુષ્પો ઝૂલવાં માંડ્યાં !

ગુલાબની મહેક બગીચામાંથી બહાર, મિત્રવર્તુળ, સગાંસ્નેહીમાં પણ પ્રસરવા માંડી ! મિસ નેહા તો ફૂલ્યાં ન સમાય ! સૌને ઘેર નોતરે. એ પણ સાંજના સમયે, જેથી બગીચામાં બેસી શકાય ! સૌ સુખદ આશ્ચર્ય સાથે પ્રશંસા કરે ને મિસ નેહાને પરિશ્રમની પરિતૃપ્તિ મળે ! ....બસ મનગમતી પ્રવૃત્તિ મળી ગઈ. નવસર્જન સાથે પ્રશંસા ને પ્રસિદ્ધિ ! હવે તો વાંચવા-લખવા કરતાંય બાગકામમાં વિશેષ પ્રવૃત્ત રહેવા લાગ્યાં.

ઉપરના ફ્લૅટવાળાં પણ ખુશ હતાં. બાલ્કનીમાં બેઠાં બેઠાં નીચેના બગીચાનો લહાવો લેતાં ! નાનકડાં ટ્વિંકલ ને પિનલ પણ ખુશખુશાલ !

એક દિવસ ટ્વિંકલ કહે, 'આન્ટી, આજે અમારી સ્કૂલના ફંક્શનમાં મેં ભાગ લીધો છે, પ્લીઝ ! મને એક ગુલાબ આપશો ?'

'અરે ! ચોક્કસ બેટા ! જરૂરથી લઈ જજે.' પ્રથમ માગણી હતી ને ફૂલ ઘણાં હતાં ! આન્ટીને આપવાનો કોઈ વાંધો નહોતો.

પીનલે કહ્યું : 'મને પણ.... તેને પણ મળ્યાં !'

પણ હવે આ ક્યારેક ક્યારેક અવારનવાર બનવા માંડ્યું !

ગુલાબ ને મોગરો તો મિસ નેહાને પ્રાણપ્રિય ! જતન પણ એવું જ કરે !... ક્યારેક અપાય; પણ વારંવાર ?

પિનલ-ટ્વિંકલનાં મમ્મી-પપ્પા ઘણાં સમજુ ! તેમણે ના

પાડી. પણ બાળકો માને ખરાં ! વેલે લટકતાં ફૂલ જુએ કે મન લલચાય !

એક વાર ટ્વિંકલે બાલ્કનીમાંથી વાંકા વળી, હાથ લંબાવી, વગર પૂછ્યે જ ગુલાબ તોડી લીધું ! ..... ને આન્ટીનો મિજાજ ગયો !

ટ્વિંકલને ક્યાં ખબર હતી કે મિસ નેહા તો કળિયોની પણ ગણતરી રાખે છે !

મિસ નેહા તો ધૂંઆંપૂંઆં !

સમય વરતી ટ્વિંકલ કહે, 'સૉરી ! આન્ટી ! હવે પૂછ્યા વિના નહિ લઉં !' પણ ટ્વિંકલનું સૉરી બહુ લાંબું ચાલ્યું નહિ !... ત્રીજા જ દિવસે હાથ લંબાવી ફરીથી ફૂલ તોડી લીધું.

પહેલાં માગણી કરતાં. હવે તો જાતે જ લઈ લે છે. આવું તો કેમ ચાલે ?

મિસ નેહાએ બરાબરના ધમકાવ્યાં.

'સૉરી ! ... આન્ટી સૉરી..... રિઅલી વેરી સૉરી !...'

આ સૉરી ! સૉરી ! કહેવાનું પણ ચાલું રહ્યું ને ફૂલ તોડવાનું પણ ચાલું રહ્યું ! મિસ નેહા મનોમન ધૂંધવાયાં કરે.

મોબાઈલ રણક્યો, માતંગીનું આમંત્રણ; 'આવતી કાલે અમારાં લગ્નની ઍનિવર્સરી છે. રાત્રિની પાર્ટીમાં જરૂર આવવાનું છે.'

'અરે વાહ ! તારી પાર્ટીમાં હું ન આવું ! એવું તો કદી બને ?'

ને મિસ નેહાને સરસ વિચાર આવ્યો.

મોગરાની તો ફૂલ-સીઝન ! ઉનાળો હોવા છતાં યે થોડાં ગુલાબ તો છે જ ! જાતે જ સરસ મજાનો ગુલદસ્તો બનાવે તો ! તેણે વેલ પર નજર ફેરવી. ગુલાબની પચીસેક અર્ધખીલેલી કળીઓ છે. સવારે પૂરેપૂરી ખીલી જશે, થોડાં લીલીનાં પાંદડાં ને વચ્ચે બેચાર ઝૂમખાં મોગરાનાં મૂકી દઈશ.... પ્લાસ્ટિકશીટ ને સ્ટેપલર તો ઘરમાં છે જ ! વહેલી સવારે ગુલદસ્તો બનાવીને ફ્રીજમાં મૂકી રાખીશ !.... ના ! ના ! પાર્ટી તો છેક રાત્રે છે. સવારથી જ ફૂલ ઉતારી લઈશ તો વેલ જાણે વાંઝણી થઈ જશે ! ... એ કરતાં તો આખો દિવસ રહેવા દઈ છેક સાંજે તોડીશ ! હં...અ... ! એમ જ કરીશ.

મિસ નેહા ઘરમાં જવા પગથિયાં ચડ્યાં ને કાંઈક યાદ આવ્યું ! પાછાં ફર્યાં ને નીચેથી બૂમ પાડી : 'પિનલ... ટ્વિંકલ !'

બંને સાથે જ નીચે આવ્યાં.

'જુઓ, મારે પાર્ટીમાં જવાનું છે. કાલે સાંજે હું ફૂલોનો બુકે બનાવવાની છું. પ્લીઝ ! ફૂલ ન તોડશો. હોં !... અમસ્તા ઘણી વાર તોડો છો. પણ કાલે મારે બુકે ભેટ આપવાનો છે. એક પણ ફૂલ તોડશો નહિ !'

શયનકક્ષની બારીમાંથી રાતરાણીની સુગંધ માણતાં નિદ્રામાં સરી પડ્યાં ! સવારે સહેજ મોડું ઉઠાયું. હંમેશની આદત પ્રમાણે જ ચાનો કપ લઈ આરામખુરશીમાં બેઠાં, ચા પીતાં પીતાં જ વેલ પર નજર ગઈ... ને સ્તબ્ધ થઈ ગયાં !

.... વેલ પર એક પણ ગુલાબ નહોતું !

'અરે ! એક પણ ગુલાબ નહિ ? ખીલતાંની સાથે જ ખરી પડ્યાં કે શું ? જો કે આવું તો ક્યારેય થયું નથી ? ... નીચે પડેલી પાંદડીઓ પણ નથી ! આ... શું થયું ?...'

વિશેષ વિચારવાની જરૂર રહી નહિ, નજર ઉપર ગઈ.

બાલ્કનીમાં ટ્વિંકલ ને પિનલ ઊભાં હતાં.

ટ્વિંકલના હાથમાં એક ગુલાબ !

મિસ નેહા હેબતાઈ જ ગયાં !

'અરે ! બધાં ફૂલ ઉતારી લીધાં. કાલે તાકીદ કરેલી કે મારે આજે ગુલદસ્તો બનાવવાનો છે... તોય ?...'

હજુ તો ફૂલ ઉતારી લીધાંનો આઘાત પચાવે, કશું સમજે, વિચારે... એટલામાં તો કશુંક અકલ્પનીય બની ગયું !

બંને ક્રિયા એક સાથે જ બની. મિસ નેહાની નજર ગુલાબ પર પડી. બરાબર તે જ ક્ષણે પિનલે ટ્વિંકલના હાથમાંથી ફૂલ લઈ, પાંદડી તોડી... ને મોઢામાં મૂકી !

મિસ નેહા થીજી ગયાં !

'અરે ! ફૂલ તોડ્યાં તો તોડ્યાં ! પણ આમ ઓહિયાં કરી જવાનાં ! વેલનું સૌંદર્ય નાશ ન પામે તેથી છેક સાંજે બુકે બનાવવાનું વિચાર્યું. અને.... અહીં ?' 'શું કહેવું ? .... શું કરવું ?'

મનમાં વિચારોનો વંટોળ ઘુમરાયો !... ને કેટલાય પ્રતિભાવ જન્મ્યા. પ્રથમ તો આઘાતથી હતપ્રભ બની ગયાં. બીજી જ ક્ષણે ગુસ્સો ચડ્યો ! ગુસ્સાનો એવો આવેગ આવ્યો કે એકદમ દશ ડગલાં દૂરના ખૂણામાં બાગકામનાં સાધનો પડ્યાં હતાં ત્યાં ધસી ગયાં ! હાથમાં પાવડો લીધો ને પાછાં ફરી, પાવડાથી વેલના મૂળમાં ઘા કરવા લાગ્યાં ! પાવડો ન ફાવ્યો તો ફરીથી કોદાળી લઈ આવ્યાં ! મૂળમાં બેચાર ઘા માર્યા કે વેલ જમીનદોસ્ત !... છેક બાલ્કની સુધી ચડેલી વેલ જમીન પર ઢળી પડી ! .... ને મિસ નેહા પરસેવે રેબઝેબ ! રેલા ઉતારતા પરસેવામાં થોડી માટી પણ ચોંટેલી ! કોદાળીનો ખૂણામાં ઘા કરી, ક્ષુબ્ધ મને જ બાથરૂમમાં નહાવા ચાલ્યાં ગયાં !

ઠંડાં પાણીના શાવરે થોડાક ભાનમાં આણ્યાં ! ને ગુસ્સો વરાળ બની ધીરે ધીરે વહેવા લાગ્યો ! મન શાંત થવા માંડ્યું ને સહેજ સ્વસ્થતા મળી !

બારણાની ઘંટડી રણકી !

બારણું ખોલ્યું ને મિસ નેહા તો ડઘાઈ જ ગયાં !

'કુમારસંભવમ્'ની પાર્વતી સરખા ! ન યયૌ ન તસ્થૌ !... બારણામાં એમ જ જડાઈ ગયાં ! એકદમ સ્તબ્ધ ને અવાક્ !.... જાણે કોઈ પૂતળું !

સામે ટ્વિંકલ ને પિનલ ઊભેલાં ! ગુલાબ ને મોગરાની અનોખી ગૂંથણીથી બનાવેલા, સુંદર મજાના આકર્ષક ગુલદસ્તા સાથે !

'આન્ટી ! લો ! અમે આજે વહેલી સવારે જ બનાવ્યો. દિલ્હીથી માસી આવ્યાં છે. ફ્લાવરના ક્લાસીસ ચલાવે છે, ને અવારનવાર શો પણ યોજે છે. તમે તો બુકે બનાવવાનાં હતાં ને ? આજે થયું કે સર્પ્રાઇઝ આપીને તમને ખુશ કરી દઈએ ! પણ અવાજ સાંભળીને બહાર આવ્યાં ! ... એ પહેલાં તો તમે... સૉરી ! આન્ટી !'

બોલતાં બોલતાં પિનલ રડી પડ્યો સાથે ટ્વિંકલ પણ !

.... આંસું તો મિસ નેહાની આંખમાં પણ આવી ગયાં !!

❑

'કુમાર'નાં લવાજમ ભરવાનાં સ્થળ

(૧) મૅગેઝીન વર્લ્ડ, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧

(૨) વિજય મૅગેઝીન વર્લ્ડ, ૬૨, કલ્યાણભુવન, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

(૩) સૌરભ પુસ્તક ભંડાર, ૬૧૫, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

(૪) એજ્યુકેશન એમ્પોરિયમ, ૩૬, ઉમિયાનગર, જળ ચોક, પાટણ - ૩૮૪ ૨૬૫

(૫) રવીન્દ્ર બુક હાઉસ, સંગીતા ફ્લૅટ્સ, ચંદ્રનગર સોસાયટી, વાઘોડિયા રોડ, વડોદરા.

(૬) વિજય એસોસિએટ્સ, ૨૩૧, ડૉ. ડી.એન. રોડ, કૉમિસેરિએટ બિલ્ડિંગ, પહેલો માળ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧

(૭) ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ., સંસ્થા વસાહત, રાવપુરા, પો.બૉ.નં.૧૦, વડોદરા-૩૯૦૦૦૧

(૮) ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ., ૧-૨, સેન્ચુરી બજાર, પહેલા માળે, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

(૯) અક્ષરભારતી, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

(૧૦) પીયૂષ મૅગેઝીન એજન્સી, ૨૩, સર્જન બંગ્લોઝ, ધોબીઘાટ રોડ, જયવિજય સોસા. પાસે, મહેસાણા - ૩૮૪ ૦૦૧

પ્રસંગચિત્ર

આબુનો લૅન્ડસ્કેપ

નટુ મિસ્ત્રી

આબુ તો પહોંચ્યા... પણ પ્રથમ વર્ગના ડબામાં ભાડાનો ખર્ચ વધારે થયો હોઈ... કડકાઈ હતી. રઘુનાથજીના મંદિરમાં ઉતારો રાખ્યો, જેથી રહેવા-જમવાનું મફત મળે. ભાઈ હિંમતની અદા જ અનોખી. તેણે તો નખી તળાવના ગેટ પાસેના ઢાળ નજીક મોટા ઇમ્પિરીઅલ સાઇઝના પેપર સાથેનું બોર્ડ રસ્તા વચ્ચે ગોઠવી દીધું. સવારનો ૯-૦૦ વાગ્યાનો સમય. ચહલપહલ શરૂ થઈ અને ભાઈ હિંમતે લૅન્ડસ્કેપ બનાવવા રંગો તથા બીજો સામાન બોર્ડની આજુબાજુ ગોઠવી કાઢ્યો. આજુબાજુનાં લોકો કુતૂહલવશ જોવા લાગ્યાં. ભાઈ હિંમતે તો લાકડાનાં કેટલાંક ખોખાં વગેરે લાવી રસ્તા વચ્ચે ઇઝલની માફક સ્ટૅન્ડ પણ બનાવી કાઢ્યું. પછી એમની અદા શરૂ થઈ. ઇમ્પિરીઅલ પેપર પર પ્રથમ થોડી રેખાઓ મારી દોડતા ૨૫ ફૂટ પાછળ જઈ જાણે મહાન કલાકાર દૃશ્ય જોતા હોય તેમ ધારીને દૃશ્ય જોઈ ફરી દોડતા પેપર પાસે જઈ થોડી રેખાઓ મારે ફરી પાછી એ અદા શરૂ થાય. આમ, રસ્તા વચ્ચે આવા અદાકારને જોવા તો દસ વાગતાં ઘણું મોટું ટોળું ભેગું થયું. છેવટે પોલીસ આવી. લોકોને આઘાંપાછાં કર્યાં.

પરંતુ આ કુતૂહલનો ફાયદો એ થયો કે આખા આબુમાં વાત પ્રસરી ગઈ કે કોઈ મોટા કલાકારો ચિત્રો બનાવવા આબુમાં આવ્યા છે. રઘુનાથજીના મંદિરમાં જમવાનું ભાઈ હિંમતને ખાસ પસંદ પડતું નહોતું. એટલે અમે કોઈ સારી લૉજમાં જમવાનું નક્કી કર્યું. ગજવામાં પૈસાની તો કડકાઈ હતી. એક સારી લાગતી હોટલમાં જમવા ગયા. હોટલમાલિક ભાઈ હિંમતને ટકો-મૂંડો, ડ્રેસ તથા નખીતળાવ આગળના પ્રસંગથી ઓળખી ગયો. તેણે આવકારી ભાઈ હિંમતને કહ્યું કે તમે સારા કલાકાર છો. તમારું ચિત્ર લૅન્ડસ્કેપ મને ગમેલું. બસ, થઈ રહ્યું. ભાઈ હિંમતને તો ભાવતું હતું તે વૈદ્યે ખાવાનું કીધું એવો ઘાટ થયો. ભરપેટ આખાં ભાણાં જમ્યા. પછી બિલ આવ્યું ત્યારે ભાઈ હિંમતે તો હિંમતભેર માલિક પાસે જઈ કહી દીધું કે ભાઈ અમારી પાસે તો પૈસા નથી. અને હજી પણ બે દિવસ તારી હોટલ પર જમીશું. પણ પૈસાના બદલે જતી વખતે તને અમારું એક ચિત્ર આપી જઈશું. અને ખરેખર હોટલ-માલિકે આ વાત સ્વીકારી. અમને ત્રણ દિવસ પ્રેમથી જમાડ્યા !!

❑

૨૦૦૩ની રમતજગતની હાઇલાઇટ્સ

ડૉ. પી.ડી.શર્મા

* ભારતે ૨૨ વર્ષ બાદ ઑસ્ટ્રેલિયાને ક્રિકેટમાં તેની જ ધરતી પર હરાવી ઈતિહાસ સર્જ્યો હતો. આ પહેલાં ભારતે ઑસ્ટ્રેલિયાને ૧૯૮૧-૮૨માં હરાવ્યું હતું. એડીલેડ ખાતે રમાયેલ આ ટેસ્ટમૅચમાં રાહુલ દ્રવિડે પોતાની કારકિર્દીનો શ્રેષ્ઠ ૨૩૩ રનનો વિક્રમ નોંધાવ્યો હતો અને એવી જ રીતે અજિત અગરકરે પોતાની કારકિર્દીનો શ્રેષ્ઠ દેખાવ કરતા ૪૧ રનમાં છ વિકેટ ઝડપી હતી.

* ઑસ્ટ્રેલિયાના મહાન ઓપનર મૅથ્યૂ હેડને ટેસ્ટ ક્રિકેટમાં ૩૮૦ રન કરી વિશ્વવિક્રમ સર્જ્યો હતો. તેઓએ આ રન ફક્ત ૪૩૭ દડામાં કર્યા હતા.

* ઑસ્ટ્રેલિયાની ક્રિકેટ ટીમે નવી સદીના પ્રથમ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૦૩ની ફાઈનલ મૅચમાં ભારતને ૧૨૫ રને હરાવીને ત્રીજી વખત વર્લ્ડ કપ જીતવાની સિદ્ધિ મેળવી હતી. આ વર્લ્ડ કપની વિશેષ બાબત એ હતી કે ૧૧ મૅચમાંથી ઑસ્ટ્રેલિયા એક પણ મૅચ હાર્યું ન હતું અને સતત બીજી વાર વર્લ્ડ કપ ચૅમ્પિયનશિપ જાળવી રાખી હતી.

* ૨૦૦૩ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતના સ્ટાર બૅટ્સમેન સચીન તેંડુલકરને 'પ્લેયર ઑવ્ ધ ટુર્નામેન્ટ' જાહેર કરવામાં આવ્યો હતો. તેઓએ આ વિશ્વ કપમાં ૬૭૩ રન કરી વિક્રમ સર્જ્યો હતો. તેઓને આ અવૉર્ડ વિશ્વના મહાન ક્રિકેટ ખેલાડી સર ગૅરી સોબર્સ દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો.

* ટેનિસ જગતમાં અમેરિકન ટેનિસસ્ટાર પીટ સામ્પ્રસ સત્તાવાર રીતે નિવૃત્ત થવાને કારણે એક મહાન યુગનો અંત આવ્યો હતો. પીટ સામ્પ્રસે ૧૪ ગ્રાન્ડસ્લામ ટાઇટલો જીતીને વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો હતો. ટેનિસ જગતમાં કોઈ પણ પુરુષ ખેલાડી આટલા ગ્રાન્ડસ્લામ ટાઇટલો જીત્યો નથી.

* અમેરિકાના પીઢ ટેનિસ ખેલાડી આન્દ્રે અગાસીએ ઑસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ જીતી હજી તે પણ યુવાઓને લડત આપવા સક્ષમ હોવાનું સાબિત કર્યું હતું.

* અમેરિકાની મહાન મહિલા ટેનિસ ખેલાડી સેરેના વિલિયમ્સે વિમ્બલ્ડન અને ઑસ્ટ્રેલિયન ઓપનની ચૅમ્પિયનશિપ જીતી હતી.

* ઑસ્ટ્રેલિયાએ સ્પેનને હરાવીને ટેનિસની પ્રતિષ્ઠિત ડેવિસકપ ટુર્નામેન્ટ જીતી હતી.

* ઈંગ્લન્ડની ફૂટબૉલ ટીમનો કેપ્ટન ડેવિડ બેકહેમ અને ટેનિસ સ્ટાર કમ મોડેલ ગર્લ અન્ના કોર્નિકોના આ વર્ષે આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે લોકપ્રિયતાના શિખરે રહ્યાં હતાં.

* ભારતની સાનિયા મિરઝાએ જૂનિઅર વિમ્બલ્ડન ડબલ્સ ટાઇટલ જીતી ઈતિહાસ સર્જ્યો હતો અને આ રીતે આ જાતની સિદ્ધિ મેળવનારી પ્રથમ ભારતીય મહિલા ટેનિસ ખેલાડી બનવાનું બહુમાન મેળવ્યું હતું.

* ભારતની કોનેર હમ્પીએ દસમી એશિયન ચૅમ્પિયનશિપ જીતી પોતાની સિદ્ધિઓના છોગામાં વધુ એક છોગું ઉમેર્યું હતું.

* ભારતમાં હૈદરાબાદ મુકામે આયોજિત પ્રથમ આફ્રો-એશિયન ગેમ્સમાં ભારતની મહાન મહિલા શૂટર અંજલિ ભાગવતે ખૂબ જ સરસ દેખાવ કર્યો.

* વર્લ્ડ ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપમાં લૉંગ જંપમાં કાંસ્યચંદ્રક મેળવીને ભારતના ઍથ્લેટિક્સ-જગતમાં અંજુ જ્યોર્જે ઈતિહાસ સર્જ્યો હતો. ભારતની કોઈ પણ મહિલા




વર્લ્ડસ્નૂકર ચૅમ્પિયન પંકજ અડવાણી



વિમ્બલ્ડન ચૅમ્પિયન સેરેના વિલિયમ્સ



મહિલા શૂટર : અંજલિ ભાગવત



લૉંગ જમ્પરઃ અંજૂ જ્યોર્જ

ઍથ્લેટે અત્યાર સુધી એવી સિદ્ધિ મેળવી નથી.

* ભારતના ૧૯ વર્ષના પંકજ અડવાણીએ વર્લ્ડ સ્નૂકર ચૅમ્પિયનશિપ જીતી ભારતના રમતજગતના ઇતિહાસમાં એક સોનેરી પ્રકરણ આલેખ્યું હતું.

* ૨૦૦૩ વર્ષ દરમ્યાન ભારતીય હોકી ટીમનો દેખાવ ખૂબ જ સારો રહ્યો હતો અને ભારતીય ટીમે એશિયન ગેમ્સમાં તથા એશિયા કપની ફાઈનલમાં પાકિસ્તાનને હરાવી ઈતિહાસ સર્જ્યો છે.

* ફૂટબૉલમાં ઈસ્ટ બંગાળ ક્લબે વિદેશની ધરતી પર રમાયેલ એશિયા કપમાં વિજેતા બની મહાન સિદ્ધિ મેળવી હતી. આ વિજયમાં ભારતના સ્ટાર ફૂટબોલર ભાઈચુંગ ભૂટિયાએ નવ ગોલ કરી ગોલ્ડન બૂટનો અવૉર્ડ મેળવ્યો હતો.

* ૨૦૦૩ના કેટલાક મહાન ક્રિકેટરો જેવા કે પાકિસ્તાનના વસીમ અક્રમ, દક્ષિણ આફ્રિકાના ઍલન ડોનાલ્ડ તથા ભારતના મહાન **બૉ**લર જગવલ શ્રીનાથે નિવૃત્તિની જાહેરાત કરી હતી.

* ૨૦૦૩માં ટેનિસજગતમાં કેટલાક નવા પુરુષ ખેલાડીઓએ સારો દેખાવ કર્યો હતો. દા.ત. સ્વિટ્ઝર્લૅન્ડના રોજર ફેડરરે વિમ્બલ્ડન ટાઈટલ જીતીને, સ્પેનના યુઆન કાર્લોસ ફરેરોએ ફ્રેન્ચ ઓપન ટાઈટલ જીતીને તથા અમેરિકાના એન્ડી રોડ્કિે યુ.એસ.ઓપન ટાઈટલ જીતીને તથા એવી રીતે જ મહિલાઓમાં જસ્ટીન હેનિન હાર્ડીને ફ્રેન્ચ ઓપન અને યુ.એસ.ઓપન જીતીને ખૂબ જ સારો દેખાવ કર્યો હતો.

* ટેબલટેનિસમાં ચીનની મહાન મહિલા ખેલાડી વાંગ નાન ત્રીજી વખત વર્લ્ડ ચૅમ્પિયન બની હતી.

* અમેરિકાના મહાન સાઈકલિસ્ટ લુઈ આર્મસ્ટ્રોંગે છઠ્ઠી વાર તૂર દ ફ્રાન્સ સ્પર્ધા જીતી ન કલ્પી શકાય તેવી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી; કારણ કે આર્મસ્ટ્રોંગ કૅન્સર સામે લડીને તાજેતરમાં જ સાજો થયો છે.

* સ્પેનમાં બાર્સેલો**ના** મુકામે આયોજિત વર્લ્ડ સ્વિમિંગ સ્પર્ધામાં અમેરિકાનો માઈકલ ફેલપ્સ અને ઑસ્ટ્રેલિયાનો સ્ટાર સ્વિમર ઈયાન થોર્વ છવાયા હતા.

અમારી પાસે 'કુમાર'ના વર્ષ ૨૫થી ૭૦ સુધીના છૂટા અંકો (૩૦૧થી ૮૩૯ સુધીના) છે. જગ્યા તથા સાચવણી, ભેજ તથા ઊધઈનાં મુખ્ય કારણોસર અંકો કાઢી નાખવા છે. સંપર્ક કરો : જયમીનભાઈ આર. શાહ

૬૭, લાવણ્ય સોસાયટી, નવા વિકાસગૃહ રોડ,

વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭

વૉટ ઈઝ ઈન અ નેમ ?

ટચૂકડી

પુનિત ધોળકિયા

ફોનની ઘંટડી વાગી : 'હું કાર્તિક બોલું છું. તમારી બ્રાંચમાંથી પરાશર્યભાઈને તુરત બોલાવો, મારે તેનું અર્જન્ટ કામ છે... !'

'તમે ઘડીક વાર રહીને ફોન કરો. હું તેમને મેસેજ આપું છું.'

ફરી રિંગ વાગી.... એ જ માગણી...

'હું હજી બોલાવી શક્યો નથી. તહેવારો હોવાથી પટાવાળા રજા ઉપર છે. લાઈટ નથી. ઇન્ટરકૉમ બગડી ગયો છે, છતાં હું કોઈને મોકલું છું. તમે ઘડીક વાર પછી રિંગ કરો.'

ત્યાં તો પેલાનું મગજ ફાટ્યું : 'ઘડીક વાર પછી રિંગ કરો એટલે ? હું નવરો છું.... મેસેજ આપતા વાર કેટલી ? તમને શું કરવા રાખ્યા છે ?!'

'પણ, મારી હાલત તો તમે સમજો.... મારે આમ કઈ રીતે... !'

'એમ તમે ના પાડો છો. તમે તમારા મનમાં સમજો છો શું ? મને તમારું નામ લખાવો. એટલે હું તમારી વિરુદ્ધ ફરિયાદ કરી શકું.'

'પણ, તમે ગુસ્સે ન થાઓ... હું વ્યવસ્થા કરાવું છું.'

'તમે મને ગુસ્સે થવાની ના પાડો છો ? મારે તમારું કંઈ નથી સાંભળવું... જલદી તમારું નામ બોલો એટલે મને કાર્યવાહી કરવાની ખબર પડે.'

'ભલે ! લખો મારું નામ : કલેક્ટર પી. આનંદકુમાર'

મહત્ત્વની સૂચના

'કુમાર' ટ્રસ્ટને નામે નાણાં મોકલવાં

હવેથી લવાજમનાં, **જાહેરખ**બરનાં, દાનનાં સઘળાં નાણાં રોકડેથી યા ચેક-ડ્રાફ્ટથી 'કુમાર ટ્રસ્ટ'ના નામે મોકલવાં સૌને વિનતિ છે.

'કુમાર'ના એજન્ટભાઈઓએ પણ આની નોંધ લેવી.

(આથમતાં અજવાળાં - ૨૩)

ચરો

ભગીરથ બ્રહ્મભટ્ટ

'ચરો' શબ્દનો અર્થ હવે આજના બાળકને આવડતો નથી. એકવીસમી સદીમાં એવા તો કેટલાય શબ્દો આથમી ચૂક્યા હશે. પહેલાંના વખતમાં ગામદીઠ અલાયદી ખુલ્લી પડતર જમીન રાખવામાં આવેલી, જેમાં ગામનાં ઢોર નિરાંતે ફરે, ચરે. જંગલી પ્રાણીઓ, પંખીઓ જ્યાં નિરાંતે નિવાસ કરે. 'ચર' એટલે ફરવું. નિરાંતે ફરવું એવો ખયાલ છે.

'ચરો'ને ઘણી જગ્યાએ 'ગોચર' કે 'ગૌચર' પણ કહેવામાં આવે છે, જેમાં 'ગાયો માટેનો' એવો અર્થ પણ છે : પણ એની સાચી વાત એટલી કે ગામની સામૂહિક માલિકીની કોઈ પડતર જમીન. એ જમીનમાં વાવેતર ન થાય. ઘાસ થાય. ઝાડ થાય, ઝાંખરાં થાય, જાતભાતની વનસ્પતિઓ થાય, સુકાય. ગૌચરનો વિસ્તાર નાનો ન હોય, ઘણો મોટો હોય.... એમાં ભૂલા પડી જવાય તો અટવાઈ જવાય. કંથેર, બોરડી, આવળ, બાવળ, કમ્બોઈ, ઝીલ, સુંદરસેણ, કેયડા, કુમાડિયા, આકડા જેવી વનસ્પતિ તરત જ નજરે ચઢે. જંગલનું નાનું સ્વરૂપ એટલે ચરો. - 'ચર' શબ્દ ઉપરથી 'ચરો' શબ્દ ઊતરી આવ્યો હોવો જોઈએ. 'ચર'નો અર્થ થાય 'ફરવું'. જ્યાં પશુ-પંખી નિરાંતે ફરે, એ જગ્યા. કેટકેટલાં પશુઓ, પંખીઓ, વનસ્પતિઓ-વૃક્ષોનો મોકળે મને પથરાટ હોય છે ત્યાં !

'ચરો' કહેતાંની સાથે જ મને મારા ગામનો ચરો સાંભરે છે. ભેંસો લઈને ચોમાસાના દિવસોમાં અમે જતા. કોઈ તળાવ કાંઠે બેસી રહીએ. ભેંસો એવડા મોટા ચરામાં છૂટથી હરે, ચરે, ફરે. વખત થાય એટલે તળાવ કાંઠે ભેંસો આવી જાય. અમે એ ભેંસો હાંકી ઘરે આવતા. ચરાએ મોકળાશ આપી છે. ચરામાં કોઈ બાવળછાંયે કાંઈ રમ્યા છીએ ! ચરામાં આવેલા તળાવમાં પડી તરતાં શીખ્યા છીએ. પાણી પીધું છે. ચરામાં રહ્યા રહ્યા સસલું, શિયાળ, લીલ, હરણ, સાપ, નોળિયો, અજગર, વીંછી, નાગ, ઈન્દ્રગોપ, સારસ, ટિટોડી, કાબર, હોલો જેવાં કેટકેટલાં જીવોની ઓળખાણ થઈ છે ! આપણે તો આપણા પરિવારમાં એકાદ જણ વધી જાય તો નિસાસો નાખીએ છીએ. ચરાના હૃદયમાં કેટલી વસતી !! ચરાની જમીનમાં ગાયો-ભેંસો-બળદોને ચરતાં જોયાં છે ? કોઈ ભૂખ્યો બ્રાહ્મણ સુખી યજમાનને ત્યાં થતી ચોર્યાશીમાં જે નિરાંતે લાડુ ખાતો હોય તેનાથી વધારે પ્રસન્નતા ચરામાં ચરતાં ઢોર અનુભવે છે. ચરાનું હૃદય વિશાળ છે. એની વિશાળતાના વર્તુળમાં નાની નાની કીડીઓથી શરૂ કરી મહાકાય પ્રાણીઓ સુધીની સજીવસૃષ્ટિના વિસામાઓ પડ્યા રહેતા. માણસોએ આવા સમૃદ્ધ ચરાઓના હૃદય ચીરી ચીરીને જે પોતાનાં આવાસો બાંધ્યા છે - એ જોઈ કહેવાનું મન થાય છે: અબોલ જીવના વિસામા તોડીને નિવાસો બાંધનાર હે માનવ ! તારું ક્યારેય સારું નહિ થાય, હોં ! ગાય, ભેંસને ખીલે બાંધીને ગમે તેટલું નીરણ કરો, પણ એ એની જાતે ચરામાં ચરીને જેટલી પ્રસન્નતા મેળવે, જેટલો ધરવ મેળવે એટલો ધરવ ખીલે મેળવી શકતું નથી. ખુલ્લામાં ફરતાં પ્રાણીઓ પણ એકબીજાં સામે શક્તિનો પરિચય કરે છે. - ચરામાં નિવાસ કરતાં પ્રાણીઓ સંપીલાં હોય છે. એકસાથે બહાર નીકળે છે. એકસાથે સંતાય છે.

ચરામાં કેટકેટલી વનસ્પતિ હોય છે ! આપણે બધી વનસ્પતિઓને ઓળખતા નથી હોતા, નહિ તો એ બધા મૂંગા ડૉક્ટરો એ ચરામાં નિવાસ કરતા હોય છે. ચરામાં કોઈ ક્યારેય વાવેતર કરવા જતું નથી. વરસાદ વરસે અને ચરામાં આપમેળે ઘાસ ફૂટી નીકળે છે. ચરામાં કેડીને બાદ કરતાં બધી જગાએ ઘાસ હોય છે. કાંટા નીચે પણ ઘાસ... એ ઘાસ જાણે ચરાની પ્રસન્નતા થઈને ચોમાસામાં લીલુંછમ્મ મરકે છે !!!

ચરામાં ચોર પણ આશ્રય મેળવે, મોર પણ... ઢોર પણ... ચરાએ ક્યાંય ક્યારેય બોર્ડ લગાવ્યું હોતું નથી : 'પ્રવેશ નિષેધ છે.' તત્ત્વજ્ઞાનની ભાષામાં વાત કરું તો ચરો એ પ્રદેશ ચિત્તપ્રદેશ છે !! કેટકેટલું વણખેડાયેલું પણ મહત્ત્વની સામગ્રીરૂપે એની અંદર ભરચક્ક ભરચક્ક પડ્યું છે ! કૃષ્ણ-રાધાનો પ્રેમ તો પ્રતીક છે માત્ર ! કેટકેટલા ચરાઓમાં કેટકેટલાં પ્રેમીઓનું પગેરું મળી આવે ? કોઈએ ચરાની બોરડીના ઝુંડમાં, તો કોઈએ ચરાના બાવળિયે, કોઈએ ચરાના તળાવની પાળે પોતાનાં હૃદય ઠાલવી ચરાને સાક્ષીમાં રાખીને જીવનનાં જે પ્રેમગાણાં ગાયાં છે - કોણે રાખ્યો છે એનો હિસાબ ? ચોમાસામાં રાજીના રેડ થઈ ગયેલો ચરો કંઈ ઉનાળામાં નિસાસા નાખતો નથી, એ તો ચોમાસાની પ્રસન્નતાને સંભારી સંભારીને હરખાય છે ! ચરો એટલે જ તો વનરાવન છે. વનરાવનની કેટકેટલી કવિતાઓ છે !

ચરાની છાતીમાં બાવળે શૂળો ભોંકી છે. ચરાના શરીરે કંથેરના કાંટાના ઉઝરડા પડ્યા છે. બોરડીના કાંટા એના રોમેરોમને વાગ્યા છે. છતાં ચરાએ તો એ બધાંને છોરું-કછોરું થાય, કહીને જાણે હસી જ કાઢ્યા છે ને ? ચરાને ક્યારેય બાવળને કે બોરડીને ઉગાડવાની મના ફરમાવી છે ખરી ? ચરો તો ક્યાંક ક્યાંક ખોદાઈ જઈને એનાં સંતાનો માટે તળાવપરબ બાંધીને બેઠો છે ! ચરો એક અર્થમાં ચબૂતરો છે.... જંગમ જીવનપીઠ !! કેટકેટલાં જીવન એના આશ્રયે ઉછરે છે !

આજે તો વધતી જતી વસ્તીના કારણે ગોચરો ખલાસ થતાં જાય છે. એનો વિસ્તાર ઓછો થતો જાય છે. આવનારી સદીમાં એ નામશેષ થઈ જશે ત્યારે 'મોકળાશ' નામના શબ્દની ખોજ ક્યાં કરીશું ? ❑

સ્થાપત્યનાં સીમાચિહ્નો : ૨


ચૈતાલી શાહ

ગિઝાનો પિરામિડ

એમ કહી શકાય કે પ્રાચીન ઈજિપ્તના રાજવીઓએ સમાજની ઘણીખરી શક્તિ તથા સમય પોતાના 'મૃત્યુ બાદના જીવન' માટે ખર્ચ્યાં. આવાં અગાધ પરિશ્રમને કારણે પ્રાચીન વિશ્વની સાત અજાયબીઓમાંથી ગિઝાનો ફરાહ ખાફૂનો પિરામિડ આજે પણ હયાત છે એટલું જ નહિ, પણ પાંચેક હજાર વર્ષ સુધી વિશ્વમાં તેનાથી ઊંચી એક પણ ઈમારત ન હતી. જે ઈમારત આટલા લાંબા સમયગાળા સુધી વિશ્વના સ્થાપત્ય ક્ષેત્રમાં આવું 'ઉચ્ચ' સ્થાન ભોગવે તેનો ઉલ્લેખ વિશ્વ-સ્થાપત્યનાં સીમાચિહ્નોમાં થાય તે વાજબી જ ગણાય. આ હકીકત ઉપરાંત પણ ગિઝાના આ પિરામિડમાં એવી કેટલીક ખાસિયતો છે જે માટે પણ તે ઉલ્લેખનીય છે.

લાખો ટન પથ્થરના ચણતર વડે બનાવાયેલ પિરામિડ આમ તો એક વ્યક્તિના મૃત્યુ બાદ તેના દેહને રાખવાનું સ્થાન-માત્ર છે. ઈજિપ્તનાં લોકો ફરાહને સૂર્ય ભગવાન 'રે'ના પુત્ર માનતા. તેમની માન્યતા પ્રમાણે ફરાહના આત્માને મૃત્યુ બાદ પણ ખજાના, કપડાં, દાગીના, રાચરચીલાં વગેરેની જરૂર રહેતી. તેથી આ બધી વસ્તુઓને પણ પિરામિડમાં દફનાવવામાં આવતી. જો કે આવી સમજ સમાજના પ્રત્યેક નાગરિક માટે પણ હતીઃ જેમ કે સુથારના મૃત્યુ સમયે તેની કબરમાં તેનાં ઓજારો પણ મુકાતાં.

પાયામાં ગિઝાના આ પિરામિડનો વિસ્તાર ૨૩૦.૬૦ x ૨૩૦.૬૦ મીટર જેટલો છે જ્યારે તેની ઊંચાઈ ૧૪૬.૪૦ મીટર હતી. અત્યારના ધોરણ પ્રમાણે જ્યાં પ્રત્યેક માળની સરેરાશ ઊંચાઈ ૨.૮૫ મીટર રખાય છે ત્યારે ઈસુ પૂર્વેની આશરે ૨૭૦૦ની સાલમાં બનેલ આ પિરામિડ ૪૮ માળ જેટલો ઊંચો કહેવાય ! ફેર એટલો જ કે તે આશરે ૨૩ લાખના પથ્થરનાં ચોસલાંઓમાંથી બનેલ ઘન છે. આ ચોસલાંઓનું સરેરાશ વજન અઢી ટન જેટલું છે. આ પથ્થરોથી પિરામિડના મુખ્ય માળખાને ઓપ અપાયા બાદ તેની બહારની સપાટી પર ૭ મિલ્યન ટનના પથ્થરનું જડતર થયું છે. કોઈ પણ યાંત્રિક ઉપકરણ વગર માત્ર ૧ લાખ જેટલા કારીગરોના પરિશ્રમ વડે બનાવાયેલ આ પિરામિડની રચનામાં માત્ર ૨૦ વર્ષનો સમય લાગ્યો હતો, જે એક આશ્ચર્ય કહેવાય. આ પિરામિડની સપાટીએ જમીન સાથે આશરે ૫૧° પરનો ખૂણો બનાવે છે અને દરેક પિરામિડ રચનામાં અક્ષ હંમેશા ઉત્તર-દક્ષિણ / પૂર્વ-



ગિઝાનો પિરામિડ

પશ્ચિમ રખાતી.

આશરે ૧૩ એકર જમીન પર પથરાયેલા ગિઝાના મુખ્ય પિરામિડના મુખ્ય ભાગમાં પ્રવેશદ્વાર, અપૂર્ણ રહેલ બે કક્ષ, રાજાનો પૂર્ણ રીતે સજાવાયેલ કક્ષ તથા વિશાળ ગૅલરિ છે. આમાંનું પ્રવેશદ્વાર ઉત્તર દિશામાં કેન્દ્રથી ૭.૩૦ મીટર દૂર અને જમીનથી ૧૭.૦૦ મીટર લંબમાં ઉપર છે. અહીંથી ૨૬° ના ઢાળ પર બનાવાયેલ બોગદું ચાલુ થાય છે, જ્યાંથી વિવિધ કક્ષ તથા ગૅલરીમાં જવાય છે. આ ગૅલરી ૨.૧૦ મીટર પહોળી તથા ૨.૩૦ મીટર ઊંચી છે જેના પર સાત સ્તરીય કોર્બેલિંગવાળી છત બનાવાઈ છે, જેનાથી મધ્યમાં તેની ઊંચાઈ ૮.૫૦ મીટર થવા જાય છે. આ ગૅલરીની ઉપર ૫.૨૦ મીટર x ૧૦.૫૦ મીટરના ક્ષેત્રફળવાળો તથા ૫.૮૦ મીટર ઊંચાઈવાળો રાજાનો કક્ષ છે. આ કક્ષ પહેલાં આવેલ અંતરાલમાં દફનવિધિ પછી રાજાના કક્ષના માર્ગને બંધ કરવા ત્રણ ગ્રેનાઈટના પથ્થર સરકાવાયેલા. આ રાજાના કક્ષમાંથી ૨૦૩ x ૧૫૨ મિલીમીટર માપના બે શાફ્ટ બનાવાયા છે જે બહારની સપાટી પર ખૂલે છે. આ શાફ્ટ હવા તથા 'આત્મા'ની આવન-જાવન શક્ય બનાવે છે. આ પિરામિડમાં રાણીના કક્ષને ઓછું મહત્ત્વ અપાયું છે.

પિરામિડની રચનામાં મુખ્યત્વે ચૂનાના પથ્થર વપરાયા છે જેમાં કેટલાકનું વજન તો ૧૬ ટન જેટલું થાય છે. આમાં મુખ્ય પિરામિડની રચનામાં પીળાશ પડતાં પથ્થર વપરાયા છે. આ પથ્થરના ચણતર પર આખરી ઓપ માટે 'તુરા' પથ્થર જડાયા છે; જ્યારે અંદરના બોગદા વગેરેમાં પ્રકાશ જળવાઈ રહે તે માટે આછા રંગના પથ્થર પસંદ કરાયા છે. પિરામિડના વિવિધ કક્ષની રચના માટે મુખ્યત્વે ગ્રેનાઈટનો ઉપયોગ કરાયો છે અને રાજાના કક્ષ ઉપર તો પથ્થરના સ્લૅબના પાંચ સ્તર કરાયા છે અને પ્રત્યેક સ્તર વચ્ચે જગ્યા છોડવામાં આવી છે. સમગ્ર પિરામિડની રચના કરવા માટે એમ માનવામાં આવે છે કે નીચેથી જેમ જેમ ચણતર થતું જતું હશે તેમ તેમ ચારે બાજુ

(અનુસંધાન પૃ. ૧૧૮ પર)

સંઘશાસિત પ્રદેશ

આંદામાન-નિકોબાર ટાપુઓ

ડૉ. જયકુમાર ર. શુક્લ

આંદામાન-નિકોબારના ટાપુઓ બંગાળના અખાતમાં આવેલા છે અને તેની સંખ્યા ૩૦૦૦ જેટલી છે. તેનું પાટનગર પોર્ટ બ્લેર કોલકોતાથી૧૨૫૫ કિ.મી., ચેન્નાઈથી ૧૧૯૦ કિ.મી. તથા વિશાખાપટણમથી ૧૨૦૦ કિ.મી.ના અંતરે આવેલ છે. આ ટાપુઓ સુમાત્રાની નજીક છે અને કેટલાંક જૂથમાં છે. પાંચ મોટા ટાપુઓ ગ્રેટર આંદામાન્સ, દક્ષિણમાં લિટલ આંદામાન ટાપુ અને ૨૦૪ નાના ટાપુ આવેલા છે. તેમાંનાં બે મોટાં જૂથ- રિટલી આર્કિપેલાગો તથા લેબિરિન્થ ટાપુઓનાં છે.

નિકોબાર ટાપુઓ - લિટલ આંદામાનથી ૧૨૧ કિ.મી. દક્ષિણે આવેલા છે. આ જૂથમાં ૧૯ ટાપુઓ છે. તેમાંના સાત ટાપુ નિર્જન છે. આ ટાપુઓમાં સંખ્યાબંધ બંદરો છે. તેમાં પોર્ટ બ્લેર મુખ્ય બંદર છે. તે કોલકાતા, ચેન્નાઈ અને વિશાખાપટણમ સાથે સ્ટીમરોની સર્વિસથી જોડાયેલું છે.

આ ટાપુઓનું ક્ષેત્રફળ ૮૨૪૯ ચોરસ કિ.મી. અને તેની વસતી ૩,૫૬,૨૬૫ છે. તેની માન્ય ભાષાઓ હિંદી અને અંગ્રેજી છે. પરંતુ ત્યાં બંગાળી, હિંદી, તામિલ, મલયાલમ, નિકોબારીઝ લોકો રહે છે અને તેઓ પોતાની માતૃભાષાનો ઉપયોગ કરે છે. ત્યાંની વસતીનાં ૩૨.૭ ટકા લોકો શહેરમાં રહે છે. ત્યાં અનુસૂચિત જાતિ તથા જનજાતિનાં ૧૦ ટકા લોકો રહે છે. ત્યાં વસતીની ઘનતા દર ચોરસ કિ.મી. દીઠ ૪૩ માણસોની છે. આ ટાપુઓમાં કુલ વસતીનાં ૬૮ ટકા લોકો હિંદુ, ૨૪ ટકા ખ્રિસ્તી, ૭ ટકા ઈસ્લામ તથા બાકીનાં જૈન, બૌદ્ધ ધર્મો પાળે છે. ત્યાં ૭૪ ટકા લોકો ભણેલાં છે. ખેતીનાં મજૂરોનો લઘુતમ વેતનદર દૈનિક રૂા. ૩૦/- છે, અને લોકોની સરાસરી વાર્ષિક આવક રૂા. ૬૭૫૧/- છે.

આ ટાપુઓના બે જિલ્લા છે. તેમાંથી આંદામાન જિલ્લાના ૨૪ અને નિકોબાર જિલ્લાના ૧૨ ટાપુઓમાં વસતી છે. આ ટાપુઓ સંઘ(કેન્દ્ર)શાસિત પ્રદેશ છે. તેની અલગ ધારાસભા નથી; પરંતુ લોકસભામાં એક સભ્ય ચૂંટીને મોકલવામાં આવે છે.

ઈતિહાસ: ઈસુની નવમી સદીમાં, સુમાત્રા તરફ પ્રવાસે જતાં, આરબ વેપારીએ આ ટાપુઓના અસ્તિત્વનો હેવાલ આપ્યો. આ ટાપુઓ પર પશ્ચિમના દેશોનો પ્રથમ મુલાકાતી માર્કો પોલો હતો. તેણે તેના વિષે 'લૅન્ડ ઑવ્ ધ હેડ હન્ટર્સ' નામ જણાવ્યું છે. મરાઠાઓએ ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં આ ટાપુઓ કબજે કર્યા. ૧૮મી સદીના પૂર્વાર્ધમાં, મરાઠા નૌકાધિપતિ કાન્હોજી આંગ્રેનું આ ટાપુઓ પર નૌકામથક હતું. ત્યાંથી તેનું નૌકાસૈન્ય બ્રિટિશ, ડચ અને પૉર્ટ્યુગીઝ વેપારી વહાણો કબજે કરતું. ઈ.સ. ૧૭૨૯માં આંગ્રેના મૃત્યુ સુધી, આ ટાપુઓ પર તેની આણ પ્રવર્તતી હતી.



બ્રિટિશ સરકારે આંદામાન અને નિકોબાર ટાપુઓ ૧૯મી શતાબ્દીમાં કબજે કર્યા, અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેનારા ક્રાંતિકારોને સજા ભોગવવા માટે તેનો ઉપયોગ કર્યો. કાળાં પાણીની સજા ભોગવવાની હોય તે ક્રાંતિકારોને ત્યાં મોકલવામાં આવતા. તેથી તે ભારતનું સાઈબીરિયા કહેવાતું હતું.

બ્રિટિશ સરકારે ૧૮૫૭ના વિપ્લવકારોને રાખવા વાસ્તે આંદામાનનો ઉપયોગ કર્યો હતો. ત્યાં ઈ.સ. ૧૮૯૬માં કેદીઓ પાસે મજૂરી કરાવીને ત્રણ માળની ૬૯૮ ઓરડીઓની જેલ બાંધવામાં આવી. આ કુખ્યાત જેલમાં અનેક કેદીઓને અદાલતના હુકમથી અથવા ગુપ્ત રીતે મારી નાખવામાં આવ્યા હતા. બ્રિટિશ સરકારે આ ટાપુઓનો ઉપયોગ સજા ભોગવતા કેદીઓને રાખવાના સ્થળ તરીકે ૧૯૪૨ સુધી કર્યો હતો. તે સ્થળને હવે રાષ્ટ્રિય સ્મારક તરીકે જાહેર કરવામાં આવ્યું છે. તે સમયની જેલમાં હવે તત્કાલીન કેદીઓનું દુઃખી જીવન, અગવડો, સરકારનો જુલમ વગેરેની ઝાંખી કરાવતો લાઈટ ઍન્ડ સાઉન્ડનો શો બતાવવામાં આવે છે. આ ટાપુઓ ૧૯૪૨માં જપાને કબજે કર્યા હતા.

૮ નવેમ્બર, ૧૯૪૩ના રોજ જપાનની સરકારે આઝાદ હિંદની કામચલાઉ સરકારને આંદામાન-નિકોબારના ટાપુઓ સોંપી દીધા. આ સરકારના વડા નેતાજી સુભાષચંદ્ર બોઝે જાહેર કર્યું કે અમે આંદામાન ટાપુને 'શહીદ' તથા નિકોબાર ટાપુને 'સ્વરાજ' નામ આપ્યું છે. નેતાજીએ 'શહીદ' ટાપુની મુલાકાત

લીધી અને ૩૦ ડિસેમ્બરના રોજ ત્યાં ત્રિરંગી ધ્વજ ફરકાવ્યો. ૮ જાન્યુઆરી ૧૯૪૪ના રોજ આઝાદ હિંદની કામચલાઉ સરકારે મેજર જનરલ લોકનાથનને આ ટાપુઓના ચીફ કમિશનર નિમ્યા. વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ, આ ટાપુઓ બ્રિટિશ સરકારના કબજામાં આવ્યા. ૧ નવેમ્બર, ૧૯૫૬ના રોજ આદાંમાન અને નિકોબાર ટાપુઓ સ્વતંત્ર ભારતની સરકારના સંઘશાસિત પ્રદેશો બન્યા.

ખેતી: આશરે ૪૯,૫૩૯ હૅક્ટર જમીન ખેતી માટે ઉપયોગમાં લેવાય છે. આંદામાન જૂથના ટાપુઓમાં ડાંગર મુખ્ય પાક છે, જ્યારે નિકોબાર જૂથના ટાપુઓમાં નાળિયેર તથા સોપારીનો રોકડિયો પાક થાય છે. આ ટાપુઓના ડુંગરાળ પ્રદેશોમાં કેળાં, પપૈયાં, લવિંગ, જાયફળ તથા બીજાં ફળ તેમજ મસાલા પુષ્કળ થાય છે. આ ઉપરાંત કઠોળ, તેલિબિયાં, શાકભાજી વગેરે ઉગાડવામાં આવે છે.

આ ટાપુઓમાં જંગલોમાં ઈમારતી લાકડું, રબર, હાર્ડવુડ, સોફ્ટવુડ વગેરે મુખ્ય પેદાશો છે. દરિયાકિનારે માછીમારી પણ કરવામાં આવે છે.

ઉદ્યોગો: આ પ્રદેશમાં પી.વી.સી. પાઈપ, રંગો, વાર્નિશ, ફાઈબર ગ્લાસ, હળવા પીણાં, સ્ટીલનું ફર્નિચરના ઉદ્યોગો વિકસ્યા છે. અહીં નિકાસ માટે માછીમારીનાં બે એકમો છે, તથા ગ્રામ અને હસ્ત-ઉદ્યોગો પણ ચાલે છે.

પ્રાણીજીવન: આ ટાપુઓમાં જંગલનાં પ્રાણીઓનાં ૯૪ અભયારણ્યો છે. નિકોબારમાં લાંબી પૂંછડીવાળાં કરચલો ખાતાં વાંદરાં વસે છે. જવલ્લે જણાતાં કેટલાંક પંખીઓમાં - મેગાપૉડ અહીં જોવા મળે છે.

પ્રવાસન: આ ટાપુઓમાં પ્રવાસ માટેનો શ્રેષ્ઠ સમય ઑક્ટોબરથી મે મહિના સુધીનો છે. કેન્દ્ર સરકારે આ ટાપુઓને પ્રવાસના સ્થળ તરીકે વિકસાવ્યા હોવાથી પ્રવાસીઓની સંખ્યા કેટલાંક વર્ષોથી વધી છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના આશરે ૪૦૦ સ્વાતંત્ર્ય સૈનિકોને રાખવામાં આવ્યા હતા તે સેલ્યુલર જેલને હવે સંગ્રહાલય બનાવેલ છે; તથા તે અંગેનો ધ્વનિ અને પ્રકાશનો કાર્યક્રમ બતાવવામાં આવે છે. આ ઉપરાંત નૅશનલ મેમૉરિયલ, મરીન મ્યૂઝીઅમ, નેવલ મરીન મ્યૂઝીઅમ, ઝૂલૉજિકલ ગાર્ડન વગેરે સ્થળો પ્રવાસીઓને આકર્ષે છે.

વિશિષ્ટતાઓ: નિકોબાર ટાપુઓમાંનું પિગ્મેલાઈન પોઈન્ટ ભારતનું સૌથી વધુ દક્ષિણનું સ્થળ છે. હવે તે નામ બદલીને ઈન્દિરા પૉઈન્ટ રાખવામાં આવ્યું છે. તે કન્યાકુમારીથી પણ વધુ દક્ષિણે આવેલ છે. નિષ્ણાતોના મતાનુસાર આ ટાપુઓમાં અઢી લાખની વસતી ધરાવવાની શક્તિ છે. તેથી હાલની વસતી ધરાવવાને તે શક્તિમાન નથી. ત્યાં ખોરાક, કપડાં, કાગળ, ઈમારતી સામાન, પેટ્રોલિયમ પેદાશો વગેરે ભારતથી લાવીને, ઓછી કિંમતે આપવું પડે છે. અહીંની વધુ ભાગની વસતી દેશમાંથી આવીને વસી છે. મૂળ નેગ્રીટો જાતિનાં લોકોની વસતી ઘણી ઓછી છે.

અહીં ખેતી કરવા માટે જંગલો કાપી નાખવામાં આવે છે. પરવાળાના ટેકરા બહાર કાઢીને રસ્તા તથા ઈમારતો બાંધવામાં વપરાય છે. તેથી ત્યાંના કુદરતી વાતાવરણને ઘણું નુકસાન થાય છે. પરવાળા દૂર કરવાથી સમુદ્રના કિનારાનું ધોવાણ થાય છે. જંગલો કપાઈ જવાથી જમીનનું ધોવાણ થઈને સમુદ્રમાં જવાથી પરવાળા થતા અટકે છે.

કેટલાક ટાપુઓ ઉપર ત્યાંનાં મૂળ વતનીઓ હજી પણ રહે છે. તેઓ હજી પ્રાથમિક સ્વરૂપનું જીવન જીવે છે; અને સંસ્કારી લોકોના સંપર્કમાં આવવાનું ટાળે છે. આંદામાન ઉપરની મુખ્ય આદિવાસી જાતિઓ આંદામાની, સેન્ટિનેલી, ઓન્ગી અને નીરાવા - એ બધાં નેગ્રીટો કુળનાં લોકો છે. ગ્રેટ નિકોબારમાં શોમ્પેન જાતિનાં લોકો મોંગોલોઈડ કુળનાં છે. નીરાવાની સંખ્યા માત્ર ૨૦૦(બસ્સો)ની છે. તેઓ દક્ષિણ અને મધ્ય આંદામાનના પશ્ચિમ કિનારે વસે છે. નૉર્થ સેન્ટિનલ નામના એકલવાયા ટાપુમાં આશરે ૨૫૦ સેન્ટિનેલી આદિવાસીઓ રહે છે. તેઓ પ્રાચીન જીવન જીવે છે અને વિરોધી વલણ ધરાવે છે. તેઓ સંસ્કારી લોકો માટે મનમાં અવિશ્વાસ રાખે છે.

ગ્રેટ નિકોબાર ટાપુના અંતરિયાળ વિસ્તારોમાં વસતાં શોમ્પેન જાતિનાં આદિવાસીઓની આશરે ૨૦૦ની સંખ્યા છે. તેઓ હજી અર્ધ વિચરતું જીવન જીવે છે. □

તા. ૧૭-૧૧-૨૦૦૩થી ૧૫-૦૧-૨૦૦૪ દરમિયાન

'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. સી. એ. શાહ (અમદાવાદ)	રૂ. ૫,૦૦૧
૨. સંજય મશરૂવાલા (મુંબઈ)	રૂ. ૫,૦૦૦
૩. એમ. બી. કરાડિયા (યુ. કે.)	રૂ. ૩,૦૦૦
૪. પ્રમીલા જ. ઠક્કર (મુંબઈ)	રૂ. ૨,૦૦૦
૫. એક શુભેચ્છક (કોલકાતા)	રૂ. ૧,૫૦૧
૬. વિષ્ણુ પટેલ (પાટણ)	રૂ. ૫૨૬
૭. હેમેન્દ્રભાઈ શાહ (અમદાવાદ)	રૂ. ૫૦૦
૮. અરવિંદભાઈ ગજ્જર (ગોંડલ)	રૂ. ૨૫૦
	રૂ. ૧૭,૭૭૮

પ્રવાસન

ડૉ. પંકજ ઠાકોરભાઈ દેસાઈ

સામાન્ય રીતે પ્રવાસનો અર્થ રોજબરોજનાં કાર્યોમાંથી થોડો સમય મુક્ત થઈ ઘર તથા ધંધારોજગારના સ્થાનેથી કોઈ દૂરના સ્થળે જવું એમ કરી શકાય. તે સ્થળ પ્રાકૃતિક, ધાર્મિક કે કોઈ સ્થાપત્યકીય મહત્ત્વ ધરાવતું હોઈ શકે. આ તો થઈ પ્રવાસની સાદી સમજૂતી. પરંતુ માનવીનું જીવન જેમ જેમ વધુ ને વધુ વ્યસ્તતાભર્યું થતું જાય છે તેમ તેમ તેને પહેલાંના સમય કરતાં વધુ ને વધુ પ્રવાસ યોજી થોડા હળવા થવાનું ગમે છે.

પ્રવાસનની વિવિધ વ્યાખ્યાઓ : આજે તો બદલાતા વિશ્વમાં પ્રવાસને એક 'Well Managed Plan' (સુઆયોજિત યોજના) તરીકે જોવામાં આવે છે. આથી જ સમયાનુસાર તેને લગતું વિજ્ઞાન પણ વિકસ્યું છે. હુંઝકર અને ક્રાફના અનુસાર પ્રવાસન એટલે 'મુસાફરી તેમજ ઘરબહારનાં રોકાણોનો કાયમી નિવાસમાં ન બદલાય અને કમાણીની પ્રવૃત્તિ ન બની રહે એ રીતે એમાંથી ઉદ્ભવતી એક અદ્ભુત ઘટના અને સંબંધનો સરવાળો.' આ વ્યાખ્યાની વિશેષતા એ છે કે તે એક દિવસીય મુસાફરીઓ તથા ધંધાદારી મુસાફરીઓ વગેરેને બાકાત રાખે છે. ૧૯૩૭માં રાષ્ટ્રસંઘે કરેલ ભલામણ અનુસાર પ્રવાસન એક એવી સામાજિક પ્રવૃત્તિને આવરી લે છે કે જેમાં કોઈ વ્યક્તિ પોતે સામાન્યપણે રહેતી હોય તે કરતાં બીજા જ દેશની ૨૪ કલાક અથવા તેથી વધુ સમયગાળા માટેની મુસાફરી કરતી હોય છે. આ વિભાવનાની મર્યાદા એ છે કે તે સ્થાનિક પ્રવાસનને બાકાત રાખી આંતરરાષ્ટ્રિય પ્રવાસન પર ભાર મૂકે છે. ૧૯૬૩માં રોમ ખાતે મળેલા એક પ્રવાસન સંમેલને 'પર્યટક' શબ્દને સ્થાને મુલાકાતી શબ્દ મૂકવા ભલામણ કરી હતી તથા તેની વિભાવના આ પ્રમાણે આપી હતી: 'એવા દેશની મુલાકાત કે જે વ્યક્તિનો પોતાનો ન હોય કે સામાન્યતઃ ત્યાં પોતે રહેલી અથવા કામ કરતી ન હોય.' આ વિભાવના પણ સ્થાનિક પર્યટકોને બાકાત રાખે છે. જો કે તે એક દિવસીય મુલાકાતીઓની નોંધ લે છે. ૧૯૭૬માં બ્રિટનના પ્રવાસન સમાજે પોતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, 'પ્રવાસન એ એક હંગામી, ટૂંકી મુદતની લોક-પ્રવૃત્તિ છે. જેમાં લોકો પ્રવાસધામોમાં કે જ્યાં સામાન્ય રીતે તેઓ રહેતાં કે કામ કરતાં હોતાં નથી. ત્યાંની તેમના આ પ્રવાસધામમાં રોકણ દરમ્યાન એક પ્રવૃત્તિ છે, જેમાં એક દિવસની કે ટૂંકી મુદતની મુલાકાતનો પણ સમાવેશ થતો હોય છે.' ૧૯૮૧માં A.I.E.S.T. એ આ દૃષ્ટિકોણમાં થોડોક સુધારો કરતાં જણાવ્યું હતું કે, 'પ્રવાસનની વિભાવના કરવામાં પસંદગીપૂર્વક સ્વીકારીને ઘરના વાતાવરણથી દૂર રહીને કરવામાં આવેલ પ્રવૃત્તિનો સમાવેશ કરી શકાય. પછી આ પ્રવાસનમાં રાત્રિરોકાણ કરવાનું થાય કે ન પણ થાય તો પણ.' આમ, વિવિધ વ્યાખ્યાઓ પરથી ફલિત થાય છે કે પ્રવાસનના દૃષ્ટિકોણમાં ફુરસદના સમયની પ્રવૃત્તિઓવાળી તમામ અદ્ભુત ઘટનાઓના સ્વરૂપોનો સમાવેશ કરવામાં આવેલો છે. આજે રાષ્ટ્રિય, આંતરરાષ્ટ્રિય પ્રવાસનનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે. તેમાં બે વાત મુખ્ય છે: (૧) રાષ્ટ્રિય કે સ્થાનિક પ્રવાસ જેમાં પ્રવાસ દેશમાં જ કરવામાં આવતો હોય છે. જેમ કે પર્યટક દ્વારા તેના દેશમાં જ કરવામાં આવેલી મુસાફરી જેમાં મુસાફરીના પ્રારંભનું સ્થાન અને ગંતવ્ય સ્થાન બંને તે જ દેશમાં હોય છે. (૨) આંતરરાષ્ટ્રિય પ્રવાસન, જેમાં પ્રવાસ એક રાષ્ટ્રથી બીજા રાષ્ટ્ર સુધીનો હોય છે.

પ્રવાસનનાં સ્વરૂપ અને પ્રકારો : પ્રવાસનનાં સ્વરૂપ અને પ્રકારો સમાજનાં બદલાતાં જતાં મૂલ્યોના પરિપ્રેક્ષ્યમાં જ ઉદ્ભવે છે, જેના પરિણામે (૧) અર્થકારણનું સ્વરૂપ સંપત્તિમાં ધ્યાન વધારનારું, શ્રમનું વિભાજન કરનારું તેમજ તજ્જ્ઞતાવાળું બની જવા પામ્યું છે. (૨) બદલી શકાય તેવાં સાધનોની માફક પર્યાવરણને પણ ગણવું. (૩) નકારાત્મક પાસાંની કોઈ ગણતરી કર્યા વગર જ પારિસ્થિતિક તંત્રની મર્યાદાને ખેંચીતાણીને લાંબી કરવી. (૪) ઊર્જા-પદ્ધતિ સુધી પહોંચવાનાં લોકોના હક્કોને સતત ધોઈ નાખવા ઈત્યાદિ. કામ, આરામ, જાગવું, ઊંઘવું, પરિશ્રમ, આવક, ખર્ચ, કુટુંબ, સ્વતંત્રતા, જરૂરિયાત, જોખમ, સલામતી વગેરે જેવાં જુદાં જુદાં ક્ષેત્રોમાંથી પ્રવાસનનાં સ્વરૂપો ઉદ્ભવે છે. એ જ રીતે ગંદકી, ઘોંઘાટ, ઘસારો, પ્રદૂષણો તથા તકલીફ વગેરે આવા તણાવોની મુખ્ય અભિવ્યક્તિ છે. આવા સંદર્ભોમાંથી દૂર જવાની શક્યતા અત્યંત મહત્ત્વની છે. આજે સમાજના વિવિધ સ્તરોમાં પ્રવાસનું મહત્ત્વ સ્વીકાર્ય બન્યું છે. સરકાર, વિવિધ સંઘો આજે પ્રવાસન પ્રવૃત્તિને સહાય કરે છે તથા વિવિધ યોજનાઓ પૂરી પાડે છે. છતાં પ્રવાસન પ્રવૃત્તિમાં ખાનગી સાહસોનું પ્રદાન અમૂલ્ય છે તેની નોંધ લેવી ઘટે.

પ્રવાસનનાં જે સ્વરૂપો અને પ્રકારો ઊભરી આવ્યાં છે તે આ મુજબ ગણાવી શકાય: (૧) આરામદાયક કે શક્તિવર્ધક : રોજિંદા જીવનમાં આરામ મેળવવા કે હાથે કરવાનાં કામોને બદલે બેઠા હુકમો કરવાને લીધે ઊભી થયેલી સમાજની તાણદબાણયુક્ત સ્થિતિમાંથી મુક્તિ મેળવવા માટે. પ્રવાસની ગણતરી સમય પસાર કરવાના સાધન તરીકે અથવા પ્રવાસ-ધામોમાં જઈ રજાઓનું નુકસાની વળતર મેળવવા અથવા જેને રજાઓ કે વૅકેશનની મુસાફરી કે જે સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રિય રિસોર્ટ તેમજ દરિયાકિનારે રજાઓ ગાળવા પર પ્રકાશ ફેંકે છે

તેમાં થાય છે. (૨) મુક્તિ : પ્રવાસન એટલે રોજિંદી વાસ્તવિકતાથી કાલ્પનિક મુક્ત વિશ્વ તરફનું લોકોનું સમૂહગત ઉડ્ડયન (૩) ખબરઅંતર : કુટુંબીજનો તેમજ મિત્રો સાથે ગુણવત્તાભર્યો સમય પસાર કરવો, નવા મિત્રો તેમજ પરિચય કેળવવા. તે પ્રવાસન-જગતની સગવડો આનંદ ઉઠાવતું ટોળારૂપે જોવા મળતું આ સમૂહ પ્રવાસન છે. (૪) સંસ્કાર અને શિક્ષણ : આવું પ્રવાસન વિશ્વનાં અન્ય રાષ્ટ્રોને જો કે ઊંડાણપૂર્વક નહીં છતાં ઉપરછલ્લી રીતે સમજવા તેમજ જોવા માટે સ્થળદર્શન પર આધાર રાખે છે. (૪) સ્વાતંત્ર્ય : પ્રવાસન તમને ઘર તેમજ કામકાજમાંથી સ્વાતંત્ર્ય બક્ષે છે અને સુવિધાઓ તથા આરામનો અનુભવ કરવાની દિશામાં લઈ જાય છે. (૬) સ્વાસ્થ્ય : ગરમ તથા ઔષધયુક્ત પાણીથી કટિસ્નાન કરાવતાં સ્પાઝ (spas). વરાળસ્નાન કરાવતાં, લાંબા સમયની અસાધ્ય બિમારી માટે ઉપચાર કરતાં સ્વાસ્થ્ય કેન્દ્રોમાં આવું કંઈક કામકાજ કે યોગ કરવા માટે થતાં પ્રવાસોને સ્વાસ્થ્ય પ્રવાસન ગણી શકાય. (૭) વિશેષ રુચિ પર્યટનો : પર્યટકોની વિશેષ રુચિ અનુસાર ગોઠવાતા પ્રવાસનમાં તબીબી વિજ્ઞાન, ઐતિહાસિક, પુરાતાત્ત્વિક તેમજ ગૉલ્ફ કે માછીમારી જેવા અન્ય શૉખ માટે ગોઠવવામાં આવતાં પ્રવાસનનો સમાવેશ થાય છે. (૮) સાહસ તેમજ વન્ય જીવન : આધુનિક સભ્યતા, સંસ્કૃતિથી ઘણા દૂર પાલખી ઊંચકનારાઓ તેમજ નોકર-ચાકરો અને ખચ્ચરો, ઊંટો, હાથીઓ અથવા જીપગાડીઓ દ્વારા પ્રવાસનની મજા માણતા ટ્રેકિંગ અને હાઈકિંગ તથા પ્રથમ દરજ્જાની હોટલની સુવિધાઓવાળી કેમ્પલાઈફની મજા લૂંટવા માટેના પ્રવાસનનો આમાં સમાવેશ થાય છે. (૯) સંમેલન કે સભા પ્રવાસન : ફુરસદના સમયનું કામકાજ સાથે સંયોજન કરવા પ્રવાસધામોમાં થતાં સભા-સંમેલનો કે બેઠકોનાં આયોજનોનો પ્રવાસનમાં સમાવેશ થાય છે. પ્રવાસનનાં વિવિધ સ્વરૂપો વિવિધ પ્રકારનાં પર્યટકોને પ્રોત્સાહન પૂરું પાડે છે.

પ્રવાસન ઉપજ તરીકે ઈતિહાસ : ઈતિહાસ એ ભૂતકાળ અને વર્તમાન વચ્ચેનો વણથંભ્યો સંવાદ છે. આ ઈતિહાસ એની ખાસિયતો થકી આપણા માટે એક એવી અમીટ છાપ છોડી જાય છે જેમાં આપણા ગમા-અણગમાને કોઈ સ્થાન હોતું નથી અને જે ભૂતકાળ છે, વર્તમાનમાં અસ્તિત્વ ધરાવતું નથી, તેનું નિરંતર અનુમાનોને આધારે વર્તમાનમાં અસ્તિત્વ આપણે ઊભું કરવાનું હોય છે. વર્તમાન માટે ભૂતકાળ એટલો અગત્યનો હોય છે કે, આપણે આપણા વિગત સમયનો અહેવાલ રજૂ કરવા માટે સતત પ્રયત્નશીલ રહીએ છીએ અને આમ ઈતિહાસ સર્જાય છે.

આંતરરાષ્ટ્રિય પ્રવાસનક્ષેત્રે ભારત મહત્ત્વનું સાંસ્કૃતિક ધામ ગણાય છે એટલું જ નહીં, પરંતુ ઘરઆંગણે પણ પ્રવાસનમાં ઈતિહાસ અને તેની આડપેદાશ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. પ્રવાસન દ્વારા સાંસ્કૃતિક વારસાને માણવાની લોકોની અદમ્ય ઈચ્છા પોષાય છે. કદાચ પ્રવાસન એ જ એવો મહત્ત્વનો વિસ્તાર છે જ્યાં ઈતિહાસ એક આકર્ષણ, ખેંચાણતત્ત્વ અથવા પ્રવાસીઓને ઉપયોગી કેન્દ્રબિંદુ છે સાંસ્કૃતિક વારસો.

- પ્રવાસનને લગતું વિકાસ પામતું સાહિત્ય
- મુસાફરી તથા પ્રવાસન-લેખો
- ટૂરિસ્ટ ગાઈડ અને માર્ગદર્શકો દ્વારા આપવામાં આવતાં વર્ણનો અને અર્થઘટનો

ઐતિહાસિક સ્થળો અને સંગ્રહાલયોનો જોવાલાયક સ્થળો તરીકે પ્રવાસમાં સમાવેશ કરવો એ પ્રવાસન ઉદ્યોગનો જૂનો કસબ છે.

પ્રવાસમાં રસ વધવાની સાથેસાથે તેમાં ઈતિહાસની પ્રસ્તુતતા પણ વધી છે. જેમ કે જેઓને ચિત્રકલામાં રસ છે તેઓ મહારાષ્ટ્રમાં 'અજંટા'ની ગુફાઓ અથવા મધ્યપ્રદેશની 'ભીમબેટકા'ની ગુફાઓની મુલાકાત લેવાનું પસંદ કરશે. કિલ્લાઓ અને મહેલો પ્રવાસીઓને રાજસ્થાન તરફ આકર્ષે છે, જ્યારે મંદિર સ્થાપત્યના આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે; કારણ કે તે સંસ્કૃતિનું સાતત્ય અને પરિવર્તનનું ઉત્તમ ઉદાહરણ બની રહે છે. આ ઉત્સવો અને મેળાઓમાં યુગોજૂનાં રીત-રિવાજો અને પ્રણાલિકાઓ આધુનિક પરિવેશમાં સ્થાન પામે છે. લહેનો હેમીઝ ઉત્સવ, ગોવાનો કાર્નિવલ, પુષ્કરનો પશુમેળો અથવા કેરાલાની હોડીસ્પર્ધા ઉદાહરણીય છે. આ ઉપરાંત ખરીદી અને મનોરંજનના માધ્યમ તરીકે પણ પ્રવાસીઓ ઝવેરાત અને હસ્તકલાના નમૂનાઓ ખરીદતી વેળાએ તેના નકશીકામ તથા વસ્તુની પ્રાચીનતાનો ઈતિહાસ જાણવામાં ઘણો રસ દાખવે છે. આ ઉપરાંત ઐતિહાસિક સ્થળોએ ધ્વનિ અને પ્રકાશ શોનું આયોજન આપણી સમક્ષ ભુલાયેલા ઈતિહાસને જીવંત કરે છે. આ બધું જ પ્રવાસીઓને ભરપૂર મનોરંજન પૂરું પાડે છે. તેથી જ પ્રવાસન વ્યવસાય સાથે સંકળાયેલ વ્યાવસાયિકોને ઈતિહાસનું જ્ઞાન હોવું અત્યંત જરૂરી છે.

પ્રાચીન સંસ્કૃતિનાં પુરાવા-સ્થાપત્યો અને પ્રવાસન : ભારત એ ખરા અર્થમાં સ્થાપત્યોની ભૂમિ છે. દેશના કોઈ પણ ભાગમાં પ્રવાસ કરતાં મંદિરો, મકબરા જેવી ધાર્મિક ઈમારતો અને અન્ય બિનધાર્મિક ઈમારતો જેવી કે વાવ, કૂવા, તળાવ અને કિલ્લા કે પુલો લગભગ બધા જ વિસ્તારોમાં જોવા મળે છે. આ વિપુલ ખજાનો નિઃશંકપણે પ્રવાસન માટે પુષ્કળ સામગ્રી ધરાવે છે. એ જ રીતે શિલ્પસમૃદ્ધિ અને સાંસ્કૃતિક સાધનો જેવાં કે સિક્કા, ચિત્રો, કપડાં, શસ્ત્રો વગેરે ભારત આવતાં પ્રવાસીઓ માટે આકર્ષણનો વિષય છે. આ સમૃદ્ધ ખજાનાનો કેટલોક ભાગ

સફળતાપૂર્વક સંગ્રહ કરીને સંગ્રહાલયોમાં પ્રદર્શિત કરવામાં આવ્યો છે. આ ખજાનામાં જે સાંસ્કૃતિક પ્રવાસનનાં તત્ત્વો રહેલાં છે તે પ્રવાસન વ્યાવસાયિકો માટે ખૂબ જ ઉપયોગી છે અને તેનું યોગ્ય રીતે સંભાળપૂર્વક દસ્તાવેજીકરણ થવું જોઈએ. દેશની આવી સાંસ્કૃતિક સંપત્તિની તબક્કાવાર સંશોધનયાદી તૈયાર થવી જરૂરી છે, જેથી પાછળથી તેમાંનું કશું જ ગુમ થવાની શક્યતા ન રહે.

હરપ્પાકાલીન સંસ્કૃતિનાં કેન્દ્રો : હરપ્પા અને મોંહે-જો-દડો જેવાં સ્થળોએ થયેલાં ઉત્ખનનના અહેવાલ ઉપરથી હરપ્પા સભ્યતા વિશેની વિગતો ઉપલબ્ધ બની છે. ઈ.સ. ૧૯૨૧માં હરપ્પા સભ્યતાનાં અનેક કેન્દ્રો શોધી કાઢવામાં આવ્યાં છે, જેવા કે હરપ્પા, માહેં-જો-દડો, કાલીબંગન, લોથલ વગેરે.

સ્તૂપો : મહત્ત્વની વ્યક્તિવિશેષોના અવશેષો જમીનમાં દાટી દઈને સાચવી રાખવાની પ્રથા સદીઓ પહેલાં હતી. બૌદ્ધધર્મએ આ પ્રથા અપનાવી અને આવા અસ્થિ-અવશેષો ઉપર જે ઈમારત ચણવામાં આવતી તે સ્તૂપ તરીકે ઓળખાય છે. બૌદ્ધગ્રંથોમાં દર્શાવ્યા પ્રમાણે બુદ્ધના શરીરના આઠ ભાગ પાડીને તેમને જમીનમાં દાટી દઈ તેના ઉપર સ્તૂપ રચવામાં આવ્યા હતા. મૌર્ય સમ્રાટ અશોકના સમયમાં આ આઠ સ્તૂપોને ફરી ખોદી કાઢવામાં આવ્યા અને અસ્થિ-અવશેષોની ફેર વહેંચણી કરીને અન્ય નવા સ્તૂપો બાંધવામાં આવ્યા. આ સ્તૂપો બૌદ્ધધર્મનાં પવિત્ર સ્થાનો છે. આ સ્તૂપો ભક્તિ-પૂજાને કારણે એક ચોક્કસ પ્રકારનું સ્થાપત્ય વિકાસ પામ્યું છે અને એ સ્તૂપોને અલંકૃત કરવાની પણ શરૂઆત થઈ. કેટલાક મહત્ત્વના સ્તૂપો આ પ્રમાણે છે: (૧) બોધિગયા (બિહાર) (૨) સાંચી સ્તૂપો (મધ્યપ્રદેશ) (૩) ભારહુતનો સ્તૂપ (૪) અમરાવતી (૫) નાગાર્જુનકોંડા (આંધ્રપ્રદેશ)(૬) તક્ષશિલા વગેરે.

લોકપરંપરા અને હસ્તકલા : ભારતીય સંસ્કૃતિ બહુરંગી આયામો ધરાવે છે. તેનું સ્વરૂપ સર્જનાત્મક છે. વિવિધ રૂપે તે લોકોના જીવન-વ્યવહારમાં ગૂંથાઈ ગઈ છે. કથા, પ્રતીક અને સંગીત એ ભારતીય સાંસ્કૃતિક જીવનનાં અભિન્ન અંગ સમાન છે. એમાં સ્થાનિક અને પ્રાદેશિક રંગરૂપનો ઢોળ ચડાવવામાં આવેલો હોય છે. પરંતુ તેનાં અનુષ્ઠાનો અને મૌનમાં એક અદ્‌ભુત સામ્ય છે. સમગ્રપણે ભારતીય સંસ્કૃતિમાં એક આશ્ચર્યજનક વિવિધતા સમાયેલા છે. આ વિવિધ પરંપરાઓ એકબીજીને પ્રભાવિત કરતી જાય છે. ક્યારેક તો તે એકબીજીમાં મળી પણ જાય છે. કવચિત્ તે સાથે ચાલતી જણાય છે. આ રીતે ભારતની જીવંત સંસ્કૃતિનો (લોકપરંપરાનો) વિકાસ થયો. આ ક્રમમાં ગ્રામીણ તેમજ જનજાતીય લોકપરંપરાઓ તથા શાસ્ત્રીય પરંપરાઓની વચ્ચે અર્થસભર ચર્ચાઓ થતી રહી છે. આધુનિક સમયમાં દબાણો અને કામધંધાની દોડાદોડ વચ્ચે પણ ભારતીય સંસ્કૃતિએ પોતાની અસ્મિતા જાળવી રાખી છે. આ લોકપરંપરા બૌદ્ધિકોની વચ્ચે કેદ રહેવાને બદલે લોકોની વચ્ચે લોકકલાઓના રૂપમાં સ્વયંભૂ રીતે વિકસવા પામી છે. એ કારણસર અને તેની શાશ્વત ગુણવત્તાને લીધે પ્રવાસન લોકપરંપરા તરફ આકર્ષાવા લાગ્યું છે.

વિવિધ આદિવાસી સંસ્કૃતિઓ, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર વગેરેનાં પ્રાદેશિક લોકનૃત્યો, વિવિધ દંતકથાઓ વગેરે લોકપરંપરાનાં ઉદાહરણો છે. ભારતીય હસ્તકલા સંભવતઃ લોકપરંપરાની પ્રાચીનતમ પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. ભારતીય શિલ્પીઓએ પોતાની ભાવનાઓને શિલ્પના માધ્યમ દ્વારા એક સર્જનાત્મક અભિવ્યક્તિ આપેલી છે. શિલ્પીઓએ મુખ્યત્વે પથ્થર, લાકડાં અને ધાતુ પર પોતાની સર્જનાત્મક પ્રતિભા અંકિત કરી છે. લગભગ તમામ ગ્રામસમૂહોના પોત-પોતાના આગવા શિલ્પીઓ હોય છે. જે પોતાની ઉત્કૃષ્ટ કલાને વ્યક્ત કરે છે-આકારે છે. હસ્તકલાની પરંપરામાં ભારતીય સાંસ્કૃતિક પરંપરાની વિવિધતાની સ્પષ્ટ ઝલક મળી રહે છે. ભારતના સંદર્ભમાં જોઈએ તો લોકકલાઓની પ્રદેશવાર વિભિન્નતા સ્પષ્ટ જણાય છે. જેમ કે કાશ્મીર : ચાંદીના વાસણો, ગાલીચા, હાથીદાંતની વસ્તુઓ પેપરમેશિ, શાલ. પંજાબ : કાષ્ટશિલ્પ, ધાતુનાં વાસણો. હિમાચલ : શાલ, કાષ્ટશિલ્પ. ઉત્તરપ્રદેશ : ચાંદીનાં વાસણો, માટીનાં વાસણો, કાષ્ઠશિલ્પ, જરીકામ, ભરતકામ. પશ્ચિમબંગાળ : માટીની મૂર્તિઓ, કાષ્ટશિલ્પ, ભરતકામ. ઓરીસ્સા : કાગળ, ચિત્રાવલી, કાષ્ઠશિલ્પ. મધ્યપ્રદેશ : પથ્થરશિલ્પ, ભરતકામ. આંધ્રપ્રદેશ : ધાતુકામ, પથ્થરશિલ્પ. કર્ણાટક : હાથીદાંતની વસ્તુઓ, ચમકતાં માટીનાં વાસણો. તામિલનાડુ : ચટ્ટાઈઓ, કઠપૂતળી, કાષ્ઠકામ. કેરળ : ટોપલીઓ, મ્હોરાં, કાષ્ઠકામ. રાજસ્થાન : માટીનાં વાસણો, પથ્થરશિલ્પ, કાષ્ઠકામ અને ભરતકામ. ગુજરાત : કાષ્ઠકલા, ભરતગૂંથણ વગેરે અનુપમ છે.

ભારતીય કલામાં વણાટઉદ્યોગ પણ મહત્ત્વનો છે. ભારતીય વસ્ત્રનિર્માણ પરંપરાની શરૂઆત ઈ.સ. પૂર્વે બે-ચાર વર્ષથી થયેલ છે. વૈદિક સાહિત્યમાં પણ વણાટના ઉલ્લેખો મળી રહે છે. ઉત્તર વૈદિક યુગના ગ્રંથોમાં સુતરાઉ કાપડનો ઉલ્લેખ છે. અત્યારે વસ્ત્રોદ્યોગનું યાંત્રિકીકરણ થવા છતાં કેટલીક પરંપરાગત વણાટશૈલીઓ અસ્તિત્વ જાળવી રહી છે, જેમાં ગુજરાતમાં બનતાં રેશમી પટોળાં ખાસ પાટણની વિશિષ્ટતા છે. સાળવીઓ દ્વારા તે બનાવવામાં આવે છે. જામદાની પણ એક વિશિષ્ટ જાતનું ચિત્રિત મલમલ છે જે ઢાકા, પશ્ચિમ બંગાળ અને ટાંડા, ફૈઝાબાદ, ઉત્તરપ્રદેશમાં વણાતું હતું. જામદાનીના આ

સુતરાઉ કાપડમાં સુતરાઉ ને જરીના દોરાનું કામ કરાતું હોય છે. જામદાની સાડી પશ્ચિમ બંગાળમાં બનાવવામાં આવે છે. કાંથા સાડી બંગાળમાં બને છે જેમાં કાપડનું 'પૈબંદ' લગાવીને ભરતકામ કરવામાં આવે છે. કાંથા સાડી ઉપર પશુ-પક્ષીઓ, ઝાડ, વેલબુટ્ટા વગેરેનાં જીવંત ચિત્રો બનાવવામાં આવે છે. બંધેજ એ રાજસ્થાની સાડી છે જેને ત્યાંના હિન્દુ, મુસ્લિમ, ખત્રી પરિવારો આજે પણ બનાવે છે. જયપુર તેમજ જોધપુર તેની બનાવટ માટેનાં મુખ્ય કેન્દ્રો ગણાય છે.

ઉત્સવો અને ધર્મો : ભારત એ સંસ્કૃતિનું વાહક છે. ભારતમાં તેનાં મૂળ નિવાસીઓ સાથે સાથે અનેક વિદેશી આક્રમણકારો પણ આવીને વસી ગયાં તથા ભારતીય સંસ્કૃતિમાં પોતાની વિશિષ્ટતાઓ સાથે ભળી ગયાં. પરિણામે અનેકવિધ ઉત્સવો, ધર્મો વગેરેની પ્રચુરતા ધ્યાનાકર્ષક છે. મૂળ ભારતીય સનાતન ધર્મ, હિન્દુ, બૌદ્ધધર્મ, જૈનધર્મ, ઈસ્લામધર્મ વગેરે અનેક નાના-મોટા ધર્મો પાળતી પ્રજા આ દેશ તથા સંસ્કૃતિના અભિન્ન અંગ સમાન છે. ભારતીય પ્રજા ઉત્સવપ્રિય છે; આથી જ નાના-મોટા વારતહેવારે તે ઉત્સવ ઉજવવાની એક પણ તક ગુમાવતી નથી. ભારતમાં લોકમેળાની તો જાણે લખલૂંટ વણઝાર છે, જે તેની સંસ્કૃતિને વિશિષ્ટતા બક્ષે છે. કેટલાક મેળાઓ તો ખૂબ જ પ્રખ્યાત છે, જેમ કે તરણેતરનો મેળો, વૌઠાનો મેળો, ભવનાથનો મેળો, દશેરા નિમિત્તે મસૂરીનો મેળો, કેરલનો ઓણમ ઉત્સવ, અજમેરનો ઉર્ષ વગેરે અનેક મેળાઓ પ્રજાની ધાર્મિક, સાંસ્કૃતિક પરંપરાના પરિચાયક છે. ઉપરાંત ૨૬મી જાન્યુઆરી કે ૧૫મી ઑગસ્ટના રાષ્ટ્રિય તહેવારો પણ પ્રવાસીઓને આકર્ષે છે અને મેળા જેવું જ વાતાવરણ સર્જે છે.

સંગ્રહાલયો - પ્રવાસનનું આકર્ષણ : સંગ્રહાલયોમાં સાંસ્કૃતિક અને લોકપરંપરાના નમૂનાઓ સચવાયેલા હોય છે. જે જે-તે યુગની તત્કાલીન પરિસ્થિતિ, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક એમ દરેક પાસાની દ્યોતક હોય છે. આવાં સંગ્રહાલયો પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. ભારતમાં ૧૯૧૫માં અંગ્રેજોએ સંગ્રહાલયની સ્થાપના કરી હતી. અંગ્રેજ અધિકારીઓના પ્રશંસનીય કાર્યને પરિણામે 'પુરાતત્ત્વ સર્વેક્ષણ' તેમજ 'રૉયલ એશિયાટિક સોસાયટી'ની સ્થાપના થઈ અને પછી તો ઉત્તરોત્તર સંગ્રહાયલય-પ્રવૃત્તિ વિકસી તથા વૈજ્ઞાનિક ઢબે તેનું સંચાલન શરૂ થયું. સંગ્રહાલયમાં ખોદકામ દરમ્યાન પ્રાપ્ત વિવિધ અવશેષો ઉપરાંત વસ્ત્રો, કલાકૃતિઓ, છબીઓ, આભૂષણો, રાચરચીલું વગેરે અનેક ચીજોનો સંગ્રહ કરવામાં આવે છે, જે ભૂતકાળને જાણે કે સજીવન કરી આપે છે. શિલ્પ સંગ્રહાલય, રાષ્ટ્રિય આધુનિક કલા સંગ્રહાલય, ગાંધીસ્મારક સંગ્રહાલય, કૅલિકોનું વસ્ત્ર-સંગ્રહાલય, વાસણ-સંગ્રહાલય-અમદાવાદ, હૈદારાબાદનું સાલારજંગ મ્યૂઝીઅમ, ભૂજનું સંગ્રહાલય, વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિરનું સંગ્રહાલય વગેરે જિજ્ઞાસુની ઈતિહાસપિપાસા સંતોષે તેવાં ઉત્કૃષ્ટ છે. રાજાઓના મહેલો, કિલ્લા, સુલતાનો-બાદશાહો દ્વારા સ્થાપિત સ્થાપત્યો વગેરે પણ દર્શનીય છે.

વર્તમાન સમયમાં લોકોમાં પ્રવાસન અંગેની જાગૃતિ તથા અભિરુચિ પ્રતિદિન વધતાં જોવા મળે છે. હવે રજાઓ દરમ્યાન લોકો સગાં-સંબંધીઓને ત્યાં જવા કરતાં કોઈ નાનો-મોટો પ્રવાસન કરવાનું વધુ પસંદ કરે છે. તેથી તે અંગે સરકાર પણ વિવિધ પ્રવૃત્તિઓ ચલાવી રહી છે. મોટે ભાગે ઐતિહાસિક સ્થળોએ કે ધાર્મિક સ્થળોએ જે ભોમિયા હોય છે તે પેઢી -દર- પેઢી ચાલી આવતી દંતકથાઓ, જેમાં ઐતિહાસિક સત્ય ભાગ્યે જ હોય તથા કદાચ હોય તો અતિશયોક્તિપૂર્ણ પણ હોય તેવી વાતો, પર્યટકો સમક્ષ રજૂ કરતાં હોય છે. પરિણામે પર્યટક સાચા ઈતિહાસથી અજાણ રહે છે, ઊલટાનું ગેરમાર્ગે દોરાય છે. આવું ન થાય તેથી જ સરકારે વિવિધ કક્ષાએ પ્રવાસન અભ્યાસક્રમો ઘડી કાઢ્યા છે, જેની તાલીમ અનુભવી વિદ્વાનો દ્વારા અપાય છે. વળી, પ્રવાસનનાં અનેકવિધ ક્ષેત્રો છે. આથી તાલીમાર્થીઓને તેમના રસના વિષયમાં પારંગત કરવામાં આવે છે. આવા અભ્યાસ દ્વારા માન્ય થયેલા 'ગાઈડો' પર્યટકને સાચા અર્થમાં લોકપરંપરાઓ, સંસ્કૃતિઓ વગેરેનું રસપાન કરાવી શકે છે.

પ્રવાસનમાં અગત્યનું પાસું વાહન-વ્યવહાર તથા રહેવા-જમવાની સગવડનું છે. આથી જ ખાનગી ટ્રાવેલ કંપનીઓ પ્રસિદ્ધ પ્રવાસનધામોમાં પોતાની સેવાઓ પૂરી પાડે છે. ગુજરાત સરકારે પણ તોરણ રેસ્ટોરન્ટ તથા ગેસ્ટહાઉસની શ્રૃંખલા ઊભી કરી છે. વળી, રેલવે દ્વારા પણ આવાં ખાસ પ્રવાસન 'પૅકેજ' તૈયાર કરવામાં આવતાં હોય છે.

ઉપરોક્ત ચર્ચાના અંતે કહી શકાય કે ભૌતિક સુખાકારીમાં માનતો આજનો માનવી તેની નવુંનવું જાણવાની અદમ્ય ઈચ્છાને કારણે તથા મનોરંજનાર્થે પણ વિવિધ પ્રકારના પ્રવાસો ખેડતો રહે છે. આનાથી અર્થતંત્રને પણ ફાયદો થાય છે તથા અનેકોને રોજી-રોટી મળી રહે છે. આથી જ તાલીમ લીધેલ ગાઈડ તથા વિશ્વસનીય રહેઠાણની વ્યવસ્થા અને ટ્રાવેલિંગ પ્રવાસનક્ષેત્રે વધુ લાભ મેળવે છે.

પ્રવાસનક્ષેત્રોને વધુ ને વધુ લોકભોગ્ય બનાવવા માટે પ્રવાસન સાહિત્ય સરકાર તરફથી તથા ખાનગી સાહસો તરફથી નિયમિત રીતે પ્રકાશિત થાય તેવી યોજનાઓ પણ અમલમાં મૂકવી જોઈએ. સરકાર આજે આ બાબતે વધુ ધ્યાન રાખતી થઈ છે. પરિણામે વિવિધ માહિતીકેન્દ્રો પણ શરૂ કર્યાં છે. ❐

સમાંતર જીવન

મૂ. લેખિકા : સુનીતા દેશપાંડે અનુવાદ : અરુણા જાડેજા

૫. જ્યૉર્જ એલિયટ અને જ્યૉર્જ હેન્રી લૂઈસ

જ્યૉર્જ એલિયટ એટલે મૂળે તો મરિયમ ઈવાન્સ. દેખાવમાં સાવ સામાન્ય હતી. ત્રીસ વર્ષની થવા આવી છતાંયે તેનાં લગ્ન થતાં નહોતાં. બિચારી એકલી જ હતી. પછી તો એણે જૉન સ્ટુઅર્ટ મિલે 'વેસ્ટ મિન્સ્ટર રિવ્યૂ' નામે કાઢેલા નિયતકાલિકમાં કામ કરવાની શરૂઆત કરી. એ સમયના આ માસિકના માલિક ચૅપમેન અને તે પોતે એમ બે જણાં મળીને માસિક ચલાવતાં હતાં. અને તેમાંયે ચૅપમેનની પાસે તો બીજાંયે કામ હોવાથી એકલી મરિયમના માથે જ બધાં કામની જવાબદારી આવી પડી હતી. લેખ મંગાવવા, એનું સંપાદન, પ્રૂફો, પત્રવ્યવહાર એક કહેતાં હજાર કામ. આ બધું જ તે વિનામૂલ્યે કરતી હતી. વડીલોએ મૂકેલા થોડાઘણા પૈસા પર તેનું ગુજરાન થતું. પણ આ કામમાંથી તેને બહોળો અનુભવ અને તત્કાલીન વિચાર, સાહિત્ય વગેરેનું સારું એવું જ્ઞાન મળી રહેતું.



એ ચૅપમેનના ઘરમાં જ રહેતી હતી. ત્યાં અનેક લેખકો, વિચારકો વગેરેની અવરજવર થતી રહેતી. અનેક પાર્ટીઓ થતી. ચર્ચા, વાદવિવાદ ચાલતાં. એ બધાંમાં તે મોકળાશથી સહભાગી થતી. બધાં સાથે સલૂકાઈથી રહેતી. અનેક નામી વિચારકો સાથે આ પાર્ટી નિમિત્તે તેની ઓળખાણ થતી અને હર્બટ સ્પેન્સર જેવા સમવયસ્ક અને સમવ્યાવસાયિક સાથે ગાઢ મૈત્રી પણ થઈ. એ ચૅપમેનના ઘર પાસે રહેતો હતો. આથી મરિયમનો અને સ્પેન્સરનો પરિચય, સહવાસ વધતો જ ગયો. નાટકો, ઑપેરા વગેરેમાં સાથે જવું શરૂ થયું. ગપ્પાંગોષ્ટિ, ચર્ચા વગેરે ચાલુ રહ્યાં. બેઉ બુદ્ધિમાન, વિચારક, અનેક ગોષ્ટિમાં રસ લેનારાં. તો પછી મૈત્રીનું પ્રેમમાં રૂપાંતર થતાં વાર કેટલી ? જો કે સ્પેન્સરને તેનો બૌદ્ધિક સહવાસ જોઈતો હતો પણ એના માટે શારીરિક આકર્ષણ લગીરેય નહોતું, જે તેનું બદ્નસીબ જ હતું; જેની તેને પૂરેપૂરી જાણેય હતી. આથી સ્પેન્સરે તેને લગ્ન માટે નકાર દીધો તોય એમની મૈત્રી તો ચાલુ જ રહી. બેઉ જણાંએ એકબીજાંને એકબીજાંની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. આથી ગેરસમજ માટે કોઈ સ્થાન નહોતું. મરિયમ પ્રેમની ખૂબ ભૂખી હતી. આપણા પર કોઈ ઓળઘોળ થઈ રહ્યું છે - માત્ર તેટલા પરેય સમાધાન માનવાની તેની તૈયારી હતી. એક રૂપ છોડો તો બીજી અનેક બાબતોમાં તે અસામાન્ય જ હતી. અને જેની તેને જાણ જ નહીં, પૂરતું અભિમાનેય હતું. કોઈની પણ ટીકાને ગણકારવાનું તેની પાસે કોઈ કારણ જ નહોતું. પરંતુ સાહસ તો એક વાત થઈ અને માનસિક ગરજ એ બીજી જ. સમય આગળ સરકતો જતો હતો. ઉંમર તેત્રીસની થઈ તોયે 'પ્રૌઢ કુમારિકા' તરીકે જ તે ઓળખાતી હતી, જેનું મરિયમને અંદરથી ખૂબ દુઃખ થવું સ્વાભાવિક જ હતું. એક બુદ્ધિશાળી સ્ત્રી, પ્રતિભાશાળી લેખિકા, સુસ્વભાવી, બધાં સાથે હળીમળીને રહેનારી, બીજા માટે જીવ આપનારી વ્યક્તિ તરીકે અત્યાર સુધી તે સર્વત્ર લોકપ્રિય થઈ હતી. એને સમાજમાં ઘણું માન પણ મળતું. એ કાળે બીજી 'પ્રૌઢ કુમારિકાઓની' જેમ તે ઠઠ્ઠાનો વિષય બની નહોતી. છતાંય કોઈ આપણા પર અને આપણે કોઈ બીજા પર જીવ તોડીને પ્રેમ કરવો, એકબીજાં માટે જીવવું એવી આંતર ઊર્મિવાળી આ અસામાન્ય સ્ત્રી અંદરથી ખૂબ જ હતાશ થઈ ગઈ હતી, જે તેણે એ વખતે લખેલા કેટલાક પત્રોમાંથી ધ્યાનમાં આવે છે. હર્બટ સ્પેન્સરનેય આવી પરિસ્થિતિમાં અપરાધી જેવું લાગ્યું અને તેની સાથે લગ્ન કરવા માટે એ તૈયાર પણ થયો. પણ કોઈનો આવો ઉપકાર તેને જોઈતો નહોતો. તેનું સ્વાભિમાન જાગૃત હતું.

વર્તમાનપત્રમાં સાંસ્કૃતિક વિષયો પર લખાણ કરનારા જ્યૉર્જ હેન્રી લૂઈસ નામના સજ્જન સાથે તેની ઓળખાણ થઈ હતી. પણ એના વ્યક્તિત્વ કે બુદ્ધિની ચમક એકેય બાબતનો તેના પર પ્રભાવ પડ્યો નહોતો. દેખાવે ઠીંગણો, બેડોળ હતો. એક વિશિષ્ટ શાખામાં લેખક તરીકે તેનો હાથ પકડનારું કોઈ નહોતું એ સાચું પણ એનાથીયે કેટલાય શ્રેષ્ઠ વિચારકો, લેખકોને તે જાણતી હતી. આથી એનામાં તેણે ખાસ એવું કાંઈ ભાળ્યું નહીં. વળી, એ તો પરિણીતેય હતો. અને એની પત્નીએ તાજેતરમાં જ છઠ્ઠા બાળકને જન્મ આપ્યો હતો. ત્યાર પછી વરસેક બાદ એ હર્બટ સ્પેન્સર સાથે તેના ઘરે આવ્યો હતો ત્યારે થોડીક વાર પછી સ્પેન્સર તો જતો રહ્યો, તોયે એ બેઉ જણાં તો વાતોમાં રંગાઈ ગયાં. તે દિવસથી ધીમે ધીમે એમનો પ્રેમ વધતો ગયો અને તેને એ ગમવા લાગ્યો. એ બહારથી દેખાતો હતો તેવો છીછરો નહોતો એ વાત તેના ધ્યાનમાં આવી હતી.

સ્પેન્સરની જેમ લૂઈસ સાથેય તે નાટક, ઑપેરા વગેરેમાં જવા લાગી. અને એ પછી તેણે તેના અંગત જીવનની કરુણ કથની જાણ્યા બાદ એનો તેના માટેનો અભિપ્રાય સાવ બદલાઈ ગયો તથા પોતાની સાથે વણાઈ રહેલા એ નાતાનો અર્થ તેના ધ્યાનમાં આવતો ગયો.

અતિશય સુંદર દેખાનારી ઍગ્નેસ જર્વિસ સાથે લૂઈસનું લગ્ન થયું હતું. પણ પહેલાં ત્રણ બાળકો થયાં બાદ પોતાના પરિણીત મિત્ર હંટ સાથે ઍગ્નેસનો સંબંધ જોડાયો અને એ પછી હંટથીયે ત્રણ બાળકો થયાં. સ્ત્રી-સ્વાતંત્ર્ય તરફી પ્રગતિવાદી આચારવિચારવાળું આવું આ લૂઈસનું દાંપત્ય. આથી જ્યૉર્જ લૂઈસે પત્નીની સ્વૈર વર્તણૂકનો શરૂશરૂમાં વિરોધ કર્યો જ નહીં, ઊલટું પોતાના મિત્રથી તેને થયેલાં એ પહેલા બાળકને પોતાનું જ બાળક માનીને એને પોતાનું નામેય લગાડવા દીધું. આ પ્રકરણ એની મેળે ઠંડું પડશે એવું એ માનતો હતો. થઈ હશે ભૂલ, પણ આપણે તો સમજપૂર્વક છાવરી લેવી એવો ઉદાર વિચાર લૂઈસે કર્યો પણ ભૂલો તો થતી જ રહી. પછી માત્ર એની સહનશક્તિ ખૂટવા આવી. ઍગ્નેસ હવે પોતાની પત્ની રહી જ નથી એ એને સમજાઈ ચૂક્યું હતું. પણ એનાં છોકરાંઓને બાકી એ પોષતો રહ્યો જ. ઈંગ્લિશ કાયદો લગ્નસંબંધની બાબતમાં સાચે મજેદાર જ હતો. પરિણીત સ્ત્રીનું સ્વૈર વર્તન એને જરાયે ચાલતું નહીં. જે અંગેની શિક્ષાય ઘણી કડક રહેલી, પણ પોતાની પત્ની એવું વર્તન કરી રહી છે તો તેની ફરિયાદ પતિએ એ જ વખતે કરવી જોઈએ કે નહીં ? ત્રણ ત્રણ છોકરાં થતાં સુધી આ ભાઈસાહેબ બેસી રહે એટલે શું ? તો પછી ભોગવ તારા કરમનું ફળ ? લૂઈસને કાયદેસર છૂટાછેડા મળી શકે તેમ નહોતું. બિચારાને મોઢું દબાવીને મુક્કામાર સહન કરવો પડતો હતો.

આવી પશ્ચાદ્‌ભૂમાં મરિયમ સાથે થયેલી લૂઈસની મૈત્રી ઝડપભેર વધતી ચાલી. તેની જિંદગીમાં ક્યારેય નહીં તે હવે સમદુઃખી માણસ આવ્યો હતો. બેઉને સાચદિલ પ્રેમની ખાસ્સી જરૂર હતી. પછી તો એના માટે તેણે શું શું ન કર્યું ? એનાં લખાણ પરની ટીકાઓ છપાવવા ન દીધી. એ બિમાર થયો તો ભક્તિભાવથી સેવાશુશ્રૂષા તો કરી જ, પણ એ કાળમાં એને બદલે લખવાનું કામ પણ તેણે કર્યું. નાટક-બાટક બધું બંધ કર્યું. તબિયત સુધરી નહીં આથી તેને હવાફેર માટે લઈને તે પરદેશ ગઈ. ભેળો પ્રવાસ અને ભેળા રહેવાનું ખુલ્લેઆમ શરૂ થયું. અને ત્યાંથી માંડીને આગળ જતાં લૂઈસના મૃત્યુ સુધી અખંડ ચોવીસ વર્ષો જાણે લગ્ન થયેલાં યુગલની જેમ બંને સાથે રહ્યાં. પૂરા સુખે. દરેક ક્ષણ એટલી સુંદર કે તે ખૂટે જ નહીં એમ લાગતું. એમનો બૌદ્ધિક મેળ પણ કાંઈ એવો તે મળી ગયેલો કે કોઈનેય અદેખાઈ આવે. હરવું-ફરવું, લખવું-વાંચવું, બધું કાંઈ સાથે જ. રોજ રાત્રે ત્રણ ત્રણ કલાકો એકબીજાંને કવિતા શું કે બીજાં ઉત્તમોત્તમ પુસ્તકો શું, વાંચી સંભળાવવામાં જતા હતા. બેઉના દિવસનો મોટો ભાગ લખવામાં જ જતો હતો. કારણ કે ઉત્સ્ફૂર્ત લખાણની સાથોસાથ પૈસા માટે પરચૂરણ લખાણેય કરવું એમના માટે જરૂરી હતું. પોતાની સાથોસાથ લૂઈસની પત્ની અને તેનાં બાળકોનો વધી રહેલો ખર્ચોય આ બેઉને જ કરવો પડતો. પણ તેનાં લખાણોનો એક નિશ્ચિત આકાર હજુ તે પામી નહોતી. ભરયુવાનીમાં તેણે એક નવલકથા લખવાનો પ્રયત્ન કર્યો હતો. પણ એમાં તેની ખાસ પ્રગતિ ન થતા એ પ્રયાસ અડધોપડધો જ પડી રહ્યો. પોતે થઈને જ બધોય સંકોચ એકબાજુએ કરીને આ પહેલા જે ધીટતાથી તેણે સ્પેન્સરને સામેથી લગ્નની વાત મૂકી હતી એ જ ધીટતાથી તેણે લૂઈસને પેલી અરધી મૂકી દીધેલી નવલકથા સહજ વાંચી બતાવી. કોઈને પ્રેમ કરવો તો તે જીવ તોડીને. પછી એ શું કહેશે, કોઈને શું થશે, પોતાને આ શોભે છે કે વગેરે વિચારોનો ત્યાં અવકાશ જ કઈ રીતે હોઈ શકે ?

એ નવલકથાનું લખાણ આમ તો એવુંતેવું જ હતું. વળી, આજ સુધી પ્રસિદ્ધ થયેલું તેનું બીજું લખાણેય વર્ણનાત્મક જ હતું. આ સ્ત્રીમાં નવનિર્મિતિની ક્ષમતા હોઈ શકે એવું કાંઈ લૂઈસને થવું એ તો દૂરની વાત પણ તેને પોતાનેય એનો અંદાજ ત્યાં સુધીમાં ક્યારેય આવ્યો નહોતો. તેને દૂભવવી નહીં એમ માનીને લૂઈસે તેને નિરાશ કરી નહીં એટલું જ. પોતાની પાસેથી તેને પ્રોત્સાહનની ઘણીઘણી જરૂર હતી જે એનેય સમજાતું હતું. પણ નવલકથાના લેખન માટે આવશ્યક એવા કથાનકનું નાટ્યતત્ત્વ, પાત્રોના સંવાદો વગેરે એને ફાવશે કે કેમ એવી એને જબરદસ્ત શંકા હતી. તોયે પછી એણે તેને પુષ્કળ પ્રોત્સાહન આપે રાખ્યું. એના એ પ્રોત્સાહનથી તેનામાં આત્મવિશ્વાસ આવવા લાગ્યો અને સાચ્ચે જ તે લખવા બેસી ગઈ.

દરેક વાતનો ચારેકોરથી વિચાર કરનારી બુદ્ધિશાળી વ્યક્તિને ભાવના હોઈ શકે, એનું મન સંવેદનશીલ હોઈ શકે, કાવ્યાત્મક હોઈ શકે એવું માનવા માણસો તૈયાર જ હોતાં નથી. પણ પછી તો તેનું એ લખાણ પૂરું થયાં બાદ જ્યારે તેણે વાંચી બતાવ્યું ત્યારે એની બધી શંકાનું નિવારણ તો થયું એટલું જ નહીં, એની આંખો ખુશીથી ભરાઈ આવી.

જ્યૉર્જ એલિયટની આ પહેલવહેલી નવલકથાનાં પ્રકરણો એક પછી એક પ્રસિદ્ધ કરવા માટે લૂઈસ પ્રકાશક પાસે લઈ ગયો. ત્યારે આ લખાણ ઉપનામથી પ્રસિદ્ધ થઈ રહ્યું છે એવી કલ્પના પ્રકાશકને થઈ હતી. પણ જ્યૉર્જ સ્ત્રી હશે એવી કોઈનેય

શંકા આવી નહીં.

મરિયમ ઈવાન્સ અને જ્યૉર્જ હેન્રી લૂઈસનાં કાયદેસર લગ્ન થઈ શકતાં નહોતાં. અનૌરસ સંતાનોને જન્મ આપીને બાળકનું ભવિષ્ય બરબાદ કરવાનું પાપ આ પ્રેમાળ યુગલના હાથે થવું શક્ય નહોતું. સિવાય તેણે સ્વીકારેલી (લૂઈસની પત્ની અને તેનાં બાળકોની) આર્થિક જવાબદારીના લીધે જ તેમને પોસાય તેમ પણ નહોતું. આથી મોટે ભાગે તો બાળકોની હોંશ પ્રત્યક્ષ પૂરી પાડવાની ઈચ્છામાંથી આ 'જ્યૉર્જ એલિયટ'ને જન્મ આપ્યો હોવો જોઈએ. જ્યૉર્જ લૂઈસ નામમાંનું જ્યૉર્જ અને 'ઈવાન્સ' પરથી 'એલિયટ' એવું આ મિશ્રણ હતું. નવલકથા તેણે પોતે એકલીએ જ લખી હતી. આ જબરદસ્ત લેખિકા તરીકેય પોતાના પગ પર ઊભી હતી. એનાં બધાં જ સર્જનની મા-બાપ બંને તે પોતે જ હતી. ફક્ત થોડાંક ભાવનાત્મક કારણો ને લીધે આ પહેલી પ્રસૂતિ થવા માટે તેવી જ એકાદી સુયાણીની મદદની જરૂર હતી એ કામ લૂઈસે પ્રેમે કર્યું એવું કહેવામાં વાંધો નથી. એ તો ફક્ત નિમિત્તમાત્ર હતો. પણ તેના લીધે આ બંનેનો સંગમ સરવાળે ઈંગ્લિશ સાહિત્ય માટે વરદાનરૂપ જ ઠર્યો.

સાચું કહો તો સ્ત્રીપુરુષોના આંતર્બાહ્ય મેળાપ જેટલું સોહામણું ભાગ્યે જ કંઈ હોઈ શકે. પણ આવી રીતે એકજીવ થયેલાં યુગલો માટે ય જે તે કાળના સમાજે છાતીએ બાંધી રાખેલાં નીતિનિયમોની કસોટીમાંથી પાર ઊતરવું અતિશય પીડાદાયક ઠરતું આવ્યું છે. આમ જોવા જઈએ તો કાર્લાઈલ પતિ-પત્ની પણ કેટલાં ઉમદા માણસો ! વિચારક, બુદ્ધિમાન. કાળાનુસાર બધું કાંઈ ગતિશીલ થવું જોઈએ, નવીનવી કલ્પના નિર્માણ થવી જોઈએ. ટૂંકમાં, 'કાળ પાછળ પડ્યો, થોભ્યો તે પત્યો' એવું જ માનનારા આ કાર્લાઈલ દંપત્તીને લગ્નસંસ્થાની જરા જેટલીયે ચલવિચલતા માન્ય નહોતી. લગ્નસંસ્થાના પાવિત્ર્યનું જતન કરવાની ખરી જવાબદારી તો સ્ત્રીની છે એવું તેમને પણ લાગતું. પતિ કોક બીજી સ્ત્રી પ્રત્યે આકર્ષિત થયો તો પત્નીને દુઃખ થવું સ્વાભાવિક જ છે. પણ એનાથીયે વટીને 'અન્યાય અન્યાય' કહીને તેણે બંડ પોકારવું એ સભ્યતાનું જરાય લક્ષણ નથી. એમાંયે પાછું એકાદી સ્ત્રીની પરિણીત પુરુષ સાથેની મૈત્રી હોવી અથવા એકાદી પરિણીત સ્ત્રીને પરપુરુષનું આકર્ષણ થવું એ તો મોટું પાપ હતું. ખાસ તો સમાજમાં પ્રતિષ્ઠા પામેલાં વિચારકો, લેખક-લેખિકા એમનાં માટે તો પોતાના આચરણ પર જ આ નીતિમૂલ્યો ટકાવી રાખવાની જવાબદારી રહેલી હોય છે. આવી પરિસ્થિતિમાં જ્યૉર્જ એલિયટ જેવી (કુરૂપ) સ્ત્રીએ જ્યૉર્જ હેન્રી લૂઈસ જેવા (કુરૂપ જ) પરિણીત પુરુષ સાથે ઊજળા માથે રહેવું એને શું કહેવું ? અને તોય આ સ્ત્રીને પ્રતિષ્ઠિત લેખિકા તરીકે ઈંગ્લિશ સમાજમાં માન મળવું ? આ સમાજ જઈ રહ્યો છે ક્યાં ? કાર્લાઈલ પતિ-પત્નીની તો મતિ જ ખૂટી પડી હતી.

જ્યૉર્જ એલિયટ જેવી બાઈને પ્રેમમાં પડ્યાં પછી આ લગ્ન કરવાં એ જ લગ્નસંસ્થાના કાયદેસર ચોકઠામાં બેસતું નહોતું. લગ્નસંસ્થા મૂળે તો દયનીય અવસ્થાએ પહોંચી છે. આ કાયદા અન્યાયી છે એ વાત કાર્લાઈલ દંપતીને સમજાઈ નહીં એ જ બદનસીબ હતું. પણ જ્યૉર્જ એલિયટના દરેક બાબતમાં તવાઈ તવાઈને કસદાર થઈને ઊતરેલા, ફક્ત સદ્અસદ્ વિવેકબુદ્ધિની કસોટીને જ માન્ય રાખનાર એવા નિશ્ચિત મત હતા જેના પર તે દૃઢતાથી ઊભી હતી. તેને એકેય મહોરુ પસંદ નહોતું. આ બાબતમાં પછી બીજાના મતની તેને પરવા નહોતી. પણ તે બીજું કોઈય કેમ ના હોય ? તેના આ મત જ્હૉન મિલ અને હેરિયટ ટેલર જેવા જ હતા. ફેર એટલો જ કે ઊક્તિ પ્રમાણે કાર્ય કરવામાં તે અચકાતી નહોતી. સર્વસામાન્ય લોકોને લૂઈસની પત્નીનો અને હંટનો સંબંધ (હંટની પોતાની પત્ની અને લૂઈસની પત્ની ઍગ્નેસ બેઉનેય એક જ પખવાડિયામાં સુવાવડ આવવાનો સંજોગ થયો હતો) તેમજ લૂઈસ અને જ્યૉર્જ એ બેઉની વચ્ચેની સગાઈ એમાંનો તફાવતેય સમજાતો નહોતો. ઍગ્નેસ અને જ્યૉર્જ એલિયટ બંને સ્ત્રીઓ જ હતી, એ તો સાચું પણ એ બેઉની તુલના જ થઈ શકે તેમ નહોતી. આ સ્ત્રી કાળનેય વટાવીને આગળ જનારી, નિર્ભય અને અસામાન્ય જ હતી. પણ તોયે પોતાના મિત્રમંડળે, વિચારકોએ પણ સત્ય હકીકત સમજવી એવી તેની અપેક્ષા હોવી સ્વાભાવિક જ હતું. પણ પ્રતિષ્ઠિત વિચારકોનેય સમાજમાં ફરતી વખતે સત્યની બાબતમાં 'ન બ્રૂયાત સત્યં અપ્રિયાય' આ નિયમ તોડવો પીડાદાયક લાગતો હોય છે. એનું તો તેય શું કરી શકે ? પેલા લોકોય શું કરી શકે ?

કાર્લાઈલ દંપતીની આ પ્રકરણ અંગેની પ્રતિક્રિયા મૂળ પુસ્તકમાં વાંચવી જોઈએ. તેનો સારાંશ આપવો તો અઘરું જ ! ખરેખર તો ટૉમસ અને જેન કાર્લાઈલ તથા જ્યૉર્જ એલિયટ અને લૂઈસ આ બંને યુગલમાં કેટલાંક અત્યંત મહત્ત્વનાં સામ્યસ્થાનો હતાં. પોતાનાં પુસ્તકો એ બેઉનેય પોતાનાં બાળકોની જગ્યાએ હતાં. બેઉની બાબતમાં એમના ખાનગી જીવનનું, પુસ્તકોને મળનારી પ્રતિષ્ઠા પર કોઈ જાતનું પરિણામ થયું નહોતું. પણ વૈયક્તિક બાબતોમાં બીજા અનેક લેખકો પ્રમાણે કાર્લાઈલ પતિ-પત્નીને અને લૂઈસને સુધ્ધાં પ્રતિષ્ઠિત ઘરોમાં પાર્ટીનાં આમંત્રણો રહેતાં. આ બાબતમાં જ્યૉર્જ

એલિયટનો બહિષ્કાર થયો હોય તેવું જણાઈ આવતું.

એની નવલકથાઓની સંખ્યાની સાથોસાથ એની કીર્તિય વધતી ગઈ અને લૂઈસ એ પ્રમાણમાં સામાન્ય જ રહ્યો. પણ એ ભૂમિકામાં નાનપ ન માનતા એ તેને મદદ કરતો રહ્યો. એનાં પુસ્તકોનો વ્યવહાર અને પત્રવ્યવહાર સાચવવો, એનું મન દુભાય નહીં તેવા એના વિરુદ્ધ લખાયેલા એકાદા પત્રમાંનો કે છાપામાંનો હવાલો તેની નજરે ના પડે તેની દક્ષતા ચાલાકીથી રાખતો. આથી પત્ની કરતા પોતે શ્રેષ્ઠ છે એવું માનનારા પતિ કરતા એના યશમાં સુખ માનનારો સાથીદાર એને અધિક ઉમદા લાગતો હતો. અનેક બાબતોમાં ખાસ્સું એવું અંતર જણાતું પણ એ અંતરના લીધે જ કદાચ તે બંને બંધાઈ ગયાં હતાં.

લૂઈસને જ નહીં, એના છોકરાઓને પણ એણે એટલો જ પ્રેમ કર્યો. એમના શિક્ષણની અને સ્વાસ્થ્યની જવાબદારી ખુશીથી સ્વીકારી.

લગ્નના કડવા અનુભવને લીધે લૂઈસની અને પોતાની ઊણપોની જાણ હોવાથી એની પોતાનીય, જીવન પાસેથી મૂળે અપેક્ષા જ મર્યાદિત હતી. બેઉને ઐહિક ખેંચાણ ખાસ નહોતું. આથી એ લગ્નબાહ્ય સંબંધોને લીધે સમાજે તિરસ્કાર્યાં હોવાથી બેઉના ભાગે દુ:ખ જ આવ્યું હતું. આથી એકમેકના સહવાસમાં એમણે સ્વર્ગ ઊભું કર્યું હતું. કોક કાલ્પનિક કથાનકના નાયક-નાયિકાની જેમ તે બેઉ સુખે જીવ્યાં. પોતાનું સુખ નજરાઈ ન જાય એવી એક જ બીક તેના મનમાં સદાયે વ્યાપી રહેતી. ઉંમર વધતી જતી તેમતેમ મૃત્યુના વિચારોય સતત આવવા લાગ્યા. બેઉની તબિયતેય ક્યારેય કથળી તો નહોતી જ. છેવટે લૂઈસ તેના પોતાના અને જ્યૉર્જનાયે સાઠમા વર્ષે મૃત્યુ પામ્યો.

લૂઈસના મૃત્યુથી તે એવી તો ભાંગી ગઈ હતી કે તેને તેની પોતાની જિંદગીનો કોઈ જ અર્થ દેખાતો નહોતો. રડીરડીને તે આકળવિકળ થઈ હતી. આવા સમયે લૂઈસનો દીકરો ચાર્લ્સ એ ફક્ત તેની સાથે માત્ર સંવાદ સાધી શકતો હતો. બાકી એણે પોતાને કોટડીમાં પૂરી લીધી હતી. લૂઈસના બાકી રહેલાં લખાણો પ્રસિદ્ધ કરવા માટે એકાદી શિષ્યવૃત્તિ રાખવી, ફક્ત એટલા માટે જ જીવવું બાકી હતું અને ખાવાપીવાનું બધું જ ઓછું કરી નાખતા તે સાવ મરવા પડી હતી. લખાણ-બખાણ સાવ બંધ હતું. એવો ચાર મહિનાનો ગાળો ગયો.

શિશિર પણ એક ઋતુ છે. બારેય મહિના અડ્ડો લગાવી બેસવું એને માટે શક્ય જ નહોતું. એની પાછળ એને ધકેલતી વસંતઋતુ પણ આવતી જ હોય છે.

આવડી મોટી આ લેખિકા, એનો વ્યાપેય તેવડો જ મોટો હતો. આર્થિક વ્યવહાર મોટા હતા. લૂઈસના મૃત્યુ પછીયે એની પત્નીની, બાળકોની પૌત્રાદિનીયે આર્થિક જવાબદારી તેણે પોતાના જ માથે રાખી હતી. આ બધી જવાબદારી સંભાળવા એની સખીનો પુત્ર વૉલ્ટર ક્રૉસ મદદ કરતો હતો. એ એનો ભાણિયો જ થયો હતો. લૂઈસના મૃત્યુ પછી એ ચાર મહિનાના ગાળામાં તે સાવ જ પરવશતાએ પહોંચી હતી. એકેય કામ તેનાથી ઉપાડાતું નહોતું. એમાંય એની એ સખીય ગુજરી ગઈ અને વૉલ્ટર ક્રૉસ પણ નોધારો થયો. એ દુ:ખમાંથી ઊગરવા એમને એકબીજાં સિવાય કોઈ જ નહોતું.

ક્રૉસ બૅન્કર હતો. માંડ ચાળીસ વર્ષનો. એના કરતા વીસ વર્ષે નાનો હતો. તેના માટે એને અતિશય આદર હતો. તેનો બધો વ્યાપ સંભાળવાનું કામ એણે પોતાના પર લઈ લીધું અને એ બદલામાં સાંસ્કૃતિક દૃષ્ટિએ એને સંપન્ન કરવાની પોતાની જવાબદારી છે એવું માનીને તે એની શિક્ષિકા બની. આગલા વર્ષ દરમિયાન ડૅન્ટિના ઇન્ફર્નોથી માંડીને શરૂ કરીને મોટામોટા ગ્રંથો વાંચવા, વાક્યેવાક્યે ચર્ચા કરવી વગેરેમાં એ લોકોએ પોતાની જાતને સમાવી દીધી. બેઉને જીવનમાં રસ પડવા લાગ્યો. એના આગ્રહથી લઈને તે ફરી પિયાનો વગાડવા માંડી. ડૅન્ટિનાં એ કાવ્યોએ નોધારા થયેલા આ દુ:ખી જીવોને ભેગા કર્યા. અને લૂઈસના મૃત્યુ પછી દોઢ વર્ષે સાવ સાદા સમારંભમાં એ બંને વિવાહબદ્ધ થયાં.

અપ્રત્યક્ષપણે તેણે પોતાની આસપાસનાંને અણસાર આપ્યો હતો પણ એમાંથી એકેયને આ વાત રુચવાની નથી એની એને ખાતરી હતી. તેણે લગ્નમાં કોઈનેય બોલાવ્યાં નહીં. લગ્ન પછી તરત જ તે બંને કૉન્ટિનેંટના પ્રવાસે નીકળી ગયાં.

તેનો લૂઈસ સાથેનો ચાળીસ વર્ષનો લગ્નેતર સંબંધ જેમ બીજાને ખૂંચતો હતો તેવી જ રીતે વીસ વર્ષે નાના એવા પુરુષ સાથે જોડાયેલો કાયદેસર લગ્નસંબંધ પણ ખૂંચવો સ્વાભાવિક હતો. સાચા અર્થે બુદ્ધિમાન એવા યુવાનો ઘણી વાર પોતાની જીવનસંગિની તરીકે અલૌકિકમાં જ રસ લેનારી અનુભવી સ્ત્રી જ પસંદ કરતા હોય છે તે તેને જણાઈ ચૂક્યું હતું.

લૂઈસનો દીકરો ચાર્લ્સ માત્ર તેના પક્ષે ઊભો રહ્યો. એને તેના માટે માન જ નહીં, કૃતજ્ઞતાની લાગણીયે હતી. તે ક્યાંય ચૂકી ગઈ છે એવું એને લાગ્યું નહોતું. આખરે તો માણસનું સુખ એ જ મહત્ત્વનું. તે સુખી રહે એવી જ એના પિતાની પણ ઇચ્છા તો હતી જ ને ? અને પતિ-પત્નીમાં ઉંમરનું અંતર કેટલું હોય એ તો જેનો તેનો વૈયક્તિક પ્રશ્ન હતો. માણસમાં સહૃદય સમજશક્તિની સાથે જ ઊણપોય હોય એ તદ્દન કુદરતી છે એ વસ્તુસ્થિતિની તેને પોતાને જ જાણ ન હોત તો એ આટલી મોટી લેખિકા થઈ જ કેવી રીતે શકી હોત ?

પણ પ્રશ્ન ફક્ત ઉંમરનો નહોતો. ચોવીસ વરસ સુધી એક માણસને પ્રેમ કર્યા પછી કોઈ બીજાને તેવો જ પ્રેમ થઈ શકે ?

પ્રેમ તો ચિરંજીવ હોય. એ તો એક જ વાર જન્મ લેતો હોય. ખુદ શેક્સપિયરે જ હૅમ્લેટના મોઢે એ જ તો વદાવડાવ્યું છે ને ? તો પછી આવડી મોટી લેખિકાનેય આ વાત કેમ સમજાઈ નહીં ?

બીજા કોઈ માટે કાંઈક કરતા રહેવામાં, ત્યાગમાં, કોઈ પરથી ઓળઘોળ થઈ જવામાં માણસ સાચું સુખ પામે એવું એને થતું રહેવું અને તેના જેવી ઉમદા વ્યક્તિએ પોતાના પર રાખેલો વિશ્વાસ સાર્થક કરી બતાવવો એ જ આપણું ધ્યેય હોવું જોઈએ એવું ક્રૉસને થયા કરવું એમાં ભૂલ શાની ? પ્રેમ કરવો, કોઈએય કરવો, કેવોય કરવો, કોઈ પરેય કરવો, પણ પ્રેમ કરવોને ? આ નશ્વર જગતમાં જીવિત રહેવાનો એ જ એક આધાર છે. સંગાથ શોધવો અને જીવ જડી દેવો એ જ તો જીવંતતાનું લક્ષણ પણ છે, પ્રત્યેક પ્રાણીમાત્રની જરૂરિયાતેય છે. પ્રેમની કેવી વિધવિધ છટાઓ હોય છે ? એમાં કોઈએ પોતાનો એક ઑર રંગ ભરી દીધો તો બગડ્યું ક્યાં ?

૧૮૮૦ના મે મહિનામાં તેનાં લગ્ન થયાં અને મધુરજની માટે બેઉ જણ વેનિસ ગયાં. શહેરમાં જોવા જેવી અનેક બાબતો જોવામાં અને રસ્કિને કરેલા વેનિસનાં વર્ણનો વાંચવામાં પંદર દિવસ જતા રહ્યા.... ત્યાં તો ક્રૉસ અચાનક માંદો પડ્યો. તાવ વધતો ગયો અને એના સનેપાતમાં એણે હોટલની બાલ્કનીમાંથી ગ્રૅન્ડ કૅનાલમાં ભૂસકો માર્યો. સદ્‌નસીબે મછવારાઓએ એને બહાર કાઢ્યો. પછી તો ડૉક્ટરી તપાસ, ઉપચાર, સેવા, શુશ્રૂષા, એનાં સગાં-સંબંધીને બોલાવી લઈને એમની સાથે વચ્ચે ક્યાંક ક્યાંક રોકાતાં, સંભાળતાં સાચવતાં થતો રહેલો એ કાળનો પ્રવાસ. બધો જ ભાર તેના પર આવી પડ્યો હતો. ઈંગ્લન્ડથી પાછાં આવીને પણ એને પૂરેપૂરો સાજો થતા કેટલાક મહિના થયા. એણે પોતાના માટે નદીકિનારે સુંદર ઘર લીધું હતું. એ તૈયાર થયા પછી વિશાળ ગ્રંથસંગ્રહ સાથે ઘર બદલવાનું કામ, બિમારીમાંથી ઊઠેલા જ્યૉર્જે ઉત્સાહભેર કર્યું. નવા ઘરમાં જઈને પંદર દિવસ થયા ન થયા ત્યાં તો એ પોતે જ માંદી પડી. તેને થોડુંક અસુખ લાગતાં જ ડૉક્ટરોએ આવીને તપાસી અને દવાયે આપી. પણ ક્રૉસની આંખ સામે બીજા દિવસે તે મૃત્યુ પામી. તેણે પોતાની આટલી મોટી માંદગી વેઠી પણ એ માત્ર તેના માટે કાંઈ જ કરી શક્યો નહીં. મેમાં લગ્ન થયું અને ડિસેમ્બરમાં બધો ખેલ ખલાસ થયો ! જેમતેમ પહેલા પંદર દિવસ છોડતા આ સાત-આઠ મહિનામાં બધોય સમય માંદગીમાં જ ગયો.

મરણાન્તાનિ વૈરાણિ કહેવાય છે તે સાચું, પણ તેના મૃત્યુ પછી પણ લોકોએ, તેના પરનો રોષ ભૂલવાનું નકાર્યું હતું. હશે મોટી લેખિકા, પણ સ્ત્રી તરીકે 'અનીતિમાન' ઠરાવાયેલી જ્યૉર્જ એલિયટ માટે વેસ્ટ મિન્સ્ટર ઍબિની સ્મશાનભૂમિનાં બારણાંયે બંધ જ રહ્યાં. □

અનુસંધાન] સ્થાપત્યનાં સીમાચિહ્નો : ૨ [પૃ. ૧૦૭થી

રેતી ભરીને જમીનને ઢાળ આપી દેવાતો હશે. આમ, ઉપરનું ચણતર શક્ય બનતું હશે. પિરામિડની રચનામાં વપરાયેલ પથ્થરના મૂળ સ્રોત વિષે વિવિધ માન્યતા પ્રવર્તે છે.

ગિઝાના મુખ્ય પિરામિડ માટે આશ્ચર્ય એ છે કે તેમાં આવેલા રાજાના કક્ષમાં તેનું મમી મુકાયું હોવાનો ક્યારેય ઉલ્લેખ નથી થયો. આનાં વિવિધ કારણો ઇતિહાસકારોએ આપ્યાં છે. પણ અગત્યની વાત એ બની રહે છે કે જો રાજાનું મમી ખરેખર આ પિરામિડમાં મુકાયું જ ન હોય તો આટલી મોટી ઈમારતની રચના વ્યર્થ જ ગણાય ને !

આમ તો ગિઝાના આ પિરામિડની બાજુમાં રાજા ખાફરે તથા રાજા મેનકારે દ્વારા બનાવાયેલ બીજા બે પિરામિડો પણ છે, જેમનું પાયાનું ક્ષેત્રફળ અનુક્રમે ૨૧૬.૦૦ x ૨૧૬.૦૦ મીટર તથા ૧૦૯.૦૦ x ૧૦૯.૦૦ મીટર છે. પણ આ બે પિરામિડ કરતાં ખાફૂનો મુખ્ય પિરામિડ સૌથી નોંધપાત્ર છે. આ ત્રણે પિરામિડની દક્ષિણે મહાન સ્ફિંક્સ પણ બનાવાયેલ છે.

મૃત્યુ પછીના જીવન માટે વિશ્વમાં જેટલાં પણ મકાનો રચાયાં હશે તેમાં સૌથી વિશાળ તથા ભવ્ય ગિઝાનો મુખ્ય પિરામિડ છે. તે જ રચનામાં રખાયેલ ભૌમિતિક ચોકસાઈ, તેને બનાવવા અજમાવાયેલ ઈજનેરી અભિગમ, ખેતી સિવાયના સમયગાળામાં ૨૦ વર્ષ સુધી ઉપયોગમાં લેવાયેલ વિપુલ માનવ-શ્રમ, ત્યાંની આબોહવાના વિપરીત સંજોગોમાં પણ ચાલુ રહેલ બાંધકામ, ૫૦ સૈકા સુધી વિશ્વની સૌથી ઊંચી ઈમારત હોવાનો દરજ્જો તથા તેની રચનામાં જે રીતે સમય, શક્તિ તથા સામગ્રીનું આયોજન થયું હશે તેને જોતાં ગિઝાના આ પિરામિડને વિશ્વસ્થાપત્યનો ઉલ્લેખનીય નમૂનો કહી શકાય. □

એજન્ટોને

'કુમાર'નું લવાજમ સ્વીકારતાં એજન્ટોએ 'કુમાર'નું ફક્ત એક જ વર્ષનું લવાજમ રૂ.૧૫૦ સ્વીકારવાનું હોય છે. બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષનું લવાજમ ગ્રાહકોએ અમોને - 'કુમાર ટ્રસ્ટ'ને સીધું મોકલવાનું હોય છે અને બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષના લવાજમ ઉપર એજન્ટોને કોઈ જ કમિશન આપવામાં આવતું નથી. લવાજમની પૂરી રકમ અમોને મોકલવાની હોય છે તેની સૌ એજન્ટોએ ખાસ નોંધ લેવી.

'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા,
અમદાવાદ-૩૮૦૦૦૧

સ્મૃતિકથા

શૈશવથી સંધ્યા સુધી

કમલા પરીખ

શાળામાં વૅકેશન પડે ત્યારે અમને રસોઈ બનાવવાની તાલીમ આપવામાં આવતી. ત્રણ બાજુથી એક ખુલ્લી છાપરાવાળી જગા હતી જ્યાં ગાયો માટે ખાણ રાંધવાના બે ચૂલા હતા. અમારે માટે નાની સગડી કરાવેલી, તેની પર વૅકેશનમાં કોઈ વાર દાળ-ભાત, કોઈ વાર શાક-રોટલી થોડાં થોડાં બનાવતાં જેથી રસોઈ બનાવતાં શિખાય. પિતાજી એમાંથી થોડું જમે અને વખાણ કરી અમને પ્રોત્સાહિત કરતા. આમ, ગૃહજીવનની કેળવણી પણ મળતી. ઘઉંની સીઝનમાં નોકરો હતા છતાં અમને ઘઉં વીણવા બેસાડતાં. આમલીના પાકા કાતરા ફોડી કચૂકા કાઢવા પણ બેસાડે અને પછી મીઠું નાખી આમલીના લાડવા બનાવવા પડતા. બાર મહિનાનો આમ સંગ્રહ કરવામાં આવતો. તેમાં અમને ગૃહકેળવણી અપાતી.

થોડી વાત હજુ કરવાની બાકી છે. અમારે ત્યાં બગીચાના માળી તરીકે નનકુ નામનો ભૈયો કામ કરતો હતો. તેનું કુટુંબ તો દેશમાં રહેતું હતું. તે એકલો જ અહીં રહેતો હતો. એક પતરાની ઓરડી તેને રહેવા માટે આપી હતી. આજુબાજુ પણ બેત્રણ કોટડીઓ ખાલી પડેલી હતી. આ કોટડીઓમાં ભીંતો ચણેલી નહોતી પણ દીવાલો પતરાની હતી, જેમાં એકાદ-બે મોટાં કાણાં હતાં. ખરી વાત હવે આવે છે. આ નનકુ ભૈયો જ્યારે બપોરે જમવા બેસે ત્યારે અમારે રજા હોય તો કોઈક વાર પેલા કાણામાંથી તેને જમતો જોવાની મજા કંઈક ઑર આવતી. શાંતિથી ભૈયો થાળી ભરીને ભાત લે અને તેમાં છાશ રેડે અને એવા સબડકા ભરીને આનંદથી ખાય કે અમારા મોઢામાં પાણી છૂટે ! કોઈક વાર શાક પણ ટેસથી ખાય. થોડામાંથી આનંદ મેળવવાનો આ કેવો સરસ દાખલો છે ! પોતે એકલો રહેતો હતો પણ જમવાનો આનંદ માણતો તે જોવા મળતો.

અમારે ત્યાં ચારે બાજુ કૂતરાંની વસ્તી વધારે હતી. બપોરે બાર વાગે મિલની વ્હીસલ વાગે ત્યારે આ કૂતરાંઓની પ્રવૃત્તિ જોવાની મજા પડતી હતી. જો કૂતરી વિયાઈ હોય તો નાનાં નાનાં ગલૂડિયાં રમતાં જોવા મળે. મારી બા આ કુરકુરિયાં માટે છાશમાં લોટ નાખી ઘેંસ બનાવડાવતી. મિલની વ્હીસલનો સિગ્નલ પડે કે તરત જ તેઓ આવી જાય પેલી ઘેંસ ખાવા. ઍલ્યુમિનિયમના કાંઠાવાળા તાટમાં ઘેંસ રેડાય અને જરા ગરમ હોય તો ફૂં... ફૂં... ફૂં કરતાં, પૂંછડી પટપટાવતાં ઘેંસ ખાવા માંડે. આ તેમને માટે જમણ હતું અને અમારે માટે તે દૃશ્ય આનંદદાયક હતું. અમને આ જોવાની બહુ મજા પડતી. હવે મોટાં કૂતરાં દોડે મિલ તરફ. કારણ જાણવું છે તમારે ? કારણ હતું એ કે મજૂરો આ સમયે ભાથું છોડી ખાવા બેઠા હોય ત્યાં કૂતરાંની જમાત પહોંચી જાય અને દરેક મજૂર કટકો કટકો રોટલો તેમને ખવડાવે. આવી માનવતા સામાન્ય માણસમાં પણ જોવા મળતી. મિલમાં એક ઘોડિયાંઘર હતું, જ્યાં કામ કરતી મજૂર બહેનોનાં નાનાં બાળકો માટે સગવડ હતી. તેમની ત્યાં સાચવણી કરવામાં આવતી. નાનાં બાળકો સાથે મોટાં બાળકો પણ આવતાં, કારણ તે સમયે શાળાશિક્ષણનો એવો કોઈ ખાસ પ્રબંધ નહોતો. મિલની પેલી બાર વાગ્યાની રિસેશ પડે ત્યારે આ મજૂર-બાળકો અમારા બંગલા પાસે લાઈનમાં ગોઠવાઈ જાય. કારણ શું હતું જાણશો તો આનંદ થશે. નાનકડાં ઘોડિયાંમાં સૂતેલાં બાળકો માટે તેઓ દૂધ લેવા આવતાં. નડિયાદના પોર વિસ્તારમાંથી ખાસ બાળકો માટે દૂધ મંગાવવામાં આવતું. તેને ગરમ કરી ઠારવામાં આવતું. આ દૂધ બાર વાગે પેલા મોટાં બાળકો પોતાનાં નાનકડાં ભાઈબહેનો માટે લેવા આવ્યાં હોય તેમને આપવામાં આવતું. આ શ્રેય મિલના શેઠિયાને ફાળે જતું. તે સમયે આવો માહોલ જોવાનો મળતો તેની અણજાણે મન પર અસર પડતી. આમ, માનવતાનું દર્શન કરવાનો પણ લહાવો અમને મળતો. માનવતાનું આ દૃશ્ય અનોખું હતું.

હવે મારી વાત કરું. હું નાની હતી ત્યારથી મને ચોરની બહુ બીક લાગતી. અને ખાસ તો જ્યારે અમારે વતન સોજિત્રા જવાનું થાય ત્યારે આ બીક વધી જતી, કારણ ત્યાં ચોકીદાર હોય નહીં. મિલમાં તો ચારેબાજુ ચોકીદારો હતા. એક વખત કોઈકના લગ્નો માંડવો મજૂરો બાધતા હતા. એક મજૂરે મારી પાસે પીવાનું પાણી માગ્યું અને મેં આપ્યું. એ જ મજૂર રાત્રે ફરીથી પાણી માગવાં આવ્યો. માંડવાનું કામ તો સાંજે જ પૂરું થઈ ગયું હતું. પણ હું તો સમજ્યા વગર પાણી આપવા માટે ઘરમાં દોડી ત્યાં જ મારાં ભાભીએ રોકી કે પાણી આપશો નહીં કારણ કે આ માણસ મજૂર નથી લાગતો પણ ચોર જેવો લાગે છે. ખલાસ, આપણું તો આવી બન્યું. રાત્રે ઊંઘ ના આવે. ચોરની બીક ઘેરી વળી હતી. ઘરના ઓટલા પર કૂતરું બેઠેલું તેની પૂંછડી કે પગ બારણાની જાળી પર અથડાય કે તરત હું ચોર આવ્યો જાણી બેઠી થઈ જાઉં. મારાં રૂંવાડાં ઊભાં થઈ જાય. પણ ત્યાં તો રાત્રે બે વાગે ચોરભાઈ આવ્યા. ચૉકની વંડી પર ચઢી બંધ બારી તેણે હચમચાવી. મારા તો હાંજા ગગડી ગયાં અને બાને જગાડી. બા પણ હોંશિયાર હતી. ભણેલી નહોતી પણ ચબરાક હતી. અમે સાથે એક જ નોકર લઈ ગયાં હતાં. પણ બાએ તો ચારપાંચ નોકરોનાં નામ બોલીને કહ્યું કે જુઓ તો બારી કોણ ખખડાવે છે. અને ચોર ભાઈ સમજી ગયા. વંડી પરથી સીધો ભૂસકો મારી ભાગ્યા. સવારે વંડી પર પડેલાં ચોરનાં પગલાં

દેખાયાં. આમ, ચોરની બીક નાનપણથી જ મારામાં ઘર કરી ગયેલી. એટલે મારી બાને હું વારંવાર કહેતી કે મને પરણાવે તો ચોકીદારવાળા ઘરે જ પરણાવજે જેથી ચોર આવે નહીં. આવી હતી બાળપણની નાદાની. એ યાદ કરવામાં આજે પણ મજા આવે છે.

આમ જીવનચક્ર ચાલ્યા કરતું. મસ્તી, તોફાન કરતાં પકડાઈએ તો પિતાજી ગુજરાતી પુસ્તકોમાંથી ફકરા નક્કી કરી અંગ્રેજીમાં અનુવાદ કરવાની શિક્ષા કરતા. મારા અભ્યાસથી તેઓ ખુશ હતા, કારણ કે શાળામાં દરેક વિષયની પખવાડિક પરીક્ષા લેવાતી તેના માર્ક્સ રજીસ્ટરમાં મુકાય અને દર મહિને પિતાજીની સહી લેવાની એવો શાળાનો નિયમ હતો. શાળાની મારી પ્રગતિથી પિતાજીને સંતોષ હતો. બરાબર ચકાસણી કર્યા બાદ જ તેઓ સહી કરતા. મસ્તીના બદલામાં શિક્ષા મળતી અને સાથેસાથે અભ્યાસની પ્રગતિથી શાબાશી પણ મળતી.

ઘણી વાર અમારે અમારા વતન સોજિત્રા કુટુંબના લગ્નપ્રસંગે જવાનું થતું અને તે સમયનો માહોલ જોવાનો લહાવો મળતો. પાટીદારની જ્ઞાતિમાં તો તે સમયે બહારગામથી જાન આવે તે ત્રણ દિવસ રહેતી. ધીમેધીમે રિવાજ બદલાયો અને જાન એક દિવસ રોકાતી એવો સુધારો થયો. દીકરીને પોતાના ગામના છોકરા સાથે પરણાવાય નહીં તેવો રિવાજ હતો. આ લગ્નપ્રસંગોમાં લગ્નગીતો સાંભળવાની ખૂબ મજા પડતી. તો આવો તે સમયે ગવાતાં થોડાંક ગીતો આપણે માણીએ. લગ્ન પહેલાં મઠિયાં, પાપડ, વડીઓ ઘેર બનાવતાં. આ કામ કુટુંબીજનો ભેગાં થઈ કરતાં અને ગીતો ગાતાં. જાન આવે તેના બે દિવસ પહેલાં વિધિ શરૂ થાય. પ્રથમ દિવસે માંડવામુહૂર્ત થાય, મંડપ-સ્થાપન થાય, સ્ત્રીઓ ભેગી થાય અને ગીતો ગવાય. તો આપણે તે પ્રસંગે જે ગીતો ગવાતાં તેનો જરા લહાવો લઈએ :

'મારો માંડવો મોગરે છાયો ને ફૂલડે ઓછાડિયો રે,
મારે માંડવે કોણ કોણ આવ્યું ને કોણ કોણ આવશે રે,
મારે માંડવે કાકા આવ્યા ને મામા પણ આવશે રે.'

બીજું ગીતઃ

'પાંચ કાગળ પાંચ કાગળ પાંચ દેશ મોકલો રે
પહેલો કાગળ પહેલો કાગળ કાકાને મોકલો રે,
આપણે ઘેર આપણે બ્હેનીબાના વિવાહ
તેની વરધોમાં વહેલા પધારજો રે'

બીજે દિવસે કન્યાને પીઠી ચોળવાનો, ગ્રહશાંતિનો અને રાત્રે વરધનો કાર્યક્રમ હોય. ત્યારે ગવાતાં ગીતો જુદા પ્રકારનાં હતાં. તો ચાલો એ ગીતોને પણ માણીએ :

'દીકરી કાને કડીને હાથે વીંટી હીરે જડી રે
દીકરી જઈ બેઠાં છે દાદાજીના ખોળે ચડી રે
દાદા વાટ વચ્ચે તળાવ ખોદાવો
પરદેશી સૂબો નાવણ માંગશે,
દીકરી નથી આપણા મોટા ઘરની રીત
પરદેશી સૂબો ગરજે આવશે.'

આમ, પરણવા આવનાર પરદેશી માટે દીકરી વાટમાં દાતણ માટે બાવળ રોપાવવાની, નાવણ માટેની વ્યવસ્થા કરવાની અને ભોજન-વ્યવસ્થા કરવાની વિનંતી કરતી એવું ગીત ગવાતું. દીકરી આવી વિનંતી પિતાને કરી શકતી નહોતી કારણ કે ત્યાં મર્યાદા નડતી. પણ દાદા પાસે લાડથી પોતાની ઈચ્છાઓ પ્રકટ કરી શકતી. એવી એ સામાજિક વ્યવસ્થા આ ગીતમાં પ્રકટ થાય છે. પેલા એક લોકગીતમાં પણ દીકરી દાદાને કહેતી આપણે જોઈ છે કે 'દાદા હો દીકરી, વાગડમાં ના દેશો રે સઈ વાગડની વઢિયારી સાસુ દોઘલી રે, સઈયો કે હમચી.' આમ, દાદા પ્રત્યેનો વિશ્વાસ અને વહાલ આવાં ગીતોમાં પ્રકટ થતો.

બીજું ગીત કન્યાની પ્રતીક્ષા અને પસંદગીનો ભાવ દર્શાવે છે. આ ગીતમાં કન્યા પોતાની ઈચ્છાને વાચા આપે છે:

'લાડકડી ચઢી રે કમાડ સુંદીર વરને નીરખવા રે
દાદા મોરા મુજને પરણાવો એ વર છે વરણાગીયો રે
કહો દીકરી ક્યાં તમે દીઠાને ક્યાં તમારાં મન વસ્યાં રે
શાળામાં ભણતેલા દીઠા અક્ષરે મારાં મન વસ્યાં રે'

આમ તો એક જ ગામના છોકરા સાથે છોકરીનાં લગ્ન કરવાનો રિવાજ નહોતો પણ શાળામાં સાથે ભણવાનું આવું ગીત ગવાતું. સંભવ છે કે છોકરો બીજા ગામનો હોય અને છોકરીના ગામમાં પોતાના કોઈ સગાને ત્યાં રહીને ભણતો હોય. જો કે એ કાળે આ સંભવિત નથી લાગતું પણ આવું ગીત ગવાતું.

વળી રાત્રિના સમયે સ્ત્રીઓ ફટાણાં ગાવાં ભેગી થતી તે સાંભળવાની બહુ મજા પડતી. આવાં થોડાં ફટાણાં જોઈએ :

'પાન કહે હું લીલી વાડી પાન રે પાન,
કિયા વહુ કહે હું પાન ખાઉં પાન રે પાન,
હરતી જઉં ફરતી જઉં મારા વરને વેચી ખઉં
તોય કહે હું પાન ખાઉં પાન રે પાન'

બીજું ફટાણું થોડું કટાક્ષમય હતું :

'સામી શેરીએથી આવ્યો સુતારી
લ્યો લ્યો રે કિયાભાઈ અટકણ લ્યો.
મારા ઘરમાં ગોરી ભટકણ અટકણ શું કરીયે'

ત્રીજું એક ફટાણું સાંભળવા જેવું છે જેમાં સ્ત્રીની પ્રશંસા છે :

'રામ પહેરો પીતાંબર બાંધોને કટાર
કિયા ભાઈના ગોરી ગોરાં રે બાંધીને કટાર
એ તો વગર કીધે દીવો દીવાનું સારે કામ... રામ પહેરો'

આ ગીતોમાં કટાક્ષો આવતા પણ એ બધાનો ઉલ્લેખ કરતી નથી.

દીકરીને સાસરે વળાવતી વખતે જે ગીતો ગવાતાં જેમાં વિયોગનું દર્દ પ્રકટ થતું:

'સોજિત્રા ગામ બ્હેનીએ વિસારી મેલ્યાં
નડિયાદ ગામ વ્હાલાં લાગ્યાં બ્હેનીબા બ્હેની
દેખંતા ડુંગર તમને વ્હાલેરા લાગ્યા.
માતાના ખોળા બ્હેનીએ વિસારી મેલ્યા
સાસુના ખોળા વ્હાલા લાગ્યા બ્હેનીબા બ્હેની
દેખંતા ડુંગર તમને વ્હાલેરા લાગ્યા.'

બીજું ગીત જોઈએ :

'પરદેશી પોપટડો બ્હેનીબા એમની સંગાથે શીદ જાવ છો રે
આવાં રૂડાં માબાપનાં હેત રે બ્હેનીબા એમની સંગાથે શીદ જાવ છો રે'

ત્રીજું ગીત ગવાતું આ પ્રમાણે :

'શરમાળ સાસરે ચાલી
બહેનીનાં હેત વિસારી
નણદીનાં હેત વધારી ... શરમાળ સાસરે ચાલી'

આ દર્દભર્યાં ગીતો સાંભળી ત્યારે રડવું આવી જતું.

હવે એક મજાનું ગીત સંભળાવું. રાત્રે ગવાતાં ફટાણાંમાં મારા કાકાના દીકરાનાં પત્ની હતાં જેમનું પિયર નડિયાદ રબારીવાડ નજીક હતું. તેથી રબારણો એક ગીત ગાતી તે તેઓને ગાતાં સાંભળી હસવું આવી જતું અને અમે બધાં એ ગીત સાંભળી ગેલમાં આવી જતાં. તો તમે પણ સાંભળી એ ગીત :

'હર હર કરતો વેંસી રે આયો
કિયા પટલની મૂછે બાઝ્યો ?
ચ્યાણે કૈડ્યો ચ્યાણે, ચ્યાણે કૈડ્યો ચ્યાણે
ખાવા બેઠા તાણે, ખાવા બેઠા તાણે.... હર હર'

મૂળ શબ્દ 'સરરર'નો બોલીમાં ઉચ્ચાર 'હર હર' થાય અને 'વેંસી' શબ્દનો અર્થ 'વીંછી' થાય અને 'પટલ'નો અર્થ થાય જમાઈ. પાટીદાર જ્ઞાતિમાં જમાઈને પટેલ શબ્દથી સંબોધાય છે. આમ, કોઈ પરણેલી છોકરીના પતિની મજા ઉડાવતું ગીત ગાતાં મારાં એ ભાભી પેટ પકડીને હસાવતાં અને રબારીના લ્હેંકાથી તથા શબ્દોથી ગવાતું એ ગીત સાંભળવા બધાં આતુર રહેતાં. આવાં લગ્નગીતો સાંભળવાની ખરેખર મજા પડતી. એમાનાં થોડાં યાદ રહી ગયાં છે તે રજૂ કર્યાં છે, જેથી તો સમયનો સમાડ અને માહોલનો ખયાલ આવે.

ચરોતરના પાટીદારની જ્ઞાતિમાં 'વરધ'નો પ્રસંગ સૌથી મહત્ત્વનો ગણાતો. કુટુંબની અને મહોલ્લાની સ્ત્રીઓ ભારે સાડીઓ પહેરી વરધ લેવા જાય. આ વરધ એટલે બે ચીતરેલાં માટલાં લેવા ગામને છેડે આવેલા કુંભારવાડે જવાનું હોય. બૅન્ડવાજાં વાગે, ઢોલીડા ઢોલ વગાડે, તે સમયે લાઇટ નહોતી તેથી પેટ્રોમૅક્ષના દીવા પણ સાથે હોય અને આમ મહાલતાં મહાલતાં કેટલીયે વાર હું આવી વરધમાં ગઈ છું. કુંભારવાડે પહોંચી બે ચીતરેલાં માટલાં લઈ ઘરની વહુના માથે કપડાની ઈંઢોણી પર ગોઠવવામાં આવતાં અને એ કપડાંનો બીજો છેડો માટલાં ઉપરથી બીજી બાજુ લઈ જઈ બીજા હાથથી માટલાં પડી ના જાય તે રીતે પકડવાનો. જો માટલાં પડી જાય તો પાછાં અપશુકન ગણાય; તેથી માટલાં ઊંચકનાર વહુને બહુ જ ધ્યાન રાખવું પડતું. ઢોલી નાચતા હોય, ગીતો ગવાતાં હોય અને રસ્તો કપાતો હોય. વચ્ચે વચ્ચે ઢોલી નાચવા ઊભા રહે ત્યારે જે વહુના માથે વરધનાં માટલાં હોય તેને આરામ આપવા માટે પાછળ બીજી સ્ત્રીઓ વારાફરતી માટલાં પકડી રાખે. આમ ફરતાં ફરતાં વરધ ઘર આંગણે આવે એટલે માટલાને તથા ઉપાડનાર વહુને વરધ ઉપાડવાનું દાપું પૈસાથી અથવા દાગીનાથી ચૂકવવું પડે. ત્યાર બાદ જ વહુ વરધ ઉતારવા દે. આમ, લગ્નપ્રસંગો માણવાની બહુ મજા કરી, જે આજે ભુલાતી નથી. ક્યારેક યાદ આવી જાય છે ત્યારે તે સમયની મારી ઉંમરની જાણે કે હું છોકરી બની જતી હોઉં તેવું મહેસુસ કરું છું.

પાટીદારની જ્ઞાતિમાં પીરસણનો રિવાજ હતો. કોઈ કારણસર લગ્નમાં જે જમવા આવ્યાં ના હોય તેમને ઘેર પીરસણ આપવા જવું પડતું. કુટુંબની વહુઓને આ કામ કરવું પડતું. તેઓ હાથમાં લાડવા, ભાત વગેરેનાં તબાસડાં ખભા પર ઊંચકે એક મજૂરને માથે દાળનો ઘડો તથા ઘડામાં ડોયો હોય. કેટલીક વાર પીરસણમાં મારાં ભાભી મને સાથે લેતાં જેથી તેમના ભાગે આવેલું શાકનું કમંડળ મારે ઊંચકવું પડતું. આમ કરવાનું કારણ શાકના તેલથી તેમની સાડી બગડે નહીં તે હતું અને આપણને બંદાને એમાં મજા આવતી. શાક ખૂટે ત્યારે દોડતાં ઘેર આવી બીજું શાક લઈ જવાનું. આ રિવાજ આમ તો ત્રાસદાયક હતી. મારા પિતાજીને આ જરા પણ ગમતું નહીં. ઉનાળાની ઋતુ હોય, ભારે સાડીઓ પહેરી હોય, અંગ પર દાગીના હોય - આ બધાં સાથે પેલા તબાસડાનો ભાર હોય એ ખરેખર ત્રાસદાયક લાગતું. પણ શું થાય ? આનો વિરોધ કરી શકાતો નહોતો. કોઈ માને જ નહીં. એક વ્યક્તિદીઠ ત્રણ લાડવા, દાળ, ભાત, શાક, ભજિયાં વગેરે મૂકવું પડતું. ચૂરમું કે કંસાર હોય તો છૂટું ઘી પણ આપવું પડતું. તે માટે માપિયું પણ સાથે લઈ જવાનું, ખાંડનું કમંડળ પણ સાથે રાખવામાં આવતું. જેટલાં માણસો જમવા આવી ના શક્યા હોય તેમને વ્યક્તિદીઠ ત્રણ લાડવા મૂકવાના અને કંસાર, ચૂરમા માટે વ્યક્તિદીઠ એક એક માપિયું ભરી ઘી આપવાનું. એક વખત એક બહેનને સુવાવડ આવેલી તેથી જમવા આવી શકેલાં નહીં, પણ પીરસણમાં કંસાર સાથે તાજા

(અનુસંધાન પૃ. ૧૨૫ પર)

લઘુકથા

ગાંડા માણસો - ૫

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાના શિષ્ય સ્વરૂપાનંદજીને આજે ટપાલમાં એક પોસ્ટકાર્ડ મળ્યું. કોઈ દિવસ નહીં ને આજે પોતાના નામે પોસ્ટકાર્ડ ! - પોસ્ટકાર્ડ વાંચતાની સાથે જ તેમણે થોડો આંચકો અનુભવ્યો. આવું લેવાદેવા વગરનું પોસ્ટકાર્ડ વળી કોણે લખ્યું હશે ? શા માટે લખ્યું હશે ? - દ્વિધા અનુભવતાં તેઓ કંઈક ઊંડા વિચારમાં ઊતરી ગયા.

ત્યાં આશ્રમના બે-ત્રણ શિષ્યોની તેમના ઉપર નજર પડી. તેમની પાસે આવતાં એક શિષ્યે પૂછ્યું: 'કેમ, શેના વિચારમાં પડી ગયા ? કોનું પોસ્ટકાર્ડ છે ?'

'કોઈ મૂરખ અને નવરાં માણસે પૉસ્ટકાર્ડ લખ્યું લાગે છે. જુઓને માણસો પણ કેવા થાય છે !' એક શિષ્યના હાથમાં પોસ્ટકાર્ડ મૂકતાં સ્વરૂપાનંદજી બોલ્યા. ત્રણે શિષ્યોએ વારાફરતી પોસ્ટકાર્ડ વાંચ્યું, ને જરા હસી પડતાં બોલ્યાં: 'કોઈએ તમારી મજાક કરવા ખાતર જ પોસ્ટકાર્ડ લખ્યું હોય એમ લાગે છે.'

'આવી તે મજાક હોતી હશે ?' મનોમન બબડતાં બબડતાં સ્વરૂપાનંદજી પોતાના ખંડમાં આવ્યા. એક જ વિચાર સતત મનમાં ઘૂમરાઈ રહ્યો હતો. આવું વાહિયાત પોસ્ટકાર્ડ કોણે લખ્યું હશે ? ફરી ફરી તેમણે પોસ્ટકાર્ડ વાંચ્યું. પોસ્ટકાર્ડમાં માત્ર એક જ લીટી લખી હતી: 'શહેરમાં તમારા વિશે બધાને બધી જ ખબર પડી ગઈ છે !' ને નીચેના ભાગે લિખિતંગ તરીકે નામ લખ્યું હતું- એક્સ વાઈ ઝેડ ! આ એક્સ વાઈ ઝેડ કોણ હશે ? મારા વિશે વળી એને શું ખબર પડી ગઈ હશે ? તે વાક્યમાં લખાયેલા શબ્દો તેમણે ગણ્યા માત્ર દસ શબ્દો હતા. છતાં તેમને લાગ્યું પોસ્ટકાર્ડમાં પૂરા એક હજાર શબ્દો કેમ ન લખ્યા હોય !

આશ્રમમાં ધીમે ધીમે તેમના ઉપર આવેલ આ પોસ્ટકાર્ડની વાત ફેલાવા માંડી. પોસ્ટકાર્ડમાં લખાયેલા એ વાક્યના અનુસંધાને કેટલાક શિષ્યો તર્ક-વિતર્ક સાથે જુદા જુદા અર્થઘટન પણ કરવા લાગ્યા. એ અર્થઘટનોનાં અર્થઘટનો તારવવામાં તેમનું ચિત્ત ગૂંચવા માંડ્યું. પોતાનું ચિત્ત કંઈક હળવું થાય, ને થોડું આશ્વાસન મળી રહે તે માટે તેમણે સાંજના ગુરુ બજુવાને પોસ્ટકાર્ડ વંચાવ્યું.

ઉપેક્ષાભર્યું સ્મિત કરતાં બજુવા માત્ર આટલું જ બોલ્યા: 'હા, મનેય હવે તારા વિશે થોડીક તો ખબર પડી ગઈ છે !'

ગુરુ આમ કેમ બોલ્યા હશે ? આના કરતાં તો પોસ્ટકાર્ડ વંચાવ્યું ન હોત તો સારું હતું....

હવે ઊઠતાં-બેસતાં, ઊંઘતાં-જાગતાં કે ધ્યાનમાં બેસતાં આ એક જ વાક્યે જાણે તેમનો પીછો કર્યો હતો. શહેરમાં બધાંને તમારા વિશે બધી જ... આવું પોસ્ટકાર્ડ કોણ લખી શકે કે લખાવી શકે એવા પોતાના કહેવાતા વિરોધીઓની એક લાંબી યાદી તેમના ચિત્તમાં તૈયાર થવા માંડી. આમાં સૌપ્રથમ મોખરાનું નામ હતું - શહેરમાં આવેલા આનંદઆશ્રમના સ્વામી મુક્તાનંદજીનું. પોતાના જ્ઞાન-પ્રતિભા અને વકતૃત્વછટાને કારણે આખા શહેરમાં સ્વરૂપાનંદજીની સારી એવી પ્રતિષ્ઠા-લોકચાહના હતી. જે બાબત મુક્તાનંદજીને સતત ખટક્યા કરતી હતી. આથી બંને વચ્ચે અવારનવાર આછોપાતળો સંઘર્ષ ચાલ્યા કરતો. મુક્તાનંદ પોતાના દ્વેષભાવને સ્વરૂપાનંદજી પરત્વે નારાજગીને ગોપિત રાખવામાં પણ ભારે કુશળ હતા. સ્વરૂપાનંદજીના તેઓ જ એકમાત્ર આત્મીય મિત્ર હોય એવું બહારથી તેમનું વિરોધાભાસી વર્તન હતું. ને આ કારણે જ સ્વરૂપાનંદજીની શંકા દૃઢ બની ગઈ હતી. પોસ્ટકાર્ડ લખાવવામાં સ્વામી મુક્તાનંદ સિવાય બીજા કોઈનો પણ હાથ ન હોઈ શકે. ને એટલે કોઈ પણ સંજોગોમાં સ્વામી મુક્તાનંદને મળવાનો તેમણે સંકલ્પ કરી લીધો.

બીજા દિવસે સ્વામી મુક્તાનંદની બરાબર ખબર લઈ નાખવાના રોષ સાથે તેઓ સ્વામી મુક્તાનંદના આશ્રમમાં આવી પહોંચ્યા. બંનેએ એકમેકના ખબરઅંતર પૂછતાં થોડી ઔપચારિક વાત કરી. સ્વામી મુક્તાનંદને પોસ્ટકાર્ડના અનુસંધાને કઈ રીતે વાત કરવી એની તેમને થોડી મૂંઝવણ પણ થવા માંડી.

પછી પોતાના રોષને દબાવી, સ્વામી મુક્તાનંદના હાથમાં પોસ્ટકાર્ડ મૂકતાં તેઓ બોલ્યા: 'જુઓ તાજેતરમાં મારા ઉપર આ કેવું પોસ્ટકાર્ડ આવ્યું છે ! આવું પોસ્ટકાર્ડ કોણે લખ્યું હશે ?'

પોસ્ટકાર્ડ વાંચતાં જ સ્વામી મુક્તાનંદ હસી પડ્યા: 'મને આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે તમારા જેવું જ પોસ્ટકાર્ડ મારા ઉપર અને શહેરમાં બીજા બે-ત્રણ સન્યાસીઓ ઉપર પણ આવ્યું છે.' ને આવેલ પોસ્ટકાર્ડ શોધીને સ્વરૂપાનંદજીને બતાવતાં બોલ્યા: 'તમારા પોસ્ટકાર્ડમાં તો માત્ર એક લીટી છે. જ્યારે મારા ઉપરના પોસ્ટકાર્ડમાં તો પૂરી દસ લીટી. હા, આપણા ઉપર આવેલ બંને પોસ્ટકાર્ડોના અક્ષરોમાં ફેર છે ખરો.'

આશ્ચર્ય અનુભવતાં સ્વરૂપાનંદજીએ આખું પોસ્ટકાર્ડ વાંચી નાખ્યું. મુક્તાનંદજીના હાથમાં પોસ્ટકાર્ડ મૂકતાં તેઓ બોલ્યા: 'માણસો આવા અકારણ પોસ્ટકાર્ડ કેમ લખતાં હશે ?'


'એવી ચિંતા આપણે શા માટે કરવી જોઈએ ?!' ને મુક્તાનંદજીના પોસ્ટકાર્ડના બે-ત્રણ કટકા કરી ઘા કરતાંકને ટોપલીમાં ફગાવ્યા.

સ્વરૂપાનંદજીને થયું, આજે મુક્તાનંદે પોતાના જ્ઞાન-પ્રતિભાના જ જાણે કટકા કેમ ન કરી નાખ્યા હોય !

અત્યંત ગ્લાનિ અનુભવતાં તેમણે પોતાના આશ્રમમાં પગ

(અનુસંધાન પૃ. ૧૩૧ પર)

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

મંગળવાર, ૧૮મી એપ્રિલ ૧૯૪૪
પ્રિયતમ કિટી,

બધું જ ઠીક ચાલી રહ્યું છે. ગઈ કાલે રાત્રે સુથારે દરવાજે લોખંડનાં પતરાં જડવાનું કામ કર્યું. હમણાં જ પપ્પા કહેતા હતા કે ૨૦મી મે સુધીમાં રશિયા, ઇટલી અને પશ્ચિમના અન્ય દેશોમાં લશ્કરી હીલચાલ મોટા પ્રમાણમાં વધવાની. જેટલું યુદ્ધ લંબાતું જાય છે એટલી અહીંથી છૂટવાની આશા ઓછી થતી જાય છે.

ગઈ રાત્રે મેં પીટર સાથે ઘણી બધી અંગત વાતો કરી. અને પછી એકબીજાંને ચૂમીને અમે છૂટાં પડ્યાં. શું સુંદર અનુભૂતિ !

કદાચ હું મારી જાતજાતની ઉક્તિઓની જે નોટબુક છે એ લઈને ઉપર જઈશ. કારણ કે એકબીજાંના બાહુપાશમાં દિવસોના દિવસો પડ્યાં રહેવાની ખાસ મજા ન આવે. આશા રાખું કે પીટરને પણ એમ જ લાગતું હશે.

પ્રમાણમાં સુસહ્ય શિયાળા પછી હવે સુંદર વસંતઋતુ બેઠી છે. એપ્રિલ સોહામણો છે. નથી એટલી બધી ગરમી કે નથી એટલી ઠંડી, ક્યારેક ક્યારેક વરસાદનાં હળવાં ઝાપટાં પણ આવી જાય છે. અમારા ચેસ્ટનટના ઝાડને કૂંપળો ફૂટી છે અને ક્યાંક ક્યાંક થોડો મ્હોર પણ દેખાય છે.

શનિવારે બેપે અમને ફૂલોના ચાર ગુલદસ્તા ભેટ આપ્યા. ત્રણ ડૅફોડિલના અને એક ગ્રેપ-હાયસિન્થનો મારા માટે. શ્રી કુગ્લર અમને ઘણાં બધાં છાપાંઓ પહોંચાડે છે.

કિટી, હવે મારો બીજગણિત ભણવાનો વખત થયો છે. આવજો -

લિ. ઍન. મે. ફ્રેંક

ડિયરેસ્ટ ડિયર,

(આ છે એક ફિલ્મનું નામ. જેમાં ડોરીટ ક્રાયસ્લર, ઈડા વુસ્ટ અને હૅરલ્ડ પૉલસન કામ કરે છે !)

ખુલ્લી બારી સામે બેસીને કુદરત માણતાં હો, પક્ષીનો કલરવ કાને પડતો હોય, સૂરજનાં કિરણો ગાલને સ્પર્શતાં હોય અને તમારી પ્રિય વ્યક્તિનો સાથ હોય તો એથી વિશેષ શું જોઈએ ? એના બાહુપાશમાં મન એકદમ શાંત થઈ જાય છે, ભયમુક્ત બની રહે છે. મારી આટલી સમીપ છે પણ છતાં શબ્દોની જરૂર નથી ભાસતી. મને કેટલું સારું લાગે છે. ને તો પછી આમાં અયોગ્ય શું હોઈ શકે ? આવી પળોનો સમાધિ-ભંગ ન થાય માઉશી પણ વચ્ચે ન આવે તો કેવું સરસ ?

લિ. ઍન. મે. ફ્રેંક

શુક્રવાર, ૨૧મી એપ્રિલ ૧૯૪૪
મારી પ્રિયતમ કિટી,

ગઈ કાલે મને ગળામાં દુઃખતું હતું એટલે આખો દિવસ હું સૂઈ ગઈ હતી. પણ એક દિવસમાં જ હું એટલી બોર થઈ ગઈ ને એમાં આજે તો તાવ પણ નહોતો એટલે આજે હું સૂતી નથી. હવે મને ગળામાં પણ સારું છે.

તને ખબર હશે જ કે કાલે અમારા 'ફ્યૂરર'* નો પંચાવનમો જન્મદિવસ હતો. અને આજે હર-રૉયલ-હાઈનેસ પ્રિન્સેસ ઈલિઝાબેથનો અઢારમો જન્મદિવસ છે. બીબીસીએ સમાચારમાં જણાવ્યું કે રાજવી કુટુંબે હજી કુંવરી ઉંમરલાયક થઈ ગઈ છે એવું જાહેર કર્યું નથી. જ્યારે સામાન્ય રીતે રાજવી કુટુંબમાં આ ઉંમરે છોકરાં 'ઉંમરલાયક' થઈ ગયેલાં ગણવામાં આવે છે. હાલ અમારે ત્યાં ચર્ચાનો વિષય છે કે આ સુંદર યુવતીનું પાણિગ્રહણ કોણ નસીબવંતો કરશે ? જો કે અમને એને યોગ્ય કોઈ નજરે ચડતું નથી. હા, કદાચ એની બહેન રાજકુમારી માર્ગરેટ બેલ્જિયમના પાટવી કુંવરને પરણી શકે ખરી.

અહીં એક પછી એક મુસીબતો પાર કરી રહ્યાં છીએ. હમણાં જ બહારના દરવાજાને સમારાવ્યો ત્યાં વળી વૅન-મારને માથું ઊંચક્યું છે. પરિસ્થિતિ જોતાં લાગે છે કે એણે જ બટાકાના લોટની ચોરી કરી હશે પણ એણે આળ ચડાવ્યું છે બેપને માથે. એટલે ફરી એક વાર ગુપ્તનિવાસ ચર્ચાને ચકરાવે ચડ્યું છે. એમાં જોકે આશ્ચર્ય થવા જેવું કાંઈ જ નથી. બેપનો સંતાપ આસમાને પહોંચ્યો છે. છેવટે શ્રી કુગ્લરે કોઈની મદદથી આ

* હિટલર માટે વપરાતો જર્મન શબ્દ Führer જેનો અર્થ થાય છે પિતા.

શંકાસ્પદ વ્યક્તિનો પીછો જ કરાવવો પડશે.

બિટોવનસ્ટ્રાટમાંથી આજે એક ભાઈ આવ્યા હતા, ચેસ્ટ ઑવ્ ડ્રોઅરની કિંમત આંકવા. એણે આંકેલી કિંમત અમારી દૃષ્ટિએ ખૂબ જ ઓછી હતી.

મારે 'દ પ્રિન્સ' નામના સામયિકમાં મારી એક પરીકથા મોકલવી છે, અલબત્ત ઉપનામ સાથેસ્તો. પણ અત્યાર સુધી મેં લખેલી બધી જ પરીકથાઓ ખૂબ લાંબી છે. મને નથી લાગતું ત્યાં કોઈ શક્યતા હોય.

અચ્છા ત્યારે, વહાલી, ફરી મળીએ ત્યાં સુધી...

લિ. ઍન. મે. ફ્રૅંક

મંગળવાર, ૨૫મી એપ્રિલ ૧૯૪૪

પ્રિયતમ કિટી,

છેલ્લા દસેક દિવસથી શ્રી ડસેલ શ્રી વૅનડાન સાથે બોલતા નથી. અને એનું કારણ છે ચોરીના પ્રસંગ પછી સુરક્ષા માટે લેવાયેલાં પગલાં. એમાંનું એક છે કે રાત્રે હવે એમણે પોતાનું કામ કરવા નીચે જવું નહિ. પીટર અને વૅનડાન એક વાર રાતે સાડાનવે નીચે જઈને તપાસી આવે કે બધું ઠીકઠાક છે એ પછી કોઈએ નીચે જવું નહિ એમ નક્કી કર્યું છે. હવે પછી રાતના આઠ વાગ્યા પછી અને સવારે આઠ વાગ્યા પછી ફ્લશ પણ વાપરવાનું નહિ. બારી પણ ખોલવી હોય તો સવારે શ્રી કુગ્લર આવીને એમની ઑફિસની લાઈટ ચાલુ કરે પછી ખોલવાની એમ નક્કી થયું છે. રાતે લાકડી વડે બારીને અધખુલ્લી રાખવાનું પણ બંધ કરવામાં આવ્યું છે. આ છેલ્લો નિયમ ડસેલભાઈની કચકચનું મુખ્ય કારણ છે. એમનો દાવો છે કે વૅનડાને એમને હેરાન કરવા જ આ નિયમ બનાવ્યો છે. પરંતુ આમાંય વાંક તો એમનો પોતાનો જ છે. એમનું કહેવું છે કે એક વાર જમવા નહિ મળે તોય ચાલશે પણ ગમે તેમ કરીને બારી ખુલ્લી રાખવાની વ્યવસ્થા કરો.

'આ બાબતમાં મારે કુગ્લરને વાત કરવી પડશે.' એમણે મને કહ્યું.

ત્યારે મેં જવાબ આપ્યો કે આવી બાબતની ચર્ચા આપણે ક્યારેય કુગ્લર સાથે કરતાં નથી. આ તો આપણી અંદરની વાત કહેવાય.

'અહીં બધા નિર્ણયો મારી ગેરહાજરીમાં જ લેવાય છે. એ વાત મારે તારા પપ્પા સાથે કરવી છે.'

એમને શનિવારે બપોર પછી કે રવિવારે કુગ્લરની ઑફિસ વાપરવાની ના પાડી છે. કેમ કે જો પડોશની કેંગ કંપનીના મૅનેજર એવે ટાણે એમની ઑફિસમાં આવે ને અહીં થતા અવાજો એમને કાને જાય તે બરોબર નહિ. છતાંય તાબડતોબ ડસેલભાઈ ત્યાં જઈને બેસી ગયા. શ્રી વૅનડાન આથી ગુસ્સે ભરાયા. અને પપ્પા ડસેલ સાથે વાત કરવા નીચે ગયા. એટલામાં તો કાંક ક્ષુલ્લક બહાનું કાઢીને એ પોતે જ ઉપર આવી ગયા. પણ આ વખતે પપ્પા એ બહાનાથી ભોળવાયા નહિ. હવે તો પપ્પા પણ ડસેલ સાથે ઓછું જ બોલે છે. કારણ કે ડસેલે અપમાનજનક વર્તન કર્યું છે. અમને કોઈને ખબર નથી કે ખરેખર શું થયું હતું પણ જે કાંઈ બન્યું તે જરાય સારું નહિ હોય.

અને વિચાર કરો કે આ માણસનો આવતા અઠવાડિયે જન્મદિવસ આવે છે. આવું કરે એમનો જન્મદિવસ ઊજવવાનો આપણને શો ઉત્સાહ આવે? અને જેમની સાથે અબોલાં લીધાં છે એમની પાસેથી શું જોઈને ભેટ સ્વીકારશે?

શ્રી વૅસ્ક્યૂલની તબિયત ઝડપથી ઘસરતી જાય છે. દસથી પણ વધારે દિવસ થયા એમને સતત એકસો ચાર જેટલો તાવ રહે છે. ડૉક્ટરે પણ આશા છોડી દીધી છે. એમને લાગે છે કે કૅન્સર ફેફસાં સુધી ફેલાઈ ગયું છે. બિચારા વૅસ્ક્યૂલ એમને મદદ કરવાની કેટલી ઇચ્છા છે પણ શું થાય, હવે તો એક ભગવાન જ મદદ કરી શકે એમ છે!

મેં 'બ્લરી દ એક્સલોરર' નામની એક મનોરંજન કથા લખી છે. જે મારા ત્રણ શ્રોતાઓને ખૂબ ગમી.

હજી મારી શરદી મટી નથી. અને હવે તો એનો ચેપ માર્ગટ, મમ્મી અને પપ્પાને પણ લાગ્યો છે. પીટરને ચેપ ન લાગે તો સારું. મને ચુંબન કરવાની જિદ્દ કરે છે. ને મને 'અલ ડુરાડો' .કહે છે. ગાંડો છે, કોઈને ય એવા નામે બોલાવાય? પણ તોય મને ગમે છે.

લિ. ઍન. મે. ફ્રૅંક

ગુરુવાર ૨૭મી એપ્રિલ ૧૯૪૪

પ્રિયતમ કિટી,

આજે સવારથી શ્રીમતી વૅનડાનનો મિજાજ ઠેકાણે નહોતો. ફરિયાદ ઉપર ફરિયાદ ચાલુ હતી. શરૂઆત થઈ એમને થયેલી શરદીથી, દવા મળતી નથી ને નાક પણ વારે વારે સાફ કરવું પડે છે. પછી ફરિયાદ કરી કે આજે તો તડકો પણ નીકળ્યો અને ચડાઈની તો શરૂઆત પણ નથી થઈ, પાછું બારીની બહાર પણ જોવાતું નથી વગેરે વગેરે. અમે અમારું હસવું ખાળી ન શક્યાં અને એમની હાલત પણ એટલી બધી ખરાબ નહિ હોય કારણકે થોડી વારે એઓ પણ હસવામાં અમારી સાથે જોડાયાં.

છોલેલા બટાકાને ઝીણા ખમણો. અને એમાં થોડો સરકારી લોટ અને મીઠું નાખો. એક થાળીમાં પેરફીન કે સ્ટેરીનનો હાથ ફેરવો અને એમાં આ મિશ્રણને નાખી અઢી કલાક બેક કરો. સડેલી સ્ટ્રોબેરીના જૅમ સાથે પીરસો. (કાંદા મળતા નથી કે નથી મળતું તેલ!)

હાલ તો હું 'એમ્પરર ચાર્લ્સ ફિફ્થ' નામનું પુસ્તક વાંચું છું. યુનિવર્સિટી ઑવ્ ગોટિન્જેનના એક પ્રોફેસરે લખેલું પુસ્તક છે. એ લખતાં એમને ચાલીસ વર્ષ લાગ્યાં હતાં. મને પચાસ પાનાં વાંચતાં પાંચ દિવસ લાગ્યા. એથી વધારે વાંચવું મારે માટે શક્ય નથી. પુસ્તક ૫૯૮ પાનાનું છે એટલે એકંદરે મને એ પૂરું કરતાં કેટલા દિવસ લાગશે એની ગણતરી તું કરી શકે છે. અને હજી એના બીજા ભાગને તો ગણતરીમાં લીધો જ નથી. પણ એ જે હોય તે.... પુસ્તક છે રસપ્રદ !

સ્કૂલ જતી છોકરીને એક દિવસમાં શું શું કરવું પડે છે ! મારું જ ઉદાહરણ લે. સર્વપ્રથમ નેલ્સનના છેલ્લા યુદ્ધના પ્રસંગનો ડચમાંથી અંગ્રેજીમાં અનુવાદ કર્યો. પછી ઉત્તરીય યુદ્ધ (૧૭૦૦-૧૭૨૧)નું પ્રકરણ આગળ વાંચ્યું. એમાં પીટર દ ગ્રેટ, ચાર્લ્સ બારમો, ઑગસ્ટસ દ સ્ટ્રૉંગ, સ્ટાનિલસ, લેકઝીંસ્કી, મેઝપ્પા, વૅન ગોર્ઝ, બાન્ડેનબર્ગ, પશ્ચિમી પોમેરાનિયા, પૂર્વ પોમેરાનિયા અને ડેન્માર્કનો સમાવેશ થાય છે. અને પાછી પેલી જૂની ને જાણીતી તારીખો તો ખરી જ. ત્યાંથી હું પહોંચી ગઈ છેક બ્રાઝિલ. જેમાં બહાયા તમાકુ, મબલખ કૉફી, રિયો-ડી-જાનીરો, પેરનામ્બ્યુકો અને સોઓ પૉલોની દોઢ લાખની વસ્તી અને છેલ્લે એટલા જ મહત્ત્વની એમેઝોન નદી એટલા વિશેનો મેં અભ્યાસ કર્યો. એના પછી અભ્યાસ કર્યો નિગ્રો, મ્યુલેટો, મેસ્ટીઝો, ગોરાં લોકોનો અને પચાસ ટકાથી વધારે પ્રમાણમાં વ્યાપક નિરક્ષરતા અને મલેરિયાનો. પછી થોડો વખત બચ્યો હતો એટલે જરા નજર નાખી વંશાવળી ઉપર : જહોન દ ઓલ્ડ, વિલિયમ લૂઈ, અર્નેસ્ટ કેસિમિર પહેલો, હેન્રી કેસિમિર પહેલાથી માંડીને છેક માર્ગરીટ ફ્રાન્સિસ્કા (જન્મ ૧૯૪૩, ઓટાના) સુધી.

એટલામાં બાર વાગ્યા. માળિયે જઈને મારા અભ્યાસને ફરી આગળ વધાર્યો. ડીન, પ્રીસ્ટ, મિનિસ્ટર, પોપ અને.... હાશ એમ જ એક વાગી ગયો !

વળી બે વાગ્યા ને આ બાપડી કામે વળગી ગઈ. હવે વારો હતો ઓલ્ડ વર્લ્ડ અને ન્યૂ વર્લ્ડનાં વાંદરાંઓનો ! કિટી, પટ્ દઈને જવાબ આપ કે હિપોપોટેમસને કેટલાં આંગળાં હોય ?

હવે વારો આવ્યો બાઈબલનો. નોહાસ્ આર્ક, શૅમ, હૅમ ને જાસોથ. પછી ચાર્લ્સ પાંચમો. એના પછી પીટર સાથે થૅકરેના અંગ્રેજીમાં લખેલા એક કર્નલ વિશેના પુસ્તકનો વારો. પછી ફ્રેંચની પરીક્ષા અને પછી કરી મિસિસિપિ અને મિસૂરીની સરખામણી ! આજ માટે બહુ થયું, આવજો.

લિ. ઍન. મે. ફ્રૅંક (ક્રમશઃ)

અનુસંધાન] શૈશવથી સંધ્યા સુધી [પૃ. ૧૨૧થી

જન્મેલા બાળકનું ઘી પણ લીધું. મેં આ જોયું અને મને આશ્ચર્ય પણ થયું અને ખીજ પણ ચડી. આવું હતું તે સમયનું સામાજિક ચિત્ર. ઘણી વાર કોઈ ભાત વધારે મુકાવે, તો કોઈ શાક વધારે મુકાવે. પીરસણ ઢાંકવાં પહેલાં પ્રશ્ન પુછાતો કે કેટલાં માણસનું પીરસણ ઢાંકવાનું છે. ત્યાર બાદ પીરસણ અપાય. પણ કેટલીક વખત વધારે માગી લેવાનું કામ સ્ત્રીઓ કરી લેતી, જે પ્રત્યે આંખ-મીંચામણાં કરવાં પડતાં. અમારે ઘેર જો કોઈના લગ્નનું પીરસણ આપવા આવે અને જો હું બારણું ખોલવા નીકળું તો તરત જ ઘરમાં પાછી દોડી જતી, કારણ કે મને આ પ્રથાથી બહુ શરમ આવતી. મારી બા પીરસણ લેવા આવે પણ તે મર્યાદા જાળવતી; ક્યારેય કશું વધારે માગતી નહીં. કુટુંબનો કોઈ સભ્ય જો જમવા ના ગયો હોય તો પણ બા એ બાબતની કશી જ વાત જાહેર કરતી નહીં. આવા સંસ્કારો તે અશિક્ષિત હોવાં છતાં પણ કુદરતી રીતે તેની દીકરીઓમાં સીંચ્યા છે. આમ, તે સમયની સમાજવ્યવસ્થા અને આજની સમાજવ્યવસ્થામાં આભ-જમીનનો ફેર છે.

એક વાર મારી બહેનનાં લગ્ન સોજિત્રામાં હતાં ત્યારે પિતાજી નડિયાદ મિલના મૅનેજરપદે હતા. નડિયાદથી એન્જિનીઅરે આવીને ડાયનેમો ગોઠવી અમારા મહોલ્લામાં ઇલેક્ટ્રિક લાઈટ કરી ઝગમગાટ કરેલો. પણ દરેક સમાજમાં કોઈક ખલનાયક તો હોય છે જ. અમારે કાને વાત આવી કે આવા વેરવૃત્તિવાળા ખલનાયકે જાન જમવા બેસે ત્યારે ફ્યૂઝ ઉડાડી અંધારું કરી દઈને અમારી ફજેતી કરવાનું નક્કી કરેલું. પેલા એન્જિનીઅરને આ વાતની ક્યાંકથી ખબર પડી તેથી તેણે વાયરો પાસે બોર્ડ મૂકી દીધાં કે 'સાવધાન, વાયર જીવતા છે. જો અડશો તો ચોંટી જશો.' અને અમારું કામ સફળતાથી પરિપૂર્ણ થયું. જાન શાંતિથી જમીને વિદાય થઈ. આવી વેરવૃત્તિ તો અનાદિ કાળથી ચાલી આવે છે તેથી આશ્ચર્ય પામવા જેવું નથી. આમ, મારી કિશોરાવસ્થા પૂર્ણતાના આરે આવી રહી હતી. ૧૯૪૨ની ભારત છોડોની ચળવળ શરૂ થતાં સરકારી શાળા અને શિક્ષણ છોડવાનો વારો આવ્યો. અમને બંને બહેનોને શાળામાંથી ઉઠાડી લેવામાં આવી. મારો સોનેરી સમય અહીં પૂરો થયો અને અભ્યાસના ઓરતા અધૂરા રહ્યા એટલું જ નહીં, પણ અટકી ગયા ! (ક્રમશઃ)

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

પીઝામાં રાતવાસો કરીને અમે ફરીથી સ્વિત્ઝર્લૅન્ડ થઈને, ત્યાંથી ફ્રાન્સ તરફ જવાનાં હતાં. ઉત્તર ઇટલીમાં અમે આ વખતે તેના ઈશાન ભાગમાં આવેલા મિલાનો શહેરમાંથી પસાર થયાં. આ પ્રદેશ આર્થિક રીતે સમૃદ્ધ છે. મિલાનો પાસે આવેલાં વિશ્વનાં મોટાં અને જાણીતાં કારખાનાં તેમજ બહુરાષ્ટ્રિય કંપનીઓનાં બોર્ડ અમારા કોચની બારીમાંથી વંચાતાં હતાં. મિલાનો પ્રદેશમાં ઇટલીની લગભગ ૪૦ ટકા વસતી રહે છે. જર્મની-સ્વિત્ઝર્લૅન્ડની જેમ અહીં પણ નાની કાર - કોઈ વાર તો ટચૂકડી કહી શકાય તેવી ફિઆટથી માંડીને ફીરારો જેવી મોટરકારો તેના મોટા માર્ગો પર પણ દોડતી રહે છે.

અહીંથી લેક લુગાનો પહોંચતાં પહેલાં આવતા બેલિન્ઝોન નગરમાં અણુ-નિશસ્ત્રીકરણની ઐતિહાસિક પરિષદ યોજાઈ હતી. તેમાં પ્રમુખ રેગન અને સોવિયેત સંઘના વડા ગોર્બાચોવ હાજર રહ્યા હતા. ત્યાંથી સ્વિસ બાજુથી ઑટોસ્ટ્રાટ મહામાર્ગ શરૂ થાય છે. તેની જમણી બાજુ સ્વિસ હકૂમત છે, તો ડાબી બાજુ ઇટલીની. સ્વિત્ઝર્લૅન્ડના પડોશીઓ વચ્ચે આવા સીમામાર્ગો છે. લંડનથી પૅરિસ અને બ્રુસેલ્સ જતી દરિયાની નીચેથી અંશતઃ ટનલમાર્ગે મુસાફરોને લઈ જતી યુરોકાર જેવી આંતરરાષ્ટ્રિય સહકારજનિત સુવિધા અને અમેરિકા-કૅનેડાના પડોશી સહકારના દાખલા ભારત-પાકિસ્તાનને ક્યારે અનુકરણીય લાગશે !

રાજકારણનું મોડેલ

ઇન્ટરલાંકનથી બેન (બર્ન) થઈને બેઝેલને માર્ગે ફ્રાન્સમાં પ્રવેશવાનું હતું. સ્વિસ રાજધાની બેન પહોંચતા પહેલાં થુનસી અને બ્રીન્ઝસી એ મોટાં સરોવરોનાં આસમાની સ્ફટિક જળ મનને પ્રસન્નતાથી ભરી દેતાં હતાં. ૧૭૦૦ મીટર ઊંચા બ્રાન્ઝપાસમાંથી પસાર થઈને અમે બેન પહોંચ્યાં. બેન એટલે ધ સિટી ઑવ્ બેર (રીંછનગર). પણ એમાં નવી દિલ્હી, લંડન, વૉશિંગ્ટન, ટોકિયો, મૉસ્કો, રોમ, બર્લિન, પ્યોંગ્યાંગ વગેરેમાં જે શાહી દમામ દેખાય, મોટાં ઐતિહાસિક સ્મારકો અને રાજકીય મહાલયો દેખાય, રાજકીય ચહલપહલનાં પ્રતીકો કે માહોલ વર્તાય - એમાંનું કશું ય નથી. કારણ આર્થિક કે રાજકીય શક્તિનું તે રાષ્ટ્રિય કેન્દ્ર જ નથી. વળી, જેને રાજકારણ કહીએ છીએ, સત્તા અને લાભતંત્રની લહાણી કરવાની વ્યવસ્થા માનીએ છીએ એવું બધું સ્વિસ રાજકારણને ખપતું જ નથી !

વિરાટ આલ્પાઇન પહાડોથી વિભાજિત છતાં એક રહેલો એ દેશ છે. ભાષા અને ધર્મ એને એકસૂત્રથી બાંધનાર તત્ત્વો નથી. તે ૨૩ કેન્ટોન અને ૩ અર્ધ-કેન્ટોનમાં તથા ૩૦૦૦ સ્થાનિક કમ્યૂનોમાં વહેંચાયેલ છે, છતાં એક રાષ્ટ્ર છે. અહીંના અડધા ભાગની ભૂમિ પર હિમાચ્છાદિત પર્વતમાળા છવાયેલી છે. ત્યાં રાજકારણીઓ કરતાં હાઇકર્સ, બાઇકર્સ, સ્કાયર્સ અને પૅરાગ્લાઇડર્સને વધુ દિલચશ્પી જણાય છે. કીટ્સ, શેલી, બાયરન, સી.સી.મહેતા અને નિરંજન ભગતને વધુ ફાવ્યું છે. જ્હોન રસ્કિને આ ઊંચાં આલ્પાઇન શિખરોને 'ધ ગ્રેટ કથિડ્રલ ઑવ્ ધી અર્થ' તરીકે નવાજ્યાં છે. પણ એક પીઢ પ્રવાસીએ લખ્યું છે તેમ, 'આ આલ્પસભૂમિના મહામંદિરમાં તમે પૂજા કરવા આવી શકો છો - જો તમારી પાસે ફાજલ પાડી શકાય એટલાં નાણાં હોય તો !'

ઇન્ટરલાંકનથી બેન જતાં ચાર ટનલો, અને તે પછી ફ્રાન્સ જતાં બીજી આઠ એમ ૧૨ ટનલો વટાવી. ધીમે ધીમે એના લાલ ઈંટ અને લાલ કે કાળા નળિયાં (ટાઇલ્સ)વાળા શેટો (ઢળતાં છાપરાંવાળા નમણાં ઘરો) અને લાક્ષણિક હરિત વૃક્ષરાજિ અને શ્વેત-શ્યામ પહાડો પાંખા થતાં ગયાં. અમે દક્ષિણ ફ્રાન્સમાં પ્રવેશી ચૂક્યાં હતાં.

ઇન્ટરલાંકન અને ફ્રાન્સની સીમા વચ્ચે કુલ ૧૨ ટનલો આવે છે. ઇન્ટરલાંકનથી બેન (બર્ન) જતાં છ અને તે પછી ફ્રાન્સની સરહદે પહોંચતાં બીજી છ ટનલો. આમાંની ૭ સાત ટનલ સ્વિસ પ્રદેશમાં આવેલી છે. બેઝીલથી ફ્રાન્સની દક્ષિણ સીમાથી પૅરિસ પહોંચતા લગભગ પાંચેક કલાકના માર્ગ પર ભાગ્યે જ કોઈ નોંધપાત્ર નગર આવે છે. મેદાની પ્રદેશ, કોઈ વાર વાઇન બનાવવા માટેના (મુખ્યત્વે દ્રાક્ષના) બગીચાઓ દેખાય. રસ્તાઓ પર વાહનવ્યવહાર પણ ખૂબ ઓછો. રસ્તાની બાજુએ દૂર નાનાં ગામો પણ ઓછાં આવે.

અજીબ શું ફ્રાન્સ !

જર્મનીમાં ગાયો મહદંશે કાળી અને ધોળી દેખાઈ. સ્વિત્ઝર્લૅન્ડમાં બ્રાઉન (ચૉકોલેટ) અને ધોળા રંગની ગાય. સવિશેષ તો ફ્રાન્સમાં અમે પૅરિસ પહોંચ્યાં ત્યાં સુધી મુખ્યત્વે ધોળી ગાય જોઈ. સીઓટીસીની વીસ વર્ષથી યુરોપમાં પ્રવાસીઓ સાથે ફરતા શ્યાવક્ષની પણ આવી જ છાપ હતી. પછી પૅરિસનો મેટ્રોપોલિટન (મહાનગર) વિસ્તાર આવ્યો, અને ફ્રાન્સ વિશે જે આછી છાપ હતી તે સુઅંકિત બનવાની હતી.

ફ્રાન્સ એટલે કલા અને રંગરસિયાંને ગમે તેવી વિશિષ્ટ સંસ્કૃતિનું કેન્દ્ર. મ્યૂઝીઅમો, સજાવટ, ખુદ પુલો જેવાં બાંધકામોનું પણ સુશોભન. નાનાં ગામો અને ફરતી દીવાલવાળાં મધ્યયુગીન નગરોના મોઝેઇક પર મહાનગર પૅરિસ અને નીસ-રિવિયેરા જેવાં પ્રકૃતિરમ્ય સહેલગાહનગરનાં આભૂષણો એટલે ફ્રાન્સ. સ્વાદિષ્ટ અને અનોખી ભોજનવાનગીઓ, ફ્રેન્ચ ચીઝ અને પીણાં તથા ફેશનનો પ્રદેશ એટલે પૅરિસવાળું ફ્રાન્સ. ફ્રેન્ચ લોકોનો એવો દાવો છે કે ફ્રાન્સમાં કોઈને ખરાબ ભોજન મળે જ નહિ ને ! (ક્રમશઃ)

ફિલ્માકાશ-૩૭

બીજી સમર્થ નિર્માણસંસ્થાઓના સમર્થ કલાકારો

— રજનીકુમાર પંડ્યા —

૧૯૩૮ની ન્યૂ થીએટર્સની ફિલ્મો વિષે આપણે વિગતે વાત કરી. પણ કોઈ પણ નામાંકિત ફિલ્મનિર્માણ સંસ્થાની ફિલ્મોનું મૂલ્યાંકન કરતી વેળા એની સમકાલીન બીજી નિર્માણસંસ્થાનાં આગળનાં ચિત્રોની થોડી વાત ના કરીએ તો એ મૂલ્યાંકનમાં સરખામણી દ્વારા લાધતાં તથ્યોથી આપણે વંચિત રહી જઈએ.

એ દૃષ્ટિએ વિચારતાં ૧૯૩૮માં બીજી એવી ફિલ્મ-નિર્માણ સંસ્થાઓએ કાઠું કાઢ્યું હતું કે જેમણે છેલ્લાં ત્રણ-ચાર વર્ષોમાં પોતાનું કૌવત બરાબર બતાવી દીધું હતું. કલાત્મક મૂલ્યોની ઉચ્ચતા જાળવવી અને એ સાથે જ ધંધાકીય રીતે પણ પોતાના નિર્માણને સફળ બનાવવું એ બંને પલ્લામાં જરા પણ ડગમગ્યા વગર પગ રાખવા અને સમતોલ રહેવું એ કાચાપોચા નિર્માતા-દિગ્દર્શકનું કામ નથી. ન્યૂ થીએટર્સે એ મહદંશે કરી બતાવ્યું એટલે જાણે કે બીજા સધ્ધર નિર્માતાઓ માટે પણ બજારમાં આવવા-ટકવા અને પ્રતિષ્ઠિત થવા માટે એ જરૂરી બની રહ્યું. આને કારણે સરવાળે લાભ તો પ્રેક્ષકોને જ થયો. ભારતીય ફિલ્મોદ્યોગ એ કારણે વધુ સમૃદ્ધ અને પ્રભાવી બની રહ્યો. પ્રભાવી એ અર્થમાં કે દેશની વસ્તીના મોટા ભાગને માટે ફિલ્મો એ એકમાત્ર રહસ્ય-રોમાંચ વાર્તારસભર્યું અને છતાં ક્યારેય પણ વાસી ના થતું મનોરંજન માધ્યમ બની રહ્યું હતું, જે આજે પણ ટેલિવિઝનના આગમન છતાં પણ રહ્યું જ છે. ફરક માત્ર અત્યારના અને એ વખતમાં એટલો જ છે કે અત્યારે હેતુપ્રધાન ફિલ્મો ભાગ્યે જ અને રડીખડી આવે છે. શુદ્ધ મનોરંજનલક્ષી ફિલ્મો પણ ઓછી આવે છે. સામાજિક સંદર્ભવાળી ફિલ્મો આવે છે, પણ તે મોટા ભાગે આક્રોશ, ફરિયાદ કે વાસ્તવકેન્દ્રી હોય છે. અને આ બધાંની અસરને પણ બાકીની હિંસાની ભરમાર, ક્રૂરતા, બીભત્સતા અને વાહિયાત કથાતત્ત્વ ભરેલી ફિલ્મો ધોઈ નાખે છે. લોકજાગૃતિ પરત્વે પ્રતિબદ્ધ નિર્માણસંસ્થાઓના અભાવને કારણે આજે આ પરિસ્થિતિ પેદા થઈ છે.

૧૯૩૮માં આ રીતે વિચારતા ન્યૂ થીએટર્સ ઉપરાંત બૉમ્બે ટૉકિઝ, પ્રભાત ફિલ્મ કું., પ્રકાશ પિક્ચર્સ (વિજય ભટ્ટ), રણજિત મુવિટોન, મિનર્વા મુવિટોન (સોહરાબ મોદી), સાગર ફિલ્મ કું., હંસ પિક્ચર્સ, કારદાર ફિલ્મ્સ, વાડિયા મુવિટોન વગેરે મુખ્ય ફિલ્મનિર્માતાઓ હતા. એમાં પણ બૉમ્બે ટૉકિઝ, પ્રભાત, હંસ પિક્ચર્સ વગેરેની પરંપરા જ કાંઈક હેતુલક્ષી, સામાજિક સંદેશો પ્રસરાવતી ફિલ્મો આપવાની રહી હતી.



સંગીતકાર માસ્ટર કૃષ્ણારાવ

આ બધામાં પ્રભાતના શાંતારામ એ રીતે નોખા તરી આવતા હતા કે સાવ સામાન્ય ચપરાશીમાંથી તેઓ આ કક્ષાએ પહોંચ્યા હતા. જ્યારે બૉમ્બે ટૉકિઝ કે ન્યૂ થીએટર્સ પાસે તો ઉચ્ચ શિક્ષણ પામેલા વહીવટકારો અને ટેક્નિશ્યનોનો મોટો કાફલો હતો. નાણાંની પ્રવાહિતા, ઉપલબ્ધિ પણ તેને માટે કોઈ પ્રશ્ન નહોતો, બલકે એમની પાસે એની પણ સુઆયોજિત વ્યવસ્થા હતી.

જ્યારે અગાઉનાં પ્રકરણોમાં અવારનવાર જણાવ્યું છે તેમ સિતારામપંત કુલકર્ણી નામના એક શરાફ (ફાઈનાન્સર)ની માત્ર રૂપિયા દસ હજારની મૂડીથી ૧૯૨૯ની પહેલી જૂને કોલ્હાપુરના મંગલવાર પેઠ નામના પરામાં એક ઘોડાર (તબેલા)માં પ્રભાતની સ્થાપના થઈ હતી. સ્થાપકો હતા શાંતારામ, દામલે, ફત્તેલાલ અને ધાયબર. જુવાન શાંતારામ સ્યૂટ-બૂટ-ફેલ્ટમાં સજ્જ થઈને વારંવાર મુંબઈની મુલાકાતો લેતા અને કાચી ફિલ્મનો સ્ટોક ઉધાર મેળવવાનાં ફાંફાં મારતા. કૅમરા માટે બહુ કોશિશ કરી ત્યારે એક જૂના વપરાયેલા સેકંડહૅંડ કૅમરા અને તે પણ ઉધારના ધોરણે મળ્યો હતો. અરે, તબેલાના ઓછા ગંધાતા ખૂણામાં એક નાની એવી પ્રોસેસિંગ લેબૉરેટરી પણ શરૂ કરતા તેમને સૌને નાકે દમ આવી ગયો હતો. પહેલામાં પહેલી મૂક ફિલ્મ એમણે બનાવી તે 'ગોપાલકૃષ્ણ'. આ ધાર્મિક કથાવસ્તુવાળી ફિલ્મમાં શાંતારામે પોતાની અગમચતુરાઈ વાપરીને બળદગાડાની રેસનાં દૃશ્યો વાતોના એક અંશરૂપે વણી લીધાં. અને એ જ ચીજ પ્રેક્ષકોના જબરદસ્ત આકર્ષણનું કેન્દ્ર બની ગઈ. લોકો શાંતારામને એ માટે અભિનંદન આપતા ત્યારે એ હસીને કહેતાઃ 'એમાં મારા કરતા વધુ શ્રેય બળદ-બંધુઓને આપવો જોઈએ. એ બળદો ના



શાંતારામ, પ્રભાતની સ્થાપનાવેળા (૧૯૨૯)

હોત તો મારે પણ નાદાર બનીને મનુષ્યમાંથી બળદ બની જવું પડત.'

૧૯૩૮માં પ્રભાતે આ જ સફળ મૂક ફિલ્મ પરથી બોલપટ 'ગોપાલકૃષ્ણ' બનાવ્યું. એ વખતે શાંતારમને ઘણાએ જરા ચેતવ્યા હતા કે બૉમ્બે ટૉકિઝ અને ન્યૂ થીએટર્સ જ્યારે સામાજિક સંદર્ભવાળી ફિલ્મોથી ઝળહળતો ચાંદી જેવો ધંધો કરે છે ત્યારે તમે આ પૌરાણિક કથાવસ્તુ લઈને આવશો તો પિટાઈ જશો. શાંતારામે એ વખતે સ્પષ્ટ કહ્યું હતું કે અમે અગાઉ 'દુનિયા ના માને' (૧૯૩૭-વૃદ્ધવિવાહ) 'વહાં' (૧૯૩૭) જેવી ફિલ્મો આપીને સામાજિક ફિલ્મોમાં અમારી કુશળતા બનાવી ચૂક્યા છીએ એટલે અમારો આ નિર્ણય એ કંઈ પારોઠનાં પગલાં નથી. શાંતારામે કલકત્તાના મૅગેઝીન 'કલા'ને આપેલી મુલાકાતમાં એક વાત બહુ સરસ કહી કે ધારો તો તમે વર્તમાન સમયનો સામાજિક સંદર્ભ અમારી પૌરાણિક કથાવસ્તુવાળી ફિલ્મમાંથી શોધી શકો. વધુ ચોખવટ કરવાનું એમણે ટાળ્યું હતું. પણ આગળ ઉપર 'ગોપાલકૃષ્ણ' ફિલ્મ જોનારાં કરોડો પ્રેક્ષકોના મનમાં એ સ્પષ્ટ જ થઈ ગયું કે તેમની વાત સાચી હતી. કંસવધના દૃશ્યમાં સંકેતોથી એ બહુ ખુલ્લી રીતે પ્રતીત થતું હતું કે કંસ એ બીજું કશું નથી પણ એક જુલ્મગાર બ્રિટિશ સરકારનું જ પ્રતીક છે. જે ઝનૂનથી કંસવધનું દૃશ્ય ચિત્રાંકિત કરવામાં આવ્યું હતું તે ઝનૂન છૂપી રીતે હિંસક માર્ગે પણ જુલ્મમાંથી મુક્તિ મેળવવાનો સંદેશો આપે તે રીતે વ્યાપેલું બતાવાયું હતું. અલબત્ત, શાંતારામે આ અગાઉ 'ચંદ્રસેના' (૧૯૩૫)માં શરાબની લતના બૂરા પરિણામોને પૌરાણિક કથામાં વણી લીધાં હતાં. મૂંગી ફિલ્મો 'ઉદયકાલ' અને 'ખૂનીખંજર' (બંને ૧૯૩૦)માં પણ આવા પ્રયોગો તેમણે કર્યા હતા. 'ઉદયકાલ'નું એમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ દ્વારા ત્રિરંગો ઝંડો લહેરાવવાનું દૃશ્ય હતું. બ્રિટિશ સરકારની કડક નજરને કારણે છેવટે તેનું નામ 'ઉદયકાલ' રાખવામાં આવ્યું હતું. (તેની વાત અગાઉના પ્રકરણોમાં આપણે જાણી છે.)

એટલે શાંતારામની એ શરૂઆતથી જ લાક્ષણિકતા રહી હતી કે સામાજિક સંદેશા ફિલ્મોમાં વણી લેવા. પણ બાબુરાવ પટેલ જેવા તેમના ટીકાકારોના મતે આ બધું 'દૂધમાં ઉપરથી નાખેલી મલાઈ જેવું' હતું. દૂધમાંથી જેમ અસલ મલાઈ બંધાઈને ઉપર તરે, તેમ તેવા સંદેશા તેમની વાર્તામાંથી ઊપસતા નહોતા.

ખેર, આ તો બધું તેમની કલાનું સમીક્ષાત્મક વિવરણ જ્યારે થતું ત્યારે ન્યૂ થીએટર્સની સંવેદનાપૂર્ણ છતાં સામાજિક સંદેશા પ્રસરાવતી કથાની તુલનામાં થતું. પણ આમ છતાં શાંતારામે પોતાની મૌલિક સર્જનપદ્ધતિ જાળવી રાખી હતી. ન્યૂ થીએટર્સની મૂળ વાર્તામાં જ વણાયેલા સામાજિક સંદેશની રીત તેમણે 'દુનિયા ના માને' (૧૯૩૭) સિવાય કદી અપનાવી નહીં.

૧૯૩૮માં તેમની બે ફિલ્મો 'ગોપાલકૃષ્ણ' અને 'મેરા લડકા' આવી. 'મેરા લડકા'માં નિર્દેશન અલબત્ત કે. નારાયણ કાલેનું હતું (શાંતારામનું નહિ). સંગીત કેશવરાવ ભોલે અને મુખ્ય પાત્રોમાં ઉલ્લાસ, શાંતા હુબલીકર, વત્સલા જોષી, બાલકરામ(ગાયક), સુંદરાબાઈ, છોટુ વગેરે હતા. (બાલકરામ એટલે વર્ષો પછી કરણ દીવાનને પરણનારી ગાયિકા અભિનેત્રી મંજુના ભાઈ). આ ફિલ્મમાં મુખ્યત્વે શાંતા હુબલીકરનાં ગીતો હતાં. જે બહુ જાણીતાં થયાં નહોતાં.

પણ આ જ કંપનીની શાંતારામના નિર્દેશનમાં નહીં પણ વી. દામલે અને એસ.ફત્તેલાલના નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'ગોપાલકૃષ્ણ' ઘણી સફળ થઈ. આમ તો ૧૯૨૯ની એમની મૂગી ફિલ્મ ગોપાલકૃષ્ણની જ એ 'રિમેક' હતી. પણ તેને નવી ટેક્નોલૉજીનો લાભ ઠીક ઠીક મળ્યો. વિશેષતઃ કંસના સેનાપતિ કેશી(હરિભાઉ)એ જ્યારે પોતાના કારાગારમાં કૃષ્ણને બંદીવાન બનાવ્યા હતા ને તેમને છોડાવવા ગોવાળિયાઓ ગાય, બળદોનાં ધણનાં ધણ લઈને હલ્લો બોલે છે એ દૃશ્યમાં. આ દૃશ્યો ડોમ્બીવલીમાં લેવાનાં હતાં ત્યારે દામલે અને ફત્તેલાલ અસહ્ય ગરમીના કારણે અકળાઈ ગયા અને વધુ કામ કરી શકે તેવી સ્થિતિ ના રહી. એવા ટાણે શાંતારામ પોતે ઑફિશ્યલ નિર્દેશક ના હોવા છતાં આગળ આવ્યા અને શૂટિંગ પૂરું કર્યું. શાંતારામ પ્રભાતના હરેક ડિપાર્ટમેન્ટમાં ઊંડો રસ લેતા. તે એટલે સુધી કે પટકથા અને સંવાદલેખક શિવરામ વાશીકર ખુદ રાજીખુશીથી સ્વેચ્છાએ એ ફિલ્મની શ્રેયનામાવલીમાંથી પોતાનું નામ હટાવીને પટકથાલેખક તરીકે શાંતારામનું નામ મુકાવવા તૈયાર થઈ ગયા હતા. પણ શાંતારામે તેમને એમ કહીને વાર્યા કે તેમ કરવાથી પોતે કંઈ રાજી થવાના નથી, કારણ કે પોતે પટકથાલેખક તરીકે પ્રતિષ્ઠિત થવા માગતા જ નથી. અને ઊલટાનું વાશીકરની તે ક્ષેત્રની કારકિર્દીને નુકસાન પહોંચશે. અંતે વાશીકર માની ગયા હતા. આ ફિલ્મમાં બાળક જ હીરો હતા. એટલે કે બાળક તરીકે કૃષ્ણ. જે ભૂમિકા રામ મરાઠે નામના બાળકલાકારે ભજવી હતી. આ રામ મરાઠે આગળ જતા બહુ મોટા શાસ્ત્રીય સંગીતના કલાકાર બન્યા હતા. આ ઉપરાંત

શાંતા આપ્ટે, પરશુરામ શંકર, પ્રહ્‌લાદ, ઉલ્લાસ, માનાજીરાવ, કરુણાદેવી, કૌશલ જેવાં કલાકારો એમાં હતાં. સંગીતકાર આ અગાઉ પ્રભાતની 'ધર્માત્મા' (૧૯૩૬), 'અમર જ્યોતિ' (૧૯૩૭), 'વહાં' (૧૯૩૮)માં [illegible]ીત આપી ચૂક્યા હતા. આ ફિલ્મમાં મૂળ કથા તો ભાગવત અને વિષ્ણુપુરાણમાંથી સારવવામાં આવી હતી પણ મુખ્યત્વે તે કંસ દ્વારા થતી બાળક કૃષ્ણની સતામણીની ઘટનાની આસપાસ વણાયેલી હતી. કથા સાથે થોડી ફિલ્મીકરણ માટે સુસંગત એવી છૂટછાટો લેવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું. તે મુજબ મૂળ પુરાણકથામાં ઈંદ્ર દ્વારા વરસાદ અને વાવાઝોડું મોકલીને નગરીને નુકસાન પહોંચાડવાની ઘટના છે. જ્યારે આમાં ખુદ કંસ દ્વારા એ પ્રપંચ રચાતો હોવાની ઘટના દર્શાવવામાં આવી હતી. કૃષ્ણ આ પછી પ્રજાને બચાવવા માટે ટચલી આંગળી પર ગોવર્ધન પર્વતને તોળે છે. આ દૃશ્યો ભારે ખૂબીથી ચિત્રાંકિત કરવામાં આવ્યાં હતાં અને બીજાં પણ અનેક ચમત્કારનાં દૃશ્યો એ જમાનામાં અઘરી ગણાતી ટ્રિકસીન, દૃષ્ટિછલ, એડિટિંગ, સેટિંગ્સ અને પાર્શ્વસંગીતની મદદથી દર્શાવવામાં આવ્યાં હતાં.

આ સફળ ફિલ્મમાં કુલ ચૌદ ગીતો હતાં, જે મહદંશે શાંતા આપ્ટેનાં ગાયેલાં હતાં. રામ મરાઠે તથા પરશુરામને ફાળે પણ કેટલાંક ગીતો આવ્યાં હતાં. આ ફિલ્મનાં ગીતોમાં સર્વાધિક લોકપ્રિય 'સર સર સરવત પયકી ધારા, પ્યારી પ્યારી ગાય દુલારી' તથા 'નાચત ઝુમત જાએ' એ બે ગીતો થયાં હતાં.

આ ફિલ્મના સંગીતકાર માસ્ટર ક્રિષ્ણારાવ હતા અને તેઓ પોતાના રૂઢિવાદી માનસ અને તેજ મિજાજને કારણે જાણીતા હતા. આ ફિલ્મના એક ગીતના રેકૉર્ડિંગ વેળા શાંતા આપ્ટે બની-ઠની સજી-ધજીને રેકૉર્ડિંગ રૂમમાં આવ્યાં ત્યારે તેમણે રેકૉર્ડિંગ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. ગીત સાથે સુસંગત સાદગી જ જોઈએ તેવો તેમનો આગ્રહ હતો.

રૂપાળા ચહેરાવાળા અને તેથી શાંતારામની 'માલી' (૧૯૪૪)માં અમીરબાઈ કર્ણાટકી સામે હીરો તરીકે કામ કરનાર, આ સંગીતકાર ૧૮૯૧માં મહારાષ્ટ્રના આલંદી ગામે જન્મ્યા હતા અને ગોવિંદરાવ ટેમ્બે, ભાસ્કરબૂઆ બખલે તથા બાલ ગાંધર્વ જેવા પાસેથી સંગીત શિખ્યા હતા. એક સાધારણ ઘરનોકરાણીના પુત્ર કૃષ્ણરાવ રાગ ખમાજના ઉસ્તાદ હતા. ભારતભરમાં ભ્રમણ કરીને તેમણે લગભગ ત્રણ હજાર જેટલા સંગીતના કોન્સર્ટ (જલસા) કર્યા હતા અને અપાર ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. એક વાત ખાસ નોંધવા જેવી એ છે કે ૧૯૪૭ની આઝાદીવેળા ૧૫મી ઑગસ્ટે ભારતભરમાં રેડિયો ઉપરથી ગુંજ્યું તે વંદે માતરમ્ માસ્ટર કૃષ્ણરાવના સ્વરમાં હતું. ઑલ ઈંડિયા રેડિયોના પ્રારંભના દિવસોથી માસ્ટરજી એની સાથે

લઘુકથા

જીવન

જીતુ પુરોહિત

એક આંચકા સાથે નગરના રેલવે સ્ટેશને ટ્રેન ઊભી રહી. એક મુસાફરે ખૂબ ઝડપથી પાંચ-છ નાનામોટા થેલા, એક-બે ડબલાં, બરણી, કીટલાં સાથે ડબામાં પ્રવેશ કર્યો. અર્ધીક મિનિટમાં જ ટ્રેન ઊપડી.

પેલો મુસાફર મારી સામે ખાલી પડેલ બર્થ પર ગોઠવાયો, અને પોતાનો સામાન વ્યવસ્થિત કરવા લાગ્યો. બાજુના નાનકડા ગામનો વ્યાપારી હશે અને અહીં નગરમાં ખરીદી કરવા માટે આવ્યો હશે તેવું મેં અનુમાન કર્યું. તેની પ્રવૃત્તિ જોતો રહ્યો.

તેણે બે-ત્રણ નાનીનાની થેલીનો સામાન એક થેલામાં ભર્યો, બે-ત્રણ ડબલાં, કીટલાં એક થેલામાં ગોઠવ્યાં, બીજી બે થેલીઓનો સામાન એક થેલામાં ગોઠવ્યો. એકદમ તલ્લીન થઈ એ બધી ગોઠવણી કરતો હતો; હું તે નિહાળતો હતો.

બે-ત્રણ મોટી પ્લાસ્ટિકની કૅરિબૅગમાં થોડાં શાકભાજી તથા ફળો હતાં તે પણ એક થેલીમાં ભર્યાં. ત્યાં....

એક નાનકડું સ્ટેશન આવ્યું. ગાડી લોકલ હોઈ ઊભી રહી. ફટાફટ બધો સામાન ઉતારી તે નીચે ઊતરી ગયો. ફરી ધક્કા સાથે ગાડી ઊપડી.

હું વિચારવા લાગ્યો.

આ જીવન તો નહિ ?

હતા. પંડિત નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા દિગ્ગજ નેતાઓ માત્ર એમના પ્રશંસક જ નહીં પણ પ્રત્યક્ષ પરિચયમાં હતા. એમની પુત્રી વીણા ચીટકો પણ આગળ જતાં પ્રખ્યાત સંગીત નિર્દેશિકા બની હતી.

આજના સંગીતકારોનું સ્તર જોતાં, એ જમાનાના સંગીતકારોની ઉત્તમ કક્ષાની યાદ આપોઆપ આવી જાયછે.

(ક્રમશઃ)

[નોંધ : નવેમ્બર ૨૦૦૩ના ફિલ્માકાશમાં સરતચૂકથી મેં એવું લખ્યું હતું કે 'ઐસા ક્યું, ફીર ઐસા ક્યું' શબ્દો ગાઈને સાયગલ ખાંસી ખાય છે તે ફિલ્મ 'સ્ટ્રીટ સિંગર' ના 'જીવનબીન મધુર ના બાજે' ગીતના અંતમાં હતું. હકીકતે તે ફિલ્મ 'દુ:શ્મન'ના 'પ્રીત મેં હૈ જીવન જોખોં' ગીતના સમાપનમાં છે. આ સરતચૂક પરત્વે અમદાવાદના શ્રી સુરેન્દ્ર રાવલ, જામનગરના શ્રી ચિનુભાઈ ચગ, વડોદરાના સંગીતજ્ઞ વડીલ શ્રી દેવેન્દ્ર ત્રિવેદી અને ગાંધીનગરના વયોવૃદ્ધ રસજ્ઞ વાચક શ્રી કાંતિલાલ સાકરલાલ ભટ્ટે અંગતપત્ર લખી મારું ધ્યાન દોર્યું છે તે બદલ તેમનો ઋણી છું.

વિશેષમાં શ્રી દેવેન્દ્ર ત્રિવેદી જણાવે છે કે 'દુ:શ્મન' ચિત્રમાં નાયક અને નાયિકાનું અંતે મિલન થાય છે ને ડૉક્ટર કેદાર વચ્ચેથી હટી જાય છે તેવો સુખાંત છે. આ માહિતી બદલ તેમનો આભાર - લેખક] ❐

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

ઍલ્ફ્રેડ લૉર્ડ ટેનિસન (ચાલુ)

ઍલ્ફ્રેડ ટેનિસનનું 'ધ લોટ્સ ઈટર્સ' એક સુંદર ઊર્મિક તરીકે પ્રતિષ્ઠિત ગણાયું છે. પ્રકૃતિનાં રમણીય ચિત્રોને સહારે ટેનિસન જે મનઃસ્થિતિ આલેખે છે તેમાં તેની કલાનો સુંદર પરિચય મળી રહે છે. A land of streams ! some like a downward smoke...થી આરંભાતી કડી એની ચિત્રાત્મક શૈલીનો ખયાલ આપે છે. એનું ઉપર્યુક્ત કાવ્ય પ્રથમ વાર ઈ. ૧૮૩૨માં પ્રકાશિત થયું હતું. ગ્રીસના મહાકવિ હોમરના 'ઑડિસિ' કાવ્યમાં યૂલિસીસ દરિયાઈ રઝળપાટ દરમ્યાન લોટસ-ઈટર્સની ભૂમિ પર કમળનો આહાર કરી જીવનારાં લોકો વસે છે અને એ કમળના આહારને કારણે જે પ્રમાદી, આનંદમય તંદ્રાવસ્થાનો મૂડ આપે છે તેનું ટેનિસને નાટ્યાત્મક શૈલીમાં વર્ણન કર્યું છે.



વહાણના કપ્તાનના સાથીદાર ખલાસીઓ જીવનભરના દરિયાઈ રઝળપાટથી વાજ આવી ગયા છે. લોટસ ઈટર્સની ભૂમિમાં કમળના આહાર પછી તેમના ચિત્તમાં સંઘર્ષ જાગે છે:

All things have rest, why should we toil alone,
We only toil, who are the first of things,
And make perpetual moan,
Still from one sorrow to another thrown...

*

Let us alone what pleasure can we have
To war with evil ? Is there any peace
In ever climbing up the climbing wave ?
All things have rest, and ripen towards the grave
In silence : ripen, fall and cease :
Give us long rest or death, dark death or dreamful ease.

જગતમાં સર્વત્ર પદાર્થો શાંતિમય, સરળ જીવન જીવે છે. શાંતિથી કબરમાં લોટે છે. તો પછી માત્ર આપણે જ આમ સંઘર્ષમાં જીવવું ? દરિયાઈ મોજાં પર ઊછળ્યા કરવું ? હવે તો ચિર શાંતિ અથવા ઘોર મૃત્યુ અગર સ્વપ્નસ્થ તંદ્રા જ જોઈએ. એમને પરિવાર યાદ આવે છે પણ ઘણાં વર્ષો પછી પરિવારમાં પાછા ફરવું... કોણ ઓળખાશે ? એમના આનંદમય જીવનમાં સંભવતઃ આપણે વિઘ્નરૂપ બનીશું.

For surely now our household hearts are cold
Our sons inherit us : our looks are strange
And we should come like ghosts to trouble joy.

....

Let what is broken so remain

અને અંતે નિર્ણય કરે છે. દરિયાઈ રઝળપાટ કરતાં મીઠી તંદ્રાવસ્થા જ સ્વીકારી લઈએ -

Surely surely, slumber is more sweet than toil, the shore
Than labour, in the mid-ocean, wind and wave and oar

રોજ સમુદ્રના વસવાટમાં અનુકૂળ પવન, મોજાં, હલેસાં - એ જ ઝંઝટ ! હવે તો લોટસ ઈટર્સની ભૂમિમાં જ વસીશું. નક્કી દરિયાને છેલ્લી સલામ -

Oh rest ye, brother mariners, we will not wonder more.

રોમૅન્ટિક કવિ કીટ્સ તેનો અત્યંત પ્રિય કવિ હતો. અને 'ધ લોટ્સ ઈટર્સ'માં - Give us long rest of death, dark death or dreamful ease - માં કીટ્સની પંક્તિઓના પડઘા સાંભળી શકાય. પણ કીટ્સ વિશેષણોનો જે સહારો લે છે તેના કરતાં વિશેષ પ્રમાણમાં ટેનિસન તેનો સહારો લઈને ચિત્તની કોઈ અવસ્થાનું નિદર્શન કરે છે; અને કરુણપ્રશસ્તિ તરફ એની વૃત્તિ ઢળતી જણાય છે.

ઈ. ૧૮૪૨માં પ્રકટ થયેલા કાવ્યસંગ્રહમાં ટેનિસન એની અગાઉની શૈલી પર પ્રભુત્વ મેળવી લે છે. એની પ્રેરણા એને રોમૅન્ટિક આત્મલક્ષિતા પ્રતિ તેમજ એના યુગના સમાજનાં વિચારો-વલણો પ્રતિ ખેંચે છે અને એ બંનેનું અદ્‌ભુત સંમિશ્રણ તે સાધી શકે છે. એ કોઈક વિશ્વવ્યાપક પ્રયોજનથી આકર્ષાઈને પોતાની શૈલીગત કે વસ્તુગત મર્યાદાઓ ખંખેરી દઈને નવા નવા વિષયો સાંપ્રતયુગમાંથી, મધ્યકાળમાંથી અને પ્રશિષ્ટ સાહિત્યમાંથી શોધી લાવે છે. અરે, દંતકથામાંથી પણ તે વિષયવસ્તુ લઈ આવે છે અને વાસ્તવિક જગત તો તેની દૃષ્ટિ સમક્ષ છે જ. એનો વિષયવસ્તુનો વ્યાપ મોટો છે, પણ બીજાના અનુભવો કામે લગાડવાની, ખપમાં લેવાની તેની શક્તિ મર્યાદિત છે. એ ઘણુંખરું લાગણીઓ પુનર્જીવિત કરી શકે છે. તે એની પ્રકૃતિ સાથે સુસંગત છે. એટલે એક અંગત વલણ એના સર્જનમાં જ્યાં ને ત્યાં પ્રતીત થાય જ છે.

ટેનિસને ઈ. ૧૮૪૨ના કાવ્યસંગ્રહમાં અગાઉ ઈ.૧૮૩૨માં પ્રકટ થયેલાં ઘણાં કાવ્યોમાં સુધારાવધારા કરીને

તેમને નવો ઘાટ આપ્યો છે. એમાં એની કાવ્યકલાનો વિકાસ સ્પષ્ટ જોઈ શકાય છે. એણે આ નવાં સુધારેલાં કાવ્યોમાં શક્ય તેટલો શબ્દશણગાર, લાગણીનો અતિરેક ટાળ્યો છે અને સમગ્ર અસર નિપજાવવા પ્રતિ લક્ષ કેન્દ્રિત કર્યું છે. પણ ટેનિસન આ તબક્કે અને પછીના તબક્કાઓમાં પણ એટલેથી સંતુષ્ટ નથી. એનો પોતાના વિશે એક ઊંચો ખયાલ છે કે તેણે વિક્ટોરિયન યુગના એક કવિ-વિચારક પ્રતિનિધિ લેખે ઊપસવાનું છે. એ દિશામાં જ ગતિ કરવાનું તેનું વલણ છે. મધુર-વિષાદગ્રસ્ત મનઃસ્થિતિનાં આલેખન તો તે અવશ્ય કરવાનું તાકે છે; પણ કેટલીક પોતાના યુગની નક્કર બાબતો પણ તેનાં કાવ્યોનો વિષય બને છે. એના 'ધ પૅલેસ ઑવ્ આર્ટ' કાવ્યમાં સામાન્ય નાગરિકો માટે કલાની આવશ્યકતાની વાત તેણે રૂપક દ્વારા વર્ણવી છે. પણ એક સુંદર સુરુચિસભર રૂપક કવિતામાં વાગ્વિલાસ પ્રયોજીને એ રૂપકકથાને નીરસ બનાવી મૂકે છે અને બુદ્ધિગમ્ય બાબતોની ચર્ચામાં પણ તે સફળ થઈ શકી નથી. 'ધ પૅલેસ ઑવ્ આર્ટ'માં એનું મુખ્ય વલણ એવું છે કે સૌંદર્ય અને જ્ઞાન ખાતર જ્ઞાનની ઉપાસના થતી હોય તો તે નિંદ્ય છે.

ટેનિસન 'ધ પૅલેસ ઑવ્ આર્ટ' જેવી કૃતિમાં ઊપસે છે તેના કરતાં વધુ સારી રીતે તેની કલા 'ઇનન'માં પ્રકટે છે. એક પ્રાચીન દંતકથા વિષયવસ્તુ તરીકે લઈને એ સુંદર નાટ્યાત્મક એકોક્તિ રચે છે. એમાં ટેનિસનનો વાગ્વૈભવ ખાસ ધ્યાનપાત્ર બને છે. ઇનન ગ્રીક સાહિત્યની એક કરુણકથા છે. વરુણદેવની એ પુત્રીનાં લગ્ન ટ્રૉયના રાજવીના પુત્ર પૅરિસ સાથે થયાં હોય છે. પણ હેલનને ખાતર પૅરિસ તેને તરછોડે છે. ઇનન શોકગ્રસ્ત બનેલી ઇડાની ખીણમાં જાય છે અને પોતાના બેવફા પતિ પર વેર લેવાનું પ્રયોજન વિચારે છે. કેટલાક વિવેચકોનું મંતવ્ય છે કે ટેનિસન 'ઇનન'માં ગ્રીસકૃતિનું તત્ત્વ જાળવી શક્યો નથી. મૂળ કથામાં 'ઇનન'ની જે વેરવૃત્તિ અથવા વિરોધની તીવ્ર લાગણી પ્રકટ થઈ છે તે ટેનિસનની 'ઇનન' કૃતિમાં નથી. ટેનિસનની 'ઇનન' શોકગ્રસ્ત બનીને પોતાની કથની વર્ણવે છે. એની કથનીમાં વિષાદ વધુ વરતાય છે. ટેનિસન જાણે કે આધુનિક, ઈસુના આદર્શને ધ્યાનમાં રાખતો લાગે છે :

To err is human, to forgive divine.

ગમે તેમ પણ ઇનન પોતાની કથા જે શબ્દોમાં વર્ણવે છે તે શબ્દો, તેનો લય, શબ્દોનું પુનરાવર્તન આકર્ષક બની રહે છે.

ટેનિસનને કરુણપ્રશસ્તિનું સ્વરૂપ અત્યંત અનુકૂળ છે. એનાં નાટ્યાત્મક એકોક્તિનાં કાવ્યો પણ એ જ સ્વરૂપમાં તેણે ઢાળ્યાં છે. એમાંનું એક ઉત્તમ 'ટિથોનસ' છે. એમાં ટેનિસનનાં કરુણપ્રશસ્તિને અનુરૂપ વર્ણનો અને વિચારદ્રવ્ય ધ્યાનપાત્ર બની રહે છે. એનો વિષાદગ્રસ્ત મનોભાવ આલેખવાનો વિશિષ્ટ રસ પણ અહીં સુંદર પદાવલિમાં વરતાય છે.

The woods decay, the woods decay and fall
The weapours weep their burthen to the ground.
Man comes and tilts the field and lies beneath,
And after many a summer dies the swan.

ટેનિસન એના યુગના પ્રશ્નોને પણ કાવ્યવિષય તરીકે પસંદ કરે છે મને એમાં કેટલીક વાર કાવ્યો બોધપ્રધાન પણ બની જાય છે. 'ધ પ્રિન્સેસ'માં તેણે સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણના વિષયની છણાવટ કરી છે. પણ એમાં ચર્ચા કરતાં વિશેષ આસ્વાદ્ય બની રહે છે તેમાં પ્રસ્તુત થયેલાં ઊર્મિકો. આ ઊર્મિકોમાં ટેનિસન તેના પ્રિય વિવિધ છંદોમાં અને વિવિધ સંદર્ભમાં રજૂ કરે છે. ટેનિસનની પોતાના યુગની સમસ્યાઓ રજૂ કરવા અંગેની પ્રતિબદ્ધતા આ કાવ્યમાં સત્વરે ધ્યાન ખેંચે છે. અલબત્ત, એમાં સંદિગ્ધતા ઘણી છે છતાં તેણે એને સભાનતાપૂર્વક મહત્ત્વાકાંક્ષી કથનાત્મક કાવ્ય બનાવવાનો પ્રપંચ રચ્યો છે. પેલા વર્તમાન સમયની નાંદીથી અથવા વાસ્તવિક ભાષણથી આરંભ કરીને કોઈક અનિશ્ચિત મધ્યકાળની કથા પ્રસ્તુત કરીને તે દ્વારા સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણનો અનુરોધ કર્યો છે. તેની કથાકાર તરીકેની મર્યાદા જતી કરીએ, પણ એમાં સુંદર ઊર્મિકો -

Now sleeps the crimson petal

અને

Come down o maid from younder mountain height

તેમજ હાલરડા સ્વરૂપનું 'Sweet and Low'થી શરૂ થતું ઊર્મિક - આ સર્વ 'ધ પ્રિન્સેસ' કાવ્યમાં મધુરતાનો આસ્વાદ કરાવે છે.

ટેનિસનને વિક્ટોરિયન યુગના એક પ્રતિષ્ઠિત કવિ તરીકે ઉપસાવે એવાં એનાં ખૂબ પ્રસિદ્ધ અને પ્રચલિત કાવ્યોમાં 'ધ પાસિંગ ઑવ્ આર્થર', 'યૂલિસીસ', 'મોડ', 'ઇનક આર્ડન', 'ઇન મેમૉરિયમ' વગેરેનો સમાવેશ થાય છે. (ક્રમશઃ)


અનુસંધાન] ગાંડા માણસો - ૫ [પૃ. ૧૨૨ થી

મૂક્યો. રસ્તામાં અચાનક ગુરુ બજુવા જ ભટકાઈ ગયા. વેધક નજરે તેમની સામે જોતાં ગુરુ બોલ્યાઃ 'મને તો હજુ એ સમજાતું નથી કે એક્સવાઇઝેડની તું જાસૂસી કરે છે કે એક્સવાઇઝેડ તારી જાસૂસી કરે છે ?' પણ સ્વરૂપાનંદજી તો સાવ અવાચક-હતપ્રભ બનીને ખીલાની જેમ ખોડાઈ જ ગયા હતા.

ફરી બજુવા બોલ્યા: 'માણસજાતના કહેવાતા ગાંડપણના મૂળમાં કદાચ માત્ર આ ત્રણ શબ્દો જ હશે. એક્સવાઇઝેડ !!' ને સ્વરૂપાનંદજીને પોતાની માર્મિક વાણી સંભળાવતા ગુરુએ જાણે તેમને સાવ ખંખેરી જ નાખ્યા : 'એક્સવાઇઝેડને યાદ રાખવામાં તું અધ્યાત્મની આખેઆખી એબીસીડીને ભૂલી ગયો ને ?'

ચેસ-કૉર્નર : કોયડો- ૩૬

કાળું



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (White to play and mate in two). મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : Ka8, Qb7, Rf4, Bb4, Bf7, Nb3, P-c2

કાળાં : Kc4, Be4, Nc3, Ne6, P-d6

આ કોયડાનો ઉકેલ આગામી બારમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (e-mail -parag@vakharia.net) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. કોયડાની ચર્ચા આવકાર્ય છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ એપ્રિલ ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના ડિસેમ્બર ૨૦૦૩ના અંકમાં આવેલ કોયડા નં. ૩૪નો ઉકેલ. આ કોયડાના ત્રણ ઉકેલો છે:

પ્રથમ ઉકેલનો Key move Q x R છે. આની સામે બે Threat છે. (૧) Qc1 # અને (૨) Qf4 #

(૧) ......, B x R; Be5, Be4, Bg5; (૨) Qc1 #

(૧) ......, Bc6; (૨) Qf4 #

બીજા ઉકેલનો Key move Ng2 છે.

(૧) ......, K x B(ફરજિયાત); (૨) Rf4 #

ત્રીજા ઉકેલનો Key move Bc6 છે. આની સામે Threat Ng2 છે

(૧) ...., B x B	;	(૨) Qb3 #
(૧) ...., R x B	;	(૨) Qf4 #
(૧) ...., B x R	;	(૨) Bc1 #

પ્રો. એ. આર. રાવ જણાવે છે કે એકથી વધારે ઉકેલવાળો કે એકથી વધારે Threatવાળો કોયડો ક્ષતિયુક્ત કહેવાય. કલ્યાણભાઈ મુલિયા જણાવે છે કે આ એક વિશિષ્ટ જાતનો કોયડો છે કે જેમાં forced move અને waiting move બંને છે. હર્ષદ દવે જણાવે છે કે h7 ઉપર બીજો કાળો હાથી રાખ્યો હોત તો વધારે જામત.

ઉપરોક્ત કોયડાનો ઉકેલ ૧૮ વાચકો તરફથી મળેલ છે. ઘણો સારો પ્રતિસાદ કહેવાય. ઘણા વાચકોએ બે ઉકેલો પણ મોકલ્યા છે. સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧) હરનિશ જાની (તેમની વાર્તા સપ્ટેમ્બર ૨૦૦૩ના 'કુમાર'માં પ્રસિદ્ધ થઈ હતી.), (૨) મહેશ ઈનામદાર (અમેરિકા), (૩) પ્રો. એ. આર. રાવ (૪) ઝેડ.એલ.ઝાલાવાડિયા, (૫) ડૉ. દિલીપ અહલપરા, (૬) નૌતમભાઈ વખારિયા (અમદાવાદ), (૭) પ્રાંજલિ પેડણેકર, (૮) અજિત યાજ્ઞિક, (૯) દિલીપ રાવળ, (૧૦) હસુ વ્યાસ (મુંબઈ), (૧૧) નિતીન ભટ્ટ (વડોદરા), (૧૨) હર્ષદ દવે (રાજકોટ), (૧૩) કલ્યાણભાઈ મુલિયા (સુરેન્દ્રનગર), (૧૪) કિરણભાઈ શાહ (આણંદ), (૧૫) ગૌરાંગ જોશી (વેરાવળ), (૧૬) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા), (૧૭) કેવલગિરિ (લોણાવલા)

- અર્પી શાહ

'કુમાર'ના અમૃતપર્વ નિમિત્તે ઘટાડેલી કિંમતે

'આવો, શીખીએ અંગ્રેજી'

લેખક : ધનુભાઈ મહેતા

(સીધા 'કુમાર ટ્રસ્ટ'માંથી મંગાવનાર માટે જ આ રાહતદર છે.)

- 'કુમાર'માં નિયમિત હપ્તાવાર પ્રકટ થયેલી લેખમાળાના આ ગ્રંથની મૂળ કિંમત રૂ. ૧૬૦=૦૦. ખાસ ઘટાડેલી કિંમત રૂ. ૧૦૦=૦૦, પોસ્ટથી મગાવનારે રૂ. ૩૫ વધુ મોકલવા.
- રકમ ચેક/ડ્રાફ્ટ/ એમ.ઓ.થી મોકલી શકાશે. ચેક/ડ્રાફ્ટ 'કુમાર ટ્રસ્ટ'ના નામે જ લખવો. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫=૦૦ વધુ મોકલવા.
- રૂબરૂમાં કાર્યાલયમાંથી આ ગ્રંથ રૂ. ૧૦૦માં મળી શકશે.

ચયનગ્રંથ સંપુટ-૨

મૂળ કિંમત રૂ. ૧૬૦ ખાસ ઘટાડેલી કિંમત રૂ. ૧૨૫ + રજિ. પોસ્ટના રૂ. ૩૫ વધુ મોકલવા.

- કાવ્યો (બૃહદ્ બુધ-કવિસંમેલનમાં પઠિત થયેલાં કાવ્યો) રૂ. ૨૫, સાદા બુકપોસ્ટથી રૂ. ૫ વધુ
- યોગાસનો (લે. દામુભાઈ શુક્લ) : રૂ. ૨૦ સાદા બુકપોસ્ટથી રૂ. ૪ વધુ
- પ્રસંગપરાગ : રૂ. ૧૫, સાદા બુકપોસ્ટથી રૂ. ૪ વધુ
- આરોગ્યસૂત્ર : રૂ. ૧૦, સાદા બુકપોસ્ટથી રૂ. ૪ વધુ

કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા
અમદાવાદ ૩૮૦૦૦૧.

કંકાવટી

હાસ્યરસની સામ્રાજ્ઞી
લ્યુસીલ બૉલ



હાસ્યરસથી ઉભરાતી કૉમેડિ ફિલ્મ આપણે જોતાં હોઈએ છીએ. હાસ્યથી ભરપૂર રમૂજી ટૂચકા આપણે સામયિકોમાં વાંચીએ છીએ. આ ઉપરાંત આજકાલ દૂરદર્શનમાં 'હસે તેનું ઘર વસે', 'હસો નહિ તો મારા સમ' આવી હાસ્યરસની સીરિઅલ પણ આવતી હોય છે. આ સીરિઅલ આપણે જોઈએ છીએ અને હસીએ પણ છીએ. પણ આપણને નથી લાગતું કે આપણે કૃત્રિમ હસીએ છીએ ?

આપણે જો ખરો હાસ્યરસ, જે સરળ, નિર્મળ અને સાચા અર્થમાં આપણને હસાવે છે એને મ્હાણવો હોય તો અમેરિકન કૉમેડિયન હાસ્યરસની રાણી લ્યુસીલ બૉલનો 'શો' જોવો જોઈએ. અને પછી આપણે તુલના કરવી જોઈએ. ગુજરાતીમાં હજી સુધી શ્રી જ્યોતીન્દ્ર દવે જેવા હાસ્યલેખક કોઈ જ નથી એમ અમેરિકામાં જ નહિ પણ આખા વિશ્વમાં લ્યુસીલ બૉલ જેવી હાસ્યકલાકાર ક્યાંય મળશે નહિ. આવી વિશ્વની કૉમેડિયન કલાકાર શ્રીમતી લ્યુસીલ ડિઝાયરી બૉલનો જન્મ ૧૯૧૧ની ૬ઠ્ઠી ઑગસ્ટે, ન્યૂ યૉર્ક પાસેના જેમ્સટાઉનની બહાર આવેલાં સીલેરોન નામના ગામમાં થયો હતો. એના પિતાજી એ જ ગામમાં ઈલેક્ટ્રિશ્યન હતા. લ્યુસીલ ત્રણ વર્ષની થઈ ત્યારે એના પિતાજીનું અવસાન થયું. વખત જતાં લ્યુસીલ મોટી થવા લાગી. એને અભિનય શીખવાનું મન થયું. એણે ન્યૂ યૉર્કમાં જોહન મુરે ઍંડરસન રૉબર્ટ મિલ્ટનની ડ્રામાની સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. બાર મહિના સુધી એમણે આ સ્કૂલમાં અભિનયની તાલીમ લીધી. આ અભિનયની તાલીમને અંતે આગળ અભ્યાસ માટે સ્પષ્ટ જણાવી દીધું કે એ અભિનય નહિ કરી શકે. ક્યારેય પણ અભિનેત્રી તો નહિ જ બની શકે. આથી લ્યુસીલ ઘણી નિરાશ થઈ. પણ કરે શું ? પછી એ વૉલગ્રીન ડ્રગ સ્ટોર્સમાં સોડા ફાઉન્ટન ક્લાર્ક તરીકે કામ કરવા માંડી. સાથે સાથે એના ગામ સીલેરોનના પાર્કમાં 'હૉટ ડૉગ' વેચવાનું શરૂ કર્યું. પાર્કમાં ઘરાકને આકર્ષવા માટે એ જાતજાતના હાસ્યરસના લટકા અને ચટકા કરતી હતી. જો કે એનો બૉસ એની આ કલા પર ધ્યાન નહોતો આપતો.

૧૯૨૭માં લ્યુસીલ જ્યારે સોળ વર્ષની થઈ ત્યારે સંધિવાનો રોગ લાગુ પડ્યો. આથી મહિનાઓ સુધી એને પથારીમાં સૂઈ રહેવું પડ્યું. આ રોગમાંથી સારી થયાં પછી એણે ૧૯૩૩માં ચેસ્ટરફિલ્ડમાં સીગરેટ ગર્લ તરીકે નોકરી સ્વીકારી. આથી લ્યુસીલ ધીરેધીરે આસપાસ જાણીતી થઈ. એના આવા સુંદર અને જાતજાતના હાવભાવ જોઈ એને ચલચિત્રમાં કામ કરવાનું નિમંત્રણ મળ્યું. આમ અભિનય માટે એણે હોલીવુડ ભણી પ્રયાણ કર્યું. ત્યાં એના અભિનયનો ધીરેધીરે વિકાસ થયો. એણે ૪૩ ફિલ્મોમાં અભિનય આપ્યો, પરંતુ એને જે જોઈતું હતું તે એને આવી ફિલ્મોના અભિનયમાં ન મળ્યું. આશા રાખીને એણે ૧૯૩૭માં Stage Door ફિલ્મમાં કૅથેરીન હૅપલની સાથે કામ કર્યું. આમાં પણ જોઈએ એવી સફળતા ના મળી. ૧૯૪૦ના અંતમાં એણે ફિલ્મ કારકિર્દી પૂરી કરી. અને મોડેલિંગ કરવા માંડ્યું. એમાં એને સારી એવી ફાવટ આવી ગઈ.

૧૯૪૦માં Too Many Girlsના સેટ વખતે એ ડેસી અર્નાઝને મળી. ડેસી ક્યુબન બૅન્ક લીડર હતો. ૧૯૪૦માં જ લ્યુસીલ ડેસી અર્નાઝ સાથે પરણી ગઈ.

આ જ વખતે કોલંબિયા બ્રોડ-કાસ્ટિંગ સર્વિસમાં લ્યુસીલને કામ કરવા બોલાવતા હતા. મુશ્કેલી એ હતી કે એ લોકો લ્યુસીલના પતિને નહોતા બોલાવતા. લ્યુસીલને તો બંનેને સાથે કામ કરવું હતું. એટલે લ્યુસીલે ફિલ્મ કારકિર્દીને અહીં છોડી દીધી અને બંને જણા રેડિયો કાર્યક્રમ આપવા માંડ્યા. એમાં સારી એવી સફળતા મળી. એટલે પછી ટી.વી. તરફ તેઓનું ધ્યાન ગયું. રેડિયોમાં તો અભિનેતાનો અવાજ સંભળાય પણ પોતે દેખાય નહિ. જ્યારે ટી.વી.માં તો બધું જ જોઈ શકાય. એટલે દંપતીએ ટી.વી. કાર્યક્રમ આપવાનું નક્કી કર્યું.

લોકોમાં જાણીતાં થવાં માટે એણે એક ભેળસેળિયો મનોરંજન કાર્યક્રમ ઘડી કાઢ્યો. લોકો તેઓને દંપતી તરીકે સ્વીકારે એવા 'શો' પણ કરવા માંડ્યા. આવા જાતજાતના હાસ્યરસના કાર્યક્રમ લઈને પોતાની ટીમ સાથે ગામડે ગામડે જવા માંડ્યાં અને ત્યાં આ કાર્યક્રમ ભજવવા માંડ્યાં. આવો ભેળસેળિયો કાર્યક્રમ એવો ભજવ્યો કે લોકોમાં પ્રિય બન્યો. ૩૦ વર્ષ સુધી આવા કાર્યક્રમ ભજવ્યા.

સમાચારપત્રમાં આ કાર્યક્રમનો રિવ્યૂ તો આવ્યો પણ એ ગાંડાઘેલા જેવા

સમાચાર હતા, જાણે કે મશ્કરી કરતા હોય !! કૉલંબિયા બ્રૉડકાસ્ટિંગ સર્વિસમાં આ સમાચાર વંચાયા. તેઓને આ દંપતી તરફ સહાનુભૂતિ થઈ. એણે આ શો માટે માગણી મૂકી. એમાં અમુક કૉલંબિયા બ્રૉડકાસ્ટિંગ સર્વિસની અને અમુક લ્યુસીલની શરતો હતી. બંને વચ્ચે સારી એવી રકઝક થઈ. ડેસીલે જે ફિલ્મ એણે તૈયાર કરી હતી એનું શૂટિંગ હોલીવુડમાં કરવું હતું; ન્યૂ યૉર્કમાં નહિ. સારી રીતે શૂટીંગ થાય એટલે દંપતીએ જવાબદારી કૉલંબિયા બ્રૉડકાસ્ટિંગ સર્વિસને સોંપી દીધી હતી. પોતાને ઓછા પૈસા મળે એનો તેમને વાંધો નહોતો, પણ શૂટિંગ થયા પછી એ ફિલ્મની માલિકી ડેસીલ દંપતીની રહેશે એવી શરત મૂકી. આમ ડેસીલ પ્રોડક્શનનો આરંભ થયો.

૧૯૫૦માં 'I Love Lucy' શો જાહેર જનતા માટે ખુલ્લો મુકાયો. આવી રીતે કલાકારે ખૂબ મહેનત કરીને પોતામાં રહેલા જન્મજાત હીરને બહાર કાઢ્યું.

હાસ્યરસનો અભિનય લ્યુસીલના વ્યક્તિત્વમાં વણાઈ ગયો હતો. એ જ્યારે અભિનય કરતી ત્યારે પોતાના પાત્રમાં ખોવાઈ જતી. એનામાં હાસ્યરસનું તત્ત્વ પ્રાકૃતિક હતું. એના હાસ્યરસમાં કૌટુમ્બિક ઝઘડા કે પતિ-પત્નીના હાસ્યરસમાં પરિણમતા મતભેદોનો અભિનય અને સંવાદો પ્રેક્ષકોને પેટ પકડીને હસાવતા હતા. પ્રેક્ષકો ભૂલી જાય કે તેઓ એક હાસ્યરસનો 'શો' જોઈ રહ્યા છે. આમ, અભિનેતા અને પ્રેક્ષકો વચ્ચે અદ્વૈત થઈ જાય છે.

લ્યુસીલ જ્યારે હાસ્યરસથી ભરપુર પ્રહસનો ભજવતી ત્યારે પોતાનાં લાગણી સભર પ્રહસનો દ્વારા કેટલીક પારિવારિક સમસ્યા તાદૃશ કરતી હતી. આવી મર્મ-વાણી સાથે એની શારીરિક મુદ્રાઓ અને અંગભંગીનાં લટકાં જોતાં અને હસતાં પ્રેક્ષકો થાકતાં નહોતાં. સાચી વાત તો એ છે કે I Love Lucyની રજૂઆત સાથે પ્રહસનનો સાચો અભિનય આપણે જોઈ શકીએ છીએ. તો વળી એની સાથે જ લાગણીપ્રધાન સત્ય આરપાર નીતરતું હોય એવા નિર્મળ કટાક્ષોનાં દર્શન થાય છે.

આમ, એમના દામ્પત્યજીવનમાં ક્યાંય સુમેળ નહોતો. પણ પડદા ઉપર એનાથી ઊલટું, બંને વચ્ચેનો અથાગ પ્રેમ દૃષ્ટિએ પડે છે. ખરેખર ડેસીલનો પ્રેમ ઉપરછલ્લો હતો. એનામાં હાસ્યરસનો અભિનય આપવાની શક્તિ જ નહોતી. પડદા ઉપર લ્યુસીલનો અભિનય જ બોલતો હતો. જાતજાતની ફિલ્મો, મોડેલિંગ, શો ભજવ્યા પછી હવે એને થાય છે કે 'હવે હું સાચી જગ્યાએ છું. લોકપ્રિય બની છું.'

એના અભિનયની આગવી મુદ્રા, એની ચક્કર ચક્કર ફરતી ગોળ ગોળ આંખો પ્રેક્ષકોને પકડી-જકડી રાખતી હતી. આવી આંખો અને સાથે એનું માથું અને ચહેરો સ્થિતિસ્થાપક હોય એવું લાગતું હતું. આ ચહેરાનો લ્યુસીલનો અભિનય, એક મોડેલ દૃશ્ય હતું. બીજા દેશોમાં પણ હાસ્યસમ્રાટ, મોટા ગજાના કૉમેડિયન હતા જ, જેવા કે સીઝર, જેકી ઝાસન વગેરે વગેરે... પણ આ બધાની સાથે લ્યુસીલના અભિનયની તુલના જ ન થઈ શકે. એ તો પ્રતિભાસંપન્ન હાસ્યની પટરાણી હતી. હજી સુધી વિશ્વનો કોઈ કૉમેડિયન એને આંબી શક્યો નથી. અરે એના ગાલના મસલ્સનું હલનચલન પણ જોવા જેવું છે. એના નૈસર્ગિક ચહેરાનું હલનચલન જોવું એ એક લહાવો છે. આવી, જેને કુદરતી બક્ષિસ હતી એવી અભિનેત્રી હતી તે છતાં તે નાનામાં નાના માણસને પણ ગમે ત્યારે મળતી. અભિ-માનનો છાંટો નહિ. એના અભિનયમાં આપણને ઘણી વખત ગાંડપણનાં દર્શન થાય છે. પણ એનું નામ જ અભિનયને !! એ ગાંડી બને અને પ્રેક્ષકો પેટ પકડીને હસે ! કેવી જુગલબંધી !

લ્યુસીલના શોની એક મજાની વાત છે. ૧૯૫૩ની સાલ. ત્યારે લ્યુસીલ ગર્ભવતી હતી. એણે 'લ્યુસીલ શો' અને એની વાર્તા એવી રીતે ગૂંથી કે એના પ્રસવની સાચી વેળાએ જ એ 'શો'માં બાળકનો જન્મ થાય છે. પ્રેક્ષકો તાળીઓના ગડગડાટથી, ઊભા થઈને ખૂબ ખૂબ અભિનંદન આપે છે. એ બાળકનો જન્મદિન આખું વિશ્વ (જ્યારે આ શો ભજવાય ત્યારે) ઊજવે છે. કેવું સરસ !!

લ્યુસીલનો શો 'I Love Lucy' હજી પણ ટી.વી. પર આવે છે. 'વીટા મીટા વેગ્મિન' (સર્વોત્કૃષ્ટ કૃતિ) ટી.વી.માં લ્યુસીલ મધમાં બોળેલો બે ચમચી જેટલો કોળિયો જ્યારે ગળે ઉતારવા ખોંખારો ખાવાનો અભિનય કરે છે ત્યારે એના ચહેરાનું આપોઆપ થતું સ્નાયુઓનું સંકોચન અને કંપન ગજબના અભિનયની તાદૃશતા ખડી કરે છે ! ચહેરાની ચામડીનો ફેરફાર કેટલો કુદરતી ! બીજો કોઈ આવો થરકાર કરી શકે નહિ. લોકો તો આવાં આવાં નખરાં જોઈને હસતાં થાકતાં નથી.

લ્યુસીલનો 'હાસ્ય અભિનય' 'ન ભૂતો ન ભવિષ્યતિ' છે, એટલે એને સાચવી રાખવા જેવો છે.

૧૯૬૦માં લ્યુસીલે ડેસી અર્નાઝ સાથે છૂટ્ટાછેડા લીધા. ૧૯૬૨માં લ્યુસીલ ડેસી પ્રોડક્શનના અર્નાઝના શેર ખરીદી લે છે. અને આવડા મોટા સ્ટૂડિઓની પ્રથમ મહિલા પ્રમુખ બને છે.

એનો 'I Love Lucy' અમેરિકામાં ટી.વી.નો નંબર વન શો થઈ ગયો હતો. ૧૯૫૨-૫૩માં આ શો ટોચ પર હતો. લ્યુસીલના છ શોમાંથી ચાર શોને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો. લ્યુસીલને નીચે પ્રમાણે માનચાંદ મળ્યા છે. પરંતુ એ તો હાસ્ય અભિનયમાં એટલી

(અનુસંધાન પૃ. ૧૩૯ પર)

અડકો દડકો

વજા વાછરડાના મામા

કરસનદાસ લુહાર

રઘા પટેલની ગાય. એનું નામ ગોમી. ગોમી ગાય બહુ દેખાવડી અને સોજી. એનો વાન રાતો. પણ ચારેય પગ ખરી પાસેથી ધોળા. કપાળ પણ ધોળું. પીઠ ઉપર બે-ચાર સફેદ છાંટણા ને પૂંછડાના વાળ પણ ધોળા. ગોમી બધી ગાયોમાં જુદી તરી આવે. રઘા પટેલનાં ઘરનાં સૌ ગોમીને સાચવે. વહાલ કરે. ગોમી ક્યારેય શિંગડાં ઉછાળે નહિ. મારવાનું તો એનો આવડેજ નહિ.

ગોમી વિયાણી. એણે વાછરડાને જન્મ આપ્યો. વાછરડો ગોમી જેવો જ દેખાવડો. શેરીનાં માણસો વાછરડો જોવા આવ્યાં. છોકરાંઓ વાછરડાં ફરતે ટોળે વળ્યાં. ગામનું ધણ ચારતો ભોપો ભરવાડ રાજી થઈને કહેઃ 'બાકી વાછરડો એની મા જેવો જ છે !' રઘા પટેલે વાછરડાનું નામ પાડ્યું વજો. વજો મોટો થવા લાગ્યો. એની મા સાથે સીમમાં ચરવા જાય. મા ચરતી હોય એની આજુબાજુમાં ચરતો રહે. માથી જરાય આઘો ન જાય. ક્યારેક પાછળ રહી ગયો હોય તો ગોમી ભાંભરે. વજો પણ ભાંભરીને સામો જવાબ આપે. અને મા પાસે આવી જાય. માના શરીર સાથે માથું ઘસે. ગોમી પણ વજાને વહાલ કરે.

ભોપો ભરવાડ આખા ગામનું ધણ ચારે. ધણને દૂરદૂર લઈ જાય. જ્યાં ચરવાનું હોય, પાણી હોય, એવી જગાએ દિવસભર ઢોર ચારે. સાંજ પડતાં ધણ ગામમાં પાછું ફરે. બધાં ઢોર પોતપોતાનું ઘર ગોતી લે..

એક વાર એક ધણ ચરતું ચરતું દૂરના જંગલમાં પહોંચી ગયું. જંગલમાં ખૂબ મોટું ઘાસ હતું. ઢોરાંને તો ચરવાની મજા પડી ગઈ ! બધાં ઢોર ધરાઈને ઢમઢોલ થઈ ગયાં. સાંજે ધણ ગામમાં પાછું ફર્યું. પણ વજો જંગલમાં રહી ગયો. માથી છૂટો પડી ગયો હતો. ભોપાને પણ ખબર ના રહી. વજો એકલોએકલો ઘેઘૂર જંગલમાં ભટકે. ભાંભરડા મારતો માને સાદ કરે. ગામ તરફ જવાનો રસ્તો ગોતે. પણ રસ્તો જડે નહિ. વજો ઘેઘૂર ઝાડીમાં અટવાઈ ગયો. ઘર યાદ આવે. મા યાદ આવે. એની આંખમાં આંસુ આવી ગયાં. હવે શું કરવું !

રાત પડી. જંગલમાં અંધારું પથરાઈ ગયું. બાપ રે ! કેવું ઘોર અંધારું ! બહુ બીક લાગે. વજો રડમસ ચહેરો લઈને ઊભો હતો. ડરથી થરથરતો હતો. ત્યાં દૂરથી અંધારામાં ચળકતી બે આંખો દેખાઈ. વજાને થયું; મને ગોતવા મા તો નહિ આવી હોય ને ?? પણ માની આંખો અંધારામાં આવું ચળકતી નથી. ત્યાં દૂરથી ગર્જના સંભળાઈ. વજો ધ્રુજી ગયો. આવી ગર્જના તો ક્યારેય સાંભળી નથી. ચળકતી આંખો નજીક આવી રહી હતી. અને ગર્જનાનો અવાજ પણ સાવ પાસેથી સંભળાઈ રહ્યો હતો. વજાને કશું સમજાતું ન હતું. આ કોણ આવતું હતું. સૂકાં પાંદડાં ખખડતાં હતાં. ઘાસમાંથી સરસરાટી સંભળાતી હતી. થોડી વાર થઈ અને એક સિંહ વજા સામે આવીને ઊભો રહ્યો. વજાને બહુ બીક લાગી. ડરનો માર્યો એ નીચું જોઈ ગયો.

વજાની વધારે નજીક આવીને સિંહ કહેઃ 'તું મારાથી જરા પણ ડરતો નહિ. તું ગોમીનો દીકરો છે ને ? ભૂલો પડી ગયો છો. પણ મૂંઝાતો નહિ. બીતો નહિ. ગોમી ગાયને મેં બહેન માનેલી છે. તું તો મારો ભાણેજ છે. ચાલ, મારે ઘેર. સવારે તારી મા ચરવા આવશે એટલે તને મળી જશે. ચાલ મારે ત્યાં.....'

વજો કહેઃ 'મને અહીં ગમતું નથી. મારી મા બહુ જ યાદ આવે છે. મારે ઘેર જવું છે.'

સિંહ કહેઃ 'આ જંગલ તો બહુ મોટું અને ભારે અટપટું છે. તને રસ્તો નહિ જડે. ચાલ, હું તને મૂકવા આવું.'

આગળ સિંહ અને પાછળ વજો. જંગલના અંધકારમાં ચાલ્યા જાય છે. ઘણું ચાલ્યા પછી જંગલ પૂરું થયું. સીમ આવી. સીમ પૂરી થતાં ગામનું પાદર આવ્યું. સિંહ વજાને ગામના પાદર સુધી પહોંચાડીને જંગલમાં પાછો વળી ગયો. વજો ઘેર પહોંચ્યો. ગોમી અને ઘરનાં સૌ રાજીનાં રેડ થઈ ગયાં. બધાને બહુ ચિંતા થતી હતી.

ગોમીએ વજાને જીભથી ઘણી વાર સુધી પંપાળ્યો. વજો પણ માના શરીર સાથે માથું ઘસતો રહ્યો. ગોમીએ પૂછ્યું: 'જંગલમાંથી તને ગામનો રસ્તો કઈ રીતે જડ્યો ?' વજો કહેઃ 'મા, મને સિંહમામા ગામના પાદર સુધી મૂકવા આવ્યા હતા !'

ગોમી કહેઃ 'હા, એ તો મારા ભાઈ થાય ! તું એમને ઘેર કેમ ન લાવ્યો ?'

વજો બોલ્યોઃ 'બધાં એમનાથી ડરે એટલે એ પાદરથી પાછા વળી ગયા.'

ગોમી કહેઃ 'અરેરે ! મારાભાઈ પાદર સુધી આવ્યાને ચાલ્યા ગયા ? બહેનને ઘેર ન આવ્યા ?'

વજો કહેઃ 'મા, સિંહમામા તો બહુ સારા હતા !'

ગોમી બોલીઃ 'મામા તો સારા જ હોયને !' ❐

ગુજરાતી કવિતાનું સર્વપ્રથમ
દ્વૈમાસિક

કવિલોક તંત્રીઃ ધીરુ પરીખ • પ્રત્યેક બે માસે નવાં નવાં કાવ્યો, લેખો, આસ્વાદો, અવલોકનો લઈ કાવ્યરસિકો સમક્ષ આવતું કવિતાનું સામયિક એટલે કવિલોક. વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૮૦/- આજીવન માત્ર રૂ. ૧૦૦૦/- આપનું લવાજમ કવિલોક C/o. કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧. એ સરનામે મોકલી આપો. કવિલોકના નામે મ.ઑ./ ચેક/ ડ્રાફ્ટથી લવાજમ મોકલી શકાશે. બહારગામની બૅંક પરના ચેકમાં બૅંક કમિશનના રૂ. ૨૫/- ઉમેરવા.

અમારી મા ક્યાં છે ?

અંજના ભગવતી

એક વાર તળાવમાં ઘણાં બધાં ઈંડાં તરતાં હતાં. થોડા દિવસ પછી ઈંડાંમાંથી નાનાંનાનાં બચ્ચાં નીકળ્યાં. બચ્ચાં કેવાં, ખબર છે ? બસ, એક માથું અને પૂંછડી. આમતેમ, તર્યા કરે અને તળાવમાં બધાં સાથે ગેલ કરે.

એક દિવસ તળાવના કિનારે મરઘીનાં બે બચ્ચાં આવ્યાં. આ બચ્ચાંને તળાવમાં જોવાની ખૂબ મજા પડી ગઈ. ચાંચ નમાવી પાણીમાં નાખે એટલે તળાવમાં રહેલાં બચ્ચાં દૂર ભાગે. મરઘીનાં બચ્ચાં ને આ રમતમાં મજા પડી ગઈ. એટલી વારમાં મરઘીબેન બચ્ચાંને શોધતાં આવ્યાં. માને જોઈ મરઘીનાં બચ્ચાં ખુશખુશ થઈ ગયાં. મા, મા, કરતાં મરઘીની પાસે લપાઈ ગયાં.

આ જોઈ પાણીમાં રહેલાં બચ્ચાને થયું, 'આપણી મા ક્યાં હશે ? તે કેવી દેખાતી હશે ?' તેઓ એકબીજાંને પૂછવા લાગ્યાં, 'ભાઈ, તેં આપણી માને જોઈ છે ?' એટલામાં એક મોટો મગર આવ્યો. મગર કહે, 'હા, મેં તમારી માને જોઈ છે. એને તો મોટી મોટી આંખો છે. જાવ તેને શોધી કાઢો.' બચ્ચાનું ટોળું તો તળાવમાં એની માને શોધવા તરવા લાગ્યું. ત્યાં સામેથી સોનેરી માછલી આવતી હતી. બચ્ચાં બોલવા લાગ્યાં, 'હા, આ જ આપણી મા છે. જો કેવી મોટી આંખો છે તેને.' એમ કહી મા મા કહેતા માછલીની ચારેકોર વળગી પડ્યાં. માછલી કહે, 'ના ભાઈ ના, હું કાંઈ તમારી મા નથી. તમારી માને ધોળું પેટ છે. જાવ એને શોધી કાઢો.'

બચ્ચાં તો પાછાં તરતાં તરતાં આગળ ચાલ્યાં. માને મળવાની એ બધાંને ખૂબ તાલાવેલી લાગી. કેવી હશે આપણી મા ? ત્યાં સામે એક કરચલો દેખાયો. તેને જોઈને બધાં બચ્ચાં એકસાથે બોલી ઊઠ્યાં, 'જુઓ, આ જ આપણી મા છે. ધોળા પેટ વાળી મા' એમ કહેતાં તો બચ્ચાં કરચલાને વળગી પડ્યાં. કરચલો કહે, 'અરે, અરે તમારી ભૂલ થાય છે. હું તમારી મા નથી. તમારી માને તો ચાર પગ છે. જુઓ મારે કેટલા પગ છે ? ગણી જુઓ તો મારે તો વધારે પગ છે.'

બચ્ચાં તો નિરાશ થઈ ગયાં. પાછાં તળાવમાં તરતાં તરતાં પોતાની માને શોધવા લાગ્યાં. ત્યાં તો સામેથી એક કાચબી તેના બચ્ચાં સાથે તરતી તરતી આવી. બચ્ચાં તો રાજીના રેડ. આ જ આપણી મા. એને ચાર પગ છે, ધોળું પેટ છે, સુંદર આંખો છે. બધા મા, મા બોલતાં કાચબીને વીંટળાઈ વળ્યાં. કાચબીનું બચ્ચું આ જોઈને ચિડાઈ ગયું. તે કહેવા માંડ્યું, 'આ તો મારી મા છે, તમારી મા નથી. તમે ક્યાં મારી મા જેવા લાગો છો ? જાવ આગળ તમારી માને શોધી કાઢો.'

બચ્ચાંનું ટોળું આગળ તરવા લાગ્યું. મા ક્યાં હશે ? આપણને મળશે કે નહીં ? એમ વિચારવા લાગ્યાં. ત્યાં સામેથી એક દેડકીબાઈ તરતાં તરતાં આવતાં હતાં. દેડકીને જોઈ બચ્ચાં ગોળ ગોળ તરવાં લાગ્યાં. આટલી બધી ભૂલો કર્યા પછી હવે બચ્ચાંને બોલવાની હિંમત ન હતી. બચ્ચાં મનમાં વિચારે છે, આ આપણી મા હોઈ શકે ? એની આંખો મોટી છે, પેટ ધોળું છે, ચાર પગ છે. પણ આપણે એના જેવા ક્યાં લાગીએ છીએ. દેડકી કહે, 'હું તમારી મા છું. આવો મારી પાસે આવો. બચ્ચાં તો દેડકીને વળગી પડ્યાં. પૂછવા લાગ્યાં, જો તમે અમારી મા હો તો અમે કેમ તમારા જેવાં નથી લાગતાં.' દેડકી કહે, 'એ છે કુદરતની કરામત. થોડા દિવસ જવા દો. પછી તમે જોતજોતામાં મારા જેવાં જ લાગશો.'

થોડા દિવસમાં બચ્ચાંને પાછળના બે પગ, આગળના બે પગ આવ્યા. અને પૂંછડી તો ક્યાં ગાયબ થઈ ગઈ તે ખબર જ ન પડી. હવે બરાબર એમની મા જેવાં દેખાવા લાગ્યાં.

વાહ ભાઈ વાહ. મા મળી ગઈ ! ❐

અનુસંધાન] કંકાવટી [પૃ. ૧૩૪થી

મસ્ત હતી કે એને આ માનચાંદની જરા પણ પરવા નહોતી.

૧. લ્યુસીલનું નામ ૧૩ એમીઝ અવૉર્ડ માટે આપવામાં આવ્યું હતું. આમાંથી એ ચાર અવૉર્ડ્ઝ જીતી હતી.

૨. ૧૯૮૪માં 'કેનેડી સેન્ટર ઑનર્સ' પુરસ્કાર આપવામાં આવ્યો. આ અવૉર્ડને અભિનય માટેનો ગૌરવ પુરસ્કાર કહેવાય છે.

આવા તો અસંખ્ય અવૉર્ડ્ઝ લ્યુસીલને મળ્યા છે. પણ એનો તો સર્વોત્તમ અવૉર્ડ એણે હાસ્યરસ રેલાવી લોકોનાં હૃદયને બહેલાવીને એમના હૃદયમાં કાયમનું જે સ્થાન મેળવ્યું છે એના જેવો બીજો એક પણ નથી. આજે પણ નવજુવાનોને આ શો જોવો ગમે છે. લોકોનાં હૃદયમાં મેળવેલું લ્યુસીલનું સ્થાન એ એનો મોટામાં મોટો અદ્વિતીય અવૉર્ડ છે.

આ હાસ્યરસની સામ્રાજ્ઞી ૨૬મી એપ્રિલ, ૧૯૮૯માં મૃત્યુ પામી. એના મૃત્યુના સ્મૃતિચિહ્ન તરીકે લોકોએ એક બોર્ડ બનાવ્યું જેમાં શ્રદ્ધાંજલિ આપતાં લખ્યું કે -

Heaven needed Laugh.

સ્વર્ગમાં હાસ્યની જરૂર પડી. ❐

સાહિત્યસંપર્ક

અનુનાસિક સ્વર અને અનુસ્વાર

કેશવરામ કા. શાસ્ત્રી

ઉપરના બે પારિભાષિક શબ્દ સેંકડો વર્ષોથી સંસ્કૃત વ્યાકરણોમાં જાણીતા છે. સંસ્કૃત ભાષાના મહાન વૈયાકરણ પાણિનિએ ઈ.પૂ. છઠ્ઠી સદીમાં સૂત્રાત્મક અષ્ટાધ્યાયી વ્યાકરણની રચના કરી એમાં એ બંને અલગ અલગ છે એ વિશે ચોકસાઈથી આદેશ આપેલ છે. 'અનુસ્વાર' એ નામ છે અને એ જે સ્વર ઉપર લખાય છે તેને સ્પષ્ટ રીતે અડીને ઉચ્ચારાતો હોય છે, જેમકે अंश कंस વગેરેમાં अँव् कँव् એમ આછા ँव् તરીકે ઉચ્ચરિત થાય છે, જે સમયે પૂર્વ સ્વર સહજ રીતે નાસિક્ય કિંવા અનુનાસિક હોય છે. આમ 'અનુનાસિક' એ વિશેષણ છે. પાણિનિએ એની 'શિક્ષા'માં ખાસ નોંધ કરી છે કે (અનુવાદ:) 'જેવી રીતે સૌરાષ્ટ્રની સ્ત્રી तक्रँ એમ બોલે છે તે પ્રમાણે 'રંગ' સંજ્ઞાથી જાણીતું ઉચ્ચારણ (= અનુનાસિક) કરવું. આ સૌરાષ્ટ્રિકા ારી 'આહીરાણી' અભીષ્ટ છે. 'કાઁ ગૌઁર કિઁમ સેઁ' એમ દરેક સ્વર નાકમાંથી બોલાતો હતો. 'ગો' ગુરુ છે - દીર્ઘ છે એ સ્વર નાકમાંથી બોલાય છે, તો 'ર'માં 'અ' હ્રસ્વથી પણ ઓછો છે એ હ્રસ્વ જ રહે છે. જુઓ 'કિઁમ' એમાં 'ઇ' હ્રસ્વ જ રહે છે. 'કામ કરવા મઁડ્યો'માં 'મ'માંનો 'અ' નાકમાંથી માત્ર બોલાય છે, ગુરુ બનતો નથી. વૈદિક સંહિતાપાઠની દૃષ્ટિએ ग्रामान् आयान्ति કહેવું હોય તો ग्रामाँ आयान्ति બોલાય, સંસ્કૃતની જેમ ग्रामानायान्ति નહિ. સૌરાષ્ટ્રમાં ક્રિયાપદોમાં તેમજ નામાદિમાં અનુનાસિક સ્વર આજે પણ શબ્દાંતે ઉચ્ચરિત થાય છે. 'કરિયેં' 'ખાઇયેં' 'આવિયેં' એ ક્રિયારૂપોમાં, તો 'ઘોડાયેં લાત મારી' 'અમેં-તમેં-આપણેં' વગેરે સ્વાભાવિક રૂપે ઉચ્ચરિત થાય છે. હું સૌરાષ્ટ્રનો હોઈ આજે પણ આ સ્વાભાવિક ઉચ્ચારણ વાતચીતમાં કરું છું.

મઝા એ છે કે સંસ્કૃત ભાષામાં અનુસ્વાર માત્ર 'શ-ષ-સ-હ'ની પૂર્વે જ अँव् જેવો ઉચ્ચરિત થાય છે, જો 'ક'થી 'મ' સુધીના વ્યંજનની પૂર્વે હોય તો અનુસ્વારને બદલે તે તે વર્ગનો પાંચમો અનુનાસિક વ્યંજન ઉચ્ચરિત થાય અને य्-र्-ल्-व होય તો એઓ બેવડાય અને પૂર્વનો સ્વર નાસિક્ય બને.

જો કે અનુસ્વાર બે શબ્દોમાંના પ્રથમના શબ્દને અંતે હોય તો અનુસ્વારને સ્થાને વિકલ્પે થાય, પણ कङ्कण पञ्च कण्ठ मन्द जम्प પણ આમ શબ્દની અંતર્ગત સ્થિતિમાં તો ફરજિયાત વર્ગીય અનુનાસિક વ્યંજન થાય, પરંતુ 'वा पदान्ते(૮-૩-૫૮)' એ સૂત્ર પ્રમાણે વિકલ્પે લખાય. शङ्कर-शंकर, सञ्चय-संचय, रामन्नयति-रामं नयति, फम्प्राप्नोति-फलं प्राप्नोति, सँय्यम-संयम, सँल्लाप-संलोप, सँव्वाद-संवाद। अनुस्वारस्य ययि परसवर्ण:(૮-૩-૫૮) આ વાત કરે છે, 'वा पदान्ते'એ સૂત્ર આ વાતને બળ આપે છે, જોડણીની દૃષ્ટિએ.

સંસ્કૃતમાં આ સિદ્ધ પરિસ્થિતિ છે. પાલી-પ્રાકૃતો-અપભ્રંશો અને પ્રાંતીય અપભ્રંશોમાંથી ઊતરી આવેલી પ્રાંતીય ભાષાઓમાં ઉપરના બધા સંયોગોમાં 'અનુસ્વાર' લખાતો આવ્યો છે, વર્ગીય અનુનાસિક વ્યંજન ક્યાંય જોવા મળતો નથી. ગુજરાતી-મારવાડી-મેવાડી-જૈપુરી-નિમાડી આ પ્રાંતીય બોલીઓ 'ગુર્જર અપભ્રંશ'માંથી ઊતરેલી લખાતી આવી છે એટલે સર્વત્ર અનુસ્વાર લખાતો આવ્યો છે.

વૈદિક યુગમાં સ્વર અનુનાસિક (જેનું નામ रङ्ग છે તે) ઉચ્ચરિત થતો હતો, જેમાં સ્વર અનુનાસિક હોય અને હ્રસ્વ હોય તો હ્રસ્વ જ રહે અને દીર્ઘ હોય તો દીર્ઘ જ રહે, અનુસ્વાર જેમ સ્વરને વળગી પણ પોતાનું અસ્તિત્વ પૂર્વના સ્વરને અનુનાસિક રહીને अँव् આમ ઉચ્ચરિત થઈને સાચવી રાખે છે.

અનુનાસિક ઉચ્ચારણ પ્રાકૃતોમાં લખાયેલું જોવા મળતું નથી, પણ અપભ્રંશ વાસ્તવમાં પાંચે વર્ગીય અનુનાસિક વ્યંજનોની પૂર્વનો સ્વર અનુનાસિક ઉચ્ચરિત થતો ।હોય છે ને પોતે તો ત્રીજો વ્યંજન હોય છે. ઉ.ત. वाङ्मय એનું वाँग्मय સંભળાય છે. न અને म એકલા બોલિયે ત્યારે નાકમાંથી નથી બોલાતા, પરંતુ કોઈ સ્વર પછી આવેલા અનિવાર્ય રીતે એ પ્રથમના સ્વર નાસિક્ય- અનુનાસિક ઉચ્ચરિત થાય છે; જેમકે 'કાઁન' 'ગાઁમ' 'ય્-ર્-લ્-વ્'ની પણ પહેલાંના શબ્દનો છેલ્લો સ્વર અનુનાસિક ઉચ્ચરિત થતો હોય છે : सँय्यम-संयम વગેરે. ભાષાઓમાં સ્વાભાવિક તેમજ આગંતુક તરીકે આવ્યો. ગુજરાતીનાં ઉદાહરણ જોઈએ તો कण्ठ નું 'કાંઠો', पञ्चનું 'પાંચ', दण्डનું 'દાંડો', मन्दनुं 'માંદો', कम्प નું 'કાંપવું' વગેરે સેંકડો ઉદાહરણ છે. આમાં પૂર્વ સ્વર દીર્ઘ બન્યો છે. ગુજરાતીમાં 'નું' - 'માં' વગેરે પ્રત્યયોમાં આગંતુક અનુનાસિકતા છે. 'નું' બોલતાં उँ હ્રસ્વ જ ઉચ્ચરિત થાય છે. આપણને નપુંસકલિંગના એકવચનમાં આવ્યો છે એ સ્વાભાવિક વિકાર છે, કારણ કે નપુંસકલિંગ-અકારાંત શબ્દોમાં ૧લી વિભક્તિ એકવચનમાં म् પ્રત્યય છે, જે અપભ્રંશના કુળની ગુજરાતીને મળે છે. બહુવચનમાં સં. आनि બ.વ.નો પ્રત્યય છે એનું आइँ થઈ આ ગુ. 'आं' આવી મળેલ છે. વિભક્તિ પ્રત્યયો અને અનુગો એકવચનમાં લાગે છે ત્યારે ગુજરાતીમાં 'આ' આવે છે. હકીકતે નપુંસકલિંગ એકવચનમાં કોઈ પણ સંયોગોમાં

અનુનાસિક (આઁ) થતો નથી. 'આ કાચા ફળમાં હજી સ્વાદ જણાતો નથી' - આમાં એકવચન હોઈ 'કાચા' જ ઉચ્ચરિત થાય છે. 'કાચા કામનો કેદી'માં 'કાચાં' ન જ થાય, બહુવચન હોય તો 'કાચાં' ફળોનો સ્વાદ થાય. ધ્યાનમાં રાખવા જેવું એ છે કે આ બધામાં **'અનુસ્વાર' સર્વથા નથી.**

'અનુનાસિક'ને આપણે 'અનુસ્વાર'નો કોમળ ઉચ્ચાર કહેવા માગતા હોઈયે તો એ પારિભાષિક રીતે ભૂલ છે. ક્રિયાપદો 'કરું છું' વગેરેમાં આ અનુસ્વાર નથી, 'ઉં' અનુનાસિક કિંવા નાસિક્ય છે, એનું સ્વતંત્ર અસ્તિત્વ નથી, જ્યારે 'અનુસ્વાર' સ્વર પછી (अनु) લગોલગ સ્વતંત્ર ઉચ્ચારણ છે.

આપણા આગલી પેઢીના વિદ્વાનોમાં સ્વ. નરસિંહરાવ દિવેટિયા અને સ્વ. પ્રો. બળવંતરાય ઠાકોરે આ વિશે વિચાર કરેલો. શ્રી દિવેટિયાએ 'અનુનાસિક'ને અનુસ્વારનો કોમલ (પ્રાંતીય રીતે કોમલતર અને કોમલતમ પણ) કહ્યો, જ્યારે પ્રો. ઠાકોરે 'અનુસ્વાર'ને 'અનુનાસિક સ્વર'થી ભિન્ન બતાવવા ° પોલું મીડું ઉપયોગમાં લઈ સંતોષ લીધો. અનુનાસિક સ્વર બતાવવા માટે હિંદીમાં સબિંદુ અર્ધચંદ્ર ચિહ્ન ँ બતાવાય છે એમ કરવામાં આવે તો ભેદ આરંભના વિદ્યાર્થીઓને પણ સરળ પડે.

૨. ક્રિયાપદના વર્તમાનકાળનો 'ઈયે' પ્રત્યય

જૂના સ્વ. બંસીબોલના કવિ દયારામે પોતાના હાથની લખેલી હસ્તપ્રતોમાં, તો ગઈ પેઢીના આગલી હરોળના, સંસ્કૃત-પ્રાકૃત તેમજ ગુજરાતી ભાષાના વિદ્વાન સ્વ. કેશવલાલ હ. ધ્રુવ પોતાનાં લેખન-મુદ્રણમાં 'કરિયે' 'રમિયે' 'જઈયે' આ રીતે વર્તમાનકાલ ૧લા પુરુષના બહુવચનનાં ક્રિયાપદોની જોડણી કરી ગયા છે; એ માર્ગે હું પણ ચાલી રહ્યો છું. એક દલીલ કરવામાં આવે છે કે એ રૂપોમાં 'એ' પ્રત્યય છે માટે 'કરી-એ' એ 'નદીએ-નદીઓ'ની જેમ લખાય છે. આ ભ્રાંતિ છે, 'કર્ + ઈયે' એવી સ્પષ્ટ સ્થિતિ છે. અપભ્રંશ करिज्जइ પછી 'करीजइ-करीयइ-करियइ -કરિયે' એવો સ્વાભાવિક વિકાસ છે, જેમ 'इज्जइ-ईजइ-ईयइ-इयइ ઈયે' આવો સ્પષ્ટ વિકાસ છે. આજે ઉચ્ચારણ તો 'કર્યે' એવું કરિયે છીયે. 'રૂપિયો' 'ઘોડિયું' વગેરેમાં ૧લી શ્રુતિ અને છેલ્લી શ્રુતિ ઉપર વજન (stress) આવતું હોઈ મધ્યવર્તી હ્રસ્વ 'ઈ' હ્રસ્વથી પણ ક્યાંય ઓછો બોલાય છે, कर्ये જેવો. 'જોડણીકોશ'ના ૨૫મા નિયમની આધીનતા આમ સ્પષ્ટ છે. આમ 'કરીએ' 'હસીએ' 'જોઈએ' વગેર એનું અસ્તિત્વ સર્વથા નથી. ક્યાં સુધી વળગી રહીશું ? વિકલ્પ તરીકે પણ ગ્રાહ્ય થઈ શકતું નથી.

અવલોકન

પ્રયોગલીલાની લાજ રાખતાં 'કૉલાજ'

રાધેશ્યામ શર્મા

'રાજા મહારાજાની જે' પછી તારિણાબહેન દેસાઈનો તાજો ત્રીજો વાર્તાસંગ્રહ આવ્યો તે 'મરૂન જામલી ગુલાબી' પણ, લેખિકાની અવિરત પ્રયોગ-અભિમુખતાને આભારી છે. ગુજરાતી ગિરાની વાર્તા-લેખિકાઓમાં પ્રયોગ-શીલતાને સાચવી એનું સંવર્ધન કરવાની અને સિદ્ધિ મળે યા ના મળે એની સ્પૃહા વગરની સાહસયાત્રા કદાચ તારિણી દેસાઈ જ ખેડે. હિમાંશી શેલત સમાં પ્રતિષ્ઠિત વાર્તાસર્જકમાં પણ આ તત્ત્વ બહુધા નજરે નહીં પડે; કેમ કે કન્ટેન્ટ સાથે એમનું પુષ્ટ કમિટમેન્ટ છે, જ્યારે દેસાઈનું કમિટમેન્ટ કથા-વસ્તુને તદ્દન હળવી રીતે નવતરી રજૂઆતથી મઢવાની રઢ સાથે વધુ છે. પાત્રોને બંધબેસતી પાઘડી કે પાનેતર જેવી ભાષાથી શણગારવાની લગનીય ખરી. વળી, પ્રયોગવીરલાઓમાં પ્રવેશી જતી દુર્બોધતા કે કિલષ્ટતાઓ આ રચનાઓમાં ભાગ્યે જ જોવા મળે.

બાકી પુસ્તકના પ્રચ્છદપટ પર, 'આધુનિક વિષય-વસ્તુની વિશિષ્ટ માવજત'ના ઉલ્લેખ પછી ઘટનાસંદર્ભે 'આધુનિક શૈલીએ નિરૂપણ' ફરીથી ઘૂંટવાની જરૂર નહોતી. ત્યાર પછીના પૅરામાં 'વિષય વસ્તુની લાક્ષણિક માવજત' ફરીથી ડોકું કાઢે છે અને ઓછું હોય તેમ ફરી પાછી 'તાજગીપૂર્ણ નૂતન નિરૂપણરીતિ'નું રટણ છે. શું વસ્તુની વિશિષ્ટ કે લાક્ષણિક માવજત એ જ શબ્દફેરે નૂતન નિરૂપણરીતિ નથી ? આપણે ત્યાં આધુનિકતા વિશેની સંજ્ઞા 'આધુનિક એટલે ઉત્તમ' યા નોંધપાત્રના ખયાલ સાથે દૃઢ થયેલી છે. હકીકતે વિષયવસ્તુ પ્રાચીન હોય તોયે એને નિરૂપણરીતિથી આધુનિક યા અર્વાચીન દર્શાવી શકાય. તારિણીએ એમની સર્જન-પ્રક્રિયા વર્ણવતાં રસપ્રદ મુદ્દો કર્યો છે :

'ફક્ત ઘટનાના વર્તુળમાં ઊભા રહી લોકપ્રિય લખાણ લખવાં કરતાં ઘટનાને અતિક્રમી ઘટનાલોપ પછીના ધ્વનિને પામવા માટે ચીલાચાલુ ભાષામાંથી નવી ભાષાની 'ફિલિગ્રી' કરવામાં મને વધુ રસ પડતો ગયો.' (પૃ.૧૨)

લોકપ્રિય લખાણ ન કરવાની પ્રતિજ્ઞા આજે કેટલા વાર્તાકારોમાં ફળવર્તી વરતાય ? ઘટનાલોપ પછી તો શૂન્ય જ બચે તોયે ત્યાર પછીના ધ્વનિને પામવા નવી ભાષાનું નાજુક જરી-નકશીકામ કરનારા કેટલા ? આવું જો થોડુંકે થતું હોય તો તે અવશ્ય અભિનંદનને પાત્ર છે.

'મરૂન, જામલી અને ગુલાબી' એ તારિણીની ત્રિરંગી કમાલ ગણાય અને એવા અન્ય જાતભાતના રંગ અને તરંગની અસંબદ્ધતાને કળા-આકૃતિમાં યોજી દેખાડવાના પ્રયાસને પ્રો. પ્રકાશ મહેતાએ

''કૉલાજ''ની શબ્દલીલા' કહી એમાં એક પ્રકારનું ઔચિત્ય છે. લીલા જે સુરેશ જોષીની પણ અતિ પ્રિય સાધનપ્રવૃત્તિ હતી એમાં શૈલી હળવીફૂલ હોય પણ વાત અંતસ્તલમાં ગંભીર હોય. એનો સુલભ વાર્તા-નમૂનો 'કબાટમાંથી' કૃતિ છે. જયશ્રીબહેન પ્રતિદિન બ્યુટીપાર્લરમાં ગયાં પછી જ ફોટો પડાવવા જતાં એ રાઝના ઉત્ખનનમાંથી કોઈ ચોંકાવતી ઘટનાનું હાડપિંજર, કબાટમાંથી બહાર નથી આવતું પણ પાર્લરની રીટા જયશ્રીના પતિને એક જ પ્રશ્ન કરે છે એમાં ચરિતાર્થ થાય છે : મારા કરતાં તો તમે એમને વધુ ઓળખો... હેં... ને અંકલ ?

ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાંનાં બાવલાં વિશેની કૃતિ જયંત ખત્રી-કલમે અગાઉ વાંચ્યાંનું ઝાંખું સ્મરણ છે. અહીં 'મરૂન જામલી ગુલાબી' કોઈ નાટ્યતત્ત્વપ્રચુર અંતથી નહિ પણ લોકી પ્રવિધિથી લક્ષ ખેંચે છે. નારી-પૂતળાની છાતી પરના વસ્ત્રને પરિધાન કરાવવામાં અવઢવ અનુભવતો નિશીથ કૃતિના અંતે સ્ત્રીના બાવલા પાસે ઊભેલો બતાવ્યો છે, અને ત્યાં ઊભા રહેવાનું પુછાતાં નાયક નિશીથ માત્ર આટલું જ ભારપૂર્વક બોલે છે... 'સાહેબ, ખાસ કાંઈ નહિ...' આ 'ખાસ કાંઈ નહિ' ઉદ્‌ગાર લેખિકાની વ્યંજનક્ષમતા અને ભારે ઘટનાને સહજ અતિક્રમી જવાની કુશળતા દર્શાવે છે.

આદિમ પરિબળને વિભિન્ન પાત્રોના માધ્યમથી પ્રસ્તુત કરવામાં મોટા ભાગના - અને દલિત લેબલવાળા - સર્જકો તો ખાસ રસ ચૂસતા દેખાતા હોય એવા અનુ-આધુનિક કાળમાં યૌન વૃત્તિપ્રવૃત્તિને સંયમથી, સૂચક, રિમોટ સંકેતથી આલેખવામાં લેખિકાની ફિલીગ્ર 'સત સ્ત્રી અકાલ'માં અને 'કૂકડે કૂક'માં કામ લાગી છે. 'સત્ સ્ત્રી અકાલ'માંની વસ્ત્રશોખીન લાડકી નંદુ પર હિન્દી ફિલ્મી ગીતોના ધ્વનિ વિવિધ દિશાઓમાંથી વરસી પડે છે ત્યારે રચના કોઈ હલકી ચૅનલમાં વહી તો નહીં જાયને એવી દહેશતને ખોટી પાડે છે. લૅટિન અમેરિકાની જેમ ભારતદેશમાં ય 'બધે જિગેલો જ જિગેલો... બારી અંદર પણ અને બારણાંની બહાર પણ...' એવા પપ્પાના વાક્યમાં ભારતીય સભ્યતાના અવમૂલ્યનનો મુદ્દો પણ વણાઈ આવ્યો.

'કૂકડે... કૂક, કૂકડે... કૂક'ના બિન્ધાસ્ત નાયક મનજીમાં બધાનાં લગન નિહાળ્યા બાદ પરણવાના વિચારનો ફણગો ફૂટે છે ત્યાં કૂકડાનું કૂક પણ આદ્ય ચિત્તવૃત્તિનું ધ્વનિપ્રતીક લાગે પણ કૂકડાઓને સીધા કરવા વપરાતી લાકડી (જે ઉપસ્થનું પ્રતીક પણ છે) તે તોડી નાખી એના ટુકડા કરે છે એ પછીનું અતિ વાસ્તવિક આલેખન આસ્વાદ્ય છે : 'અને જ્યાં છેલ્લો ટુકડો ફેંકવા ગયો... તો... આ શું ? એનો હાથ કેસરી જ કેસરી... અને છેવટે દૂર એની સાથે ઘણીબધી કેસરી કલગીઓ દેખાઈ.'

'લૉજિક વગરનું લૉજિક'ના છોકરાઓ મુહારીના ફાકડા લૉજિકને 'મનના કૅમરામાં ક્લોઝઅપથી જોવા માંડ્યા હતા' ત્યાં સુધી રચના બરાબર ચાલે છે પણ છેલ્લે સાધુ પોતાના વ્યક્તિત્વને મમળાવતો 'શું ખરેખર તો એ સંત છે કે બંત ?' એવો પ્રશ્ન વિચારે છે ત્યાં અભિગમ બોધક જેવો બની જાય છે. 'સળ પડેલી દીવલો' એક મજાની નાયક-પ્રધાન કથા છે, પણ ત્યાંયે અંતનો ફકરો 'એને હવે પોતાની આખી જિંદગીનો નિચોડ મળી ગયો હતો, વાર્તાને સંઘેડા-ઉતાર બનતી અવરોધે છે. આવાં ઉદા-હરણોમાં વાર્તાકારે - તારિણી જેવા પ્રયોગ-શીલ તત્ત્વતારણ કાઢવાનું જોખમ ના જ લેવું. 'જાદુગરનો ખેલ'માં ગામડિયો થઈ જતો શહેરી પ્રદીપ અને ગામડાનો મગન થઈ જતો શહેરી લેખિકાની ટેક્નિકલ ટ્રીકથી વિશેષ કશું સિદ્ધ કરશે નહીં, પરંતુ ગૉમડાગોમની તળપદ બોલીના વિનિયોગથી વાચનભોગ્ય રચના છે.

પરંતુ 'લેખક મહાશય તનસુખ-લાલ' વાર્તા - વાર્તાકારની એના નાયક નિમિત્તે સંલગ્ન પ્રસંગોમાંથી ઝમતી વાર્તાકારની 'સેન્સ ઑવ્ હ્યુમર'ના કારણે તેમજ લેખક નામના પ્રાણી-મનુષ્યના ચુસ્ત ઑબ્સેશનના કારણે વાર્તાકારોના વિશ્વમાં પણ ધ્યાનાર્હ ઠરે એવી છે. ઘરમાં સાપ તેમજ પતંગિયાં આવેલાં જોઈ બાપુજીનેય ગોળ ગોળ ફુદરડી ફરતા કરવાની સરરિયલ દૃષ્ટિ તારિણીબહેનની આગવી વિરાસત છે એ એક હર્ષપ્રદ 'ઘટના' નહીં તો બીજું શું ? ['મરૂન જામલી ગુલાબી' લે. તારિણીબહેન દેસાઈ. પ્ર. આર.આર.શેઠની કંપની, મુંબઈ-૨, અમદાવાદ-૧, પૃ.૧૨૯. કિંમતઃ રૂ.૭૫, આવૃત્તિ ૨૦૦૩]

*

'તિલક કરતાં ત્રેસઠ થયાં' હાસ્ય-રમૂજની અનોખી રજૂઆત

પ્રા. સુરેશ મ. શાહ

જ્ઞાનપુરુષ અખાની અનોખી રચના 'તિલક કરતાં ત્રેપન વહ્યાં,''..... અખા તો ય નાવ્યું બ્રહ્મજ્ઞાન.'નો મર્મ પકડીને રતિલાલ બોરીસાગરે ઉપર્યુક્ત પુસ્તક રચ્યું, જ્યારે તેમને ત્રેસઠ થયા હતાં. પણ આ પુસ્તકમાં તેઓએ ૬૩ વરસની ઉંમર સુધી જે જાણ્યું, માણ્યું તેને પોતાના આંતર-મનોવ્યાપાર તરીકે ૩૬ અલગ અલગ પ્રસંગો લઈને માર્મિક રીતે રજૂ કરેલ છે. સમાચારપત્રમાં કૉલમ તરીકે વાંચીએ તેને ઝડપથી વિસરી જવાય છે પણ પુસ્તક સ્વરૂપે આવે ત્યારે નિરાંતથી વંચાય અને તેની સાચી મજા માણી શકાય તેવા આ પ્રસંગો છે.

આમ તો સહુના જીવનમાં રોજબરોજ બનતી ઘટનાઓ કે પ્રસંગ જ છે, પણ સાથેસાથે તેમાં માનવીના આંતરમનોવ્યાપારમાં પ્રકટ થતો રમૂજી માનવ પણ છે. દરેક મનમાં આવા વિચારો

(અનુસંધાન પૃ. ૧૪૫ પર)

❀ કલાવાર્તા ❀

કલાકાર શાંતિ પંચાલની ચિત્રસૃષ્ટિ

ઉત્તર ગુજરાતના મેસર ગામમાં જન્મેલા કલાકાર શાંતિ પંચાલે મુંબઈની સર જે. જે.સ્કૂલ ઑવ્ આર્ટમાં ચિત્રકલાનો અભ્યાસ કર્યો. જ્યારે તેઓ ત્રીજા વર્ષમાં આવ્યા ત્યારે બૉમ્બે આર્ટ સોસાયટીના ૧૯૭૩ના વાર્ષિક પ્રદર્શનમાં ભાગ લીધો અને પ્રથમ ઇનામ મેળવ્યું. પ્રદર્શનમાં મૂકેલું તેમનું વ્યક્તિચિત્ર શ્રેષ્ઠ ઠર્યું. સોસાયટીના મૅગેઝિન 'આર્ટ જર્નલ'ના મુખપૃષ્ઠ પર એ પ્રસિદ્ધ થયું. સવારે કલાશિક્ષક તરીકે એક શાળામાં નોકરી કરી, બપોરે કૉલેજ ભરી અને સાંજે સ્કેચિંક કરવા નીકળી પડતા. તે પછીના દરેક વર્ષે તે ઇનામો મેળવતા રહ્યા. ૧૯૭૧થી ચિત્રકલાનો અભ્યાસ શરૂ કર્યો ત્યારથી ૧૯૭૮ સુધી અને પછીનાં વર્ષોમાં પણ તેઓ ઇનામો પ્રાપ્ત કરતાં રહ્યા. તેમણે બ્રિટિશ કાઉન્સિલ સ્કૉલરશિપ મેળવી. ઇંગ્લન્ડ ગયા. ત્યાંના વસવાટ દરમ્યાન તેમનું વૈયક્તિક પ્રદર્શન 'અર્થન શેડ્ઝ' ૧૯૮૮થી ૧૯૯૦નાં વર્ષો દરમ્યાન યુ.કે.નાં આઠ સ્થળોમાં ભરાયું. તેમની કૃતિઓ આર્ટ કાઉન્સિલ ઑવ્ ઇંગ્લન્ડ, ધ બ્રિટિશ મ્યૂઝીઅમ, ધ ઇમ્પિરિયલ વૉર મ્યૂઝીઅમ અને લિવરપુલની વોકર આર્ટ ગૅલરિમાં પ્રતિનિધિત્વ પામી છે. જળરંગોને કલાત્મક અને સર્જનાત્મક રીતે તેમણે મોટા ભાગની તેમની સર્જનકૃતિઓમાં પ્રયોજ્યાં છે. તેમણે આ રંગોના માધ્યમની ગુંજાયશ પ્રકટ કરવા હંમેશાં સફળતાપૂર્ણ પ્રયાસ કર્યો છે. તેમના લંડનનિવાસ દરમ્યાનમાં શરૂઆતનાં વર્ષોમાં તેમને લાગ્યું હતું કે જળરંગી ચિત્રો મર્યાદિત સંખ્યામાં સર્જાતાં હતાં અને તેઓ સ્વયં માધ્યમની રૂઢિગત મર્યાદાઓ સ્વીકારવા તૈયાર નહોતા. તેથી તૈલરંગો તથા એક્રિલિક રંગોની માફક જ તેમણે જળરંગોમાં તેમની સર્જનાત્મક શોધ આદરી. તેઓની જળરંગોમાં કામ કરવાની પદ્ધતિ પણ અનોખી છે. રંગોની પેલેટ પર રંગોને મિશ્ર કરવાને બદલે તેઓ સીધા જ પેપર પર રંગમિશ્રણની ક્રિયા કરે છે. વળી, ચિત્રસપાટીનું સ્ક્રેપિંગ પણ કરે છે અને વિચારો તથા દૃશ્ય કલ્પનોને સર્જનપ્રક્રિયા દરમ્યાન જ બદલતા રહે છે.



ધ ટ્રૅજડિ આફ્ટર પિકાસો : જલરંગી ચિત્ર, ૧૯૯૯



નંદી : ૧૯૯૪, જલરંગી

શાંતિ પંચાલે તેમનાં જળરંગી ચિત્રોમાં પ્રયોજેલાં ભૂમિગત-અર્થન રંગો તેમના ઉત્તર ગુજરાતનાં વતનમાં તેમણે પસાર કરેલાં શરૂઆતનાં વર્ષો સાથે સંબંધ ધરાવે છે. આ અનુભૂતિઓને લીધે જ તેઓ તેમની વૈયક્તિક દૃશ્ય ભાષા વિકસાવવા પ્રેરિત થયા. તેમનાં કુટુંબનાં ચિત્રોમાંનાં પાત્રો ચિત્રોમાં તેમની પોતાની સ્પેસ - અવકાશ સર્જવામાં સફળ થયા છે. આ પાત્રો તેમના જીવનમાં ખાનગીપણું અનુભવતા ન હોવાથી તેમની એકલતા ચિત્રોમાં ઉત્કટપણે અભિવ્યક્ત થઈ છે. જળરંગોના માધ્યમમાં તેમણે રંગો અને સપાટીની શક્તિ સિદ્ધ કરી. જાડો પેપર તથા જળરંગોના માધ્યમ દ્વારા એક પ્રકારની એવી તેજસ્વિતા ચિત્રોમાં તેઓ સર્જી શક્યા



લાંબા વિજોગ પછી ગૃહાગમન, ૧૯૯૮, જલરંગી



યુવાન દંપતી : જળરંગી, ૧૯૯૩



પુનરુત્થાન - વાસ્તવિક અને અવાસ્તવિક, ૧૯૯૬, જળરંગી

છે જે તેમના મતે અન્ય માધ્યમોમાં શક્ય બનતું નથી. સ્ટેઇન્ડ ગ્લાસના રંગોમાં જે શક્તિનાં દર્શન થાય છે તે શક્તિ તેમણે જળરંગો દ્વારા નિર્માણ કરી છે. તેથી જ તેમને ૧૯૮૩-૮૪નો રૉયલ સોસાયટી ઑવ્ વૉટરકલર પેઇન્ટિંગ્ઝ દ્વારા ક્રિસ લીટલ અવૉર્ડ પ્રાપ્ત થયો. બ્રિટિશ નિર્ણાયકોએ પણ કબૂલ્યું કે તેમણે આ રીતે જળરંગોને તે પૂર્વે પ્રયોજાયેલા જોયા નહોતા. તેમની રંગપેલેટ ખૂબ જ મર્યાદિત છે. તેઓ તેમની વતનની ભૂમિમાં જોવા મળતા પીળા, બદામી રંગોનો જ મહદંશે ઉપયોગ કરે છે. ભૂરા અને લીલા રંગોને સફળતાપૂર્વક પ્રયોજી શક્યા નથી.

૧૯૮૦થી શાંતિ પંચાલ લંડનનિવાસી બન્યા છે. ત્યાં વસતા હોવા છતાં વતનની સ્મૃતિઓ તેમને સતાવતી રહી છે. તેમને સતત લાગતું રહ્યું છે કે તેઓ લંડનમાં એક દેશનિકાલ વ્યક્તિ તરીકે વસે છે. આ પ્રકારની લાગણી તેમનાં જાણીતાં ચિત્રો 'હૉમ કમિંગ આફ્ટર અ લૉંગ ઍબસન્સ', 'ડિપાર્ચર' તથા 'ધ ફાઈનલ પાર્ટિંગ'માં પ્રતિબિંબિત થઈ છે. તેમના જ મતે ભલે તેઓ લંડનમાં એકલતા તથા અલગતાનો અનુભવ શારીરિક રીતે કરી રહ્યા છે, છતાં તેમને આનંદની અને ગર્વની લાગણી થાય છે કે તેઓ બ્રિટનના કલાજગતમાં સર્જક કલાકાર તરીકેની સ્વીકૃત થયા છે. હા, ભારતમાં તેમનું કુટુંબ છે, છતાં તેમની જોડે પ્રત્યાયન નથી. તેઓ ખૂબ ભણેલા નથી. તેમણે પોતે તો લંડનમાં એક અલગ જીવનશૈલી બનાવી છે, છતાં તેમનું મન તેમને મળવા સતત ઝંખતું રહે છે. આ તો એક પ્રકારની જીવનની એકલ મુસાફરી છે જે સમયે સમયે તેમનાં ચિત્રોમાં પ્રતિબિંબિત થતી રહે છે. આ અનુભૂતિને તેઓ નકારાત્મક વસ્તુ તરીકે જોતા નથી, કિંતુ તેમની સર્જનકૃતિઓમાં તે એક સકારાત્મક તત્ત્વ તરીકે આવે છે.

શાંતિ પંચાલનાં ચિત્રોને બેધડક કથાત્મક-નૅરેટિવ ચિત્રો તરીકે ગણાવી શકાય, છતાં તે એક થીજી ગયેલા પ્રસંગ તરીકે ચિત્રમાં રૂપાયિત થયું છે. પાત્રો કે લોકોમાં રહેલી સ્થિરતા દર્શાવવી તેમને ગમે છે. તેમની શારીરિક ગતિ દર્શાવવાની તેમને કોઈ જરૂરિયાત લાગતી નથી. એક બ્રિટિશ કલાવિવેચકના શબ્દોમાં 'શાંતિ પંચાલની વૈયક્તિક શૈલી અને તદ્દન અલગ પ્રકારની ટેકૂનિક તેમના જળરંગી ચિત્રોને દેખાવમાં લગભગ પેસ્ટલરંગી ચિત્રો બનાવે છે.' આ જળરંગી ચિત્રોમાં ધબકતી ઉત્કટતા છે અને માધ્યમની અલગ પહેચાન છે. આ ચિત્રોમાં સંગીતમય શાંતિ છે. તેમાંનાં મુખ્ય પાત્રો ભયજનક પરિસ્થિતિનો સામનો કરી રહ્યાં છે, છતાં તેઓ આધ્યાત્મિક અનુભૂતિમાંથી પણ પસાર થઈ રહ્યાં છે. તેઓ સાંસ્કૃતિક ભેદ તથા વૈવિધ્યની શોધ અને ભયના કિનારા પર ઊભાં છે. તેમનું વાસ્તવ નિજી છે, આત્મલક્ષી છે. લંડનમાં સ્થાયી થયા હોવા છતાં શાંતિ પંચાલનાં મુખ્ય પાત્રો પોતાના ભારતીય પ્રદેશનાં લોકો છે અને તેમને ઉદ્દેશીને જ આ કૃતિઓનું સર્જન થયું છે. ૨૦૦૩ના ઑક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં તેમનાં તાજેતરનાં ચિત્રોનું 'એક વૈયક્તિક મુસાફરી' શીર્ષક હેઠળ મુંબઈની ત્રણ ગૅલરિઓમાં પ્રદર્શન યોજાયું હતું.

- બંસીલાલ દલાલ


કલાસ્મૃતિ

ભૂપેન હઝારિકા

થોડાંક વર્ષો પૂર્વે, ટેલિવિઝનની શરૂઆત થઈ તે સમયગાળામાં, દૂરદર્શન ઉપરથી 'લોહિત કિનારે' નામની ઘણા હપ્તાઓની એક સીરિઅલની રજૂઆત થઈ હતી. તેમાં આસામની મહાનદી બ્રહ્મપુત્રાના કિનારાના ગ્રામપ્રદેશની જીવનશૈલી અને સુખ-દુઃખને, હૃદયસ્પર્શી રીતે રજૂ કરેલાં. જેનું નિર્માણ અને નિર્દેશન હતું સુશ્રી કલ્પના લાઝમીનું અને અદ્ભુત ગીત સંગીત હતાં.

ભૂપેન હઝારીકાનાં દૂરદર્શનના ચીલાચાલુ કાર્યક્રમોમાં આ સંગીતમય લોકકથાઓની રજૂઆતોએ, તેના કલાત્મક તત્ત્વથી રસતરબોળ કર્યા હતાં. તેનાં ગીતો અને સંગીત જાણે કે આસામથી નીકળેલી બ્રહ્મપુત્રાના કાંઠાના નાવિકોનાં હૃદયના ધબકાર હોય તેમ લાગે. બંગાળની નદીઓના હોડીવાળાઓની, ભટીઆલી ગાયનશૈલીનાં ગીતોમાં આસામી ભાષાની ઝલકવાળાં 'દિલ હુમ હુમ કરે... ઘભરાયે', 'સમય ઓ ધીરે ચલો' જેવાં ફિલ્મ 'રૂદાલી'નાં સ્ત્રીના અંતરંગની કથા-વ્યથા રજૂ કરતાં ગીતો સાથે પર્વતમાળોઓ ઉપર રોજીરોટી માટે યાત્રાળુઓને ડોળીમાં બેસાડીને ખેપ મારતા ડોલીવાળાઓનું ગીત 'ડોલા હો ડોલા', 'હોં આવારા હું...' જેવાં લોકશૈલીના ગીતોએ શ્રી ભૂપેન હઝારિકાને દેશભરમાં જાણીતા કરી દીધા અને આજે તેઓ જ્યારે પણ કોઈ જાહેર સમારંભમાં કે ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત હોય તો તેમના ચાહકો તેમને ફરમાઈશ કરતા હોય છે.

શ્રી ભુપેન હઝારિકાનું વ્યક્તિત્વ પૂરા છ ફુટની ઊંચાઈ, સપ્રમાણ ખડતલ દેહ, કુર્તા, પાયજામા અને જેકેટ કે જવાહર ખંડી સાથે માથા ઉપર કાયમ માટે શોભતી કાળી નેપાલી ટોપી અને કુકરીની પીન. એ તેઓની ઓળખાણ જાણે કે ટ્રેડમાર્ક.



આજે ૭૮ વર્ષની ઉંમરે પણ શ્રી હઝારિકા પોતાની કલામાં કાર્યક્ષમ છે. તેમની રચના-ઓમાં બંગાળી, આસામી અને હિન્દી ભાષાની ઝલક સાંભળવા મળે છે! જેમ સચીનદેવ બર્મનનાં 'સુન મેરે સાથી રે'ના ભટીઆલી રાગના ગીતમાં તેનો લહેંકો જાણે કે આપણે હુગલી નદીમાં કોઈ હોડીમાં બેઠા હોઈએ તેમ અનુભવાય છે, તેવું જ શ્રી ભૂપેન હઝારિકાના અવાજમાં જાદુ અનુભવાય છે.

આસામ પ્રદેશના પાટનગર ગૌહાટીમાં જન્મેલા શ્રી હઝારિકાને ૧૦ વર્ષની ઉંમરથી જ ગીતો રચવાનો અને લોકગીતો ગાવાનો શોખ હતો, જેમાં નવા જમાનાનું ભારત અને આસામની જાગૃતિની ભાવના વ્યકત થતી હતી. યુવાનવયે તેઓ કલકત્તા આવ્યા અને ભારતને નજીકથી જોયું. સન ૧૯૪૮માં શ્રી હઝારિકાએ બનારસ હિંદુ મહાવિદ્યાલયમાં સંગીતની તાલીમ લીધી અને પદવી પ્રાપ્ત કરી. ઑલ ઇન્ડિયા રેડિયોમાં સંગીતકાર તરીકે જોડાયા. દરમ્યાનમાં અમેરિકાની શિષ્યવૃત્તિ પ્રાપ્ત થતાં તેઓ કોલંબીઆ યુનિવર્સિટી, ન્યૂ યૉર્કમાંથી લોકકલાનો પ્રચાર-પ્રસાર કરવાનો અભ્યાસ કર્યો અને અમેરિકાના લોકસંગીતકારો સાથે ભારતની સાંસ્કૃતિક કલાનું આદાન-પ્રદાન કર્યું. ભારત આવ્યા બાદ મુંબઈમાં ઇન્ડિયન પીપલ્સ થીએટર મુવમેન્ટમાં જોડાયા. અહીં તેમની મુલાકાત જાણીતા સંગીતકાર સલીલ ચૌધરી તેમજ અદાકાર બલરાજ સહાની સાથે થઈ. આગળ જતાં પ્રખ્યાત ગાયક-સંગીતકાર શ્રી હેમંતકુમાર મુકરજી સાથે પરિચય થયો. તેમણે શ્રી હઝારિકાનો ફિલ્મજગતની હસ્તીઓ સાથે પરિચય કરાવ્યો. અહીં તેમણે શરૂઆતની બોલતી ફિલ્મોમાં નાનકડી ભૂમિકા પણ કરી હતી. ત્યાર બાદ સિદ્ધિનાં દ્વાર ખૂલતાં ગયાં. શ્રી હઝારિકાને આસામી ફિલ્મ ઉદ્યોગનું પ્રતિનિધિત્વ ભારત તેમજ પરદેશમાં કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું. તેઓએ આસામી આદિવાસી સંસ્કૃતિનાં જગતભરને દર્શન કરાવ્યાં. આસામના પાટનગરમાં, ગૌહાટીમાં પ્રથમ ફિલ્મ સ્ટૂડિઓ શરૂ કરાવવાનું શ્રેય પણ તેમના ફાળે જાય છે. આ સ્ટૂડિઓમાં શ્રી હઝારિકાએ ફિલ્મનિર્માણ, ગીતસંગીત સાથે ફિલ્મો રજૂ કરી, જેમાં આસામી ભાષામાં બનેલ સન ૧૯૫૬ની 'એરા બાતેર સુર', સન ૧૯૬૦ની 'શકુન્તલા' અને સન ૧૯૮૮ની 'સીરાજ' ખૂબ જ સફળ રહી હતી. જાણીતા કવિ ગુલઝારનાં ગીતોવાળી અને નિદર્શિકા કલ્પના લાઝમીની 'રૂદાલી' ફિલ્મનાં શ્રી ભૂપેન હઝારિકાનાં ગીતોએ તેમને ખૂબ જ ખ્યાતનામ કર્યા. શ્રી હઝારિકાના કહેવા પ્રમાણે શ્રી એમ.એફ.હુસેનની ફિલ્મ 'ગજગામિની'માં પણ તેમને અવનવા પ્રયોગો દ્વારા સંગીત પીરસવાનો મોકો મળ્યો તે યાદગાર રહેશે.

આજે પણ ગીતસંગીતનાં રસિયાઓ, ભારતીય તત્ત્વવાળું લોકસંગીત અને સંગીતકારને કેટલા પસંદ કરે છે તેના ઉદાહરણરૂપે શ્રી હઝારિકાને મળેલાં માનસન્માન ગણી શકાય. તેઓ રાષ્ટ્રિય સંગીતનાટક અકાદમી - નવી

દિલ્હીના ચેરમેન થયા. તેઓને દાદાસાહેબ ફાળકે અવૉર્ડથી નવાજવામાં આવ્યા. રાષ્ટ્રિય આર્ટ અને કલ્ચર વિભાગનું સંચાલન સોંપવામાં આવ્યું. તેઓના દ્વારા લોકસંગીતમાં ઉચ્ચ ધોરણો સાથે પ્રતિષ્ઠાપાત્ર કલાકારો માટે 'મિલેનિયમ ફેલોશિપ'ની શરૂઆત કરવામાં આવી જેમાં જાણીતા ગાયક શ્રી ભીમસેન જોષી અને સાહિત્યકાર શ્રી વિજય તેંડુલકરને સૌપ્રથમ ફેલોશિપથી નવાજવામાં આવ્યા છે. શ્રી ભૂપેન હઝારિકા કહે છે કે, અમારા જેવાઓનું મહત્ત્વનું કામ એ છે કે આજે દેશભરમાં લુપ્ત થતી જતી ગુરુ-શિષ્ય પરંપરા સજીવ કરવી તેમજ ભારતીય સંસ્કૃતિનું જતન કરવું, સંવર્ધન કરવું અને તેના ઇતિહાસ ને ક્રમબદ્ધ કરીને સાચવવો.

શ્રી ભૂપેન હઝારિકા પ્રવાસના ઘણા શૉખીન છે. મળતા સમયમાં ગીતો લખવાં, તેમજ સંગીતની ધૂનો રચવી તે પોતાનો ધર્મ સમજે છે. તેમના કહેવા પ્રમાણે આજકાલના ધૂમ-ધડાકાવાળું સંગીત બનારસી પાનની પિચકારીની જેમ આવશે અને ચાલ્યું જશે. પણ પાનનો અસલી રસ-આનંદ તો ભારતની સાંસ્કૃતિક પરંપરાવાળાં લોકસંમતિવાળાં ગીતો અને ધૂનોથી જ યાદગાર રહેશે. સંગીતરસિયાં વાચકોએ જો શ્રી હઝારિકાનાં ગીત-સંગીત સાંભળ્યાં હોય તો, તેમની ઑડિયો કસેટ 'મેં ઓર મેરા સાયા' અને ફિલ્મ 'રૂદાલી'ની ભલામણ કરતાં આનંદ અનુભવું છું. - *ગજેન્દ્ર શાહ*

—*કલાવૃત્ત*—

અતીતને સલામ

ઘણાં વર્ષો બાદ અમ[illegible]ાદને આંગણે વીતેલાં વર્ષોનાં [illegible]માશાળી ચિત્રકારોની કૃતિઓનું પ્રદર્શન જે ભારતીય ચિત્ર કલાના ઇતિહાસના



નંદી , રાવલ આર.ડી.

અતીતથી આજના કલાપ્રવાહોનું દર્શન કરાવે છે તે માણવા મળ્યું. સારાં એવાં મોટાં માપતાલની લગભગ ૫૦ જેટલી કૃતિઓ એકીસાથે પ્રદર્શિત થયેલી જોતાં ઘડીભર એમ લાગ્યું કે આપણે સાક્ષાત નવી દિલ્હીના મ્યૂઝીઅમ ઑવ્ મૉડર્ન આર્ટ્સમાં પહોંચી ગયાં હોઈએ. હા ! આ એ જ ચિત્રકૃતિઓ છે, જે વર્ષો બાદ નવી દિલ્હીના દરબારે ખાસમાંથી લાવીને અમદાવાદની રવિશંકર રાવળ આર્ટ ગૅલરિમાં સંસ્કારનગરીનાં કલાપ્રેમીઓ માટે રજૂ થઈ હતી. ભલે સમયગાળો દસ-બાર દિવસનો હોય કે ગૅલરિનું પ્રકાશ-આયોજન આકર્ષક ના હોય તો પણ ચિત્રોની તાકાત બધી અસુવિધાઓને ઝાંખી પાડવા સક્ષમ હતી.

આપણા 'કુમાર'ના વાચકોએ આ પ્રદર્શનની ઘણી કૃતિઓ તેમજ તેનાં સર્જકો વિષે 'કુમાર'નાં આગળના વર્ષોના અંકોમાં, પરિચયો સાથે માહિતી મેળવી હશે.




ચુઘતાઈ, (કલાકાર અબ્દુલ રહેમાન)



જોગેન ચૌધરીનું કાગળ પર સીરિગ્રાફમાં દંપતીનું ચિત્રણ

આમાંનાં ઘણાં કલાકારોના ભૂતકાળમાં ડોકિયું કરીએ તો ક્યાંક ને ક્યાંક 'કુમાર' સામયિકનાં પ્રેરણાપુષ્પો જરૂર નજરે ચડશે. ચાલો ત્યારે આપણે ચિત્રોના આ બગીચામાં ફરીએ. શરૂઆત થાય છે. શ્રી પીઠાવાલાના સન ૧૮૭૨ના યુરોપીઅન શૈલીના 'માલણ' ચિત્રથી સફરમાં આગળ છે શ્રી ત્રિનિદાદનું સુંદર પોર્ટ્રેટ, ગાંગુલીનો દરિયાનો લૅન્ડ સ્કેપ, શ્રી એસ. બી. પલસીકર સાહેબનું શૃંગારિક શૈલીનું સન ૧૯૪૬નું ચિત્ર. આ શૈલીમાં ઘણા કલાકારોએ કામ કરેલું. રેખાંકન અને વૉશ ટેક્નિકના દાદુ કલાકારે અબ્દુલ રહેમાન ચુઘતાઈનાં બે નયનરમ્ય ચિત્રો જેની અસરમાં આપણા શ્રી કનુ દેસાઈએ ઘણાં સર્જનો કરેલાં, દરિયાની વિશાળતા દર્શાવતું શ્રી કે.કે.હેબ્બરનું ચિત્ર, વિકાસ ભટ્ટાચાર્યનું ચિત્ર 'ઉદ્ઘાટન', શ્રી સૈલોઝ મુકરજીનું કવિતા જેવું તુલિકાના લસરકા અને સ્કેપિંગકામથી સર્જાયેલું જળરંગી ચિત્ર, તે જમાનામાં કલાકારો કેવો જીવ રેડીને સર્જનો કરતાં તેની યાદ તાજી કરાવે છે. શ્રી વિનોદબિહારી મુખોપાધ્યાય અને માધવ મેનનનાં ચાઈનીસ શૈલીની અસરવાળાં ભીનાં ભીનાં નિસર્ગનાં દર્શન કરાવતાં ચિત્રો ઘડીભર દર્શકને થોભાવી દે છે. મદ્રાસની કલાશાળાના ગુરુવર્ય અને 'ચોલામંડલમ' સંસ્થાના સ્થાપક શ્રી કે.સી.એસ. પન્તીકર તેમજ રેડપ્પા નાયડુનાં કેલિગ્રાફીનાં ચિત્રો પણ સુંદર



એન.એસ.બેન્દ્રેએ મેસોનાઇટના પાટિયા પર કરેલું એક ઘરનું તૈલરંગી પોર્ટ્રેટ

લાગ્યાં. શ્રી જોગેન ચૌધરીની કટાક્ષસભર રેખાંકન રચનાઓ, શાંતિનિકેતનના મહાન શિલ્પકાર રામકિંકર વૈજનાં તુલિકાની તાકાત દર્શાવતાં ચિત્રો. શ્રી કે.એચ.આરાસાહેબનાં જળરંગી સ્ટીલ લાઈફ, શ્રી રામકુમારનું પૅરિસનાં વર્ષોની અસરવાળું ચિત્ર, શ્રી એ.એ. આલમેલકર સાહેબનું ઝીણી રેખાઓવાળું પૂંઠા ઉપર સર્જાયેલ શૃંગારિક શૈલીનું ચિત્ર વીતેલા જમાનાની યાદ છે. શ્રી રસિક રાવલની આદિવાસી પાત્રોવાળી ઝીણી રેખાઓથી પૂર્ણ થયેલી રચનાઓ, ઇલસ્ટ્રેટેડ વિકલી અને ધર્મયુગમાં જોવા મળતી શ્રી સતીશ ગુજરાલની જાડા ઇમ્પાસ્ટો શૈલીનાં ટેક્સ્ચરવાળી રચનાઓ, શ્રી ભુપેન ખખ્ખરનું મનુષ્ય અને સમાજ, મકાનો સાથેનાં સંબંધ દર્શાવતું વિશાળ ચિત્ર આગવી ભાત પાડે છે. શ્રી હિંમત શાહનો 'અશ્વ' શ્રી જ્યોતિ ભટ્ટની બારીકાઈ દર્શાવતું ચિત્ર, શ્રી જેરામ પટેલનું બ્લૅક ઍબ્સ્ટ્રેક્ટ ચિત્ર જે તેમની આગવી શૈલીમાં રજૂ થયેલું છે. અકાળે અવસાન પામેલા અમદાવાદના યુવાન કલાકાર મહેન્દ્ર પટેલનું ચિત્ર પણ આધુનિક કલાપ્રવાહો સાથે વહે છે.


આજના સમયમાં મસમોટી કિંમતોવાળા ચિત્રકારોની કૃતિઓ વગર તો આવાં પ્રદર્શનો અધૂરાં ગણાય, અહીં એમ.એફ.હુસેન, અંજલી ઇલા મેનન, અર્પણા કૌર, મનુ પારેખ, જે. સ્વામીનાથન, પારિતોષ સેનની સુંદર કૃતિઓ જોવા મળી. તેનો આનંદ એક કેફ સમાન છે અને હવે અનુક્રમમાં છેલ્લે આવે છે ડ્રાફ્ટ્સમેનશિપના બાદશાહ કલાગુરુ નારાયણ શ્રીધર બેન્દ્રેસાહેબનું ચિત્ર. 'પોર્ટ્રેટ ઑવ્ અ હાઉસ' એક ઘરનું તસ્વીરચિત્ર એક આંખવાળા શ્રી બેન્દ્રેસાહેબે જાણે કે હજાર આંખોથી આવું સુંદર ચિત્ર બનાવ્યું હશે એવો આનંદ કરાવી દીધો. આ પ્રદર્શને જૂનું એટલું સોનું છે તે ઉક્તિ સાકાર કરી બતાવી. જાણે કે ઘરે બેઠાં કલાગંગા આવી અને નસીબદાર કલારસિકોએ કલાસ્નાન કર્યાં. કલાના આ અતીતને લાખો સલામ. - *ગજેન્દ્ર શાહ*

*

વૃંદાવન સોલંકી

કેવળ ગુજરાતના જ નહિ પરંતુ રાષ્ટ્રિય કક્ષાએ કલાજગતમાં નિજી સ્થાન પ્રાપ્ત કરનાર વૃંદાવન સોલંકી વર્ષોથી એકધારી કલાસાધના કરતા આવ્યા છે. જૂનાગઢમાં જન્મેલા વૃંદાવન સૌરાષ્ટ્રના જનજીવન તથા વાતાવરણથી નિકટપણે પરિચિત છે અને તેથી સ્વાભાવિકપણે ત્યાંના તળપદી સંસ્કૃતિ ધરાવતાં સ્ત્રી, પુરુષો ત્યાંની રસપ્રદ શેરીઓ, મકાનો, પ્રાણીઓ તેમની કલાત્મક કૃતિઓમાં રૂપાયિત થયાં છે. નાનાં-મોટાં કદનાં ચિત્રો સર્જવા ઉપરાંત તેમણે વર્ષો પૂર્વે વિશાળ કદનાં, મોટા ફલક પર ભીંતચિત્રો પણ તૈયાર કર્યાં હતાં. તેઓ મુખ્યત્વે આકૃતિપ્રધાન કલાકાર છે તથા શ્વેત-શ્યામ ડ્રૉઈંગના સમર્થ સ્વામી છે. ફોટોગ્રાફિક પેપર પર, આર્ટ પેપર પર તથા છેલ્લાં થોડાં વર્ષોથી કૅનવાસ પર તેમણે સૌરાષ્ટ્રની રબારી કોમનાં સ્ત્રી-પુરુષોને તેમની લાક્ષણિક મુદ્રામાં બેઠેલાં, પીઠ ફેરવી વિશ્રંભ વાતો કરતાં, ઊભેલાં અત્યંત વિગતપૂર્ણ પ્રકાશ-છાયાની અદ્ભુત, જાદુઈ રમત દર્શાવતાં, વિશિષ્ટ પ્રકારનું આકર્ષક પોત સર્જતાં ડ્રૉઈંગ સર્જ્યાં છે. તેઓ છાયા-પ્રકાશનું આયોજન વિશિષ્ટપણે કરે છે. ડ્રૉઈંગ જેવા માધ્યમની અદ્ભુત સૂઝ-સમજ ધરાવતા તથા તેની ગુંજાયશ પ્રકટ કરતા અને સૌથી ધ્યાનપાત્ર તો તેની ટેક્નિકલ સંપૂર્ણતા તથા સ્વામીત્વ અને ગુણવત્તા ધરાવતા વૃંદાવને ત્વરાલેખનો તથા ડ્રૉઈંગનાં ઉત્તમ કક્ષાનાં સર્જનો દ્વારા ગુજરાતના તથા ભારતના ડ્રૉઈંગક્ષેત્રમાં અગ્રગણ્ય કલાકાર તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. તાજેતરમાં તેમણે તેમનાં ડ્રૉઈંગમાં સીમિત રંગોનો ઉપયોગ કરવા માંડ્યો છે.

'કુમાર' માસિકે વર્ષો પૂર્વે વૃંદાવનનાં સૌરાષ્ટ્રના જીવનને ધબકતું કરતાં કેટલાંક ત્વરાલેખનો તેમના કલાકાર તરીકેના પરિચય સાથે પ્રકટ કર્યાં હતાં. તે આજે





પણ એટલાં જ ધ્યાનાકર્ષક તથા ધબકતાં લાગે છે. તેમનું રેખા પરનું પ્રભુત્વ પણ સહેજે તેમાં જણાઈ આવે છે, છતાં ખાસ તો મકાનો, શેરીઓ, માનવાકૃતિઓનાં તેમનાં શ્વેત-શ્યામ ડ્રૉઈંગમાં તેમના સ્ટ્રોક્સ, માર્ક્સ, હેચિંગ-ક્રૉસહેચિંગ દ્વારા સર્જાતી અદ્ભુત સંરચનાઓએ જ તેમને કલાક્ષેત્રે સિદ્ધિ તેમજ આદર અપાવ્યાં છે. આ જ ડ્રૉઈંગની ગુણવત્તા તેમણે સ્વયં તૈયાર કરેલી એચિંગ પ્રિન્ટ્સમાં સહેજે જોવા મળે છે. આ ગ્રાફિક પ્રિન્ટસમાં જૂનાગઢ તથા અન્ય સ્થળોનાં મકાનો, શેરીઓ કલાત્મકપણે ધબકતાં થયાં છે. મને તો તેમના ઘણાં ડ્રૉઈંગમાં ગ્રાફિક ગુણવત્તાનાં દર્શન થયાં છે. તેમનાં ઘણાં મકાનોના આલેખનમાં તેનું જર્જરિતપણું વાસ્તવદર્શી શૈલીમાં પ્રકટ થયું છે. મને તેમની માનવા-કૃતિઓમાં સમયાતીતતાનો અનુભવ થયો છે. ખૂબ ધીરજ અને સૂઝ-સમજપૂર્વક પરિશ્રમથી તેમની કૃતિઓ સર્જાય છે.

થોડા સમય પૂર્વે મુંબઈમાં તેમના ડ્રૉઈંગનાં બે પ્રદર્શનોએ કલાકારો, કલાવિવેચકો તથા કલાચાહકોનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. એક તો ઈંડા આકારની ફ્રેમમાં નાના કદના ફૉર્મેટમાં તેમણે પ્રદર્શિત કરેલા 'ચહેરાવિહીન ચહેરાઓ' તથા અન્ય મુંબઈનાં મહત્ત્વપૂર્ણ સ્થળો ઈમારતો તથા ત્યાંની પ્રવૃત્તિને ધબકતાં કરતાં સીમિત રંગોથી રંગાયેલા તેમના ડ્રૉઈંગ પ્રદર્શનમાં સ્ત્રી-પુરુષોના બ્લૅન્ક તેજસ્વી પ્રકાશયુક્ત ચહેરા તથા તેમના વિશિષ્ટ વસ્ત્રપરિધાનને તેમણે સુંદર જીવંત પોર્ટ્રેટ ચિત્રોમાં પરિવર્તિત કર્યાં છે. વિશિષ્ટ પોત તથા વાતાવરણ સર્જાતાં મુંબઈનાં દૃશ્યચિત્રો ધ્યાનાકર્ષક છે. આવા પોતસર્જનમાં સ્પર્શગમ્ય ગુણવત્તાનો અનુભવ થાય છે. વૃંદાવનની સ્કેચ-બુકમાંનાં ત્રણ ત્વરાલેખનો દૃશ્યાત્મક તથા સ્વરૂપીય રીતે ખરેખર ધ્યાનાકર્ષક અને રસપ્રદ છે. આર્ચિઝ પેપર પર ચારકોલના સ્ટ્રોક્સથી સર્જાયેલાં તેમના ત્રણ ત્વરા-લેખનો વૃક્ષ, ઘોડિયા પાસે ખાટ પર બેઠેલી માતા તથા પીઠ ફેરવીને બેઠેલી ગાય લાવણ્યયુક્ત ઋજુતાભરી રચનાઓ છે.

- બંસીલાલ દલાલ

અનુસંધાન] અવલોકનો [પૃ. ૧૩૯થી

તો આવે જ છે, પણ તે જરૂર હોય ત્યારે પ્રકટ થતાં નથી અને પછી તેનું મહત્ત્વ રહેતું નથી, જેમકે પાન. ૧૪૬-૧૪૭ પરની વાતમાં સિદ્ધાર્થભાઈની સિદ્ધિઓ દરેક પુરુષને પોતાના દામ્પત્યજીવનમાં થતો જ પ્રસંગ છે. પણ તે રજૂ થાય તે રીતથી જ રમૂજ અને વાગોળવા જેવો આનંદ પહોંચાડે છે. ટ્રેનમાં બેસી વતનમાં લગ્નપ્રસંગમાં જવા માટે નીકળેલા લેખકને જાનની વિદાય વખતે જ સ્ટેશને ઊતરવા મળ્યું અને આશીર્વાદ આપી શકાય તેને લેખકે કેટલી સહજ રીતે સ્વીકારી તેમાં પણ રેલવેતંત્રનો આભાર માનીને કેવી સરસ રીતે હકારાત્મક વલણનું મહત્ત્વ રજૂ કર્યું છે. તેમાં હાસ્ય તો છે જ, અને તે પણ સૂક્ષ્મ, છતાં કેવો આનંદદાયક બોધ છે કે ગમે તેવી ઘટનામાંથી પણ કેવી રીતે હકારાત્મક વલણ તારવી હળવા બની રહેવું.

આવાં તો અનેક પ્રસંગો, ઘટના, નાટક, પત્ર, મુલાકાત વગેરેથી પાનાં ભરપૂર છે પણ તે કંટાળો તો આપતાં નથી જ બલકે સાથેસાથે વાચકને પણ વિચારવા પ્રેરે છે કે આપણે પણ આ બધી બાબતો વિષે રમૂજ કરી શકીએ છીએ. ખરાબ બાબતને સારી બાબતમાં ફેરવી શકીએ છીએ, પણ તેવું કેમ કરતાં નથી તેનું જ આશ્ચર્ય છે. અહીં સ્થૂળ હાસ્ય નથી પણ સૂક્ષ્મ હાસ્ય છે જે માનવીની અંદર પડેલું જણાય છે, પણ તેણે પ્રકટાવવા અને માણવા જેટલી સજ્જતા તેની હોતી નથી. જે લેખકશ્રીએ તેને વિવિધ રીતે અને વારંવાર રજૂ કરીને આનંદ કેવી રીતે માણી શકાય તેનો રસસભર માર્ગ ચીંધ્યો છે.

રતિભાઈ છેલ્લા પૃષ્ઠમાં એક ઉક્તિ મૂકીને કહે છે કે 'જેનો કંઈ ઉપાય ન હોય તે સહન કરી લેવું' પણ તે પણ રોતાં રોતાં નહિ, હસતાં હસતાં. આ પુસ્તકમાં તેમણે એ જ વાતનું નિરૂપણ અનેરી રીતે કર્યું છે. જાણે કે તેઓ જ આપણી સામે બેસીને વાતો કરી રહ્યાં છે અને તેમાંથી હાસ્યના ફુવારા જ નહિ પણ મનોમન યાદ કરીને સતત હાસ્યરસને માણી શકાય તેવું નિષ્પન્ન થાય છે. પોલીસ સ્ટેશનની મુલાકાત, બપોરની ઊંઘ, લગ્નો ! લગ્નો ! લગ્નો, જાગીને જોઉં તો સ્કૂટર દીસે નહિ, અથશ્રી ચાંદલાકથા, દસમાં-બારમાવાળા બાબા-બેબીના માતાપિતાનો ઈન્ટર્વ્યૂ, બધું જ હાસ્યની આંતરિક સરવાણી છે.

સમગ્ર પુસ્તકમાં લેખન-રજૂઆત અને તેમાંથી નીપજતી હાસ્યધારા સતત આનંદ પમાડે છે. મોટાભાગની રજૂઆત તો પોતાની જાત સાથે જઈ એ વાત નિરૂપે છે કે દરેકમાં આવી રમૂજ પડેલી જ હોય છે, પણ તે પ્રકટાવવાની વૃત્તિનો અભાવ હોય છે. આ વાત પાનેપાને માણવા મળે છે એટલે જ આ પુસ્તક માત્ર વાંચવા જ નહિ પણ વાગોળવારૂપ બન્યું છે. જપમાળાનાં નાકાં ઘસાઈ ગયાં નથી પણ વધુ મહેકી ઊઠ્યાં છે એ જ લેખકની ત્રેસઠ વરસની જીવન-માર્ગની સિદ્ધિ છે જે વાચકને પણ પ્રેરક બની રહે છે. આસપાસના જીવનમાંથી આવું બધું વીણીને આપણી સમક્ષ હાસ્યના આંતરિક સ્વરૂપ તરીકે રજૂ કરીને આનંદ અર્પનાર લેખકને અભિનંદન. ['તિલક કરતાં ત્રેસઠ થયાં' લે. રતિલાલ બોરીસાગર. પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ ૩૮૦ ૦૦૧, પૃ.૨૦૦ + ૧૬, કિંમત રૂ. ૮૦]



પ્રાકૃતિક સૌન્દર્યથી ભરપૂર કાશ્મીર તેનાં ગિરિશૃંગો, સઘન વનરાજિ, ખળખળ વહેતાં નિર્મળ ઝરણાં અને વિશાળ જળસમૃદ્ધ સરોવરો વગેરેથી પૃથ્વી પરના સમૃદ્ધ સ્વર્ગ તરીકે ઓળખાય છે. લગભગ ૨૨૫૦ વર્ષ પૂર્વે સમ્રાટ અશોકે વસાવેલું શ્રીનગર શહેર મહારાજા પ્રવરસેનના સમયમાં જ વૃદ્ધિ પામ્યું હતું. જેલમ નદીના બંને તટ પર એ શહેર વસેલું છે. શ્રીનગરમાં આઠ કિલોમીટર લાંબું અને ચાર કિલોમીટર પહોળું ડાલ સરોવર આવેલું છે. આ વિશાળ સરોવરના ત્રણ વિભાગો - ગગરી ડાલ, લોકુટ ડાલ અને બોડ ડાલ એમ જળમાર્ગોથી વહેંચાયેલા છે. ડાલ ગેટ જેલમમાં જતા જળપ્રવાહનું નિયંત્રણ કરે છે. સોનાલંક અને રૂપાલંક એવા બે રમણીય દ્વીપો ડાલ સરોવરમાં આવેલા છે. સરોવરનાં જળ અત્યંત સ્વચ્છ અને શીતળ છે. સરોવરમાં ફરતાં નૌકાગૃહો અને સરકતા સેંકડો શિકારીઓને જોઈને આપણને આશ્ચર્ય થાય છે. આ સરોવરમાં નૌકાવિહાર કરવો એ એક અવિસ્મરણીય અનુભવ છે. ડાલ સરોવરની પાસે જ આવેલી એક હજાર ફુટ ઊંચી પહાડી પરથી શ્રીનગર અને ડાલ સરોવરનું મનોહર દૃશ્ય માણવા મળે છે. ત્યાંનાં લોકો એમની કાશ્મીરી વેશભૂષાથી જુદાં જ તરી આવે છે; અને લાવણ્યમયી લલનાઓ એમના મધુર સ્મિતથી સૌન્દર્યમૂર્તિ સમી લાગે છે. કાશ્મીરના પર્યટને જવા માટે એપ્રિલ-મે મહિનાઓ ઘણા અનુકૂળ ગણાય છે. પર્યટકો ડાલ સરોવરમાંનાં નૌકાઘરમાં નિવાસ કરે છે. વૈભવી હોટલોમાં નિવાસની સુવિધા પણ મળી રહે છે.



જાત ઓળંગ્યા પછીની વારતા,
એક ભ્રમ ભાંગ્યા પછીની વારતા.
હુંપણાના ગામની તારાજગી,
મેં તને માગ્યા પછીની વારતા.
('ફ્લાવરવાઝ'માંથી) - પ્રીતમ લખલાણી

શ્રી હીરાલાલ હ. ભગવતી : ભુલાયેલું પાસું

'કુમાર કાર્યાલય લિ.'(હાલ 'કુમાર ટ્રસ્ટ')'ના વર્ષોથી ચૅરમેનપદે રહી પોતાની સફળ અને ઉજ્જવળ કામગીરી જેઓ બજાવી રહ્યા છે તે શ્રી હીરાલાલ હરિલાલ ભગવતીનો જન્મ તા. ૧૪ મે, ઈ. ૧૯૧૦ના રોજ વૈષ્ણવ-વણિક જ્ઞાતિમાં ઉત્તર ગુજરાતમાં થયો હતો. પિતા હરિલાલ શિક્ષક હતા. માતાનું નામ સંતોકબા હતું. શ્રી હીરાભાઈએ પ્રાથમિક શિક્ષણ મહેસાણામાં અને માધ્યમિક શિક્ષણ અમદાવાદની પ્રોપ્રાયટરી તથા ટ્યૂટો રિયલ હાઈ સ્કૂલમાં લીધેલું. ઈ. ૧૯૩૦માં ગુજરાત કૉલેજમાંથી ઇતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે બી.એ.ની પદવી પ્રાપ્ત કરી. કૉલેજકાળ દરમિયાન નાટ્યપ્રવૃત્તિમાં ઘણો સક્રિય ભાગ લીધેલો. ઈ. ૧૯૩૨થી હીરાભાઈએ વ્યાવસાયિક અને સાથોસાથ સામાજિક કારકિર્દીની શરૂઆત કરી તે છેક ૨૦૦૨ સુધી. આ સમયગાળા દરમિયાન અમદાવાદની અગ્રણી સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં માનદ્ સેવાઓ આપી અને એક પ્રામાણિક અને



નિષ્ઠાવાન કાર્યકર તરીકે ઘણી ઉચ્ચ નામના મેળવી. વળી, જરૂરિયાતવાળી એવી ઘણી સંસ્થાઓમાં તેમનો દાનનો પ્રવાહ સતત ચાલતો રહ્યો છે. ઈ. ૧૯૬૭માં ગુજરાત ચૅમ્બર ઑવ્ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ તરીકે શ્રી હીરાભાઈ ભગવતીની વરણી થઈ. ઉપરાંત સતત નવ વર્ષ સુધી મસ્કતી કાપડ માર્કેટ મહાજનના પ્રમુખ તરીકે માનદ સેવાઓ આપી. તેઓએ અમદાવાદ પાંજરાપોળના પ્રમુખ, બહેરા-મૂંગાની શાળાના સંચાલક મંડળના ઉપપ્રમુખ, ટેક્ષટાઈલ ટ્રેડર્સ કૉ-ઑપરેટિવ બૅન્કના સ્થાપક અને ચૅરમેન, સંકટ નિવારણ સોસાયટી, દુષ્કાળ રાહત સમિતિ, ગુજરાત કૅન્સર સોસાયટી અને ગુજરાત લૉ સોસાયટી જેવી અનેક જાહેર સંસ્થાઓના માનદમંત્રી-પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પણ તેઓ સભ્ય-ટ્રસ્ટી છે. આમ, આપણે સૌ શ્રી હીરાભાઈને એક ઉત્તમ વહેપારી અને જાહેર જીવનનાં અનેક ક્ષેત્રોમાં આગેવાનીભર્યું કાર્ય કરનાર સમાજસેવક તરીકે તો જાણીએ જ છીએ, પણ તે ઉપરાંત


નાટકની એક લાક્ષણિક મુદ્રામાં





શ્રી હીરાભાઈ એક અચ્છા નાટ્યકલાકાર પણ હતા તે હકીકત વિસરાઈ ગઈ લાગે છે.

'એલિસબ્રિજ આરોગ્ય સમિતિ'ની સ્થાપનાથી આજ દિન સુધી શ્રી હીરાભાઈ સંચાલન સમિતિના અધ્યક્ષ પદે કાર્ય કરી રહ્યા છે; આ સંસ્થાની શાખા 'રંગમડળે' ૧૯૩૩-૩૪માં અવેતન નાટ્યપ્રવત્તિનો શુભારંભ કર્યો હોત. ત્યાર બાદ ક્રમે ક્રમે ઉત્તમ નાટકોની રજૂઆત કરી નવી રંગભૂમિનો વિકાસ પાંગરતો રહ્યો છે. શ્રી હીરાભાઈએ પણ આ બધી નાટ્યપ્રવૃત્તિમાં ઘણો જ રસ લીધો હતો. 'રંગમંડળ' દ્વારા રજૂ થયેલાં ઘણાં નાટકોમાં એમણે અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. તે સમયે તેમની સાથે સહકલાકારોમાં શ્રી ચં.ચી.મહેતા, શ્રી ધનંજય ઠાકર, શ્રી ચિનુભાઈ પટવા, શ્રીમતી કંચનબહેન પટવા, શ્રી વિનોદિનીબહેન નીલકંઠ, શ્રી ગટુભાઈ ધ્રુ વગેરે હતાં. 'એલિસબ્રિજ આરોગ્ય સમિતિ'એ વર્ષો પહેલાં રાસ-ગરબા હરીફાઈની યોજનાનો શુભારંભ અમદાવાદમાં કર્યો હતો અને દર વર્ષે વિજેતા મંડળીને વિજયપદ્મ તરીકે કળશ એનાયત કરવામાં આવતો હતો. શ્રી હીરાભાઈના સક્રિય સહકારથી આ પ્રવૃત્તિ ફૂલીફાલી હતી. આવા જ એક પ્રસંગે વિજયપદ્મનો કળશ અર્પણ કરવાના સમારંભમાં સ્વ. બચુભાઈ રાવત મુખ્ય મહેમાન પદે હતા અને તેઓના હાથે કળશ અર્પણ કરવામાં આવ્યો હતો. અહીં આપેલી એક તસવીરમાં સ્વ. વિનોદિનીબહેન નીલકંઠ વિજયપદ્મની જાહેરાત કરે છે અને બાજુની ખુરશીમાં શ્રીમતી પદ્માબહેન ફડિયા બેઠેલાં જણાય છે.




શ્રી હીરાભાઈએ અમેરિકા, ઈંગ્લન્ડ તથા જર્મનીનો પ્રવાસ પણ ખેડ્યો છે. તેમની આ બધી સામાજિક સેવાઓની કદરરૂપે તેમને ઈ. ૧૯૯૮નો વિશ્વગુર્જરી અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આવા અગ્રણી સામાજિક કાર્યકર અને વ્યાપાર તથા વાણિજ્ય ક્ષેત્રના પીઢ શ્રેષ્ઠિવર્ય આવતી તા. ૧૦ મે ૨૦૦૪ના રોજ તેમના આયુનાં ૯૪ વર્ષ પૂરાં કરી ૯૫મા વર્ષમાં પ્રવેશશે. તેઓએ તેમની વ્યવહારદક્ષતાનો પરિચય ઘણી અગ્રણી સંસ્થાઓને કરાવ્યો છે. આ અવસરે તેઓ શતાયુ પ્રાપ્ત કરે તેવી 'કુમાર'ના સર્વે ટ્રસ્ટીઓ અને 'કુમાર' પરિવાર તરફથી શુભકામના ! (તસવીરો : સંજય ભટ્ટ)

*

ફિલ્મ અભિનેત્રી સુરૈયાનું નિધન

વીતેલા જમાનાની અત્યંત લોકપ્રિય નાયિકા અને ગાયિકા સુરૈયા જમાલ શેખનું તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૪ના રોજ ૭૫ વર્ષની વયે લકવાને લીધે મુંબઈની હરકિસનદાસ હૉસ્પિટલમાં સવારે ૯-૩૦ વાગે અવસાન થયું. તા. ૧૫ જૂન ૧૯૨૯ના રોજ લાહોરમાં જન્મેલી સુરૈયાના પિતા અઝીઝ શેખ આર્કિટેક્ટ અને ચિત્રકાર હતા. માતાનું નામ મલ્લિકા બેગમ હતું. તેમનાં નાની બાદશાહ બેગમ મુંબઈમાં નાનો કારોબાર ચલાવતા હતા અને મામા ઝહૂર શેખ ફિલ્મોમાં સ્ટંટમૅન હતા.

૧૯૯૮માં સુરૈયાને સ્ક્રીન-વિડિયોકોન લાઈફટાઈમ અવૉર્ડ અપાયો હતો. માત્ર ૨૩ વર્ષની કારકિર્દીમાં ૭૦ જેટલી ફિલ્મોમાં કામ કરનાર અને એક હજારથી વધુ ગીતો ગાનાર સુરૈયાએ ૧૯૬૩માં ફિલ્મી દુનિયામાંથી નિવૃત્તિ લીધી હતી.



આકાશવાણી પરની બાળકો માટેની સંગીતસ્પર્ધામાં સુરૈયાના બાળપણના મિત્ર રાજકપૂરે સુરૈયાનો સ્વર નૌશાદને સંભળાવ્યો. ૧૯૪૧માં ફિલ્મ 'સ્ટેશન માસ્ટર' માટે નૌશાદે તેમની પાસે 'યે રેલ હમારે ઘર કો ભાગે તેજ હવા સે' ગવડાવ્યું. બસ, ત્યારથી માત્ર ૧૧ વર્ષની નાની વયે સુરૈયા પાર્શ્વગાયિકા બની ગઈ. આ જ વર્ષે સુરૈયાને ફિલ્મોમાં પણ કામ મળી ગયું. ફિલ્મ 'તાજમહલ'માં તેણે મુમતાઝના બાળપણની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં તેમણે એક પણ ગીત ગાયું ન હતું. નાયિકા અને ગાયિકા બનવાની તક તેને 'ઈશારા' ફિલ્મથી મળી. સુરૈયા જ્યાં સુધી નાયિકા નહોતાં બન્યાં ત્યાં સુધી જ તેમણે અન્ય અભિનેત્રીઓ માટે ગીતો ગાયાં હતાં, પણ નાયિકા બન્યાં બાદ તેમણે માત્ર પોતાની ફિલ્મોમાં જ ગીતો ગાયાં.

'અનમોલ ઘડી', 'દર્દ', 'પરવાના', 'દાસ્તાન', 'વારિસ', 'બડી બહન', 'હમારી બાત', 'ભાઈ', 'મહલ', 'શમા', 'તસવીર',

'પ્યાર કી જીત', 'દિલ્લગી', 'મિર્ઝા ગાલિબ', 'અફસર', 'વિદ્યા' જેવી અનેક ફિલ્મોમાં સિંગર સ્ટાર બનીને જબરદસ્ત ખ્યાતિ મેળવનાર સુરૈયા એ જમાનાનાં નંબર વન સ્ટાર હતાં. એક ફિલ્મમાં કામ કરવાનાં તેમને ત્રણ લાખ રૂપિયા મળતા.

'મિર્ઝા ગાલિબ' ફિલ્મમાં તેમણે ગાલિબની પ્રેયસીની ભૂમિકા ભજવી હતી. 'દિલે નાદાં તુઝે હુઆ ક્યા હૈ' તેમજ 'યે ન થી હમારી કિસ્મત કિ વિસાલે-યાર હોતા' ગઝલો રાતોરાત હીટ થઈ ગઈ હતી. આ ફિલ્મને રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. તે સમારંભમાં જવાહરલાલ નેહરુએ સુરૈયાને કહ્યું હતું કે, 'લડકી, તુમને ઉનકી ગઝલે ક્યા ગાઈ, તુમને મિર્ઝા ગાલિબ કી રુહ ઝિંદા કર દી.' સુરૈયા કહેતી કે આ શબ્દો મારા માટે ઑસ્કારથી પણ વિશેષ હતા.

સુરૈયા તે સમયે દેવઆનંદના પ્રેમમાં હતાં. સુરૈયા-દેવની જોડીએ છ ફિલ્મોમાં સાથે કામ કર્યું. ૧૯૫૧માં બનેલી 'સનમ' ફિલ્મ સુરૈયા-દેવની અંતિમ ફિલ્મ હતી. સુરૈયાની નાનીના વિરોધને કારણે આ પ્રણયબેલડી એક ન થઈ શકી અને કદાચ એટલે સુરૈયાએ આજીવન અપરિણીત રહેવાનો નિર્ણય લઈ લીધો. જ્યારે દેવાઆનંદે કલ્પના કાર્તિક સાથે લગ્ન કરી લીધાં હતાં.


સુરૈયાનાં યાદગાર ગીતો આ પ્રમાણે હતાં : 'કૈસી અજબ દાસ્તાન હો ગઈ હૈ', 'મન ધીરે ધીરે ગાયે રે', 'આપસે પ્યાર હુઆ જાતા હૈ', 'રાહી મતવાલે', 'તેરે નયનોંને ચોરી કીયા', 'વો પાસ રહે યા દૂર રહે', 'સોચા થા ક્યા, ક્યા હો ગયા', 'તુ મેરા ચાંદ મેં તેરી ચાંદની','યે ન થી હમારી કિસ્મત કે વિસાલે - યાર હોતા' અને આવાં ઘણાય ગીત હજી લોકોનાં હૃદયમાં ગુંજે છે.

*

ચી. ના. પટેલનો સ્વર્ગવાસ

ચીમનલાલ નારણદાસ પટેલનો જન્મ ૨૩-૧૨-૧૯૧૮ના રોજ અમદાવાદમાં થયો હતો. અંગ્રેજીના અધ્યાપક અને વિવેચક તરીકે નામના મેળવનાર ચીમનલાલ પટેલનું તા. ૩૦-૦૧-૨૦૦૪ના રોજ અમદાવાદમાં અવસાન થયું. ૧૯૪૦માં બી.એ. અને ૧૯૪૪માં અંગ્રેજી વિષય સાથે એમ.એ. કરીને અઢાર વર્ષ સુધી ચીમનલાલ પટેલે અંગ્રેજીના અધ્યાપક અને પ્રકાશ કૉલેજના આચાર્ય તરીકે કામ કર્યું હતું. વચ્ચે એક વર્ષ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીમાં રજિસ્ટ્રાર તરીકે પણ કામગીરી બજાવી હતી. ત્યાર પછી ત્રેવીસ વર્ષ ભારત સરકાર દ્વાર પ્રકાશિત 'ધ કલેક્ટેડ વર્ક્સ ઑવ્ મહાત્મા ગાંધી'માં અનુવાદક, ઉપ-મુખ્ય સંપાદક અને માનાર્હ સલાહકાર તરીકે સેવા આપી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના બત્રીસમા અધિવેશનમાં તેમણે વિવેચન વિભાગના પ્રમુખ તરીકેનું સ્થાન શોભાવ્યું હતું.

અંગ્રેજીના અધ્યાપક હોવાને નાતે એમની વાતો અને લખાણોમાં શેક્સપિયર અને અંગ્રેજી રૉમેન્ટિક કવિઓના દૃષ્ટાંતો જરૂર આવે. તેમના પ્રથમ પુસ્તક 'અભિક્રમ' (૧૯૭૫) અને ત્યાર પછી પ્રકટ થયેલા અન્ય ગ્રંથોના લેખોમાં ભારતીય અને પાશ્ચાત્ય શિષ્ટ સાહિત્યના પરિશીલનથી તેમજ એ બંને સંસ્કૃતિના ઐતિહાસિક પ્રવાહો અને જીવનમૂલ્યોની જાણકારીથી સજ્જ એમની દૃષ્ટિ આ લેખોને તાજગી આપે છે. સાહિત્યમાં એમની દૃષ્ટિ જીવનલક્ષી છે.



'ટ્રેજેડી-સાહિત્યમાં અને જીવનમાં' (૧૯૭૮)માં પાશ્ચાત્ય સાહિત્ય, 'રામાયણ', 'મહાભારત', 'સરસ્વતીચંદ્ર' તથા ગાંધીજીવનને એમાંથી વ્યક્ત થતા ટ્રૅજિક દર્શનના સંદર્ભમાં તેઓએ તપાસ્યાં છે, જ્યારે 'કથાબોધ'(૧૯૮૦)માં ગુજરાતી, બંગાળી અને વિદેશી કૃતિઓને એમાં વ્યક્ત થતી ભાવનાઓના સંદર્ભમાં તપાસી છે.

ગાંધીસાહિત્યના અનુવાદ અને સંપાદનના કાર્યમાં જોડાવાને કારણે તેઓ પોતાની ચોકસાઈ, ચીવટ અને મૌલિક વિચાર-શક્તિને લીધે ગાંધીજીના વિષયમાં તજ્જ્ઞ બની ગયા. 'ધ કલેક્ટેડ વર્ક્સ ઑવ્ મહાત્મા ગાંધી' એ ચીમનલાલ પટેલનું અનન્ય પ્રદાન છે. 'ગાંધીજીની સત્યસાધના અને બીજા લેખો' (૧૯૭૮) પણ ગાંધીજીનાં કાર્યો અને જીવનમૂલ્યોને લોકો સુધી પહોંચાડવા માટેનું અનોખું કામ છે. 'ગુજરાતી ગ્રંથકાર' શ્રેણીમાં લખાયેલી 'ગાંધીજી' પુસ્તિકામાં ગાંધીજીનું અક્ષરકાર્ય એમના જીવનવિકાસનું કેવું સૂક્ષ્મચિત્ર છે તે બતાવીને ગાંધીજીની ભાષામાં રહેલી સર્જનાત્મકત્તાને તેમણે તપાસી છે.

તદઉપરાંત ગાંધીજીના લેખનકાર્યને તેમના જીવનવિકાસના સંદર્ભમાં 'મહાત્મા ગાંધી ઈન હિઝ ગુજરાતી રાઈટિંગ્ઝ' (૧૯૮૧)માં તપાસ્યું છે. 'વિચારતરંગ' (૧૯૮૬)માં સમાજ અને સંસ્કૃતિ, સાહિત્ય, ગાંધીજી વિશેના લેખો છે. આમ, ચીમનલાલ પટેલ ગાંધીમય પણ હતા. સી. એન. પટેલનું પરિણામે ચી. ના. પટેલમાં રૂપાંતર થયું હતું. ગાંધીજી વિષે તેમણે અધિકારપૂર્વક ઘણું લખ્યું છે. ગાંધી સિવાય ઉપનિષદ અને રામાયણ ઇત્યાદિ ભારતીય સંસ્કારના મૂળગ્રંથો વિષે પણ તેમણે અભ્યાસ કર્યો હતો. 'વાલ્મીકીય રામકથા' (૧૯૮૨)એ 'વાલ્મીકિ રામાયણ'નો ગુજરાતીમાં એમણે આપેલો સંક્ષેપ છે.

આ વિદ્વતપ્રતિભાને ૨૦૦૦ના વરસનો રણજિતરામ ચંદ્રક પણ એનાયત કરવામાં આવ્યો હતો.

*

'કુમાર'ના હિતેચ્છુ પ્રો. જયરણછોડ સેવકની વિદાય

૧૯૨૪ના સપ્ટેમ્બરની ૧૦મી તારીખે વડોદરામાં જન્મેલા અને ડાકોરના વતની પ્રો. જયરણછોડ સોમનાથ સેવકનું ૨૯મી જાન્યુઆરી, ૨૦૦૪ના રોજ અમદાવાદ ખાતે નિધન થયું છે ત્યારે એક સાચા સંસ્કારપ્રેમી અને માનવતાવાદી વ્યક્તિત્વનો વિલોપ

થયાની પ્રતીતિ થાય છે. એમની મુખ્ય કારકિર્દી શિક્ષકની. નડિયાદની જે. ઍન્ડ. જે. સાયન્સ કૉલેજમાં આચાર્યપદે રહી, અમદાવાદની મણિનગર સાયન્સ કૉલેજમાં આચાર્ય તરીકે સેવાઓ આપી તેઓ



૧૯૬૫ની આસપાસ અમેરિકા ગયા. મૂળ તેઓ ગણિતશાસ્ત્રના અધ્યાપક, પણ ત્યાં જઈ બિઝનેશ ઍડ્‌મિનિસ્ટ્રેશનના વિષયમાં કામ કર્યું. અમેરિકામાં લૉસ એન્જીલીસ અને નૉર્થ હૉલીવુડમાં તેમણે ઉક્ત વિષયનું શિક્ષણ કાર્ય કર્યું અને ત્યાંથી ૧૯૯૮માં નિવૃત્ત થઈ વતન ભારતમાં આવીને સ્થિર થયા.

એમના જીવન પર પૂ. મોટાની વિચારસરણી અને વ્યક્તિત્વનો ઊંડો પ્રભાવ રહ્યો. અહીં આવી એમણે મુખ્યત્વે ઉમદા અને જીવનલક્ષી સાહિત્યના પ્રસાર-પ્રચારના કાર્યમાં લાગી જવાનું મુનાસિબ માન્યું. ઉત્તમ પુસ્તકો કેમ વધુ ને વધુ વંચાય તેવી તેમની ભાવનાને સક્રિય અને સાકાર કરવા 'ગુજરાતી સાહિત્ય પરિષદ' સાથે તેઓ સંકળાયા. 'કુમાર' માસિકના તેઓ વર્ષોથી ગ્રાહક અને ચાહક. 'કુમાર ટ્રસ્ટ' બનતા તેમણે લગભગ ૩,૫૦,૦૦૦ લાખ રૂપિયાનું દાન ટ્રસ્ટને કર્યું અને 'કુમાર'માં છેલ્લા શ્વાસ સુધી ઊંડો રસ દાખવતા રહ્યા. એમના વ્યક્તિત્વમાં વ્યવહારદક્ષતા અને આદર્શ-પરાયણતાનો સુભગ સંયોગ હતો.

તેમની આવી જીવનભાવનાને વધુ સાકાર કરવામાં જ એમને સાચી શ્રદ્ધાંજલિ હોઈ શકે.

*

'જગતનો મિત્ર લીમડો'

ભારતના દેશમાં લીમડાનું વૃક્ષ સમાજ તથા તમામ વર્ગને ઉપયોગી વૃક્ષ છે. આ ઝાડ દેશના ગામડે ગામડે અને શહેરોમાં જોવા મળે છે. ખેતર, મંદિર, જંગલ, વાડી, આંગણામાં લીમડાનાં વૃક્ષ અવશ્ય જોવાં મળે છે.

આદિ-અનાદિ કાળથી લીમડાના વૃક્ષનો ઉપયોગ થતો આવેલ છે. લીમડાના મૂળથી માંડીને પાન સુધી તેને અન્ય ઉપયોગમાં લેવામાં આવે છે. પશુ-પંખી, માનવી લીમડાની શીતળ છાયામાં બેસીને ઠંડક અનુભવે છે. આપણા ગરમ દેશમાં લીમડો અતિ લોકપ્રિય બનતો ગયેલ છે.

લીમડો બારેમાસ લીલો રહે છે. પાનખર ઋતુમાં પણ લીમડો સાવ સુકાઈ જતો નથી. ઉનાળામાં પણ ધખધખતા તાપમાં લીમડાની છાયા અનેરી ઠંડક આપે છે. લીમડાનો સ્વાદ કડવો પણ ફાયદા અનેક છે. લીમડો ઔષધરૂપે ઉપયોગી ઉપરાંત પાક-સંરક્ષણ તેમજ ઈમારતી લાકડું આપનાર, ગરીબને ઈંધણ આપનાર, સાબુ, ફાર્મસી તેમજ ઉદ્યોગ અને ખાતર તથા ખેડૂતોના પાકની રક્ષા કરનાર જમીનજન્ય રોગોનો નાશ કરનાર છે. તે યાત્રિકોને વિસામો આપનાર, નાનાં બાળકોનું રમતનું સાધન બનનાર, પશુ પંખીના જરૂરી ખોરાકમાં પણ ઉપયોગી છે. રહેવા માટે મકાન બાંધવામાં તથા અન્ય ફર્નિચર બનાવવા માટે લીમડાનું વૃક્ષ અતિ આવશ્યક છે.

ભારત જેવા ખેતીપ્રધાન દેશોમાં ખેડૂતો પોતાનાં ખેતર શેઢા, પાળા પર લીમડાને ઉગાડે છે. લીમડાને ઉગાડવા અને તેનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ભારત સરકારે વનવિભાગ ખાતું રાખ્યું છે. વનવિભાગવાળા ઘણો બધો ખર્ચ કરી રહ્યા છે. લીમડાને ઉગાડવા માટે ખાસ મહેનત કરવી પડતી નથી. પોતે જ્યાં ઊગ્યો હોય ત્યાં એની મેળાયે પાણીના સહારે પોતાનો વિકાસ જાતે કરે છે. આમ, તો વનસ્પતિ જંગલીય છે. પરંતુ આજે હર કોઈ સ્થળે લીમડો પોતાનું વર્ચસ જમાવી બેઠો છે. આજે કમસે કમ ઘરના ફળિયામાં લીમડાએ પોતાનું સ્થાન નક્કી કરી લીધું છે.

લીમડો ભારતીય સંસ્કૃતિ અને સમાજ સાથે વણાઈ ગયો છે. આજે પણ જનજીવનને અનેક રૂપે ઉપયોગી બની રહેલ છે. *લીમડાના ઉપયોગ :* ૧. પશુ પંખીનું આશ્રય સ્થાન છે. ૨. ગામડાંમાં નાનાં બાળકોને રમવા માટે. ૩. જમીન અને જમીનજન્ય રોગોથી રક્ષણ માટે તથા પશુ પંખીનાં ખોરાક માટે. ૪. પાકમાં આવતી જીવાતને અટકાવવા માટે. ૫. મકાન બનાવવા અને ઈમારતી લાકડા માટે તથા ફર્નિચરના ઉપયોગ માટે. ૬. અનાજ સંગ્રહવા માટે ઉપયોગી છે. ૭. પ્રદૂષણ અટકાવવા માટે. ૮. તબીબોના પસંદગીના ઔષધરૂપે. ૯. લીમડાનું દાતણ અતિ લાભદાયક છે. ૧૦. રોગ પ્રતિકારક ઔષધ માટે. ૧૧. જંતુનાશક દવામાં મિશ્ર કરવા માટે. ૧૨. ગુંદર મેળવવા માટે તથા અન્ય રીતે ઉપયોગી છે.

લીમડાની છાલને પાણીમાં ગરમ કરીને ઉકાળીને સ્નાન કરવાથી શરીર માટે ખૂબ જ ઉપયોગી છે. લીમડાનો થોડા પ્રમાણમાં રસ પીવાથી પેટનાં દર્દ દૂર થાય છે. ચોમાસામાં મચ્છરનો ઉપદ્રવ અટકાવવા માટે તેનો ધુમાડો કરીને મચ્છરોનો નાશ કરી શકાય છે.

લીમડાનાં બીજમાંથી નીકળતું તેલ (લીંબોળીનું તેલ) એ પાક સંરક્ષણ માટે ઉપયોગી છે. લીંબોળીમાં તેલનું દ્રાવણ બનાવીને પાક પર છંટકાવ કરીએ તો ઈયળની ખાવાની પ્રક્રિયા બંધ થાય છે. આ તેલની એટલી હદે ગંધ આવતી હોય છે કે, જીવાતો ખોરાક લઈ શકતી નથી. આમ, ખોરાક ન લેવાથી ઈયળોનો નાશ થાય છે.

તેલ બનાવ્યા બાદ જે પદાર્થ વધે છે તેને ખૉળ તરીકે ઓળખવામાં આવે છે. આ ખૉળ સેન્દ્રીય ખાતર તરીકે ઉપયોગી છે. ત્યાર બાદ જ્યાં આ ખૉળ નાખવામાં આવ્યો હોય તે જમીનમાં મુળનો કોહવારો, સુકારો, મુંડા જેવા રોગો અને જમીનજન્ય રોગોનો નાશ થાય છે. તેથી પાકને ફાયદો થાય છે. આ લીંબોળીના ખૉળમાં ઓઝાડિરેક્ટીન નામનું તત્ત્વ રહેલું છે. લીમડો કીટકો પર પોતાનું વર્ચસ જમાવી શકે અને તેના જીવનક્રમમાં અવરોધ ઊભો કરી શકે છે. આ લીમડો અને તેનું તેલ બંને જૈવિક નિયંત્રણમાં અતિ આવશ્યક ગણી શકાય છે.

લીમડાનાં ફૂલના ઔષધિય ઉપયોગો : ૧. પેઢાં તથા દાંતનાં દર્દો મટે. ૨. મંદાગ્નિ, ઉલટી નિવારવા. ૩. રૂચિ વધારવા, વિંછીનો ડંખ, જુની કબજિયાત, ખુજલી, તાપ પછીની નબળાઈ દૂર કરવા તથા શક્તિ વધારવા.

આમ, માનવીના રોગોના નિવારણ માટે પણ ખૂબ જ ઉપયોગી છે. તેનાથી ઘણી બધી તકલીફો દૂર કરી શકાય છે.

('વિવેકગ્રામ'માંથી) - *પ્રવીણભાઈ બી. પારેખ*

*

એરંડામાંથી રેશમ

વિશ્વમાં એકલા ભારતમાં જ મલબેરી, ટસર, એરી અને વિશ્વનું સૌથી ઉત્કૃષ્ટ સોનેરી રંગનું મુગા રેશમ બને છે. શેતૂરનાં પાનમાંથી મલબેરી, અર્જુનનાં પાનમાંથી ટસર, એરંડાનાં પાનમાંથી એરી અને સોમવૃક્ષનાં પાનમાંથી મુગા રેશમ બને છે.

એરંડાને આસામ વગેરે પ્રદેશો એરી તરીકે ઓળખવામાં આવે છે તે મૂળ આસામી ભાષાના એરા (એરંડા) શબ્દ પરથી બન્યો હોય તેમ લાગે છે. ઈશાન ભારતના હિમાલયનો પટ્ટો, બ્રહ્મપુત્રા નદી અને આસામ પ્રદેશનાં સાત રાજ્યો સૈકાઓથી ફિલોસામિયા રીસિના અથવા એરી તરીકે ઓળખાતા કીટકોનું વતન છે. આ કીટકોને મુખ્યત્વે અનુસૂચિત જનજાતિ તથા આદિવાસીઓ ઉછેરે છે. કીટકોનો મુખ્ય ખોરાક લાલ દેશી એરંડાનાં કુમળાં પાન હોય છે. કીટકોના ઉછેર માટે એરંડાના પાનને વાંસની છાબડી, દેવદારના લાકડાની પેટી અથવા પાનનાં તોરણો લટકાવી તેમને ખોરાક પૂરો પાડવામાં આવે છે.

એરી કીટકનું ઇયળ અવસ્થા કાવાસ્થ (chrysalid) અને તેમાંથી પુખ્ત ફૂદા અવસ્થામાં પરિવર્તન થાય છે તેને કીટકનું કાયાંતરરણ કહેવામાં આવે છે. પ્રકૃતિએ કીટકને અવસ્થામાં ચાવવા માટેનાં મજબૂત કાવાસ્થ જડબાં આપેલાં હોય છે. જ્યારે પતંગિયા અવસ્થામાં તે હોતાં નથી અને તેનું પાચનતંત્ર પણ નબળું પડી ગયેલ હોય છે. તેથી તે ખોરાક ખાતાં નથી. જ્યારે કાવાસ્થ અવસ્થામાં કીટક એરી રેશમનો કોશેટો બે ગ્રંથિઓમાંથી રેશમ અને પ્રોટીનની લાળ મોં વડે કાઢી તેનું પ્રચક્રણ કરી - તેના શરીર ફરતે વીંટાળે છે. ત્યાર બાદ વન્ય એરી રેશમના કીટકનું કાવાસ્થમાંથી કોશેટામાં દસથી પંદર દિવસની સુષુપ્તિ/શીતનિદ્રામાં રૂપાંતરણ થાય છે. પછી તેનું પુખ્ત પતંગિયામાં કાયાંતરણ થાય છે. રેશમ-કીટક તેના પરિવર્તન દરમિયાન ચાર વખત બાહ્યકંકાલ બદલે છે. તેથી ઊંચી ગુણવત્તાવાળા સફેદ કોશેટા મેળવવા કાવાસ્થનું ચોંટેલું બાહ્યકંકાલ દૂર કરવું અતિ આવશ્યક બને છે. કીટકો ગરમીની ઋતુમાં ૨૫ દિવસમાં અને ઠંડીની ઋતુમાં ૪૦ દિવસમાં કોશેટો તૈયાર કરે છે. મલબેરી, ટસર તેમજ મુગા રેશમના કીટકો ચારેબાજુથી આવૃત્ત કોશેટા તૈયાર કરે છે, જેથી રેસા મેળવવા માટે તેને રસાયણયુક્ત પાણીમાં નાખી મારી નાખવામાં આવે છે અને કોશેટાને કાપીને પુપાને બહાર કાઢવામાં આવે છે. જ્યારે એરી કિટકે (પુપા) બનાવેલ કોશેટાનું મોં એકબાજુ ખુલ્લું હોવાથી અંદર સુષુપ્તાવસ્થામાં રહેલ કોશેટાને મારી નાખવામાં આવતા નથી. તેથી એરી રેશમ અહિંસક રેશમ તરીકે પણ ઓળખાય છે. તેના કોશેટાના તંતુઓની લંબાઈ ૩"થી ૧૮"જેટલી હોય છે. બિહાર તેમજ આસામની બોરા, રોભા, ગારો, ખાસી, નાગા, આડી, મિઝો વગેરે આદિવાસી જાતિઓ રેસામાંથી તકલી પર તાર કાંતે છે. તેમાંથી કુદરતી ક્રીમ રંગની શાલ, કાપડ વગેરે તૈયાર કરે છે. ભારતમાં વર્ષે આશરે ૬૦૦ ટન એરી રેશમનું (મુખ્યત્વે આસામમાં) ઉત્પાદન થાય છે.

જાણીને નવાઈ લાગશે કે વડોદરાના દૂરંદેશી મહારાજા સયાજીરાવ ગાયકવાડે ગુજરાતમાં એરી રેશમનો વિકાસ કરવા માટે વ્યવસ્થિત પ્રયત્નો કર્યા હતા. વડોદરા રાજ્યના ઉદ્યોગ અને કામદાર ખાતા તરફથી કોડીનાર તાલુકાના દેવળી ગામના ૬૦ ખેડૂતોએ ૧૩,૫૦૫ રેશમના કોશેટો તૈયાર કર્યા હતા. તેવી જ રીતે નવસારી પાસેના કાછિયાવાડી ગામે પણ એરી રેશમનો વિકાસ કરવા પ્રયત્નો કર્યા હતા. રાજ્ય સરકારે બિહારથી એરી રેશમનાં ઈંડાં મંગાવી તેના ઉછેર અને કોશેટા તૈયાર કરવા માટે મફત શિક્ષણની વ્યવસ્થા પણ ગોઠવી હતી. તૈયાર થયેલ કોશેટાઓના નમૂના ઊંચી ગુણવત્તાવાળા છે તેવો અભિપ્રાય પણ મેળવ્યો હતો. ગુજરાતમાં કોડીનાર, ધારી, દ્વારકા, નવસારી વગેરે સ્થળોનું એરી રેશમના કોશેટા તૈયાર કરવા માટે સાનુકૂળ સમશીતોષ્ણ હવામાન હોવાનું જણાયું હતું.

કાવાસ્થ અવસ્થાના એરી પુપા ૬૪ ટકા પ્રોટીન અને બીજા ૨૬ ટકામાં લિપિડમુક્ત એમીનો ઍસિડ, સીટ્રલાઇન, ક્રાસ્ટીન, મેથિયોનિન, ઍસ્પરજીન, એલેનિન, હૉર્મોજીનીન અને હાઇડ્રૉક્સિપોલીન ધરાવે છે. તે ઉપરાંત પાયરિડૉક્સલ, રાઇબોફ્લેવિન, થાયમીન, એસ્કૉર્બિક, ઍસિડ, કૉલિક ઍસિડ, કૅલ્શિયમ લોહ તેમજ ફૉસ્ફરસ હોવાથી આદિવાસીઓને ઉત્તમ ખોરાક પૂરો પાડે છે.

રેશમના કીડાની હગારનો ખાતર તરીકે ઉપયોગ થાય છે. ચીનમાં તેમાંથી ક્લોરોફીલ બનાવી ખાદ્યરંગ તરીકે તેનો ઉપયોગ થાય છે. રેશમના કોશેટાના અપશિષ્ટમાંથી કૅલ્શિયમ ક્લોરાઇડ અને ફોમિંગ ઍસિડની મદદથી ફાઇબ્રૉઇન બનાવી શકાય છે. તેનો આંખ માટેના કૉન્ટેક્ટ લેન્સ બનાવવા માટે ઉપયોગ થાય છે અને તેની નિકાસ કરવામાં આવે છે. ફાઇબ્રૉઇન પ્લાસ્ટિક સર્જરીમાં ચામડીનો રંગ બનાવવા માટે જાપાનમાં ઉપયોગમાં લેવાય છે. તેનો હાડકાં સાંધવામાં તેમજ ઘાની રૂઝ લાવવામાં પ્રયોગ થાય છે. કોશેટો બનાવતી વખતે કીટક રેશમના રેસા પર ઊંચી ગુણવત્તાવાળા સેરિસિન ગુંદરનું આવરણ કરે છે. આ ગુંદરનો લિપસ્ટિક વગેરે પ્રસાધનો બનાવવામાં ઉપયોગ થાય છે.

વિશ્વના એરંડાના ઉત્પાદનમાં ભારતનો હિસ્સો આશરે ૭૦ ટકા અંદાજવામાં આવે છે. તેમાં પણ ગુજરાતમાં તેનું ગણનાપાત્ર ઉત્પાદન થાય છે. તેથી એરંડી રેશમ ઉદ્યોગના વિકાસ માટેતે આદર્શ વિસ્તાર માની શકાય. તો ખેડૂતો તેમજ ગ્રામીણ લોકોને રોજગારી પૂરી પાડી પૂરક આવક મેળવવામાં સહાયરૂપ બની શકે તેમ છે. શશિકાન્તભાઈ શુક્લ અને 'જ્ઞાન' સંસ્થા છેલ્લાં ૧૦ વર્ષથી એરી રેશમ તેમજ તેના અપશિષ્ટમાંથી બનતી વસ્તુઓના વિકાસ માટે માર્ગદર્શન પૂરું પાડે છે. - ('વિશ્વવિહાર'માંથી સાભાર)

તુલસી મીઠે બચનસે, સુખ ઉપજત ચહુઁ ઓર;
યે હિ બશીકરન મંત્ર હે, તજીએ બચન કઠોર.

રવિશંકર મહારાજ એક વાર હોળીના દિવસે ગાડીમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે શ્રી શંભુભાઈ યોગીને ખબર મળતાં તેઓ મહારાજ બેઠા હતા તે ડબામાં ગયા. કોઈએ પ્રશ્ન કર્યો કે આજે મુસાફરો કેમ ઓછા છે. તરત જ શંભુભાઈએ ઉત્તર વાળ્યો: 'આજે હોળીનો દિવસ છે તેથી લોકો આવતાં નથી.' રવિશંકર મહારાજે તરત જ વાક્ય સુધાર્યું: 'આવે છે પણ ઓછા આવે છે.' 'આવતાં નથી' એમ કહેવામાં હકીકતનું સત્ય જળવાતું નથી. મહારાજની સત્યખેવના અને ભાષાચીવટ આમાં પરખાઈ આવે છે.

*

વિશ્વમાં સૌથી લાંબામાં લાંબી સુરંગ જપાનની સિફોન રેલવેની છે, જેની લંબાઈ આશરે ૨૩,૦૦૦ માઈલ જેટલી છે.

*


દરિયાઈ ઘોડાની બે આંખો એકસાથે બે જુદી જુદી દિશામાં જોઈ શકે છે !

*

અડધી ચમચી પીપળાની લાખ, એટલું જ ધાણાનું ચૂર્ણ એક ચમચી સાકર સાથે સવારસાંજ લેવાથી રક્તાતિસાર અને કોઈ પણ માર્ગનો રક્તસ્રાવ મટે છે.

*

હૈદરાબાદની ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ હોટલ મૅનેજમેન્ટ કેટરિંગ ટૅક્નોલૉજીના કેટલાક વિદ્યાર્થીઓની સહાયથી મેસર્સ યમુના રંગારાવે બુંદીનો એક લાડુ ૧૯૯૧માં બનાવ્યો હતો. લાડુનો વ્યાસ ૭૫ સે.મી., લાડુનું વજન ૧૪૧ કિલો હતું. તેને તૈયાર કરવા માટે ૨૦ કિલો બેસન, ૫૫ કિલો ઘી, ૭૦ કિલો ખાંડ અને ૪ કિલો સૂકો મેવો વાપર્યો હતો. આ લાડુને તૈયાર કરતાં ૧૪ કલાક લાગ્યા હતા. એના વેચાણથી જે આવક થઈ તે ત્યારે ગઢવાલ વિસ્તારના ભૂકંપગ્રસ્તોના રાહતફંડમાં આપી દેવામાં આવી હતી.



'કુમાર' અક્ષરાંકનમાં 'મકાન'
(સી.એમ.ભટ્ટી)

गुरोरधीताखिलवैद्यविद्यः
पीयूषपाणिः कुशलक्रियासु ।
गतस्पृहो धैर्य-धरः कृपालु
शुद्धोऽधिकारी भिषगादृशः स्यात् ॥

જેઓએ પોતાના ગુરુ પાસે સમગ્ર વૈદકશાસ્ત્રનું અધ્યન કર્યું છે, જેમના હાથમાં પીયૂષ (અમૃત) છે, જેઓ ક્રિયાકુશળ છે, સ્પૃહા (ધનની લાલસા)થી રહિત છે, ધૈર્યવાન છે, કૃપાળું છે તથા શુદ્ધ છે એવા વૈદ્ય આ વ્યવસાયના અધિકારી મનાય છે.

*

વિશ્વમાં સૌથી વધુ વસ્તીવાળો ખંડ એશિયા છે, અને સૌથી વધુ વસ્તીવાળો દેશ ચીન છે.

*

માવો બનાવતી વખતે તેમાં જરીક ફટકડી મેળવવાથી માવો વધુ સફેદ બનશે.

*

સંતરાની સુકાયેલી છાલને સળગાવવાથી તેના ધુમાડાને કારણે ઓરડો સુગંધિત થશે અને મચ્છરો ભાગી જશે.

*

ગૉગલ્સના કાચ પર પર્ફ્યૂમનું એક ટીપું નાખી ટિશ્યૂ પેપરથી લૂછી નાખો. કાચ તદ્દન સાફ થઈ જશે.

*

વધેલા કાકડા ઉપર હળદરને મધમાં મેળવીને લગાડવાથી વધેલા કાકડા બેસી જાય છે.



નીતિન ભટ્ટ ('ફૂલછાબ'માંથી) સાભાર

ફિલ્મનિર્માતાઃ 'પ્રેક્ષકો જે ઇચ્છતાં હતાં તેનો અમલ કરવા માટે મારે દસ હજાર રૂપિયા વધારે ખર્ચવા પડ્યા.'

'પ્રેક્ષકો શું ઇચ્છતાં હતાં.' કોઈએ પૂછ્યું.


'તેમણે ખરીદેલી ટિકિટોના પૈસા પાછા લેવાનું ઇચ્છતાં હતાં.'

*

'ફેમસ ઇમ્પૉસ્ટર્સ' નામક પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે ઈ.સ. ૧૬૦૩માં જન્મેલી ઇંગ્લંડની ટ્યૂડર વંશની મહારાણી ઇલિઝાબેથ પુરુષ હતી !

*

પશ્ચિમ આફ્રિકાના સિયેરા લિયોન અને લાઈબેરિયામાં 'કિસી પેની' નામનું ચલણ ચાલતું, જેનો આકાર નાના ફૂલ સાથેની ડાળી જેવો રહેતો. ૧૯૪૫ની સાલ સુધી આ ચલણનું અસ્તિત્વ હતું. હાલ તે સિયેરા લિયોનના નૅશનલ મ્યૂઝીઅમમાં સંગૃહીત છે.



કલાકૃતિ : ફ્રાંસમાં બીજી સદીનું પ્રચલિત કેશપરિધાન.

POSTED AT PSO AHMEDABAD ON 17th of Every Month
Licensed to Post Without Pre Payment Licence No. 185 - RNI New Delhi No. 1834/57
'કુમાર' ૧૭ ફેબ્રુઆરી. સળંગ અંક ૯૧૪ છૂટક નકલ રૂપિયા ૨૫. Kumar Regd. No. GAMC-925

'કુમાર'નું અમૃતપર્વ અને 'કુમાર ટ્રસ્ટ'નો દાનનિધિ

'કુમાર'ને વધુ સમૃદ્ધ કરવાના આશયથી 'કુમાર ટ્રસ્ટ'ની રચના અને તેની સક્રિયતા સાર્થક થાય તે માટે જે આર્થિક સધ્ધરતા જોઈએ તે સારુ ગુજરાતની પ્રજાજોગ દાનની જાહેર અપીલ કરવામાં આવી. આ અપીલના સંદર્ભમાં અત્યાર સુધીમાં લગભગ રૂપિયા ૧૨,૦૦,૦૦૦=૦૦ એકત્ર થયા છે. પરન્તુ આ રકમ **પચીસેક લાખ** સુધી પહોંચે તો જ વધુ સિદ્ધિને હાંસલ કરી શકાય. અત્યાર સુધીમાં અમને મળેલાં દાન માટે દાતાઓનો આભાર વ્યક્ત કરીએ છીએ અને હજુ પણ વધુ દાન માટે આ અપીલને પુનઃ રજૂ કરીએ છીએ.

ગરવી ગુજરાતના આવતી કાલના નાગરિકના ઘડતરના ઉમદા હેતુથી ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું 'કુમાર' માસિક ગુજરાતના યુવાધનને સંસ્કારશ્રી બક્ષવાનો તેનો ઉદ્દેશ ઉત્કૃષ્ટતાપૂર્વક પાર પાડવા મથતું રહ્યું છે. ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાનનાં ત્રણ વર્ષો બાદ કરતાં પોણી સદી ઉપરાંતની 'કુમાર'ની સૂચિત દીર્ઘ સાહિત્ય-સંસ્કાર સેવા વિરલ છે. કોઈ પણ સંસ્કારી પ્રજા ગૌરવ અનુભવે એવું આ માસિક અણથક યાત્રા કરતું રહે તેવી શુભેચ્છા અને તે ફળવતી બને તેવું આયોજન કરવું એ આપણી, એટલે કે 'કુમારે' જેમનું ઘડતર કર્યું છે એ સૌ ગુજરાતીઓની ઉમદા ફરજ બનવી જોઈએ.

'કુમાર'ના વાચક-ચાહક સૌને, આપણું 'કુમાર' ચિર'કુમાર' રહે એ માટે વિશાળ ભંડોળ ઊભું કરવાની હાર્દિક વિનંતી કરીએ છીએ.

'કુમાર'ના આજે ૩૮૦૦ ગ્રાહકો છે. ગુણવંતી ગુજરાતને માટે આ સંખ્યા કંઈ માતબર ન ગણાય. આ સંદર્ભે આપણે સૌ એવો શુભસંકલ્પ કરીને ગુજરાતનાં ગામેગામની શાળા-મહાશાળા અને ગ્રંથાલયો દ્વારા 'કુમાર'નો એવો જબરદસ્ત પ્રચાર-પ્રસાર કરીએ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં મ્હોરે સદાકાળ 'કુમાર'; પછી એ ગુજરાતી ગુજરાતમાં વસતો હોય કે એ વસતો હોય સાત સમંદર પાર!

ટૂંકમાં 'કુમાર'ની ગ્રાહક સંખ્યા ૭૫૦૦ થઈ જાય એવી લોકલહર આપણે સરજીએ!

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન કલમ ૮૦-જી અન્વયે આયકરરાહતને પાત્ર છે તે આપની જાણ સારુ સહજ. આપના ઉમદા સક્રિય સહયોગની અપેક્ષા સહ.

૧. 'કુમાર' માટે દાનનો ડ્રાફ્ટ/ચેક 'કુમાર ટ્રસ્ટ'ના નામનો જ લખવો અને 'કુમાર ટ્રસ્ટ', ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવો.
૨. 'કુમાર'નું લવાજમ (વાર્ષિક રૂ. ૧૫૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫) 'કુમાર ટ્રસ્ટ'ના નામે જ ચેક/ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલવું. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫ ઉમેરવા.

આપના

રઘુવીર ચૌધરી
જયન્ત પંડ્યા
ભોળાભાઈ પટેલ
પ્રકાશ ન. શાહ
બકુલ ત્રિપાઠી
રાજેન્દ્ર શાહ
નિરંજન ભગત
વિનોદ ભટ્ટ
ધીરુભાઈ ઠાકર
અનિલા દલાલ
વસુબહેન
ગીતા પરીખ
હરિકૃષ્ણ પાઠક
કુલીનચંદ્ર યાજ્ઞિક
જિતેન્દ્ર દેસાઈ
રજનીકુમાર પંડ્યા
પી.સી.વૈદ્ય

કુમારપાળ દેસાઈ
લાભશંકર ઠાકર
ચિનુ મોદી
ચંદ્રકાન્ત શેઠ
મધુસૂદન પારેખ
મધુસૂદન ઢાંકી
કનુભાઈ જાની
ચિમનલાલ ત્રિવેદી
ચંદ્રકાન્ત ટોપીવાળા
નૌતમભાઈ વખારિયા
કૃષ્ણકાન્ત વખારિયા
પ્રાણલાલ પટેલ
ગજેન્દ્ર શાહ
નટુ પરીખ
અનિલ રેલિયા
રાધેશ્યામ શર્મા
જોરાવરસિંહ જાદવ

હસમુખ બારાડી
ક્ષેમુ દિવેટિયા
રાસબિહારી દેસાઈ
અશોક હર્ષ
હસુ યાજ્ઞિક
મહેશ દવે (ઇમેજ પબ્લિકેશન)
મનુભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)
ભગતભાઈ શેઠ (આર.આર.શેઠની કંપની)
મહેન્દ્ર શાહ (નવભારત સાહિત્ય મંદિર)
હંમેશ મોદી (રન્નાદે પ્રકાશન)
દિલાવરસિંહ જાડેજા (વ.વિ.નગર)
ભગીરથ બ્રહ્મભટ્ટ (વ.વિ.નગર)
ઉશનસ્ (વલસાડ)
ભગવતીકુમાર શર્મા (સુરત)
રમેશ બી. શાહ (સુરત)
નરોત્તમ વાળંદ (ભરૂચ)
મહેન્દ્ર મેઘાણી (ભાવનગર)

ખોડીદાસ પરમાર (ભાવનગર)
બલવન્ત કે. પારેખ (મુંબઈ)
સુરેશ દલાલ (મુંબઈ)
રમણલાલ ચી. શાહ (મુંબઈ)
યશવન્ત ત્રિવેદી (મુંબઈ)
દુષ્યન્ત પંડ્યા (જામનગર)
પ્રફુલ્લ રાવલ (વિરમગામ)
બલવન્ત જાની (પાટણ)
રમેશ પારેખ (રાજકોટ)
ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)
જ્યોતિ ભટ્ટ (વડોદરા)
ધીરેન્દ્ર મહેતા (ભૂજ)
ચંદ્રકાન્ત મહેતા (દિલ્હી)
કનક રાવળ (અમેરિકા)

• એક કુમાર ચાહક તરફથી •

દીપક પ્રિન્ટરી • અમદાવાદ